ગુજરાતના ઇતિહાસની સચિત્ર સહેલી વાર્તાઓ.

સંપાદક,

બાલચંદ પૂજા શાહ.

સોલ એજન્ટ,

માણેકલાલ આણંદદાસ શાહ,

બુકસેલર, દિલ્હી ચકલા, અમદાવાદ.

કિંમત રૂ. ૦-૧૨-૦

નિવેદન.

આજ સુધીમાં આ સંબંધમાં જે શાળોપયોગી ગુજરાતના ઇતિહાસો પ્રગટ થયા છે, તે કરતાં આ પુસ્તકની યોજના વાર્તાઓમાં રસ રેડાય, અને તે આકર્ષક થાય તેવાં ચિત્રો મૂકી આલેખી છે.

બાળકોને વાર્તાઓ સાંભળવી ઘણી ગમે છે, કારણ કે ચારણ મુખે કહેવાતી વાર્તાઓ સાંભળવામાં આબાલવૃદ્ધ સૌ તલ્લીન થએલાં જોઇએ છીએ. નાનાં બાળકો હઠ લઇ રાત્રે સૂતા પહેલાં તેની મા પાસે વાર્તા કહેવડાવે છે, તેમાં આનંદ લે છે. તેનો આનંદ મેં પણ લૂટ્યો છે. બાળસ્વભાવમાં પણ વાર્તાનું રહસ્ય કુદરતી રીતે સમાયેલું છે. આથીજ વાર્તાઓ રસિક અને ઉપયોગી થાય અને રસક્ષતિ ન થાય તેટલા માટે તે લંબાય તો અડચણ નહિ, એમ ઇચ્છી પ્રમાણસર લંબાવવા દીધી છે. વળી બાળસ્વભાવ ચિત્રો જોવા વિશેષ ઉત્સુક રહે છે. આબેહુબ ચિત્ર વાર્તામાં રહેલું–આલેખાયેલું રહસ્ય આબેહુબ ઉભું કરે છે, વાંચનારના મન ઉપર મૂર્તિમંત છાપ પાડે છે. આ ઉદ્દેશથી બની શક્યાં તેટલાં ચિત્રો પણ મૂકી, વાર્તાના પ્રસંગો વર્ણવ્યા છે. આથી પણ વધુ ચિત્રો હવે પછી ઉમેરવાની ઉત્કટ ઇચ્છા રાખું છું.

બાળસ્વભાવમાં વાર્તાનાં પુસ્તકોનું વાંચન એ અતિ અગત્યનો ભાગ લે છે, અને તેને લઇને અનેક વાર્તાઓનાં પુસ્તકો વંચાતાં દૃગ્ગોચર થાય છે. 'મેના-પોપટ, બગાસ-ફરગુણી, શુકબાવતી, સદેવંત શાળિંગા, ગજરામારુ,' એ વાર્તાઓનાં પુસ્તકોનું વાચન અને તેનો બહોળો ઉઠાવ, એ શું બતાવી રહ્યું છે! તેના કરતાં દેશના રાજાઓ, અને સંભાવિત મહાપુરુષોની વાર્તાઓ ઓછી રસપ્રદ હોઇ શકે નહિ! આ હેતુ પણ આ વાર્તાઓ યોજવામાં રહેલો છે.

આ પુસ્તક બાળક વાંચન પુસ્તક તરીકે વાંચે, ઇતિહાસ તરીકે વાંચે, વાર્તાના પુસ્તક તરીકે વાંચે, એ સર્વ પ્રકારે પોતાની ઇચ્છા તૃપ્ત કરે તે પણ હેતુ [illegible] રહેલો સમજી, આ પુસ્તકની યોજના કરી છે.

ગુજરાતના ઇતિહાસની સચિત્ર સહેલી

વાર્તાઓ.

સંયોજક અને પ્રકાશક,

ભાઇચંદ પૂજા શાહ

હેડમાસ્તર, તાલુકા સ્કૂલ, ડભોડા-મહીકાંઠા.

સોલ એજંટ—માણેકલાલ ભાઇચંદદાસ શાહ.

બુકસેલર, દિલ્હી ચકલા, પોલીસ ચોકી સામે, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. સન ૧૯૨૫. પ્રત ૨૧૦૦.

કિંમત રૂ. ૦-૧૨-૦

ઘટાડેલી કિંમત રૂ. ૦—૬-૦

અમદાવાદ—સલાપોસરોડ,
ધી "ડાયમંડ જ્યુબિલિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું



મહેરબાન મહારાજ કુમાર શ્રી ભવાનીસિંહજી સાહેબ-દાંતા

ભવાનગઢ-(મહીકાંઠા.)

A 5314—Lakshmi Art, Bombay.

અર્પણપત્રિકા.

અનેક સદ્‌ગુણાલંકૃત શ્રીમાન્,

નેકનામદાર મહારાજાધિરાજા મહારાણાજી

શ્રી ભવાનીસિંહજી સા. બહાદુર.

સંસ્થાન: દાંતા-ભવાનગઢ.

મેયો કોલેજમાં ઉચ્ચ કેળવણી મેળવવાના પરિણામે, અનેક જન્મના મહત્ પુણ્યના ફળ તરીકે પ્રાપ્ત કરેલ, આપ નામદારના ભવ્ય જીવનને આપે અલંકૃત કરેલ છે; પરદુ:ખભંજન મહારાજા વિક્રમાદિત્યથી વારસામાં ચાલી આવેલી ઉદારતા સાથે ઉત્તમ શિક્ષણથી પ્રાપ્ત કરેલ સંસ્કૃતિના અનુપમ મિશ્રણનું પ્રતિબિંબ રાજકારોબારમાં દાખલ થવાથી, હર્ષ પામતી પ્રજાનો પ્રેમ માનપત્રોદ્વારા ઉભરાઈ જાય છે; અનેક દિશામાં યોજાતી રાજ્યસુધારણાથી મુદિત થતી પ્રજાને માટે કેળવણીનાં દ્વાર ખુલ્લાં મૂકવા આપ નામદારની પ્રશસ્ત રાજ્યનીતિ અન્ય નૃપતિઓને માટે ઉદાહરણરૂપ બની રહી છે; હૃદયની પવિત્રતાએ મહીકાંઠા બહાર ગુજરાતની પ્રજાને પણ મુગ્ધ બનાવી છે. આવા અનેક સદ્‌ગુણોથી આકર્ષાઈ કવિવરો-ગ્રંથકારોએ પોતાના યશોગાનનું કેન્દ્રસ્થાન આપશ્રીને ગણ્યું છે. એ યશોગાનના પ્રવાહમાં દોરાઈ મ્હારો આ અલ્પ પ્રયાસ આપશ્રીના ચરણમાં અર્પણ કરવા આજ્ઞા લઉં છું.

આપ નામદારશ્રીનો ઋણી સેવક,

ભાઈચંદ પૂજાદાસ શાહ

હેડમાસ્તર, તાલુકા સ્કૂલ, ડભોડા-મહીકાંઠા.

પ્રસ્તાવના.

કુમળી વયનાં બાળકોમાં રસ રેડે, તેઓ પ્રેમથી વાંચે, વાંચવા સાંભળવામાં આનંદ માને, નીતિ અને બોધ મેળવે; એ હેતુ લક્ષમાં રાખી, પ્રાથમિક ચોથા ધોરણનાં બાળબાળાઓને ખાસ ઉપયોગી થઈ પડે એવી 'ગુજરાતના ઇતિહાસની સચિત્ર સહેલી વાર્તાઓ' લખાય તો ઠીક. મારી એ ઉત્કટ ઇચ્છા આજે પાર પડેલી જોઈ મને અતિશય આનંદ થાય છે.

આજ સુધીમાં આ વિષય પર આલેખાયેલાં પુસ્તકોમાં આનો ઉમેરો કરું છું. બધાંમાં જે સારગ્રાહી, સરળ, રસિક અને આકર્ષક હશે તેને જરૂર પ્રાધાન્ય મળશે.

વિદ્યાર્થી અને પ્રાથમિક શાળાના અનુભવી શિક્ષક તરીકે મને જે યત્કિંચિત અનુભવ થયો છે તેની છાયા આ પુસ્તકમાં જાણે અજાણે આવેલી દૃગ્ગોચર થશે.

માતૃભૂમિના ઇતિહાસનું ખાસ દિગ્દર્શન થાય, મહીકાંઠા, કાઠિઆવાડ, બનાસકાંઠા, રેવાકાંઠાનાં હાલનાં રાજ્યો, તાલુકા અને જાગીરો કેવી રીતે સ્થાપિત થયાં, તેમનો બ્રિટિશ મુલક સાથે કેવી રીતે સંબંધ જોડાયો છે, તે જાણી સમજી શકાય તે હેતુથી લખાએલી ફુટ નોંધો ઝીણા ટાઇપમાં ખાસ શિક્ષકો અને આગળ વધેલા શિષ્યો માટે આપેલી છે. તેનો યોગ્યતા પ્રમાણે ઉપયોગ થવા વિનંતિ છે.

શિક્ષકે શિષ્યોને વાર્તાઓ બરાબર ઠસાવવી, તેમની ભાષામાં બોલાવવી, પણ ગોખાવવી નહિ. આથી તેમનામાં નીતિ-બોધ ઉપરાંત ભાષાજ્ઞાન, સ્મરણ અને વર્ણનશક્તિ ખીલે છે.

વાર્તાઓ વધુ રસિક કરવા માટે વિષયને લંબાવ્યો છે. તેમજ વધુ આકર્ષક ચિત્રો આપવા પ્રયત્ન કર્યો છે. ચિત્રો મૂળ સાચાં અને આબેહુબ મેળવવા પ્રયત્ન કર્યો, છતાં તેવાં આજસુધીમાં ઉપલબ્ધ થયાં નહિ. જેટલાં ખરા સ્વરૂપમાં મળ્યાં તે તેવા રૂપમાં અને બીજાં કાલ્પનિક મૂક્યાં છે, ચિત્રો મેળવવાં દુર્લભ છતાં પણ જેટલાં બની શક્યાં તેટલાં મૂક્યાં છે. જયશિખરી, સુરપાળ, ચાંપો અને વનરાજ, વનરાજ અને ચાર ચોર, એ ચિત્રો શ્રી ચરોતર એજ્યુકેશનલ સોસાઇટિ આણંદના બંધુકૃત્યથી મળ્યાં છે. તેમજ અન્ય ચિત્રો મેળવી તૈયાર કરી જોઈતી સલાહ અને સહાય

આપવા માટે 'કુમાર કાર્યાલય'ના તંત્રી અને પ્રસિદ્ધ ચિત્રકાર રવિશંકર મ. રાવળ, શ્રી લક્ષ્મીઆર્ટ કાર્યાલય' વગેરે સંસ્થાઓના સેક્રેટરિ અને સભ્યોનો હું અંતઃકરણપૂર્વક આભારી છું.

પુસ્તક વધારે આકર્ષક અને ઉપયોગી બને તેથી નકશા અને બીજાં ચિત્રો જે મળી શક્યાં નથી, તે મેળવવા અને નવાં આલેખવાનો પ્રયત્ન જારી છે. આશા રાખું છું કે હવે પછીની આવૃત્તિઓમાં તે ઉત્તરોત્તર મુકી કૃતાર્થ થઈશ.

ચિત્રોને લીધે અને વાર્તાઓમાં રસ રેલાય તેથી વાર્તાઓ લંબાવાથી તેમજ બીજી રસિક વાર્તાઓ ઉમેરવાથી પુસ્તકના કદમાં વધારો થયો છે, ચિત્રો અને નકશાથી આકર્ષક બને તે માટે સારી રકમની આર્થિક મદદ ઉત્તેજન દાખલ આપવા માટે હું શ્રીયુત દાંતા મહારાજાધિરાજ મહારાણાજી શ્રી ભવાનીસિંહજી સાહેબ બહાદુરનો અંતઃકરણપૂર્વક ઋણી અને આભારી છું.

શાળોપયોગી બાળોપયોગી પુસ્તકો રસિક અને સુંદર ચિત્રોથી આકર્ષક હોવાં જોઈએ. આ ઉદ્દેશ પુરો કરતાં ખર્ચ ઘણો થાય છે; ચિત્રોનો ખર્ચ વધે છે, પુસ્તકનું કદ વધે છે. આથી કિંમત પણ તેના પ્રમાણમાં રાખવી પડે છે. કિંમતના વધારાને લીધે તેનો બહોળો ઉઠાવ પણ હોતો નથી. આથી પણ ઓછી કિંમત રાખી પ્રચાર કરવાનું બનવું મુશ્કેલ રહે છે, છતાં પણ આ પુસ્તકની કિંમત ખર્ચના પ્રમાણ પુરતી રાખી છે. વળી જો તેનો ફેલાવો વધશે તો તેથી પણ ઘટાડવા ધારું છું.

આશા રાખું છું કે મારો આ પ્રયાસ બાળકો અને શિક્ષકોને સરળ માર્ગદર્શક અને અનુકૂળ થઈ પડશે. 'મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે,' આથી આમાં રહેલા દોષો, સુધારાવધારા વગેરે ત્રુટિની આવશ્યક્તા સૂચવાશે તો તેને ઉપકાર સહ પુનઃ આવૃત્તિમાં યથાસ્થાન મળશે. મારા આ પ્રયત્નને શિષ્યો, શિક્ષકબંધુઓ તથા કેળવણીખાતા તરફથી યોગ્ય ઉત્તેજન મળશે એમ ઇચ્છી વિરમું છું. તથાસ્તુ !

ડભોડા—સાદરા
માગસર સુદી ૧૫ સંવત ૧૯૮૨.

લિ૦ સેવક,
ભાઇચંદ પૂજા શાહ.

અનુક્રમણિકા.

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
મુખપૃષ્ઠ ૨	ચિત્ર નીચે	મહારાજ કુમારશ્રી	મહારાણાજી શ્રી
૪;	નકશો; ૬	આનંતઃ ગુરાષ્ટ્ર	આનર્ત; સુરાષ્ટ્ર
૬;૫૦;૫૭,૧૩૪	૯;૨૧;૫;૮	બધાઈ, આવા; ચાપો; પાજરામાં	બંધાઈ; આવાં; ચાંપો; પાંજરામાં
૨૨;૩૪	૧૧;૨૨;૧૭	ઇજ્જડ, તેરસાં; કાકુનો	ઉજ્જડ; તેરસો; કાકુનો
૪૧;૬૭;૧૨૪	૧૧;૧૮;૫	ભરા; રહા; ચાહાણ	ભરી; રહ્યાં; ચોહાણ
૪૫;૫૬;૭૮	૧૫;૨;૧૯	પ્રાવજ્ઞા, ાતલકા ાવજય	પ્રતિજ્ઞા; તિલક; વિજય
૧૧૭;૧૩૬;૧૦૮	૨;૧૯;૨	નાહ; ભામદેવના; ધમ	નહિ; ભીમદેવના; ધર્મ
૬૫;૬૧;૭૯	૧૭;૧૯;૧૫	પહેલાં; હમા; થયો	પહેલાં; હતા; થયો
૪૨;૬૫	૧૪;૩	બે પરવાઈથી; રાજખુએ	બેપરવાઈથી; રાજ ખુએ
૬૮;૭૭	૨૨;૧	સ્વપરાક્રમ; દહેરો	સ્વપરાક્રમ; દહેરાં
૭૮;૯૦;૧૦૧	૧૬;૧;૧૬	ફુલચંદ્ર; ફુલાદેવી; પકડાયો	ફૂલચંદ્ર; ફૂલાદેવી; પકડ્યો
૧૦૩;૧૧૦	૧૬;૧	દુનીયા; બકુલાદેવીથી	દુનિયા; બકુલાદેવીના
૧૩૦;૧૩૭	૨;૮	કુતવણુદીન; વીરથળ	કુતુબુદ્દીન; વીરધવળ
૧૩૫	૨૪		કે મોટી એકાદશીના
૧૩૯	૬	તેમને	કાઢી નાખો
૧૩૯;૧૩૯;૧૪૩	૧૩;૧૯;૨૨	ખરચી; ૧૨૬; ૧૯૨૫	ખરચી; ૧૨૬૨; ૧૨૯૫
૧૪૧	૧૭	મુસલાનોએ	મુસલમાનોએ
૧૫૧;૧૬૮	૧૬;૨૧	સૂય; શક્ષા	સૂર્ય; શિક્ષા
૧૬૧;૧૮૧;૧૮૫	૧૨;૨૨;૧૫	કાળા; ઉઠા; ક્યો	કાળી; ઉઠી; ક્યો.
૧૬૮;૧૯૨;૧૮૯	૨૨;૧૮;૯	અ; એ; પડો	અને; એક; પાડી
૧૫૫;૧૧૯;૧૯૫	૧૭;૯–૧૦;૧૨	કરી; બોલાવ્યોનું; લઇ	કરી, બોલાવ્યાનું; લઈ

ગુજરાતના ઇતિહાસની સચિત્ર સહેલી વાર્તાઓ.

ગુજરાતનું સામાન્ય વર્ણન.

આપણે જે ભૂમિમાં જન્મ્યા, જ્યાં વસીને હરીએ ફરીએ છીએ, અને જેનાં હવાપાણી તથા તેમાં પાકતાં ધાન્ય, ફળફૂલ, શાક, વગેરે ખોરાકથી આપણું પોષણ થાય છે. જ્યાં રૂ પુષ્કળ પાકે છે, અને તેનાં કપડાંથી આપણા શરીરનું ટાઢતડકાથી રક્ષણ થાય છે, જેની સપાટ ભૂમિરચના અને તેમાં થતા ઉત્તમ પાકને લીધે જે હિંદના બગીચા સમાન ગણાતો અને નામીચો થયેલો સુંદર, રમણીય, નાનકડો રસાળ પ્રદેશ ગુજરાત પ્રાંત કે જેની ભૂમિ મારફતે દયાળુ પરમેશ્વર સર્વ વસ્તુઓથી પોષે છે, તેથી તે આપણા મહાન પાળક પિતા છે, અને આ ભૂમિ આપની જનની-માતા સમાન છે, જેવી રીતે આપણી માતા ઉપર પ્રેમ રાખી તેની સેવાચાકરી, પોષણ અને રક્ષણ કરી તેને સંતોષીએ છીએ, તેવી રીતે આપણી આ ગુજરાત માતાને પણ સંતોષવી જોઈએ, નહિ તો આપણે પાપી અને નીમકહરામી ગણાઈએ.

સીમા—ગુજરાત પ્રાંત હિંદની પશ્ચિમે આવેલો છે. હાલમાં તેની ઉત્તરમાં કચ્છનો અખાત, કચ્છનું રણ, મારવાડ અને આબુ પર્વત; પૂર્વે વિંધ્યાચળથી અરવલી પર્વતને જોડતી ડુંગરોની હાર;

માળવા અને ખાનદેશ સુધી તેનો વિસ્તાર છે; દક્ષિણે અરબી સમુદ્ર અને થાણા જિલ્લો અને પશ્ચિમે તેને અરબી સમુદ્ર વીંટળાએલો છે.

કુદરતી દેખાવ અને પાક—આ દેશની કુદરતી રચના તેમાં આવેલા ગીરનાર, શેત્રુંજો, આબુ અને પાવાગઢ વગેરે પર્વતો; નાના મોટા ડુંગરો; વિવિધ લીલીછમ વનસ્પતિથી છવાયેલાં વનો; ફળદ્રુપ ખીણો; અને નર્મદા, તાપી, મહી, સાબરમતી, અને સરસ્વતી જેવી મોટી અને પવિત્ર નદીઓ; મનમોહક મેદાનો; દ્વારિકા, પ્રભાસપાટણ, પાલિતાણા, અંબાજી, બહુચરાજી, મહાકાળિ–કાળકાજી, ચાણોદ, ડાકોર, શુકલતીર્થ, ઉદવાડા, અને સંજાણ જેવાં રમ્ય અને પવિત્ર તીર્થસ્થળો; અને બીજાં જળાશયો; આબુ, હજીરા, ડુમસ, તીથલ વગેરે હવાખાવાનાં સ્થળો; જુનાગઢ, ભાવનગર, રાજકોટ, અમદાવાદ, ખંભાત, વડોદરા, ભરુચ, અને સુરત જેવાં ભવ્ય અને સુંદર સુશોભિત શહેરોને લીધે રમણીય અને અતિ મનોહર બનેલી છે.

ડુંગરી પ્રદેશમાંનાં જંગલોમાંથી ઇમારતી લાકડાં અને ઔષધિ મળી આવે છે. વળી ઉત્તમ જાતિનાં આંબા, રાયણ, ફણસ, કેળ, નાળિએર, દાડમ, જામફળ, સીતાફળ, લીંબુ, બોર વગેરે સ્વાદિષ્ટ મેવાનાં પુષ્કળ ફળાઉ ઝાડો અને છોડવાની વાડીઓ લચી અને ઝુકી રહેલી છે.

આ રસાળ પ્રદેશમાં 'કાચું સોનું' પાકે છે; એટલે કે તેમાં કપાસની પેદાશ મુખ્ય છે, અને બાજરી, જુવાર, ડાંગર, ઘઉં, વગેરે દરેક જાતનાં ધાન્ય; ચણા, તુવેર, મગ, મઠ, અડદ, ચોળા, વટાણા વગેરે કઠોળ; ગવાર; તલ, એરંડી, સરસવ, મગફળી, ખસખસ,

કોપરું વગેરે તેલીબીઆં; આદુ, હળદર, જીરૂં, મેથી, લસણ, ધાણા, સવા, તમાકુ, અફીણ, શેરડી વગેરે પુષ્કળ પાકે છે.

હવાપાણી પણ માફકસરનાં છે. આવો રમણીય, પવિત્ર અને રસાળ પ્રદેશ એ આપણી માતૃભૂમિ છે. તે માટે આપણે ભાગ્ય-શાળી છીએ.

ગુજરાત નામ પડવાનું કારણ:—આપણી ભૂમિનું પ્રાચીન શું નામ હશે તે જાણવામાં નથી; પરંતુ ગુર્જ્જર નામે પરદેશી પ્રજા દેશ જીતતી આવી, આ પ્રદેશ તાબે કરી, આ દેશમાં વસી, તેથી તે ગુર્જ્જર પ્રજાના નામ ઉપરથી દેશનું નામ **ગુર્જ્જર રાષ્ટ્ર** એટલે ગુર્જ્જરોનો મુલક અને તે ઉપરથી પાછળથી દેશનું નામ **ગુજરાત** અને લોકો તથા ભાષાનું નામ ગુજરાતી પડયું. આ પર-દેશી લોકોએ અસલના વતનીઓ સાથે લગ્નસંબંધ બાંધ્યો અને તેમની સાથે ભળી ગયા. કાળક્રમે દેશી પરદેશી વચ્ચેનો ભેદભાવ મટી જઈ બધી એકજ પ્રજા થઈ ગઈ.

છઠ્ઠા સાતમા સૈકામાં ગુજરાતમાં મુંબઈ સુધીમાં ગુર્જ્જરોનાં બે સ્વતંત્ર રાજ્યો હતાં, અને તેથી ગુર્જ્જરોની ઘણી વસ્તી ગુજરાતમાં આવીને વસેલી હોવી જોઈએ. હાલ પણ કેટલીક જાતો પોતે શુદ્ધ ગુર્જ્જર હોવાનું જણાવે છે,* અને ગુર્જ્જર વાણીઆ, ગુર્જ્જર સોની, ગુર્જ્જર સુતાર, ગુર્જ્જર કુંભાર, ગુર્જ્જર સલાટ એ ન્યાતો ગુજરાતમાં વસે છે. ગુજરાતના લેઉવા અને કડવા પાટીદારો પણ અસલ ગુર્જ્જરો હોવા જોઈએ.

---

* ગુર્જ્જર લોકો એક સ્થળે રહેતા નહોતા; પરંતુ પોતનાં ઢોરને લઈ ભટકતા ફરતા હતા. તેમાંના જેઓ એક સ્થળે રહી ખેતી કરવા લાગ્યા તેઓ કણબી (સં. कुटुम्बिन् ઉપરથી) એ નામે ઓળખાવા લાગ્યા. ગુજરાતના લેઉઆ અને કડવા કણબી એક ઠેકાણે ઘર કરી સ્થાયી રહેલા ગુર્જ્જરો હતા, અને તેઓ મોટે ભાગે ખેતી કરતા હતા.

વિભાગો:—કુદરતી રીતે આ પ્રાંતના (૧) ખંડસ્થ પ્રદેશ એટલે શુદ્ધ ગુજરાત અને (૨) દ્વીપકલ્પનો પ્રદેશ (કચ્છ અને ખંભાતના અખાતો વચ્ચેનો) એટલે કાઠિઆવાડનો પ્રદેશ એ દ્વીપકલ્પ એ બે ભાગ બનેલા છે.



પ્રાચીનકાળમાં ગુજરાતના આનર્ત, સુરાષ્ટ્ર અને લાટ એવા ત્રણ ભાગ હતા (૧) આનર્ત-એ ઉત્તર ગુજરાતનો વડનગરની આસપાસનો

મુલક. તેનું મુખ્ય નગર કાળક્રમે આનર્ત્તપુર-આનંદપુર-વૃદ્ધનગર (જૂનું શહેર) અથવા વડનગર હતું. (૨) સુરાષ્ટ્ર (સુલોકોની ભૂમિ) પાછળથી સૌરાષ્ટ્ર-સુંદર ભૂમિ, સુરાષ્ટ્ર ઉપરથી સોરઠ થયું છે):-હાલનો કાઠિઆવાડ. (૩) લાટ-મહીથી તાપી સુધીનો દક્ષિણ ગુજરાતનો ભાગ. આનર્ત્ત અને લાટ વચ્ચેનો ભેદ હવે તદ્દન નીકળી ગયો છે.

કાઠિઆવાડ એ દ્વીપકલ્પના એક ભાગનું નામ છે; પરંતુ કાઠી લોકોનું બળ વધવાથી આખા દ્વીપકલ્પનું કાઠિઆવાડ નામ પડ્યું. કાઠિઆવાડમાં વસતી જાતો અને જમીન પરથી ઝાલાવાડ, ગોહીલવાડ, બાબરીઆવાડ, સોરઠ, હાલાર, વઢિઆર, વાગડ, પાંચાલ, અને ભાલ એ ભાગો પડેલા છે; તેમ શુદ્ધ ગુજરાતના પાટણવાડો, માળ, ચરોતર, મહેવાસ, વાઠળ, કાનમ, ચુંવાળ, ચોરાશી, પાલ એ ભાગો પડેલા છે.

રાજ્યવ્યવસ્થાની નજરે તેના **ખાલસા**, **દેશીરાજ્યો**, અને **પરદેશી સંસ્થાનો** એવા ત્રણ ભાગ પડી શકે. (૧) **ખાલસા-પ્રદેશ** એટલે અંગ્રેજ સરકારની પ્રત્યક્ષ સત્તા નીચે છે તે મુલક; તે અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરુચ અને સુરત એ પાંચ જિલ્લાઓમાં વહેંચાયેલો છે. (૨) **દેશીરાજ્યો** એમાં ગાયકવાડ સરકારનું મોટું રાજ્ય, અને પશ્ચિમ હિંદ સ્ટેટ્સ એજન્સિમાંનો કચ્છપ્રાંત સિવાયનો મુલક (કાઠિઆવાડ અને બનાસકાંઠા એજન્સિ), મહીકાંઠા, રેવાકાંઠા અને સુરત એ એજન્સિઓમાં બીજાં નાનાં રાજ્યો મૂકેલાં છે. (૩) **પરદેશી સંસ્થાનોમાં** માત્ર દીવ બેટ અને દમણ એ પોર્ટુગીઝ સંસ્થાનો છે.

પ્રજા કે લોકઃ—જુદી જુદી જાતિઓની ગુજરાતની પ્રજા બનેલી છે. વસ્તીમાં મુખ્ય ભાગે હિંદુ છે, તે સિવાય મુસલમાન, જૈન, પારસી અને દેશીખ્રિસ્તી છે. જે જે પ્રજાઓ રાજ્ય મેળવવા, વેપારરોજગાર માટે, અને ભટકતી જાતો આવીને ઘણો કાળ ટકીને

વસી રહી, તે હાલની ગુજરાતની પ્રજા તરીકે સ્થાયી વસેલી છે. ગુજરાતમાં મુસલમાની રાજ્ય થવાથી મુસલમાનો પણ આવી વસ્યા છે.

હિંદુ પ્રજા હાલમાં જુદી જુદી નાતો અને પેટા નાતોમાં વહેંચાઈ ગઈ છે, મૂળ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ હતી; પરંતુ હાલમાં તેમાંથી બ્રાહ્મણ, વાણીઆ, રજપુત, પાટીદાર, ક્ષત્રી, કાયસ્થ, સોની, લુહાર, સુતાર, હજામ, કુંભાર, ઘાંચી, મોચી, માળી, રાવળીઆ, રબારી, ભરવાડ, કોળી, ભીલ, ધારાળા, ઢેડ, ચમાર, વણકર, ભંગી, વગેરે અનેક નાતો થઈ છે એટલુંજ નહિ પણ તેમાંથી પણ પેટા જ્ઞાતિઓ અને જથા થવાથી અનેક નાની નાની પેટા જ્ઞાતિઓ બધાઈ છે.

ધર્મઃ—હિંદુ પ્રજામાં મુખ્ય હિંદુ અને જૈન એ બે ધર્મો છે. હિંદુધર્મના અનેક પંથ અને મત છે જેવાકે–વૈષ્ણવ, શિવમાર્ગી–શૈવ, સ્વામિનારાયણ, કબીરપંથી, બીજપંથી, આર્યસમાજી અને તેના પેટા વિભાગો પણ છે. જૈન ધર્મના શ્વેતાંબરી અને દિગંબરી છે. તે સિવાય મુસલમાની, કે ઇસ્લામીધર્મી મુસલમાન, દેશીખ્રિસ્તી અને જરથોસ્તધર્મી પારસીઓની પણ વસ્તી છે.

આ ભૂમિ ઉપર હિંદુ, મુસલમાન, પારસી, દેશીખ્રિસ્તી વગેરે અનેક જાતના લોક વસે છે, છતાં તેઓ સ્વભાવે શાંત, સુશીલ, સહનશીલ, નરમ, ક્ષમાશીલ, દયાળુ, પરોપકારી, સંતોષી અને રાજનિષ્ઠ છે.

ધંધોઃ—ઘણા ભાગે મુખ્ય ધંધો ખેતી અને વેપાર છે. તે સિવાય રેશમી તથા સુતરાઉ કાપડ વણવાનું, ભરતકામ, અકીકનું; માટીનાં વાસણ બનાવવાનું, નકશીનું તથા બીજી કારીગરીનાં કામ પણ લોકો કરે છે, અને મિલ ઉદ્યોગ પણ સારો ચાલે છે. વેપાર–રોજગાર આબાદ છે. હાલમાં હાથવણાટ કામ ધમધોકાર આગળ વધે

છે. રેલવે, તાર, ટપાલ, પાકી સડકો વગેરે સગવડને લીધે વેપાર આબાદ બન્યો છે. ખેડુતો મહેનતુ અને સંતોષી છે. વેપારીઓ બુદ્ધિશાળી અને સાહસિક છે. ગુજરાત હિંદુસ્તાનમાં વેપારી તરીકે નામીચો છે.

ક્ષેત્રફળ અને વસ્તી×:—ગુજરાતનું ક્ષેત્રફળ શુમારે સાઠહજાર ચો. માઇલ (ગુજરાત ૩૯૦૦૦ ચો. માઇલ; કાઠિઆવાડ ૨૧૦૦૦ ચો. માઇલ) ક્ષેત્રફળ છે, અને વસ્તી ૧,૦૪,૫૨,૩૭૭ માણસની છે.

આ ભૂમિમાં અનેક નામાંકિત રાજામહારાજાઓ, વીરપુરુષો, ઋષિમુનિઓ, વિદ્વાનો, કવિઓ, ધર્મપ્રવર્તક મહાત્માઓ ઉત્પન્ન થએલા છે, અને તેઓ આ ભૂમિમાંજ પોષણ પામેલા છે, તેજ ભૂમિનાં આપણે પણ બાળકો છીએ, તેથી આ ભૂમિના રાજા અને પ્રજાનાં ચારિત્ર્ય અવલોકનથી નીતિ-બોધનું જ્ઞાન થતાં તેમાંથી ઘણું જાણવા સમજવાનું મળશે; તેથી આપણે આપણી આ માતૃભૂમિના ઋણી છીએ.

× વસ્તી અને ક્ષેત્રફળના આંકડા નીચે પ્રમાણે દાખલ કરેલા છે.

	ક્ષેત્રફળ ચો. મા.	વસ્તી.
ઉત્તરવિભાગનો ખાલસા મુલક	૧૩૫૬૫	૩૭,૧૮,૭૬૫
કાઠિઆવાડ એજન્સિ સિવાયનાં દેશી રાજ્યો	૧૭૭૫૦	૨૦,૨૩,૨૪૦.
કાઠિઆવાડ એજન્સિ-શુમારે	૨૧૦૦૦	૨૫,૩૮,૪૬૭
દીવ-દમણ સ્ટેટ.	૨૫	૫૧,૦૦૦
ગાયકવાડનું રાજ્ય.	૮૧૮૨	૨૧,૨૬,૮૭૫
	૫૮૯૬૬	૧,૦૪,૫૨,૩૭૭

વિભાગ ૧ લો.

અંગ્રેજી રાજ્ય.

ગુજરાતમાં હાલ બ્રિટિશ કે અંગ્રેજ સરકારનું રાજ્ય અને દેશીરાજ્યો આવેલાં છે. અંગ્રેજ સરકારે રાજ્યવહીવટ માટે ગામનો કારભાર કરવાને મુખી-તલાટી, તાલુકા માટે મામલતદાર, જિલ્લા માટે કલેકટર, અને વિભાગ માટે કમિશનર એ અધિકારીઓ નીમેલા છે. તેમની મારફતે મુંબઈ ઇલાકાનો વહીવટ ગવર્નર સાહેબ ચલાવે છે.*

મુંબઈ ઇલાકો એ હિંદુસ્તાનનો ભાગ છે. આખા હિંદ ઉપર અમલ ચલાવવાને એક મુખ્ય અધિકારી વોઇસરૉય કે ગવર્નર જનરલ નીમેલા છે. તે હિંદના પાયતખ્ત દિલ્હીમાં રહે છે, અને તે શહેનશાહ **પાંચમા જોર્જની** વતી હિંદનો રાજકારભાર ચલાવે છે.

અંગ્રેજ લોકો ઇંગ્લાંડ નામના નાના મુલકના રહેવાસી છે. એ દેશ યુરોપ ખંડમાં ગુજરાતની વાયવ્યે શુમારે પાંચ હજાર માઇલ દૂર છે. તેની રાજધાની લંડન છે, અંગ્રેજોએ પૃથ્વીના ઘણા ભાગમાં રાજ્ય સ્થાપ્યું છે. તે એટલા બધા વિસ્તારમાં આવેલું છે કે જેથી અંગ્રેજી રાજ્યમાં સુરજ કદાપિ આથમતો નથી એમ કહેવાય છે.

આ રાજ્યમાં આપણને ઘણી જાતનાં સુખ મળેલાં છે. લોકના સુખ માટે કુવા, વાવ, તળાવ, નહેરો, દવાખાનાં, નિશાળો, રેલવે, તાર, ટપાલ, સંચા, ટેલીફોન, વગેરે જાત જાતના સુધારા થયા છે. દુકાળ અને મરકીથી પીડાતા લાખો લોકોના જીવ બચાવવા સરકાર મહેનત કરે છે. દેશમાંથી ચોરી, ધાડ, લૂટફાટ, બંધ પડયાં છે. પર-

* શિક્ષકે હાલના ગવર્નર અને વૉઇસરૉયનાં નામ શીખવવાં.

દેશી દુશ્મનો દેશ ઉપર ચઢી આવી હવે લૂટફાટ કરી શકતા નથી. વેપારરોજગાર ધમધોકાર ચાલે છે. **લોકોને વાજબી ન્યાય મળે** છે. ગરીબને કોઈ તવંગર હેરાન કરી શકતું નથી.

૧ શહેનશાહ શ્રી પાંચમા (પંચમ) જોર્જ.

રાજ્યાભિષેકઃ—આપણા શહેનશાહ પાંચમા જોર્જ ૪૭ વર્ષની વયે ઇ. સ. ૧૯૧૧ ના જૂન માસમાં ઇંગ્લાંડમાં ગાદીએ બેઠા, અને પછી હિંદમાં પધારી હિંદના મુખ્ય શહેર દિલ્હીમાં તારીખ બારમી ડિસેમ્બરે હિંદના દેશી રાજારજવાડા અને શ્રીમંતોનો મોટો ભવ્ય દબદબા ભર્યો દરબાર ભરી મોટા ઠાઠમાઠથી રાજ્યાભિષેકની ક્રિયા કરાવી, હિંદુસ્તાનની ગાદીએ બેઠા હતા, (આ દિવસ ‘ દરબાર દિવસ ’ નામે ઓળખાય છે.) ત્યારે આ દેશની પ્રજાને રૂઢી રીતે રાજ્ય ચલાવવાને, ઉદ્યોગહુન્નર અને કેળવણીમાં વધારો કરવાનાં વચનો આપ્યાં હતાં. આ પહેલાંના કોઈ પણ શહેનશાહ ઇંગ્લાંડમાં ગાદીએ બેઠા પછી હિંદમાં પધાર્યા નહોતા.



[પાંચમા જ્યોર્જ.]

શહેનશાહ પાંચમા જોર્જ ગાદીએ આવ્યા તે પહેલાં તેમણે ઘણો વખત આગબોટ ચલાવવાની કળા શીખવામાં ગાળ્યો હતો. તેથી ‘ ખલાસી રાજા ’ તરીકે જાણીતા છે. ગાદી બેસતાં પહેલાં તેમણે પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે હિંદની મુસાફરી કરી હતી.

મહાન દારુણ યુદ્ધઃ—ઇ. સ. ૧૯૧૪ માં **અંગ્રેજ** સરકારને યુરોપમાં **જર્મનિ** દેશના રાજા કૈસર સાથે મહા દારુણ યુદ્ધ ચાર વર્ષ સુધી ચાલ્યું હતું. **જર્મનો** પાસે લાખો કેળવાએલા માણસોનું લશ્કર, દારૂગોળો, હવાઈ વિમાનો (એરોપ્લેનો), મનવારો (ક્રૂઝરો), સબમરીનો, વગેરે પુષ્કળ હતાં, છતાં પણ બીજાં મિત્ર રાજ્યોની મદદથી **અંગ્રેજ** સરકારે **જર્મનોને** પુરેપુરા હરાવ્યા હતા. આ યુદ્ધમાં હિંદની પ્રજાએ અને દેશી રાજા રજવાડાઓએ સરકારને પુષ્કળ નાણાં, લડાઈનાં સાધનો, લશ્કરી માણસો વગેરેની કીમતી મદદ આપી રાજ્યભક્તિ દર્શાવી હતી.

૨ શહેનશાહ સાતમા એડવર્ડ.

શહેનશાહ પાંચમા **જોર્જ** પહેલાં તેમના પિતા મહારાજા સાતમા એડવર્ડ ઈ. સ. ૧૯૦૧ માં ગાદીએ આવ્યા હતા. તેમણે દસ વર્ષ રાજ કર્યું હતું. ઇંગ્લાંડ સાથે જે પ્રજાઓ વેરભાવ રાખતી હતી તેમનાં મન તેમણે મેળવી લીધાં હતાં, અને રાજ્યને ઘણો ફાયદો કર્યો હતો, તેથી તેઓ '**સલાહકાર એડવર્ડ**' એ નામે જગજાહેર થયા છે.



[સાતમા એડવર્ડ.]

જે ખેડુતો સારાં ઢોર ઉછેરતા, ઉત્તમ પાક નીપજાવતા તેમને ઇનામો આપતા હતા. જુવાનીમાં યુદ્ધકળાની તાલીમ લીધી હતી, છતાં પોતે કોઈ યુદ્ધમાં ગયા નહોતા.

૩ મહારાણી વિકટોરિઆ.

શહેનશાહ સાતમા એડવર્ડ પહેલાં તેમનાં માતુશ્રી મહારાણી વિકટોરિઆ ઇ. સ. ૧૮૩૭ માં તેમના કાકા ચોથા વિલિયમના

 ૧૨૫૫૮

ગુજરી જવાથી ગાદીએ આવ્યાં હતાં. તેમણે લગભગ સાઠ વર્ષ રાજ્ય કર્યું હતું. તેમનો રાજઅમલ હિંદમાં સલાહશાન્તિ ભરેલો હતો.




[મહારાણી વિક્ટોરિયા.]

રેલવે, તાર, પોસ્ટ, આગબોટ, વગેરે વ્યવહારનાં સાધનો; સુતર, રેશમ, શણ વગેરે વણવાના સંચા; દીવાસળી, કાગળ વણવાની મિલો, હુન્નરઉદ્યોગનાં કારખાનાં, દેશી અને અંગ્રેજી ભાષામાં કેળવણી આપવા માટેની શાળાઓ, વગેરે હિંદમાં દાખલ થયાં હતાં. તેમનું રાજ્ય પ્રતાપી અને કીર્તિવાળું હતું કેમકે મહારાણી પોતે ઘણાં દયાળુ, માયાળુ, અને પોતાની પ્રજાનું હંમેશાં ભલું કરવાની કાળજી ધરાવતાં. આથી હિંદની પ્રજા તેમને ઘણી ચહાતી હતી. તેથી તેઓ “ **ભલાં વિક્ટોરિઆ** ” એ નામે મશહુર થયાં છે.

૪ કંપનિસરકાર.

મહારાણી વિક્ટોરિઆના અમલ પહેલાં હિંદમાં ઇસ્ટ ઇંડિઆ કંપનિ સરકારનું રાજ્ય હતું. એ કંપનિ ઇંગ્લાંડના વેપારીઓની



[કંપનિ સરકારનો સિક્કો.]

મંડળી હતી. તે હિંદમાં ઈ. સ. ૧૬૦૦ ની સાલમાં એટલે આજથી ૩૨૫ વર્ષો પર વેપાર કરવા આવી હતી. શરૂઆતમાં વેપારમાં મન લાગેલું; પછીથી દેશીરાજ્યોની માંહોમાંહેની ખટપટમાં પડી તેમની વચ્ચેની લડાઈઓમાં ભાગ લીધો, તેથી કેટલોક મુલક મેળવ્યો. આ મુલકમાં ધીમે ધીમે વધારો થતો ગયો, છેલ્લે નાનાં મોટાં બધાં હિંદનાં રાજ્યો ઉપર સત્તા બેસાડી, કેટલાંક રાજ્યો ખાલસા કર્યાં, તેથી કંપનિના રાજ્યવહીવટથી બેદીલ થઈ હિંદની રૈયતે ઈ. સ. ૧૮૫૭ માં મોટો બળવો* કર્યો. તે બળવો કંપનિ અને ઇંગ્લાંડના લશ્કરની મદદથી બેસાડી દીધો, અને મહારાણી વિક્ટોરિઆએ

* રૈયત રાજા સામે થાય ત્યારે તે બળવો થયો કહેવાય.

કંપનિ પાસેથી હિંદની રાજ્યસત્તા ઇ. સ. ૧૮૫૮ થી પોતાના હાથમાં લીધી.

૫ ગુજરાતના મુખ્ય રાજવંશોની રૂપરેખા.

હિંદમાં અંગ્રેજી રાજ્ય શુમારે ૧૭૫ વર્ષથી થયું છે; પરંતુ ગુજરાતમાં તો શુમારે સો વર્ષથીજ ચાલુ થયું છે. તે પહેલાં મરાઠાનું રાજ્ય હતું. તેમની પાંચ શાખાઓ હતી. તેમાંની એક શાખા ગાયકવાડ હાલ ગુજરાતમાં રાજ્ય કરે છે. તેની રાજધાની વડોદરામાં છે. ગુજરાતના કેટલાક ભાગમાં ગાયકવાડનું રાજ્ય છે; તેથી તે ગુજરાતના મહારાજા કહેવાય છે. તેઓ પહેલાં પેશ્વાના સુબા હતા. પેશ્વા મરાઠા રાજાના કારભારી કર્તાકારવતા હતા. મરાઠા પહેલાં ગુજરાતમાં દિલ્હીના મોગલ પાદશાહો તરફથી તેમના સુબા અને તે પહેલાં સ્વતંત્ર મુસલમાન સુલતાનો અમદાવાદમાં અમલ કરતા હતા. તે પહેલાં પઠાણ પાદશાહો તરફથી સુબા નીમાતા તેઓએ લગભગ ૧૦૦ વર્ષ સુધી પાટણમાં અમલ કર્યો હતો. પાછળથી તેઓ પઠાણ પાદશાહોની નબળાઈનો લાભ લઈ સ્વતંત્ર પણે અમલ કરવા લાગ્યા. મુસલમાનો પહેલાં ગુજરાતમાં રજપુતોનું રાજ્ય હતું.

ઇ. સ. ૧૨૯૭ માં દિલ્હીના ખિલજી પાદશાહ અલાઉદ્દીને છેલ્લા વાઘેલા રજપુત રાજા કરણ પાસેથી રાજ્ય જીતી લીધું હતું.

રજપુતોનું રાજ્ય લાંબા વખતથી ચાલુ હતું. તેમાં છેલ્લા વાઘેલા, તે પહેલાં સોલંકી, અને તે પહેલાં ચાવડા રજપુતોનું રાજ્ય હતું. ચાવડા રાજા વનરાજે અણહીલપુરપાટણ વસાવી, ત્યાં રાજધાની કરી હતી. તે પહેલાં પંચાસરમાં જયશિખરી ચાવડાનું રાજ્ય હતું, અને તે પહેલાં ગુજરાતની રાજધાની વલભીપુરમાં હતી. વલભીરાજાઓ પહેલાં ગુપ્ત, ત્રૈકુટક, ક્ષત્રપ, મૌર્ય અને ગ્રીક રાજાઓ

થઈ ગયા. હિંદુઓનાં પુરાણો પરથી જણાય છે કે પુરાણકાળમાં યાદવોનું રાજ્ય હતું. યાદવકુળમાં શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો હતો. તેમની રાજધાની દ્વારકામાં હતી.

મુસલમાનોએ ઇ. સ. ૧૨૯૭ માં ગુજરાત જીત્યું, તે પહેલાંના ઇતિહાસને પ્રાચીન એટલે પહેલાંનો; અને મુસલમાનોના અમલથી આજ સુધીના ઇતિહાસને અર્વાચીન એટલે હાલનો-ચાલુકાળનો ઇતિહાસ કહે છે.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ રજપુતકાળનો ઇતિહાસ છે. તેના પણ બે ભાગ પડે છે. અણહીલવાડ રાજ્ય શરૂ થયું તે પહેલાંનો અને તે પછીનો. અગાઉનો ઇતિહાસ તામ્રપટ-તાંબાનાં પતરાં પરના, શીલાલેખો-પત્થરપર કોતરેલા લેખો, જુના સિક્કા વગેરેના આધારે લખાયો છે; પરંતુ તે પછીનો ઇતિહાસ પુસ્તકોના આધારે લખાયેલો હોવાથી તે વધારે વિશ્વાસપાત્ર છે.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ.

ભાગ ૨ જો.

૧ પ્રાચીન રાજ્યો.

યાદવ રાજ્ય.

ગુજરાતમાં સૌથી પહેલાં પ્રાચીનકાળમાં રજપુતોનાં રાજ્યો હતાં. તેમાં સૌથી જુનું યાદવ રજપુતોનું રાજ્ય હતું.

પુરાણોમાં જુનામાં જુની વાત મનુના પૌત્ર આનર્ત રાજા વિષે છે. આનર્તનો પુત્ર રેવત આનર્ત દેશ ઉપર મુખ્ય નગરી કુશસ્થલી અથવા દ્વારિકામાં રહી રાજ્ય કરતો હતો. તેની પાસેથી યાદવોએ દ્વારિકાનું રાજ્ય જીતી લઈ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. રૈવતને સો પુત્રો હતા, તેમાં

સૌથી મોટો રૈવત અથવા કુકુદમી હતો. તેની પુત્રી રેવતીને બ્રહ્માની સલાહથી શ્રીકૃષ્ણના મોટા ભાઈ બળદેવ (બળરામ કે બળભદ્ર) સાથે પરણાવી હતી. યાદવકુળમાં શ્રીકૃષ્ણ અને બળદેવનાં નામ જાણીતાં છે. શ્રીકૃષ્ણને હિંદુઓ ઈશ્વર તરીકે માને છે, અને પૂજે છે.

શ્રીકૃષ્ણના કુટુંબીઓ ચંદ્રવંશી યદુરાજાના વંશના હોવાથી તેઓ યાદવ કે જાદવ કહેવાતા, વખત જતાં તેમની ઘણી શાખાઓ થઈ. તેમાં વૃષ્ણિ, મધુ, કુકુર, ભોજ, શાશ્વત, અંધક, સુરસેન, દશાર્હ વગેરે મુખ્ય હતી. યદુથી ૩૭મી પેઢીએ શાશ્વત થયો. તેની શાખામાં પ્રખ્યાત વીર-પુરુષ શ્રીકૃષ્ણનાં માબાપ દેવકી અને વસુદેવ જન્મ્યાં હતાં. શ્રીકૃષ્ણના વખતમાં યાદવો મથુરાનગરી છોડી સિંધુ દેશમાં ગયા, અને ત્યાં દરીઆકિનારે દ્વારિકા વસાવી રહ્યા. વળી દંતકથા એવી પણ ચાલે છે કે દાનવોને હરાવી તેમની પાસેથી એ દેશ જીતી લીધો.

૬ શ્રી કૃષ્ણભગવાન.

કાઠિઆવાડની વાયવ્યે દરીઆકાંઠે ઓખો કે ઓખામંડળમાં દ્વારિકા હિંદુઓનું પવિત્ર તીર્થસ્થળ છે. હાલ તે ગાયકવાડના તાબામાં છે; ત્યાં શુમારે પાંચ ૭ હજાર વર્ષ પહેલાં શ્રી કૃષ્ણભગવાન વાસ કરી રહ્યા હતા.

મથુરાના રાજા કંસે પોતાની બે'ન દેવકીને યાદવકુમાર વસુદેવ સાથે પરણાવી હતી. તેનું આઠમું સંતાન કંસનો નાશ કરશે એવી ભવિષ્યવાણી સાંભળ્યાથી તેણે બે'નબનેવીને મથુરાના કેદખાનામાં ઘણાં વર્ષ સુધી કેદ રાખ્યાં હતાં, અને દેવકીનાં બાળકોનો નાશ કર્યો હતો. શ્રાવણ વદી આઠમ મધરાતે રોહિણી નક્ષત્રમાં બંદીખાનામાં શ્રી કૃષ્ણનો જન્મ થયો. પહેરગીરો ભર ઊંઘમાં હતા. તેનો લાભ લઈ વસુદેવ બાળકૃષ્ણને લઈ બન્ને કાંઠે પુર



[શ્રી કૃષ્ણ.]

આવવાથી પુરવેગથી વહેતી જમના (કાલિન્દી) નદી ઓળંગી સામે કાંઠે નજીકના ગોકુળ ગામે તેમના મિત્ર બાવા નંદને ત્યાં તરતમાંજ તેમની સ્ત્રી યશોદાએ જન્મેલી બાળાને ઉપાડી લઈ તેને બદલે તેમની સોડમાં બાળકૃષ્ણને મૂકી પુત્રીને લઈ પાછા બંદીખાનામાં આવ્યા, અને તે પુત્રીને દેવકીની સોડમાં મૂકી દીધી. દેવકીને બાળક અવતર્યાની ખબર કંસને પડતાં તેણે આવી દેવકી પાસેથી બળાત્કારે પુત્રીને છીનવી લઈ પત્થરપર પછાડી મારી નાખી.

કંસ અતિ દુષ્ટ અને જુલમી હતો. તેણે નિરપરાધી દેવકીનાં બાળકોની બાળહત્યાઓ કરી. એના પાપનો ઘડો ભરાવાથી શ્રીકૃષ્ણે દેવકીના પેટે જન્મ લીધો હતો. અને તે ગોકુળમાં નંદ અને યશોદાને ત્યાં ઉછરી મોટા થયા. વૃંદાવનમાં ગાયો ચરાવતા હતા. ગોકુળમાં વસતા સઘળા ગોપ-ગોવાળ અને ગોપી-ગોવાળણીઓના તે માનીતા થઈ પડયા હતા, અને તેમના સંબંધમાં શ્રીકૃષ્ણે સાચો પ્રેમ બતાવી, અનેક ઉપકારો કરી, તેમનો સ્નેહ મેળવ્યો હતો. તેમની વૃંદાવનમાં બંસી સાંભળી ગાયો એકઠી થઈ જતી હતી. વૃંદાવનમાં તેમના બાળસખા ગોપ સાથે અનેક જાતની રમતો કરી આનંદ આપ્યો અને મેળવ્યો હતો. વૃંદાવનમાં આસો સુદી પુનેમ કે માણેકઠારી પુનેમે વ્રજવાસીઓને રાસમંડળ રચી રાસ રમાડયા. જમના નદીમાં વસતા કાલીય નાગને નાથ્યો. વગેરે અનેક અદ્ભુત કાર્યો કરી બતાવી તેઓ સૌના ઘણાજ વહાલા થઈ પડયા હતા. તેમને મરાવી નાખવાના અનેક પ્રયત્નોમાં કંસ ફાવ્યો નહિ. શ્રીકૃષ્ણ મોટા અને સમજુ થયા ત્યારે અક્રૂર સાથે કંસને ત્યાં ધનુષ્યયજ્ઞ કરવા બળદેવ અને ગોપ સાથે મથુરા જઈ કંસનો વધ કર્યો, અને પોતાનાં માતપિતા દેવકી અને વસુદેવને કેદખાનામાંથી બંધનમુક્ત કર્યા, અને મથુરાની ગાદીએ ઉગ્રસેનને બેસાડયા.

કંસનો સાળો મગધનો રાજા જરાસંધ હતો. તેણે પોતાના બનેવીનું વેર વાળવા મથુરા ઉપર મોટા લશ્કર સાથે ચઢાઈ કરી, અને બીજી તરફથી દક્ષિણ તરફના વીર પુરુષ કાલયવને ચઢાઈ કરી. તેથી યાદવોને મથુરાથી નાસવું પડ્યું. કાલયવન છેક સૌરાષ્ટ્ર સુધી શ્રીકૃષ્ણની પાછળ પડયો. ત્યાં એક પર્વતની ગુફામાં મુચકુંડ ઋષિ તપ કરતા હતા તેને શ્રીકૃષ્ણ જાણી કાલયવને જગાડયા, તેથી ઋષિના ક્રોધથી તેનો નાશ થયો. શ્રીકૃષ્ણ સર્વ કુટુંબીઓ સાથે મથુરાથી નાસી દ્વારિકામાં આવી વસ્યા, અને ત્યાં મહારાજ્ય સ્થાપ્યું.

દ્વારિકામાં મુખ્ય યાદવ સરદાર ઉગ્રસેન હતો. આખો કાઠિઆવાડ દ્વીપકલ્પ યાદવોના તાબે હતો; તેથી યાદવો પ્રભાસ અને ગીરનાર ઘણી વાર યાત્રાએ જતા. શ્રીકૃષ્ણ અને બળદેવ રાજ્યકર્તા નહોતા તોપણ તેમની પદવી મોટી હતી, અને સર્વ મુખ્ય કામમાં તેમનો હાથ હતો.

૭ મહાભારત.

હસ્તિનાપુર (હાલનું દિલ્હી)ની ગાદીના માલીક ભરતકુળના ધૃતરાષ્ટ્ર અને પાંડુ એ બે ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્ર આંધળા હતા, તેથી પાંડુ રાજ્ય કરતા હતા. પાંડુ પાંચ કુંવર મૂકી મરી ગયા, તે પછી ધૃતરાષ્ટ્ર ગાદીએ બેઠા. તેમણે પાંડુના પુત્રોને ઉછેર્યા અને ભણાવ્યા.

પાંડુને કુન્તી અને માદ્રીથી પાંચ પુત્રો થયા તે પાંડવ કહેવાયા. સૌથી મોટા યુધિષ્ઠિર સત્યવાદી અને ધર્મનો અવતાર હતા. ભીમ ગદાયુદ્ધમાં કુશળ હતો અર્જુન મોટો બાણાવળી હતો. તે સિવાય સહદેવ અને નીકુલ એ પાંચ પાંડવ ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્રને રાણી ગાંધારીથી સો પુત્ર થયા હતા, તે તેમના પૂર્વજ કુરુ ઉપરથી કૌરવ

નામથી ઓળખાયા. તેમાંનો મોટો દુર્યોધન હિંમતવાળો પણ અદેખો અને સ્વાર્થી હતો, તેણે પાંડવોને મારી નાખવાની અનેક યુક્તિઓ કરી, પણ તે સર્વ નિષ્ફળ ગઈ.

પાંડુની રાણી કુન્તી એ યાદવ કુમારી હતી, અને તે શ્રીકૃષ્ણનાં ફોઈ થતાં હતાં, તેથી પાંડવ સાથે તેમનો ગાઢો મિત્રાચારી અને સગપણનો સંબંધ હતો.

અર્જુને મત્સ્યવેધ કર્યો, દ્રૌપદી પાંડવોને પરણી, પાંડવોએ કૌરવો સાથે ભાગ વહેંચ્યા, અને ઇંદ્રપ્રસ્થમાં જુદી રાજધાની સ્થાપી. તે પછી અર્જુન તીર્થ કરવા નીકળ્યો. અર્જુન અને શ્રીકૃષ્ણને ખાસ મિત્રાચારી હતી, તેથી અર્જુન ઘણીવાર સૌરાષ્ટ્ર આવેલો. બીજાં તીર્થો જઈ આવ્યા પછી પશ્ચિમ કિનારે પ્રભાસ આવ્યો. અર્જુન આવ્યાના સમાચાર જાણ્યાથી શ્રીકૃષ્ણ પ્રભાસમાં આવી મળ્યા. બન્ને પ્રભાસથી રૈવતક (ગીરનાર) પર્વત આવ્યા, અને ત્યાંથી સોનાના રથમાં બેસી દ્વારિકા ગયા. લોકોએ અને યાદવોએ દ્વારિકા શણગારી અર્જુનનો આદરસત્કાર કર્યો.

મોટા ભાઈ બળદેવની ઇચ્છા વિરુદ્ધ શ્રીકૃષ્ણે સુભદ્રાનું હરણ કરવામાં અર્જુનને મદદ કરી. ગીરનારની જાત્રા વખતે અર્જુને સુભદ્રાનું હરણ કર્યું. આખરે વસુદેવ અને બળદેવે સંમતિ આપી સુભદ્રાનું અર્જુન સાથે લગ્ન કરાવ્યું હતું. અર્જુન સુભદ્રાને લઈ ઇંદ્રપ્રસ્થ ગયો. યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞ કર્યો, ત્યારે શ્રીકૃષ્ણ ઇંદ્રપ્રસ્થ આવ્યા હતા. ભીમે મગધના રાજા જરાસંધને માર્યો હતો. યજ્ઞ પૂર્ણ થયા પછી પૂજ્ય તરીકે શ્રીકૃષ્ણને મુખ્ય સ્થાન મળ્યાથી તેમના દ્વેષી શિશુપાળે સભા વચ્ચે ગાળો ભાંડી શ્રીકૃષ્ણનું અપમાન કર્યું. તેથી શ્રીકૃષ્ણે તેનો નાશ કર્યો હતો.

શ્રીકૃષ્ણ ઇંદ્રપ્રસ્થમાં હતા; ત્યારે મૃતિકાવટીના રાજા સાલ્વે દ્વારિકા ઉપર ચઢાઈ કરી અને શહેર લૂટયું હતું. તે પછી શ્રીકૃષ્ણે દરીઆ કાંઠે સાલ્વ સાથે ઉગ્ર યુદ્ધ કર્યું તેમાં સાલ્વ મરાયો.

શ્રીકૃષ્ણ પાંડવોના પરમ મિત્ર અને હિતેચ્છુ હોવાથી તેમને વારંવાર મદદ કરતા હતા. કૌરવો સાથે જુગારમાં પાંડવો હાર્યા પછી બાર વર્ષ વનવાસ ભોગવી તેરમું વર્ષ છાના રહ્યા, પછીથી તેમણે શ્રીકૃષ્ણને કૌરવસભામાં વિષ્ટિ કરવા મોકલી, ભાગની માગણી કરી પણ દુર્યોધને ના કહ્યાથી પાંડવકૌરવ વચ્ચે અઢાર દિવસ મોટું દારુણ યુદ્ધ થયું તે મહાભારત નામે જગપ્રસિદ્ધ છે. આ મહાન યુદ્ધમાં સૌ કૌરવો, સગાંસંબંધીઓ, ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કર્ણ, પાંડવોનાં સગાંસંબંધીઓ અને (પુત્રો), અર્જુન અને સુભદ્રાનો વીર પુત્ર અભિમન્યુ વગેરે અનેક યોદ્ધાઓ મરાયા.

મહાભારતના યુદ્ધમાં અર્જુનના સારથી તરીકે રથ શ્રીકૃષ્ણે હાંકયો હતો, અને અર્જુનને પોતાના વડીલો અને ભાઈઓ સાથે યુદ્ધ કરવા માટેનો સશાસ્ત્ર બોધ આપ્યો હતો. તે સંબંધી શ્રીકૃષ્ણનાં બોધવચનોનું પુસ્તક 'શ્રીમદ્ ભગવદ્ગીતા' એ જાણીતું છે. તે નીતિથી ભરપુર અને હિંદુઓમાં પવિત્ર ધર્મપુસ્તક તરીકે મનાય છે, અને પૂજાય છે.

મિત્રસ્નેહ—અર્જુન અને શ્રીકૃષ્ણને ગાઢી મિત્રાચારી હતી. તેમની વચ્ચે કોઈ પણ પ્રકારનો ભિન્નભાવ નહોતો. એવો સંપૂર્ણ સ્નેહ તેમની વચ્ચે હતો. આથી તે બન્ને મિત્રો હાલ પણ હિંદુ દેવળોમાં અર્જુન નર અને શ્રીકૃષ્ણ નારાયણ એટલે બન્ને સાથે 'નર નારાયણ' તરીકે પૂજાય છે.

સુદામા અને શ્રીકૃષ્ણ સાંદીપનિ ઋષિને ત્યાં વિદ્યાભ્યાસ

કરતા હતા. તેમના વચ્ચે પણ ગાઢો સ્નેહ હતો. સુદામા સુદામાપુરી (પોરબંદર) ગયા, અને શ્રીકૃષ્ણ અને બળદેવ દ્વારિકા ગયા. સુદામાની ગરીબી સ્થિતિ હતી. તેથી તે શ્રીકૃષ્ણને મળવા દ્વારિકા ગયા. શ્રીકૃષ્ણે તેમનો આદરસત્કાર કર્યો. પ્રેમથી ભેટયા, અને સુદામાની ઇચ્છા સફળ કરી. તેમની વચ્ચેનો પ્રેમ નિર્મળ, પવિત્ર અને સાચો હતો તેનું આ નમુના રૂપ દૃષ્ટાંત છે. આનું વર્ણન સુદામા ચરિત્રમાંથી મળે છે.

શ્રીકૃષ્ણને રુકિમણી, સત્યભામા, જાંબુવંતી વગેરે આઠ પટરાણીઓ હતી. તે સિવાય બીજી સોળ હજાર રાણીઓ અને ઘણા કુંવરો હતા. તેમાં મુખ્ય પ્રદ્યુમ્ન એ કામદેવનો અવતાર અને પ્રદ્યુમ્નનો કુંવર અનીરુદ્ધ એ જાણીતા છે. અનીરુદ્ધ એ શોણિતપુરના રાજા બાણાસુરની કુંવરી ઓખા (ઉષા) સાથે પરણ્યો હતો. તે સંબંધી હકીકતનું પુસ્તક 'ઓખાહરણ' પ્રસિદ્ધ છે.

'શ્રીમદ્ ભાગવત' પુરાણ ગ્રંથની પ્રસિદ્ધિ અને ફેલાવો ઘણો જ છે. કેમકે ચારે વૈષ્ણવ સંપ્રદાયો પાળનારા વૈષ્ણવો અને આચાર્યો એ સિવાય બીજું એકે પણ નહિ એવા પોતાના ઉત્તમ ભક્તિશાસ્ત્ર તરીકે તેના તરફ પૂજ્યભાવ ધરાવે છે. આ ગ્રંથમાં શ્રીકૃષ્ણ અને તેમનાં ચારિત્ર્ય સંબંધી વિસ્તારપૂર્વક ધાર્મિકબોધ સાથે રસિક વર્ણન આપેલું છે. તે પવિત્ર ધર્મપુસ્તક તરીકે પૂજાય છે અને ગણાય છે.

ગુરુભક્તિઃ—સાંદીપનિ ઋષિના આશ્રમે શ્રીકૃષ્ણ અને બળભદ્ર વિદ્યાભ્યાસ માટે રહ્યા હતા. તેમની ગુરુભક્તિ દાખલા રૂપ છે.*

---

* શ્રીકૃષ્ણસુદામા, અર્જુનનો મિત્રસ્નેહ અને સાંદીપનિની ગુરુભક્તિ, એ સંબંધી વિસ્તારપૂર્વક હકીકત શિક્ષકે કહેવી.

તેમણે કરેલી ગુરુસેવા અને ગુરુપત્નીને આપેલો સંતોષ એ ઉત્તમ વિદ્યાર્થીનું દૃષ્ટાંત છે.

૮ જાદવાસ્થળી કે જાદવોનો નાશ.

મહાભારતના યુદ્ધ પછી છવીસમે વર્ષે યાદવોમાં માંહોમાંહેની લડાઇથી દ્વારિકામાંથી તેમની સત્તા જતી રહી હતી. યાદવોનીવસ્તી પણ ઘણી જ વધી ગઈ હતી. અત્યંત સત્તા અને સમૃદ્ધિને લીધે યાદવોને ગર્વ થયો. કહેવત છે કે **'પાપ મૂળ અભિમાન'** તેમના અભિમાનને લીધે યાદવોનો વિનાશ થયો. તેમનું જોર અતિશય વધી જવાથી તેઓ કોઈને ગણતા નહોતા. તેમને દારૂનું નઠારૂં વ્યસન વળગ્યું હતું, અને તેથી તેમની બુદ્ધિ બગડી હતી.

આ સમયે દ્વારિકા આસપાસ ઋષિમુનિઓના આશ્રમ હતા. તેમાંના એક ઋષિ પાસે મશ્કરી કરવાના ઈરાદે કેટલાક જુવાન યાદવો એક જુવાન યાદવને પેટે ગોળ વાસણ બાંધી તેને સ્ત્રીનાં વસ્ત્ર પહેરાવી લઈ ગયા, અને ઋષિને નમન કરીને પૂછ્યું, કે 'આ બાઈને દીકરો આવશે કે દીકરી ? ઋષિ તેમનો ઈરાદો સમજી ગયા. તેથી અતિશય ક્રોધાતુર થઈ શાપ આપ્યો, કે 'એ બાઈ લોઢાનું એક મુશળ (સાંબેલું) જણશે.' અને તે વડે તમારો સર્વ નાશ થશે.

ઋષિના શાપથી બધા જાદવો ગભરાયા, અને શાપ ટાળવાને એક ગ્રહણને દિવસે બધા યાદવોને સહકુટુંબ સાથે લઈ શ્રીકૃષ્ણ પ્રભાસપાટણની યાત્રાએ ગયા, ત્યાં દરીઆકાંઠે ખૂબ દારૂ પીધો. દારૂની કેફમાં કેટલાક મુખ્ય યાદવો વચ્ચે બોલાચાલી થઈ. બોલમ-બોલાથી મારંમારા થઈ અને પછી ઘણા માંહોમાંહે કપાઈ મુઆ. જે સ્થળે આ બનાવ બન્યો તે સ્થળને પુરાણમાં યાદવાસ્થળી કહેલી છે. શ્રીકૃષ્ણ પણ લોઢાનું મુશળ લઈને જેને તેને મારતા; તેમણે

પોતાના પુત્રોને પણ બાકી રાખ્યા નહિ. બળદેવ જંગલ તરફ નાશી ગયા, અને ત્યાં મરણ પામ્યા. શ્રીકૃષ્ણ થાક અને સગાંવહાલાંના નાશ થયાના શોકથી એક તળાવ પર પીપળાના ઝાડ તળે સુતા હતા, તેમને દૂરથી શિકારનું જાનવર જાણી એક જંગલી પારધીએ તીર માર્યું, અને તેથી તેમણે સોમનાથપાટણ પાસે દેહ છોડયો. એ સ્થળ હજી પણ દેહોત્સર્ગ એ નામે ઓળખાય છે.*

શ્રીકૃષ્ણની જન્મતિથિ શ્રાવણ વદી આઠેમ—શ્રીકૃષ્ણ જયન્તિ ગોકુળઅષ્ટમી કે જન્માષ્ટમી એ નામે આખા હિંદમાં હિંદુ લોકો પવિત્ર તહેવાર તરીકે પાળે છે, અને ઉજવે છે.

---

* શ્રીકૃષ્ણે અર્જુનને મરતાં પહેલાં બોલાવ્યો હતો. જ્યારે અર્જુન આવ્યો ત્યારે દ્વારિકા ઉજ્જડ થઈ ગયું હતું. અર્જુનના આવ્યા પછી વસુદેવ મરી ગયા. અર્જુને વસુદેવ, બળદેવ, અને શ્રીકૃષ્ણની ઉત્તરક્રિયા કરી, અને બાકી રહેલા યાદવો જેમાં મુખ્ય ભાગે સ્ત્રીઓ હતી તેમને લઈ ઉત્તર હિંદમાં હસ્તિનાપુર અને ઇંદ્રપ્રસ્થ તરફ જવા નીકળ્યો. રસ્તામાં પંજાબમાંથી આભીર લોકોએ હુમલો કર્યો. અને તેઓ શ્રીકૃષ્ણની કેટલીક સ્ત્રીઓ, અને અંધક યાદવોની વિધવાઓને લઈ ગયા. અર્જુનના દ્વારિકા છોડી ગયા પછી દ્વારિકા ઉપર દરીઓ ફરી વળ્યો એમ કહેવાય છે.

જાદવાસ્થળીમાંથી બચેલા કેટલાક જાદવો ઉત્તર હિંદમાં જઈ રહ્યા હતા. તેમણે ત્યાં જેસલમીર વગેરે નાનાં નાનાં રાજ્યો સ્થાપ્યાં હતાં. કાઠિઆવાડના જાડેજા પોતે જાદવવંશમાંથી ઉતરેલા છે એમ જણાવે છે.

જાદવાસ્થળી ઇ. સ. પહેલાં તેરસો ચૌદસો વર્ષ ઉપર થઈ હશે એમ અર્વાચીન શોધકો ધારે છે. પણ પુરાણમાં આ બનાવ પાંચ છ હજાર વર્ષ પર બન્યાનું કહેલું છે.

શ્રીકૃષ્ણનું દ્વારિકા હાલના દ્વારિકાથી જુદું હશે. પ્રભાસથી પૂર્વમાં મૂળ દ્વારિકા નામે એક જગા હજી ઓળખાય છે.

દારૂના બુરા વ્યસનથી યાદવો જેવા પરાક્રમીઓનો પણ ટૂંક સમયમાં વિનાશ થયો; અને તેથી કેવું ભયંકર નુકસાન થયું. માટે આ ઉપરથી બોધ લેવો, અને એવા બુરા વ્યસનથી દૂર રહેવું જોઈએ.

૯ મૌર્યવંશના રાજાઓ (ઈ. સ. પૂર્વે ૩૧૯–૧૯૭).

જાદવવંશનો નાશ થયા પછી સેંકડો વરસે ગુજરાત પર મૌર્યવંશના રાજાઓનો અમલ ચાલુ થયો હતો. એ વંશની સ્થાપના આજથી શુમારે તેવીસસો કે ચોવીસસો (ઈ. સ. પૂ. ૩૧૯) વર્ષ પર મગધ દેશમાં થઈ હતી. મગધને હાલ બિહાર કે બહાર કહે છે. તેની રાજધાની પાટલિપુત્ર નગરમાં હતી. એ નગર હાલ જ્યાં પટણા શહેર છે, તેની થડમાં ગંગા અને શોણ નદીઓના સંગમ પર હતું. કહે છે કે તે નદીઓમાં પૂર આવ્યાથી તે નગરનો પાછળથી નાશ થયો હતો.

મૌર્યવંશના રાજાઓ બૌદ્ધ ધર્મી હોવાથી તે ધર્મનાં પુસ્તકોમાંથી તેમનો ઇતિહાસ મળી આવે છે. આ વંશના રાજાઓ ઘણા બળવાન હતા. પરદેશના મોટા રાજાઓ સાથે તેમને દોસ્તી હતી. આ વંશમાં ચંદ્રગુપ્ત અને અશોક એ બે પ્રખ્યાત રાજાઓ થઈ ગયા છે. અશોક અને તેના મૂળ અને પછીના રાજાઓનો વંશ ચંદ્રગુપ્તની મા મુરા ઉપરથી મૌર્યવંશ કહેવાયો.

૯ અ. ચંદ્રગુપ્ત (ઇ. સ. પૂ. ૩૧૯)

ચંદ્રગુપ્ત એ મૌર્યવંશમાં પહેલો અને નામાંકિત રાજા હતો. તેના વખતમાં યુનાન કે ગ્રીસ દેશનો મહાન શિકંદર હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યો હતો; પરંતુ તે વખતના શૂરવીર લડવૈયા અને ચંદ્રગુપ્તનું બળ જોઈને તે પાછો ફર્યો હતો.

ચંદ્રગુપ્તના પુષ્પગુપ્ત અધિકારીએ ગીરનારની થડમાં ગિરિનગર (જુનાગઢ) પાસે સુદર્શન નામે તળાવ બંધાવ્યું હતું, અને ગુજરાત પર પણ ચંદ્રગુપ્તનો અમલ હતો. એમ ગીરનારના એક ખડક ઉપર કોતરાવેલા લેખ પરથી જણાય છે.

૧૦ મહાન ચક્રવર્તી પ્રિયદર્શી અશોક (ઈ. સ. પૂર્વે ૨૫૦).

ચંદ્રગુપ્ત પછી તેનો પૌત્ર અશોક ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં* એટલે શુમારે બાવીસસો વર્ષપર મગધની ગાદીપર બેઠો હતો. તેના વખતમાં મગધની રાજ્યસત્તા આખા હિંદુસ્તાનમાં ફેલાઈ હતી. તે પરથી અશોક ચક્રવર્તી રાજા હતો. તેના વૃત્તાંત પરથી જણાય છે, કે તેણે રાજ્ય ઘણા પરાક્રમ, ડહાપણ અને નીતિથી ચલાવ્યું હતું. તે ઘણો દયાળુ, પરોપકારી, ઘણો શૂરવીર, સુજ્ઞ અને ધાર્મિક રાજા હતો. સૌરાષ્ટ્ર, માળવા, કોંકણ અને ગુજરાત પર તેનો અમલ હતો. તે વખતમાં ગિરિનગર (જુનાગઢ) ગુજરાતની રાજધાની હતું. તે ક્ષત્રપ અને ગુપ્તવંશના રાજ્ય અમલ સુધી એટલે શુમારે ૪૮૦ વર્ષ સુધી રાજધાની તરીકે ચાલુ રહ્યું હતું.

બૌદ્ધધર્મને આશ્રય—અશોકે બૌદ્ધધર્મ માની તેને ઘણો આશ્રય આપ્યો હતો. બૌદ્ધધર્મના નિયમો નક્કી કરવા માટે તેણે બૌદ્ધ સાધુઓની ગંજાવર સભા બોલાવી હતી, અને ઉપદેશ કરવાને સાધુઓને પરદેશ મોકલ્યા હતા, અને પોતે પણ પ્રયત્ન કરતો હતો. તેણે રાજ્યના કેટલાક ભાગમાં પત્થરના સ્તમ્ભો તથા કીર્તિસ્તમ્ભો ઉભા કરી તેપર બૌદ્ધધર્મનાં મૂળતત્ત્વો તથા નીતિવચનો પ્રજાના

---

* ઇ. સ. ૨૦૧ થી ૩૦૦ સુધી ત્રીજું સૈકું કહેવાય હાલ ૧૯૦૧ થી વીસમું સૈકું ચાલે છે.

બોધ માટે કોતરાવ્યાં હતાં. એવો એક લેખ ગીરનારની તળેટીમાં છે. તેની લિપિ ઘણી જુની છે; તેથી જેને તે ઉકેલતાં આવડે તેજ ઉકેલી શકે છે. એ લેખમાં મુખ્યત્વે કરીને એવો ઉપદેશ છે, કે '**કોઈએ પશુની હિંસા કરવી નહિ. માબાપ અને વડીલોની આજ્ઞા પાળવી, સગાંવહાલાં પર પ્રેમ રાખવો, નીતિમાન બ્રાહ્મણશ્રમણોને માન આપવું, ઉડાઉ થવું નહિ, અને જાતે સદાચાર પાળી બીજાને તેવો બોધ કરવો. રાજ્યના અધિકારીઓએ લોકોનું હિત સાચવવું. જુદા જુદા પંથના સાધુઓએ હળીમળીને રહેવું. પોતાનો મત બીજા પાસે પળાવવાનો આગ્રહ કરવો નહિ, પોતાના ધર્મનાં વખાણ કરવાં નહિ, અને પારકા ધર્મને વખોડવો નહિ.**' એ સિવાય બીજી ઘણી આજ્ઞાઓ બીજા લેખોમાં છે. ટુંકામાં પોતે નીતિમાન થવું અને બીજાને તેવા થવાનો બોધ કરવો. 'વળી એક લેખમાં લખ્યું છે કે "**દયાથી જીત મેળવવી એ શ્રેષ્ઠ છે.**"

લોકોપયોગી કામો—આ રાજાએ પોતાના મોટા રાજ્યમાં ઠેકાણે ઠેકાણે નિરાધારને રહેવા ધર્મશાળાઓ, રોગીને ઓસડ આપવા દવાખાનાં, અને ઠામ ઠામ ધોરી રસ્તા પર કુવા, વાવ, તળાવ, વિસામા માટે ચોતરા વગેરે બંધાવ્યાં હતાં, અને વટેમાર્ગુને છાયા માટે રસ્તાની બાજુઓ પર ઝાડો રોપાવ્યાં હતાં.

અશોકે કોતરાવેલા બીજા લેખોમાં રાજા પોતાની પ્રજાને આજ્ઞા કરે છે, કે **હિંસા ન કરવી, બ્રાહ્મણશ્રમણનું સન્માન કરવું, માતપિતા તથા સગાંવહાલાંને માન આપી તેમની સાથે સ્નેહથી વર્તવું, સર્વ ધર્મ મતને સરખી રીતે ધ્યાન આપી સાંભળવા, ઉચનીચ કહી નિંદવા નહિ, સર્વ માણસ અને**

પ્રાણિમાત્ર ઉપર દયા રાખવી, અને ધર્મ તથા સુનીતિ સર્વ પ્રકારે આચરવી. આવા લેખો અલાહાબાદ અને જગન્નાથપુરીમાં પણ છે.

અશોકે ૪૦–૪૧ વર્ષ રાજ્ય કર્યું હતું. તે મહાન રાજા હતો. તેણે રાજ્યને સલાહશાન્તિમાં મૂક્યું હતું. અશોકના મરણ પછી તેનો પિતૃભક્ત પુત્ર કુણુલ–કુણાલ અને પછી સંપ્રતિ રાજા થયો. તેણે શ્રમણો માટે ઘણા વિહાર બંધાવ્યા હતા. સંપ્રતિનું રાજ્ય ઈ. સ. પૂર્વે ૧૯૭ માં પૂરૂં થયું. ત્યારપછી મૌર્યવંશનો અંત આવ્યો હશે, અને તેનું નામનિશાન રહ્યું નહોતું.*

---

* મૌર્ય પછીનાં ૧૭ વર્ષ (ઇ. સ. પૂ. ૧૯૭–૧૮૦) સુધીના ગુજરાતના ઇતિહાસનો કંઈ પત્તો મળતો નથી. તે પછીની જે માહીતી મળી છે તે પરથી બાક્ટ્રિઅન અને ગ્રીકલોકોનો અમલ હશે એમ જુના સિક્કા, લેખો, જુનાં મકાનોનાં નિશાનો વગેરેથી લાગે છે. બાક્ટ્રિઆ (હિંદ અને અફઘાનિસ્તાનની સરહદ વચ્ચેનો પ્રદેશ)માં બાક્ટ્રિઅન ગ્રીક લોકોનો અમલ હતો, અને તેમનો અમલ ગુજરાતમાં ઇ. સ. પૂ. ૧૮૦ થી ઇ. સ. પૂ. ૧૦૦ સુધી ચાલુ રહ્યો જણાય છે.

ઇ. સ. પૂ. ૧૦૦ થી ઈ. સ. ૧૦૦ માં ક્ષત્રપ રાજાઓનો અમલ થયો. ત્યાં સુધીના સમયની કાંઈ ચોક્કસ માહીતી મળી આવતી નથી.

બાક્ટ્રિઅન-ગ્રીક રાજાઓના અમલ પછી ગુજરાતમાં ક્ષત્રપ રાજાઓનો અમલ (ઇ. સ. પૂ. ૭૦ થી ઇ. સ. ૩૮૯) થયાની માહીતી તેમના સિક્કા અને તેમણે કોતરાવેલા લેખો ઉપરથી મળી આવે છે. ક્ષત્રપોએ ચાર સદીથી વધારે વખત સુધી ગુજરાત ઉપર અમલ ભોગવ્યો હતો. ક્ષત્રપનો અર્થ 'ક્ષત્રીને પાળનાર' એવો થાય છે એ ક્ષત્રપ સંસ્કૃત ઉપરથી થયેલું રૂપ છે. ક્ષત્રપનો અર્થ 'રાજ્યનો પાલક' થાય છે.

ક્ષત્રપ મૂળે પરદેશી હતા, છતાં આ દેશમાં રાજ્યસ્થાપના પછી તેમણે હિંદુ ધર્મ પાળ્યો હતો, અને હિંદુ નામને ઉદ્દેશ વાપરતાં લિંગ અને ભાષાનાં

૧૧ વલભીવંશ (ઇ. સ. ૫૦૯—૭૬૬)

વલભીપુર—એ શહેરનાં ખંડેરો ભાવનગરથી ઉત્તરે વીસ માઇલ અને શેત્રુંજય પર્વતથી પચીસ માઇલ છેટે ચમારડીના ડુંગરાઓની પાસે વળા ગામની થડમાં છે. વલભીપુરનું હાલનું નામ વળા છે.

નામ જેવાં કે રુદ્રસિંહ, વિશ્વસિંહ; વિજયસેન, રુદ્રસેન અને સિંહસેન ધારણ કર્યાં હશે.

જુના સિક્કા અને લેખો પરથી જણાય છે કે ગુજરાતનો પહેલો ક્ષત્રપ રાજા નહપાન થયો. તેની દીકરી દખમીતા (દક્ષમિત્રા) ને દીનીકના પુત્ર ઉશ્વદત્ત વેરે પરણાવી હતી. ઉશ્વદાતે પરોપકારનાં અને દેવનિમીત બ્રાહ્મણોને ઘણાં દાન કર્યા હતાં. તે બ્રાહ્મણધર્મ પાળતો હતો. નહપાન અને તેની પુત્રી બૌદ્ધધર્મી હતાં. નહપાનનું રાજ્ય ઘણું વિસ્તીર્ણ હશે. તેનો સમય ઇ. સ. ૭૮ થી ૧૨૦ નો મનાય છે.

આજ સુધી મળી આવેલા જુના સિક્કા અને લેખો પરથી ઇતિહાસની સાંકળ જોડતાં ક્ષત્રપ મહાક્ષત્રપ રાજાઓ નહપાનથી શરૂ કરતાં ૨૭ મહાક્ષત્રપ રાજાઓ થયા. તેમાં છેલ્લા સ્વામી સિંહસેન પછી સ્કંદ થયો એમ ધારવામાં આવે છે. તેની પાસેથી ગુપ્તવંશ પાસે રાજ ગયું હશે. ક્ષત્રપ રાજાઓની રાજ્ય કારકીર્દિની માહીતી મળે તેવો ઇતિહાસ મળી આવતો નથી; આથી તે ક્ષત્રપ રાજાઓની નામાવળી અને જુજ હકીકત સિવાય વધારે હકીકત જાણી શકાતી નથી. તેથી તેઓ વિષે ઝાઝું જાણવા જેવું નથી.

ત્રૈકૂટક રાજાઓ (ઇ. સ. ૨૫૦–૪૫૦) એમની મૂળ રાજધાની ત્રિકૂટનગર (હાલ જુન્નર ગામ છે ત્યાં) માં એક શાખા સ્થાપન કરી, દક્ષિણ ગુજરાત સુધી રાજ્ય ચલાવ્યું હશે. જ્યારે તેમની ચઢતી થઈ ત્યારે પોતાની આભીર ઉત્પત્તિ ભુલી જઈ હૈહયથી ઉત્પન્ન થએલાનો દાવો કર્યો હશે. ઇ. સ. ૪૧૦ માં ક્ષત્રપવંશનો અંત આવ્યો ત્યારથી ઇ. સ. ૫૦૦ માં ચાલુક્ય વંશનો ઉદય થયો ત્યાં સુધી તેમનો દક્ષિણ ગુજરાતમાં અમલ કાયમ રહ્યો હશે.

(મૂળ વલેહ નામ હશે તે ઉપરથી સંસ્કૃત વલભિ તેનું પ્રાકૃત વલહી અને તે ઉપરથી હાલનું વળા થયું હશે.)

વલભીપુરની જગાએ હાલ વળા નામનો કસ્બો છે. તેની આસપાસ ચમારડીના ડુંગરાઓની થડમાં પીલુડીની ઝાડીમાં વલભીપુર શહેરનાં ખંડેરો નજરે પડે છે. ચમારડીના ડુંગરામાંથી નીકળી ઉનાળામાં સ્વચ્છ જળપ્રવાહથી વાંકીચુંકી ધીમી ધીમી વહેતી અને ચોમાસામાં જોસબંધ વહી દરીઆને મળવા ધસતી નાની ઘેલારો નદી એ નગરનાં ખંડેરો આગળ વહે છે, અને તે ખંડેરો

ગુપ્તઃ–ક્ષત્રપ રાજાઓ પછી ગુજરાતમાં ગુપ્ત રાજાઓ થયા, તેમણે ક્યાંથી ક્યાં સુધી રાજ્ય કર્યું એ ચોક્કસ જાણવાનાં કંઈ સાધન નથી. જુના સિક્કા અને લેખો પરથી જણાય છે, કે શ્રીગુપ્ત રાજા જે વાયવ્ય પ્રાંતમાં થઈ ગયો, તેની પાંચમી પેઢીએ થએલા ચંદ્રગુપ્ત બીજાએ કાઠિઆવાડ અને ગુજરાતનો મુલક ઇ. સ. ૪૧૦ માં જીતી લીધો હતો, ત્યારથી ગુપ્ત રાજાઓનો અમલ શરૂ થયો હતો. ચંદ્રગુપ્ત બીજાની રાણી ધ્રુવદેવીના પુત્ર કુમારગુપ્તે (ઇ. સ. ૪૧૫-૪૫૩ સુધી) અને તેના પછી તેના પુત્ર સ્કંદગુપ્તે રાજ્ય કર્યું હતું. તેનું રાજ્ય ગુજરાત, કાઠિઆવાડ અને કચ્છ ઉપર ઇ. સ. ૪૭૦ સુધી હતું. એ ત્રણ ગુપ્તરાજા સિવાય ગુજરાત અને કાઠિઆવાડમાં બીજા કોઈ ગુપ્તરાજાનો અમલ થયાનું જણાતું નથી,

ઇ. સ. ૪૭૦ થી ઇ સ. ૫૦૯ સુધીમાં ગુજરાત અને કાઠિઆવાડમાં કોનો અમલ થયો હશે એ વિષે કંઈ માહીતી મળતી નથી. એ અરસામાં હૂણોએ ઉત્તર હિંદમાં અમલ સ્થાપ્યો હતો; તેથી કદાચ એ હૂણો ગુજરાતમાં આવ્યા હોય; પરંતુ આ વિષે ચોક્કસ પુરાવો અનુમાન સિવાય મળતો નથી.

જાદવાસ્થળી પછી ગુજરાતમાં મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત વગેરે રાજ્યો સ્થપાયાં અને નાશ પામ્યાં, ત્યાર પછી ઇ. સ. ૫૦૯ માં એટલે આજથી શુમારે પંદરમા સૈકા ઉપર ગુજરાતમાં વલભીપુરમાં વલભીરાજ્ય થયું.

ચોમાસામાં ઘેલારોના પૂરના વેગથી ધોવાઈ જમીનનું ખોદાણ થઈ જ્યારે ખુલ્લાં પડે છે, ત્યારે તેમાંથી કોઈ કોઈવાર મકાનોના પાયા, મૂર્તિઓ, જુના સિક્કા, જુનાં વાસણો વગેરે પ્રાચીન ચીજો મળી આવે છે. પત્થર મળી આવતા નથી, પણ મોટી (૧૬ ઇંચ લાંબી, ૧૦ ઇંચ પહોળી અને ૩ ઇંચ જાડી) ઇંટોના પાયા જોવામાં આવે છે, તેથી તે મકાનો ઇંટ ચુના અને લાકડાથી ચણેલાં વિશાળ અને સુંદર બાંધણીનાં હોવાં જોઈએ.

હુએન્ત્સાંગ નામે એક બૌદ્ધ ધર્મી ચીનો યાત્રાળુ સાધુ (ઈ. સ. ૬૪૦) કે જે આજથી શુમારે તેરસો વર્ષ ઉપર આવેલો તેણે પોતાના પ્રવાસના વર્ણનમાં વલભીપુર વિષે લખેલું છે, કે "વલભી રાજ્યનો વિસ્તાર ૧૨૦૦ ચો. માઇલ હતો. રાજા ધ્રુવપટુ કે ધ્રુવ-સેન રાજ્ય કરતો હતો, રાજધાની વલભીપુર નગરનો ઘેરાવો પાંચ માઇલ કરતાં પણ વધારે હતો. વસ્તી ઘણી હતી; કુટુંબો દ્રવ્યવાન હતાં; ત્યાં સો કરતાં પણ વધારે કરોડાપતિઓ ગણાતા હતા, અને આ રાજ્યમાં ઘણા દૂર દેશાવરોમાંની પુષ્કળ દોલત એકઠી થતી હતી. વળી સો કરતાં, પણ વધારે બૌદ્ધ મતના મઠ કે વિહારો જોવામાં આવતા હતા, ત્યાં છ હજાર કરતાં પણ વધારે બૌદ્ધ સાધુઓ રહેતા હતા; ત્યાં સેંકડો દેવાલયો તો દેવનાં હતાં; તેના સાધુઓની સંખ્યા પણ મોટી હતી."

ગુજરાતમાં ગુપ્તવંશ પછી થએલા વંશનું નામ રાજધાની વલભીપુર ઉપરથી વલભીવંશ પડયું છે. વલભી વંશનો ઇતિહાસ જાણવાનું સાધન માત્ર તેમના વખતનાં મળી આવેલાં તામ્રપટ* છે.

* તામ્રપટનાં બે ટુકડા હોય છે અને તે કડી વડે જોડેલા હોય છે. કડી ઉપર રાજાનો સિક્કો હોય છે તેમાં નંદીનું ચિત્ર કાઢેલું હોય છે.

વલભી તામ્રપટમાં લખેલાં દાન ઘણું કરી બ્રાહ્મણ અને બૌદ્ધમતનાં દેવાલયોને આપેલાં જણાય છે.

૧૨ વલભી રાજ્યની સ્થાપના.

ભગવાન શ્રી રામચંદ્રના પુત્ર લવે પંજાબમાં લાહોર વસાવી ત્યાં રાજ્ય કર્યું. તેમના વંશમાં ૬૩ મા પુરુષ કનકસેન થયા, તે ઈ. સ. ૧૪૪ માં વિરાટનગર હાલનું ધોળકા તેમાં આવી વસ્યા. ત્યાંથી પરમાર કુળના રાજાને જીતી વડનગર વસાવી ત્યાં રાજધાની કરી. કનકસેનના પ્રપૌત્ર વિજયસેને વિજયપુર, વિદર્ભ, અને વલભીપુર નગર વસાવ્યાં. આ વિજયસેન સેનાપતિ ભટ્ટાર્ક નામે પ્રસિદ્ધ છે. તેણે વલભીપુરમાં ગાદી સ્થાપી (ઇ. સ. ૫૦૯), અને વલભી વંશની સ્થાપના કરી.*

નંદીની નીચે વલભીવંશ સ્થાપક ભટ્ટાર્કનું નામ લખેલું હોય છે. તેમાં લખાણ સંસ્કૃત ગદ્યમાં હોય છે.

* વલભીપુરના અધિપતિ પ્રથમ કોઈ મોટા રાજ્યના સેનાપતિ અને તાબેદાર હતા; પણ ઉપરી રાજ્યનું જોર ઘટવાથી તેઓ સ્વતંત્ર થયા, સેનાપતિ ભટ્ટાર્ક ગુર્જર કોઈ હલકી જાતનો પરદેશી કે ગુર્જર હશે. તેમની આ ગુર્જર જાત ઉપરથી આખું રાજ્ય ગુર્જરરાષ્ટ્ર—ગુર્જરત્રા કહેવાતું. તે ઉપરથી આપણા મુલકનું ગુજરાત નામ પડયું છે.

સેનાપતિ ભટ્ટાર્કે આ રાજ્ય ક્યારે સ્થાપ્યું, તે ક્યારે સ્વતંત્ર થયો, વલભીપુર તેણે વસાવ્યું કે તેની પહેલાં વસેલું, તેની ચોકસ હકીકત મળી આવતી નથી.

વલભીવંશના રાજાઓના વંશજો ગોહેલ રજપુત ઠાકોરોની સત્તામાં છે. વલભી રાજાઓએ કાઠિઆવાડની મહેર જાતને હરાવી રાજ્ય મેળવ્યું હતું. એ મહેર જાત હાલ પણ કાઠિઆવાડની વાયવ્યે બરડા ડુંગર આગળ વસે છે. પોરબંદરના જેઠવા રાજાઓ એ મહેર જાતના છે.

૧૩ વલભીવંશના રાજા.

વલભીપુરની ગાદીએ ૧૯ રાજાઓ થયા. તેમાં ૧૫ જણે રાજા તરીકે રાજ્ય કર્યું હશે. વલભીવંશ શુમારે ૨૫૦ વર્ષ સુધી ચાલ્યો. તેમાં ભટ્ટાર્ક, ધ્રુવસેન, ગુહસેન અને શીલાદિત્ય સાતમો એ મુખ્ય હતા. ભટ્ટાર્ક શૈવ, ધ્રુવસેન વૈષ્ણવ, અને ગુહસેન બૌદ્ધ હતો. બાકીના રાજા શૈવ ધર્મી હતા. તેઓ વિદ્વાનોને આશ્રય તથા ગરીબોને દાન આપતા; વલભીવંશના છેલ્લા ૭ રાજા શીલાદિત્ય નામે ઓળખાય છે. છેલ્લા અને સાતમા શીલાદિત્યના સમયમાં બૌદ્ધ અને જૈન સાધુઓ વચ્ચે ધર્મ સંબંધી ઝઘડો ચાલ્યો હતો, અને તેથી જૈન સાધુઓને દેશ તજવો પડયો હતો. પાછળથી તેમની ચઢતી થઈ, એટલે બૌદ્ધોને હંમેશ માટે જૈનોએ આ દેશ તજાવ્યો હાલ બૌદ્ધો આ દેશમાં નથી, પણ ચીન, જાપાન, તિબેટ વગેરે દેશોમાં છે.

વલભીવંશના છેલ્લા સાતમા શીલાદિત્ય વિષે જૈન લેખકો લખે છે કે ગુજરાતમાં ખેડા ગામમાં રહેતા દેવાદિત્ય નામે એક વિદ્વાન બ્રાહ્મણને સુભગા નામે સુંદર કન્યા હતી. તે પાછળથી વલભીપુરમાં આવી વસી હતી. તેને છોકરો હતો. તેને સૂર્યનારાયણે પત્થરનું હથિયાર આપ્યું હતું; તેથી તેનું નામ શીલાદિત્ય (શીલ—સદ્ગુણ+આદિત્ય—સૂર્ય એટલે સદ્ગુણનો સૂર્ય) પડયું. સૂર્યનારાયણે આપેલા પત્થરના હથિયાર વડે રાજાને મારીને તે વલભીપુરનો રાજા થયો હતો અને તેના વખતમાંજ વલભીપુરનો નાશ થયો હતો.

૧૪ કાકુ રંક અને વલભીપુરનો નાશ.

મારવાડમાં પાલી શહેરનો કાકુ નામે વાણીઓ નબાનો માર્યો વલભીપુરમાં આવી આહીરોનાં ઝુંપડાંમાં રહ્યો હતો. તેની પાસે એક ટંકનું પણ ખાવાનું નહોતું; તેથી લોકો તેને રંક કાકુ કહી બોલાવતા. અહીં આવી તેણે ધીમો વેપાર કરવા માંડયો તેમાં તે ઘણું

દ્રવ્ય કમાયો, મોટો વેપારી થયો, અને તે સુંદર મહેલ બંધાવી રહેવા લાગ્યો. તેની પુંજી વધતી ગઈ અને તે કરોડપતિ શેઠ થયો; પણ તે એટલો બધો લોભી હતો કે કોઈ ઠેકાણે કશો ખર્ચ કરતો નહિ એટલે કે પવિત્ર મનુષ્યોના લાભને માટે, યાત્રા કરવામાં, કે કોઈ ગરીબને દાન આપવામાં કંઈપણ ખર્ચતો નહિ, પરંતુ ઉલટું કહેતો કે જેનું ભાગ્ય હોય તેને ધન મળે એવું જણાવી પ્રસંગ મળે ત્યારે હરેક રીતે ગરીબોનું ધન પડાવવામાં ચૂકતો નહિ.

કાકુએ પોતાની વહાલી પુત્રીને સોનાની રત્નજડિત સુંદર કાંસકી કરાવી આપી હતી. તે કાંસકી વડે માથું ઓળતાં રાજા શીલાદિત્યની કુંવરીએ તેને જોઈ. કાંસકી કુંવરીને ગમી; તેથી તેણે તે માગી, પણ કાકુની દીકરીએ આપી નહિ. કુંવરીએ તે લેવા માટે હઠ કરી. આથી રાજાએ કાકુ પાસે કાંસકી માગી, છતાં કાકુએ રાજાને પણ આપી નહિ. આથી રાજાએ તે રત્નજડિત સોનાની કાંસકી બળાત્કારે કાકુ પાસેથી પડાવી લીધી. આથી કાકુ ઘણોજ ગુસ્સે થયો, અને તેણે વલભીનો નાશ કરવાનું ધાર્યું, અને તે માટે તે સિંધ દેશમાં જઈ ત્યાંના અરબ પાદશાહને એક કરોડ સોનામહોરો આપવાનું કરી વલભીપુર ઉપર ચઢાઈ કરાવી. લડાઈમાં શીલાદિત્ય હાર્યો અને માર્યો ગયો. વલભીપુર કે જે આબાદ અને સમૃદ્ધિવાળું શહેર હતું તે મ્લેચ્છ પાદશાહે લૂટયું, બાળ્યું અને તેનો નાશ કર્યો.

રાજા શીલાદિત્યે કાકુને એક નજીવી કાંસકી માટે ગુસ્સે કર્યો, અને તેને દુશ્મન બનાવ્યો તે ઠીક કર્યું નહિ. જો તેને ગુસ્સે ન કર્યો હોત, તો તે પરદેશી રાજાને લાવત નહિ. **નાના કે હલકા માણસને પણ દુશ્મન કરવાથી મોટા માણસને પણ ભારે નુકસાન થાય છે.** એ સત્ય આ વાર્તામાંથી આપણને મળી આવે છે. કાકુએ

શીલાદિત્યના રાજ્યમાં જ ધનદોલત અને સુખ મેળવ્યાં હતાં; છતાં તેણે રાજાને કાંસકી જેવી નજીવી વસ્તુ આપવામાં હઠ કરી તે ઠીક કર્યું નહિ. રાજાએ પણ પ્રજાના જાનમાલનું રક્ષણ કરવાને બદલે જોરજુલમથી સોનાની કાંસકી પડાવી લીધી. એ ખોટું કર્યું ગણાય. કાકુએ ઉશ્કેરાઈને 'પેટનો બળ્યો ગામ બાળે ' તેવું કર્યું. ધનનો ઉપયોગ પરોપકારના કામમાં નહિ કરતાં તે વડે પરદેશી રાજાને હાથે રાજ્ય અને દેશની પાયમાલી કરાવી એ **ઘણું જ નીચ, પાપી અને દેશદ્રોહી કામ કર્યું ગણાય !**

કાકુએ **શી**લાદિત્યના નાશ પછી નવા રાજ્યમાં સારી પદવીની આશા રાખી હતી, પણ નવા પાદશાહે વિચાર્યું કે જેણે કાંસકી જેવી નજીવી બાબતને માટે પોતાના રાજાને દગો દીધો તે આપણને શું ન કરે ! એમ સમજી કાકુને મારી નખાવ્યો તેથી તેને પણ દેશદ્રોહનો બદલો મળ્યો.

કાકુને ધનનો અને રાજા **શી**લાદિત્યને રાજ્યસત્તાનો ગર્વ થયો તેથી તેમનો નાશ થયો. **'અભિમાન પાપનું મૂળ છે.'** માટે કોઈએ અભિમાન કરવો નહિ.

*** વલભીપુરના નાશ વિષે ચમત્કારિક દંતકથા ચાલે છે કે–'ધુન્ડીમલ્લ સાધુ એક શિષ્ય સાથે વલભીપુર આવ્યો અને ચમારડીની પડોશમાં ઇશ્વાચળા ડુંગરની તળેટીમાં નિવાસ કર્યો. ચેલો નગરમાં ભિક્ષા લેવા ગયો પણ ક્યાંથી મળી નહિ; ત્યારે જંગલમાંથી લાકડાં કાપી ભારો વેચી, લોટ લીધો. તેના રોટલા એક કુંભારણ સિવાય કોઈએ ઘડી આપ્યા નહિ. આ પ્રમાણે હંમેશ લાકડાંનો ભારો માથે ઊંચકવાથી તેના ઘસારાથી તેના વાળ જતા રહ્યા. ગુરુએ માથાના વાળ જતા રહેવાનું કારણ પૂછતાં ચેલાએ બનેલી સર્વ હકીકત કહી સંભળાવી. આ જાણી ધુન્ડીમલ્લને ઘણો ક્રોધ**

૧૫ ગ્રહાદિત્ય અથવા ગોહા.

પ્રાચીન સમયમાં વલભીવંશનો છેલ્લો સાતમો રાજા **શીલા**-દિત્ય વલભીપુર નગરમાં રાજ્ય કરતો હતો. તેની રાણી પુષ્પાવતીને ઘણાં વર્ષ સુધી છોકરાં થયાં નહિ, તેથી તે દેવદેવીઓની બાધા

ચઢયો; અને ચેલા મારફતે રોજ રોટલા કરી આપનારી કુંભારણને કહેવડાવ્યું કે 'તું અને તારાં કુટુંબનાં બધાં માણસો નગર છોડી જતાં રહો. તારે નગર ભણી પાછું વાળી જોવું નહિ. આજે આ નગર દટાઈ જશે.' આથી પેલી કુંભારણ તેનો ધણી અને છોકરાં વલભીપુર નગર છોડી ચાલી નીકળ્યાં, અને હાલ જ્યાં ભાવનગર છે ત્યાં દરીઆકાંઠે જઈ પહોંચી ત્યારે સાધુ પુરુષની આજ્ઞા ઉલ્લંઘીને તેણે પાછું વળી વલભીપુર ભાગી જોયું એટલે તત્કાળ તે પાષાણની મૂર્તિ બની ગઈ. તે ત્યાં હજી 'રૂવાપુરીમાતા' એ નામથી પૂજાય છે. કુંભારણના શહેર છોડયા પછી કમંડલું ઉંધું વાળી શાપ દીધો કે "નગર તું ઉંધું વળી જા અને તારો ધન-માલ ધૂળ થઈ જાઓ." ('પટ્ટણ સો દટ્ટણ') આમ કહેતાંજ વલભીનો નાશ થયો.

• કાકુનો નાનોભાઈ પાતાલ ધનવાન હતો તેથી તેના ઘરનું કામકાજ કરવા કાકુ રહેતો હતો. એક દિવસ તેના ક્યારડામાં પાણી ભરાયું હશે છતાં કાકુ તો નચિંતપણે સૂતો હતો તેને ઉઠાડી ઠપકો દીધો તેથી તે ખેદ પામી ચાલી નીકળી વલભીપુર પાસે આહીરોમાં જઈ વસ્યો હતો. તે પોતાની ઘણીજ ગરીબાઈને લીધે રંક નામથી ઓળખાવા લાગ્યો પણ પછીથી તેને કૃષ્ણચિત્રક અને બીજી કારમિક વસ્તુઓ મળી એટલે તેણે પોતાની ઝુંપડી બાળી મૂકી, અને નગરમાં જઈ, બીજા દરવાજા પાસે મહેલ બંધાવી ત્યાં રહ્યો. એક સમયે કોઈ કાર્પટિક-માપડીઓ કલ્પ પુસ્તક પ્રમાણે રૈવતક (ગીરનાર) પર્વતે જઈ એક તુંબડીમાં સિદ્ધરસ ભરી લાવ્યો. વલભીમાં આવતાં 'કાકૂય તુગ્મડી' એવી આકાશવાણી સાંભળી

આખડી રાખવા લાગી. આખરે આરાસુરવાળાં અંબભવાનીની કૃપાથી તેને દહાડા રહ્યા.

રાણી બાધા મૂકવા માટે અંબાજીની યાત્રાએ ગઈ. એવામાં વલભીપુર પર પરદેશીઓએ ચઢાઈ કરી, અને તેમાં રાજા શીલાદિત્ય બહાદુરીથી રાજ્યનો બચાવ કરતાં રણમાં પડ્યો.

અંબાજીની જાત્રાથી પાછાં ફરતાં રસ્તામાં રાણીને વલભીપુર પડ્યાના તથા પોતાનો પતિ મરાયાના માઠા સમાચાર મળ્યા. આ ખબર સાંભળતાં જ તે મૂર્છા પામી જમીન પર ઢળી પડી. ભાન આવ્યું ત્યારે તેણે પોતાના પતિની પાછળ સતી થવાનો ઠરાવ કર્યો.

ગર્ભવાળી સ્ત્રીથી સતી ન થવાય એમ હોવાથી તે પાસેના પહાડની ગુફામાં જઈ રહી. ત્યાં તેને પુત્ર જન્મ્યો. પાસેના વડન-

---

તે ભડકયો અને પોતાની ચોરી પકડાઈ એમ માની તેણે તે તુમ્બડીને કાકુને ત્યાં થાપણ મૂકી. એક પર્વને દિવસે કાકુ રસોઈ કરતો હતો તેવામાં ચૂલા ઉપર ઉંચે ખીંટીએ ભેરવેલી તુમ્બડીમાંથી ચૂલા ઉપર મૂકેલી તપેલીમાં સિદ્ધરસનું ટીપું પડ્યું એટલે તે તપેલી સોનાની થઈ ગઈ. આમ ધનવાન થવાનું સાધન મળ્યું એટલે બીજે ઠેકાણે તુમ્બડી વગેરે સામાન પોતે મૂકી આવ્યો, અને જૂની ઝુંપડી સળગાવી મૂકી. નગરને બીજે નાકે ઘર રાખી વેપાર કરવા લાગ્યો.

એક સમયે એક ઘી વેચનારી ગાડવો લઈને આવી તેની પાસેથી ઘી જોખી લેતાં ગાડવામાંથી ઘી ખૂટ્યું નહિ તે જોઈ તેને આશ્ચર્ય લાગ્યું. જે ઉઢાણી ઉપર ગાડવો મૂકયો હતો તેમાં ચમત્કાર જણાવાથી તે તેણે લઈ લીધી. એ ઉઢાણી ચિત્રકવેલની ગુંથેલી હતી તેથી તેને આ પ્રમાણે ચિત્રકસિદ્ધિ મળી આવી. તેમજ પૂર્વના પુણ્યપ્રભાવથી તેને સુવર્ણ-પુરુષસિદ્ધિ પણ પ્રાપ્ત થઈ.

ગર ગામની કમળાવતી નામે બ્રાહ્મણ સ્ત્રીને પોતાનો બાળક સોંપી રાણી પુષ્પાવતી સતી થઈ.

કમળાવતીએ રાણીના પુત્રને ઉછેરી મોટો કર્યો. તે ગુફામાં જન્મ્યો હતો તેથી તેણે તેનું નામ **'ગોહા'** પાડ્યું. ગોહા કાંઈ બ્રાહ્મણ ન હતો. એ તો ક્ષત્રિય હતો. જંગલમાં ફરવાનો તથા શિકાર કરવાનો તેને નાનપણથી જ શોખ હતો. તે કશી વાતે ડરતો નહિ. આખો દિવસ ભીલોનાં છોકરાં સાથે તે જંગલમાં ખેલ્યા કરતો-ઈડરની પાસેના બધા ડુંગરા, ટેકરા તથા રસ્તાનો તે ભોમીઓ થઈ ગયો. એક દિવસ રમતાં રમતાં પેલાં ભીલનાં છોકરાંએ પોતાનામાંથી કોઈને રાજા બનાવવાનો વિચાર આવ્યો. તેમણે ગોહાને રાજા તરીકે પસંદ કર્યો.

ગોહા મોટો થયો ત્યારે ઈડરના ભીલ રાજાએ તેને રાજગાદીએ બેસાડ્યો. આ ગોહાના વંશના **'ગહિલોટ'** અથવા **'ગેલોટ'** કહેવાયા. પાછળથી તેમણે મેવાડમાં રજપુત રાજ્ય સ્થાપ્યું. મેવાડમાં **બાપારાવળ, લાખોરાણો, કુંભોરાણો, હમીરસિંહ, સમરસિંહ, પ્રતાપસિંહ, રાજસિંહ** વગેરે ઘણા શૂરા રાજા થયા છે. એ બધાની વાતો બહુ મજાની અને જાણવા જેવી છે.

ગ્રહાદિત્ય મેવાડના શૂરા રાણાઓનો મૂળ પુરુષ છે.

ભાગ ત્રીજો.

ચાવડા વંશના રાજાઓ.

૧૬ બહારવટીઆ અને ચાંચીઆ.

જમીન ઉપર લૂટ કે ચોરી કરનારા વગડામાં રહી રસ્તે જનારા વટેમાર્ગુઓને લૂટી લે છે. તેમને લુટારા કે **બહારવટીઆ** કહે છે.


દરીઆમાં ફરતાં વહાણ રાખી તેમાં રહી લૂટફાટ કરવાનો ધંધો કરનારને **ચાંચીઆ** કે **ચોરા*** કહે છે. તેઓ કોઈ વેપારી વહાણ આવતું હોય તેની તરફ પોતે વહાણ હંકારી લગોલગ જઈ તે વેપારી વહાણમાં કૂદી પડી તેમાંનો માલ લૂટી લે છે. જો લૂટતાં સામા થાય તો તેમાંનાં માણસોને મારી નાખીને દરીઆમાં ફેંકી દે છે. અને બધો માલ પોતાના વહાણમાં ભરી તે આડા રસ્તે હંકારી જાય છે.

વલભી રાજ્યના વખતમાં કાઠિઆવાડની આસપાસ અને મુંબઈ ઇલાકાના દક્ષિણ કાંઠે અરબી સમુદ્રમાં ચાંચીઆઓની મોટી ટોળીઓ હતી. તેઓ કાવી, ઘોઘા, જાફરાબાદ, દ્વારકા, વેરાવળ વગેરે બંદરોમાં મોટી લૂટો ચલાવતા. વેરાવળની આસપાસના બંદરોમાં ચોરા લોકોનું જોર બહુ હતું. તેઓ મોટી મોટી લૂટો કરતા હતા. તેમને વલભી રાજાઓ વશ કરી શક્યા નહોતા; પરંતુ તેવામાં સૌરાષ્ટ્રમાં મ્હેર લોકોનું જોર બહુજ હતું. તેમણે ચોરાને દરીઆકાંઠેથી નસાડયા; તેથી તેઓ કચ્છના રણના કાંઠા આસપાસ વસ્યા, અને ત્યાં નાનાં નાનાં રાજ્યો સ્થાપ્યાં, અને તેમાંથી તેમનું મોટું રાજ્ય થયું; તેથી ચૌરા કે ચૌડાને બદલે પોતાને ચાવરા કે ચાવડા* રજપુત કહેવડાવવા લાગ્યા.

બ્રિટિશ રાજ્ય થયા પછી પાકો બંદોબસ્ત થવાથી બહારવટીઆ અને ચાંચીઆઓનો ત્રાસ નાબુદ થયો છે, અને પ્રજા શાન્તિમાં દિવસો ગાળે છે.

---

* અરબસ્તાનમાંથી અરબ લોકોનું ટોળું સિંધ તરફ થઇ ગુજરાતમાં દેવપાટણ આગળ દરીઆકાંઠે આવી વસ્યું હતું. તેઓ પહેલાં ચાંચીઆ એટલે લુટારાનો ધંધો કરતા હતા. તેઓ લડાયક હતા. તીરકામઠું વાપરવામાં ઘણા કાબેલ હતા. તેઓ સમુદ્રકાંઠે ચોરીનો ધંધો કરતા હતા; તેથી ચોરા નામથી ઓળખાતા હતા. * ચાપોત્કટ (ચાપ+ઉત્કટ)-તીર મારવામાં હોશિયાર તે ઉપરથી ચાવડા કહેવાયા.



(શ્રી ચરોતર એજ્યુકેશનલ સોસાઇટિના બંધુકૃત્યથી) જયશિખરી ચાવડો.

૧૭ જયશિખરી ચાવડો.

વલભી રાજ્ય તૂટયા પછી ગુજરાતમાં ચાવડા રજપુતોનું મોટું રાજ્ય થયું. તે રાજ્યની રાજધાની ઝાલાવાડની ઉતરે કચ્છના નાના રણની પૂર્વે ઝીંઝુવાડા પાસે હાલ જયાં રાધનપુર સંસ્થાનનું પંચાસર જુનું ગામ છે. તેની થડમાં વલભીપુરના જેવાં ખંડેરો માલમ પડે છે, તે જગાએ હતી. શુમારે બારસો વર્ષ પહેલાં મોટું પંચાસર નગર હતું તેમાં પંચાસરનો વૈભવ સર્વ પ્રકારે ઇંદ્રપુરી જેવો હતો, અને ત્યાં નિરંતર લક્ષ્મીનો વાસ હતો. અહીં ઈ. સ. ૬૯૬ માં પરાક્રમી, બુદ્ધિશાળી, તેજસ્વી, વેદધર્મી અને ધર્મિષ્ઠ, સુભદ્રોપરિ, અદ્ભુત કામથી જયનો શિખર ઉભો કર્યો છે જેણે તેવો **'જયશિખરી'** ચાવડા રજપુત રાજા રાજ્ય કરતો હતો. તેનો ખજાનો અખૂટ અને ભરપૂર હતો. તેની ફોજ અગણિત અને અજિત બળવાન લડવૈયાની બનેલી હતી. તેના વખતનો ગુજરાત દેશ પૃથ્વી ઉપર સર્વોત્તમ, પૈસેટકે સુખી અને આબાદ હતો. ભૂમિ રસાળ, અનાજ-પાણી, ઘાસચારો, ઝાડી અને વનસ્પતિથી પ્રફુલ્લિત અને રમણીય હતી. વસ્તી ઉદાર, રાજાને વહાલથી ચહાનારી અને બહુ સુખી હતી. એનું રાજ્ય 'રામરાજ્ય' જેવું ન્યાય અને નીતિથી ચાલતું હતું. આથી જયશિખરીની કીર્તિ દૂર દેશાવરમાં ઘણી ફેલાઈ હતી, અને તે બહુ આબરૂદાર રાજા ગણાતો હતો.

પટરાણી રૂપસુંદરી બહુ રૂપાળી, સદ્‌ગુણી, બહાદુર અને પતિવ્રતા રાણી હતી. તેનો ભાઈ શૂરો સુરપાળ એ રાજાનો ખાસ વિશ્વાસુ, સાચો સલાહકાર, પરાક્રમી, રાજ્યનું ભલું ચહાનાર, ચતુર અને માનીતો સરદાર અને પરમ મિત્ર હતો. તેથી રાજાએ તેને



(શ્રી ચરોતર એજ્યુકેશનલ સોસાઇટિના બંધુકૃત્યથી.)

લશ્કરનો સેનાપતિ ઠરાવ્યો હતો. વળી તેને પોતાની બેન વિમળદેવી પરણાવી હતી.

જયશિખરી, રૂપસુંદરી, સુરપાળની કીર્તિ અને ગુજરાતની આબાદીની ખ્યાતિ બધે ફેલાઈ રહી હતી.

ભુવડ—જે વખતે ગુજરાતમાં જયશિખરી રાજા રાજ્ય કરતો હતો. તે વખતે દક્ષિણમાં કલ્યાણી (કલ્યાણ–કલ્યાણકટક) નગરીમાં સોલંકી–ચાલુક્ય વંશનો મહાપરાક્રમી અને અભિમાની રાજા ભુવડ રાજ્ય કરતો હતો. તેણે ઘણા દેશો જીતી લીધા હતા, અને ગુજરાતની રસાળ ભૂમિ અને રાજાની કીર્તિની વાતો સાંભળીને તે મુલક જીતવા લશ્કર મોકલેલું, પણ તેના સરદારો જયશિખરીથી હારીને નાઠા હતા, છતાં તે વાત તેમણે ભુવડથી છાની રાખી હતી. ભુવડ તો એમજ માનતો હતો કે જયશિખરી તો મારા તાબાનો ખંડીઓ રાજા છે.

ભુવડના દરબારમાં શંકર કવિ—એક વખતે ભુવડ બાગમાં દરબાર ભરી બેઠો હતો. તેવામાં ત્યાં જયશિખરીનો રાજકવિ શંકર બારોટ જઈ ચઢયો. તેણે ભુવડની રાજસભાને પોતાનાં મનરંજન મધુર કાવ્યોથી આનંદ પમાડી ચકીત કરી દીધી, અને ભુવડના સર્વશ્રેષ્ઠ અને વિદ્વાન રાજકવિ કામરાનને કાવ્યશાસ્ત્રમાં હરાવ્યો. ભુવડ શંકર કવિની કાવ્યશક્તિથી પ્રસન્ન થયો. કવિ શંકરે પોતાની ઓળખાણ આપતાં પોતે જયશિખરીનો આશ્રિત રાજકવિ છે એવું અભિમાનથી જણાવી, ગુજરાતની રસાળ ભૂમિ, જયશિખરીની બહાદુરીનાં, રાણી રૂપસુંદરીના રૂપનાં, સેનાપતિ સુરપાળ અને રૈયત વગેરેનાં ખૂબ ગૌરવ ભર્યાં વખાણ કર્યાં. આ બધાં વખાણ ભુવડ સાંખી શકયો નહિ; પરંતુ બહારથી ખુશી બતાવી

કવિને સારૂં અને ઘણું ઉમદા ઇનામ આપી વિદાય કર્યો; પણ કવિ ભુવડના મનના વિચારો સમજી ગયો હતો.

ભુવડને તપાસ કરતાં જયશિખરી તો મારો ખંડીઓ રાજા નથી; પરંતુ તે તો સ્વતંત્ર રાજા છે એમ જણાયાથી તેણે ગુજરાત ઉપર ચઢાઈ કરવાનો વિચાર કર્યો.

રાજકવિ **શંકરે પંચાસર** આવી ભુવડના દરબારમાં બનેલી બધી બીનાથી **જયશિખરીને** ચેતાવી દીધો હતો. આથી તે પણ ભુવડના લશ્કર સામે થવાની તૈયારી કરી રહ્યો હતો.

ભુવડની ૧ લી ચઢાઈ—શંકર કવિના ગયા પછી ભુવડે તરતજ ગુજરાત સર કરવા માટે મોટું લશ્કર તૈયાર કરાવી, પોતાના દરબારમાંના સોળ બહાદુર પટાવતોમાં+ સૌથી મુખ્ય, બળવાન અને બહાદુર ગણાતા **મિહિરને** ફોજનો સેનાપતિ ઠરાવી ગુજરાત જીતવા મોકલ્યો. (ઇ.સ. ૬૯૬) તે સંપૂર્ણ જીતની આશાથી પોતાના બળનું અભિમાન બતાવતો અને ફુલાતો એ પરવાઇથી **પંચાસર** તરફ આવતો હતો. તેવામાં **સુરપાળે** તેના પર ઓચિંતો હલ્લો કર્યો. **ચંદ** પટાવતને ઘાયલ કર્યો, અને લશ્કરની કતલ કરવામાં આવી. આમ ઘાસની પેઠે લડવૈયાની કતલ થતી અટકાવવા માટે **મિહિર** સેના સાથે નાશી છૂટયો, અને બચેલું લશ્કર એકઠું કરી તે કલ્યાણી તરફ પાછો ફર્યો; ભુવડ આવી એકાદ હારથી હિંમત હારે તેવો નહોતો. તેણે મોટું બળવાન સૈન્ય ઉભું કર્યું. પોતાના બહાદુર સોળ પટાવતો અને બીજા સામંતો સાથે ભુવડે પોતે લશ્કરની સરદારી લીધી અને **પંચાસર** ઉપર ચઢાઈ લઈ ગયો.

+ ચંદ, દંદ. ભટ, વેદ, વીર, સિંહ, સિંધુ, ગિરિ, ધીર; સામત, ધીમત, ધનિ, પદ્મ, ભીમ, મહારથી, મિહિર.

૧૮ પંચાસરનો ઘેરો અને જયશિખરીનું મરણ.

ભુવડ જાતે ઘણું મોટું અને બળવાન સૈન્ય લઈ ગુજરાત ઉપર ચઢ્યો. સૈન્ય પંચાસર પાસે આવી પહોંચ્યું. પંચાસર ડુંગર પર નહોતું, તેથી ત્યાં ડુંગરી કિલ્લો કે ગઢ નહોતો; પરંતુ શત્રુ અને લુટારાના બચાવ માટે તેને ફરતો પાકો કોટ બંધાવેલો હતો. ભુવડના બળવાન અને જબરા સૈન્યના ઓચિંતા ધસારા સામે ખુલ્લા મેદાનમાં લડવાથી બચાવ નહિ થઈ શકે એમ જણાયાથી જયશિખરી પંચાસરના કિલ્લામાં દરવાજા બંધ કરાવી ભરાઈ પેઠો. ભુવડે નગરને ઘેરો ઘાલ્યો, અને પંચાસરમાં ખોરાક, પાણી, લડવૈયા કે બીજું કાંઈ પણ બહારથી ન જઈ શકે તેનો સખત અટકાવ કર્યો, તે પછી ભુવડના મિહિર વગેરે સરદારોએ ઉપરાછાપરી હલ્લા કર્યા તે જયશિખરી અને તેના શૂરા સેનાપતિ સુરપાળે બહાદુરીથી પાછા હઠાવ્યા, અને નગરનો બચાવ કર્યો. ભુવડના બહાદુર લડવૈયા કિલ્લાની ભીંત અને દરવાજો તોડવા માટે તનતોડ મહેનત કરવા લાગ્યા, પણ કિલ્લામાંના બહાદુર લશ્કરે તીર વગેરેનો સખત મારો ચલાવી વારંવાર તેમને પાછા હઠાવ્યા.

લાંબી મુદ્દત સુધી ઘેરો ચાલ્યો, તેથી કિલ્લા માંહેનો ખોરાક ખુટી પડે તેમ હતું. ઉપરાઉપરી હુમલાઓથી કિલ્લામાંના ઘણા યોદ્ધાઓ માર્યા ગયા, અને બહારથી સખત જાપતાને લીધે નવું લશ્કર કે ખોરાક આવી શકે તેમ રહ્યું નહિ. કિલ્લામાં બાકી રહેલાં લશ્કરના માણસોનો જુસ્સો તેમના બાપ, ભાઈભાંડું અને છોકરાઓના માર્યા ગયાથી નરમ પડી ગયો હતો. આવી હાલત હોવા છતાં પણ જયશિખરી જરા પણ હિંમત હાર્યો નહિ, અને છેવટ સુધી લડવાને માટે મક્કમ રહ્યો.

જયશિખરી અને સુરપાળના સંપને લીધે પંચાસર તાબે થશે નહિ એમ લાગ્યાથી ભુવડે મિહિરની મારફતે ગુર્જર સેનાપતિ સુરપાળને પુષ્કળ દ્રવ્યની લાંચ અને ગુજરાતની ગાદી આપવાની લાલચ આપી ફોડવાનાં ઘણાં ફાંફાં માર્યાં. સુરપાળે આ બધી લાલચોને તુચ્છકારી કાઢી, અને ખુલ્લેખુલ્લું જણાવી દીધું કે "જેમ દૂધમાં પાણી એકવાર ભળેલું છૂટું પડી શકતું નથી તેમ હું કદી પણ મારા રાજાથી છૂટો પડી શકતો નથી. ઓ ! મૂર્ખના શિરોમણી, હું ઉંચ કુળનો છું. મને ફોડવાની આશા તું કેમ રાખે છે ? ત્રણ લોકનું રાજ્ય આપવા કરે પણ જે વર્ણસંકર હોય તેજ તે લેવા મન કરે." ધન્ય છે, આવા કુળવાન, સત્યવાદી, નીમકહલાલ, સાચા દેશભક્ત વીર પરાક્રમી સુરપાળની દેશદાઝ અને વફાદારીને, કે જે છેવટ સુધી પોતાના રાજા જયશિખરીને એક નિષ્ઠાથી વળગી રહ્યો.

પંચાસરનો ઘેરો બાવન દિવસ ચાલ્યો; ભારે લડાઈઓ થઈ; બેઉ પક્ષના હજારો યોદ્ધાઓ રણસંગ્રામમાં લડતા લડતા કપાઈ મુઆ. પંચાસરના અસંખ્ય લડવૈયા કપાઈ મુઆથી લડવૈયા અને ખોરાક ખૂટી જવા આવ્યાં. જયશિખરી ઘેરાએલો હોવાથી બહારથી પણ લડવૈયાની ખોટ પુરતું નવું સૈન્ય અને ખોરાકની તેને મદદ મળી શકી નહિ. હવે જીતવાની આશા રહી નહિ; આથી તેણે મરણીઆ થઈ લડવાનો નિશ્ચય કર્યો, પણ જીવતાં સુધી પંચાસરનો કબજો દુશ્મનના હાથમાં જવા દેવાનું કે શરણે જવાનું પસંદ કર્યું નહિ. આખરે કિલ્લામાં પશ્ચિમ ભાગમાં એક મોટું ગાબડું પડયું.

બાવનમા દિવસે સવારે પ્હો ફાટતાંજ જયશિખરીએ પંચાસરના કિલ્લાના દરવાજા ઉઘાડી નાખ્યા અને કેસરીઆં કરી ભુવ-

ડના સૈન્યપર હુમલો કર્યો. કિલ્લાના દરવાજા બહાર ભયંકર યુદ્ધ બન્ને વચ્ચે ચાલ્યું, જયશિખરી અને તેના શૂરા સુભટો અત્યંત બહાદુરીથી લડયા, ભુવડનાં માણસોનો નાશ કર્યો, છતાં ભુવડના ઘણા સૈન્ય આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ, અને તેનું બધું લશ્કર કપાઈ ગયું. આથી છેવટે ક્રોધે ભરાઈ જયશિખરી શૂર પર ચઢયો મરણીઓ થઈ રણમાં તૂટી પડયો, તેણે વિચાર્યું કે બકરાં કાપવા કરતાં વાઘનેજ મારવો એજ ઠીક, આથી તેણે પોતાનો ઘોડો ભુવડના હાથી ઉપર કૂદાવી તેની છાતીમાં ભાલો મારવા ધસ્યો. તેના હાથ કપાઈ ગયા ત્યારે તેણે ભુવડની છાતીમાં લાત મારી તેને મૂર્ચ્છિત કર્યો. તેવામાં ભુવડના બે મલ્લોએ પાછળથી આવી તરવારથી જયશિખરીનું માથું ઉડાવી દીધું. તેનું એકલું ધડ જુસ્સામાં ને જુસ્સામાં ત્રણ દિવસ ઝુઝયું, અને ભુવડના લશ્કરનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. ત્રીજે દિવસે છેવટે તેનું ધડ ઝુઝી ઝુઝીને રણમાં પડયું. ભુવડને મૂર્ચ્છા વળી ત્યારે તેણે જયશિખરીનાં વખાણ કર્યાં, અને બોલ્યો કે "ઓ ક્ષત્રિય પુત્ર, તારાં માબાપને ધન્ય છે! તું બહુ પરાક્રમી દેવનો અંશ છે. તારા મોતની જગાએ હું 'ગુર્જરેશ્વરનું શિવાલય' બંધાવીશ." એમ કહી જયશિખરીના શબને વારંવાર પ્રણામ કરતો તે નગરમાં પેઠો.

શહેરમાં ઘમસાણ મચ્યું. કિલ્લાના રક્ષકો, મહેલના રક્ષકો અને છેવટે પાંચસે દાસીઓએ પણ ભુવડનાં મરાય તેટલાં માણસો મારી, એકવાર તેમને પાછા હઠાવી, જયશિખરીના શબનો કબજો લીધો. ચંદનની ચિતા ખડકાવી રાજાના શબને અગ્નિસંસ્કાર કર્યો. જયશિખરીની ચાર રાણીઓ તેની પાછળ સતી થઈ. તેમ બીજી હજારો સ્ત્રીઓ પણ બળી મુઈ. મહામુશ્કેલીએ ભુવડે નગરનો કબજો

કરી શાંતિ સ્થાપી. ધીમે ધીમે રાજ્યની વ્યવસ્થા કરી. ત્યારપછી સોરઠ અને કચ્છના રાજાઓને તાબે કરીને ગુજરાતમાં પોતાની વતી રાજ્ય ચલાવવાને એક સુબો નીમી પોતાના સ્વદેશ કલ્યાણી પાછો ગયો.

૧૯ રાણી રૂપસુંદરી.

પંચાસરનો ઘેરો લાંબો વખત ચાલ્યો તેટલામાં તો જયશિખરીના ઘણા સરદારો અને લડવૈયા મરાયા હતા. તેને કોઈપણ જાતની લશ્કર કે ખોરાકીની મદદ બહારથી મળી શકે તેવું રહ્યું નહોતું. જીતવાની આશા હવે તેને રહી નહોતી. આ વખતે તેની પટરાણી રૂપસુંદરી ગર્ભવંતી હતી, તેથી તેને જો પુત્ર થાય તો તે આગળ ઉપર બાપનું વેર વાળે અને ગુજરાત પાછું મેળવે; માટે ભુવડનું લશ્કર કોટ તોડી નગરમાં પેસે તે પહેલાં પોતાની પટરાણી રૂપસુંદરીને આવા કટોકટીના વખતમાં કિલ્લામાંથી દુશ્મનને થાપ દઈ કિલ્લા બહાર કોઈ નિર્ભય સ્થળે મોકલી દેવાય તો સારૂં. આવું જોખમ ભરેલું કામ શૂરા સુરપાળ સિવાય બીજાથી થઈ શકે તેમ નહિ હોવાથી જયશિખરીએ સુરપાળને એકાંતમાં પોતાના મનની વાત કહી. સુરપાળે આવા વખતમાં રાજાને છોડી જવાની ચોકખી ના પાડી. જયશિખરીએ તેને રાજાની ખાતર યુદ્ધમાં કપાઈ મરવા કરતાં રાજ્યના ભાવી વારસનું રક્ષણ કરવું એ ખાસ જરૂરનું છે. તે સમજાવી આગ્રહપૂર્વક જવાની આજીજી કરી એટલે સુરપાળે વખત વિચારી. તેની બેનને લઈને નિર્ભય સ્થાને નાશી જવાનું કબુલ કર્યું; પરંતુ એ રૂપસુંદરીને સમજાવવું તેથી પણ વધારે મુશ્કેલ હતું. તેણે પોતાના પતિનું આ લડાઈમાં જો મોત થાય, તો સતી થઈ બળી મરવાનું ચોકસ કર્યું હતું. તેથી આવી આફત વખતે પતિને છોડી જવા માટે તેણે પણ ચોકખી ના પાડી. જયશિખરીએ

અને સુરપાળે તેને ઘણી રીતે સમજાવ્યું. વંશનો સમૂળગો નાશ ન કરવો, ગર્ભવંતી સ્ત્રીને સતી થઈ બળી મરવાની શાસ્ત્રમાં આજ્ઞા નથી. પતિવ્રતા સ્ત્રીએ પતિની છેવટની આજ્ઞા પાળવી એ તેનો પહેલો ધર્મ છે. એ ઘણી રીતે સમજાવ્યા પછી રૂપસુંદરી પાસે નિરુપાયે જયશિખરીએ હા પડાવી. વીણી કાઢેલા થોડા લડવૈયા સાથે તે કિલ્લામાંની પાછલી છૂપી બારીવાટે મધ્યરાત્રિ પછી ભુવડના ચોકીદારોની નજર ચૂકાવી સુરપાળ રાણી રૂપસુંદરીને અને પોતાની સ્ત્રી વિમળદેવીને પંચાસરનો કિલ્લો છોડી પાસેના રેવતાચળના ડુંગરોમાં લઈ ગયો. ત્યાં વસતા વિશ્વાસુ ભીલોને બધી હકીકતથી જાણીતા કરી તેણે જીવની પેઠે જતન કરી સંભાળવાની સૂચના કરી. પટરાણી રૂપસુંદરી અને પોતાની પત્ની વિમળદેવીની (જયશિખરીની બે'ન) સુંપરત કરી, અને સુરપાળ રાજાને લડાઈમાં મદદ કરવા પંચાસર તરફ પાછો ફર્યો. પંચાસર પહોંચતાં પહેલાં રસ્તામાંજ જયશિખરી લડતાં લડતાં મરાયો, અને પંચાસર ભુવડે કબજે કર્યું. આવા માઠા સમાચાર મળ્યા તે સાંભળી તે ઘણો શોકાતુર થઈ ગયો, અને પાછો ફરી સોરઠના (ગીર અને ગીરનાર) ડુંગરોમાં જતો રહ્યો.

૨૦. રૂપસુંદરીનો વનવાસ.

રાણી રૂપસુંદરી રાજમહેલમાં ઉછરી હતી, તે રાજાની ખાસ માનીતી હતી, અને તે મનગમતા વૈભવ ભોગવતી હતી, જેણે કદી પણ મહેલની બહાર પગ દીધો નહોતો, જેની સેવામાં હજારો દાસદાસીઓ હાજરને હાજર રહેતાં હતાં, જેણે સ્વપ્ને પણ દુઃખ જોયું નહોતું; તેને વખત બદલાતાં ટાઢ, તડકો વેઠીને, ચાકર નોકર વિના ગરીબડી બનીને દુઃખની મારી દૂર જંગલો અને ડુંગરાઓમાં ભીલોનાં ઝુંપડાંમાં આવી વસવું પડ્યું. વખત તડકાછાંયા અને

રાતદિવસની પેઠે બદલાયાં કરે છે, માટે ચઢતીમાં ફુલાઈ જવું નહિ અને પડતીમાં હિંમત હારી ગભરાવું નહિ; કેમકે દિવસો એક સરખી રીતે સૌના જતા નથી.

ભીલ લોકો બહુ માયાળુ હોય છે, પોતાનાં રાજારાણીને બહુ ચાહે છે અને તેમની સેવાચાકરી ઘણા ઉમંગથી કરે છે. આ કોઈ મોટા માણસની સ્ત્રી છે એમ પ્રથમ તેમણે ધાર્યું હતું. પાછળથી તે પોતાના રાજાની રાણી છે, એમ જાણતાં તેમણે રૂપસુંદરીની ખરા ભાવથી ઘણી ચાકરી ઉઠાવી હતી. અત્યારે તેના માથે મોટી આફત આવી પડી હતી. પંચાસરના ઘેરાનું શું પરિણામ આવ્યું, પતિ અને ભાઈનું શું થયું. તેની તેને બીલકુલ ખબર પડતી નહોતી. અહીં તેને ભીલ લોકો ફળફુલ, કંદમૂળ અને હલકી જાતનાં ધાન્યાદિનો ખોરાક આપતા. વળી કોઈ વખત તે પણ ન મળે. તેને જાડાં કપડાં પહેરવાં પડયાં; પરંતુ તેણે બધાં દુઃખો પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી, અત્યંત ધૈર્ય અને સંતોષ રાખી તે સહન કરતી હતી. પંચાસર સંબંધી અનેક સાચી જૂઠી અફવાઓ અને ભુવડનાં માણસો તેને પકડવા શોધે છે એવી બુમો વારંવાર સંભળાતી હતી. તેને છેલ્લા દિવસો જતા હતા, છતાં પકડાઈ જવાના ડરથી તેને એક ઠેકાણે ઠરી ઠામ બેસવાનો વારો આવ્યો નહિ. આજ અહીં તો કાલે કયાંહી બીજે, રાતરે કે દિવસે, કોઈ કોઈ વખતે તો પીરસેલાં ભાણાં પરથી ઉઠીને નાસતાં ફરવું પડતું હતું. ઝાડોના પોલાણમાં દહાડાના દહાડા સુધી છુપાઈ રહેવું પડતું. આ વખતે વનમાં તેની નણંદ વિમળા સાથે હતી. નાસતાં તેને ભુવડના માણસોએ કેદ પકડી. આથી રાણી એકલી પડી ગઈ. હવે તેને ધીરજ આપનાર તેની પાસે કોઈ રહ્યું નહિ. આવી આવી આફતો વખતે વગડામાં

ભીલ અને ભીલડીઓ નિઃસ્વાર્થીપણે તેમનાં ઝુંપડાં, ગામ, જાન માલ વગેરેનો સર્વ નાશ થવા દઈને અને બીજાં અનેક દુઃખે વેઠીને પણ તેનું પાલનપોષણ, રક્ષણ અને સેવાચાકરી કરત હતાં, સુધરેલા સ્વાર્થી લોકો કરતાં આ લોકો વધારે નીમકહલાલ વફાદાર અને પ્રામાણિક હોવાની તેની પુરેપુરી પાકી ખાત્રી થઈ અને ફરી સુખનો સારો વખત આવે ત્યારે તેમણે કરેલી સેવાચાકરીનો બદલો વાળવાનું તેણે મન સાથે નક્કી કર્યું.

એ રાણી જેટલો વખત વગડામાં રહી, તે વખતે તેને ઘણ સંકટ વેઠવાં પડયાં. આવી હાલતમાં તેણે પોતાના દિવસો ગુજાર્યા તે આવી ધીરજવાળી હતી, તેથી તેના દાખલાથી જણાય છે
'ગમે તેટલું દુઃખ પડે તો પણ ધીરજ છોડવી નહિ'

૨૧ વનરાજનો જન્મ અને શીલગુણસુરિ.

સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે જાય છે એવે સૃષ્ટિનો નિયમ છે. સબુરીનાં ફળ મીઠાં આવે છે એમ સમજ રાણી રૂપસુંદરીએ જે ધારણા પાર પાડવા માટે પોતાના પતિથ વિખુટી પડી જંગલનાં અસહ્ય સંકટો વેઠયાં હતાં, તે હવે સફળ થઈ

રાણીને પુરા દહાડા થવા આવ્યા હતા. તેની પાસે અંતર કોઈ હતું નહિ, કે જે આવા પ્રસંગે તેની ચાકરી કરે; પણ એ ભલી ભીલડીએ તેનું રક્ષણ કર્યું, અને તેની સારી બરદાસ કરી.

ઇ. સ. ૬૯૬ સંવત ૭૫૨ ની વૈશાખી પુનમે સૂર્યોદય વખ ભીલોની ઝુંપડીમાં રાણીએ સૂર્ય જેવા તેજસ્વી કુંવરને જન્મ આપ્યો. પતિની છેવટની ઇચ્છા પતિનો વંશ ચાલુ રહેશે એ પા પડવાથી તેને દુઃખમાં પણ અતિઆનંદ થયો. કુંવરનો જન્મ વનર

થયો, તેથી તેણે તેનું નામ વનરાજ એટલે વનનો રાજા કે સિંહ પાડ્યું. આગળ જતાં એ નામ તેણે ખરૂં કરી દેખાડયું. તેનો જન્મ પંચાસરની ઉત્તરે થોડા માઇલ પર હાલ ચંદુર ગામ છે તે સ્થળે થયો હતો. પાછળથી અહીં વનરાજે જન્મભૂમિ સ્થળ અમર કરવા માટે ત્યાં પોતાની કુળદેવી વનાવી માતાનું દેવળ બંધાવ્યું હતું.

રૂપસુંદરી અનેક સંકટોની દરકાર નહિ કરતાં અતિશય વહાલ અને હોંશથી વનરાજનું જતન કરી ઉછેરતી હતી. જે કુંવર રાજ-મહેલમાં સોનારૂપાના પારણામાં ઝૂલતો હોત તે જંગલમાં ઝાડની ડાળીઓએ લટકાવેલી ફાટાંતૂટાં લુગડાની ઝોળીમાં ઝૂલતો હતો! રાણી તેને વહાલ ભર્યાં હાલરડાં ગાઈ પોઢાડતી હતી. ઈશ્વરની લીલાનો પાર નથી. તે ઘડીમાં રાજાને રંક અને રંકને રાજા બનાવે છે.

જંગલમાં ૭ મહીનાનો વનરાજ ઝાડની ડાળીઓએ બાંધેલી ઝોળીમાં સુતો સુતો હસતો હતો, અને નજીકના ઝાડતળે દુ:ખી દેખાતી અને અનેક વિચારો કરતી પ્રભુના ધ્યાનમાં એકચિત્ત થએલી એક બાઈ બેઠેલી હતી તે સ્થળે ફરતા ફરતા જૈનયતિ શીલગુણસુરિ આવી ચઢ્યા. જંગલમાં આવો દેખાવ જોઈ તેમને અચંબો લાગ્યો. ધારી ધારીને જોતાં અને તપાસ કરતાં તેમની ખાત્રી થઈ કે આ બાળક અને સ્રી ઉચ્ચ કુળનાં છે. બાઈનું ધ્યાન છૂટતાં એક બીજાની ઓળખાણ પડી. શીલગુણસુરિથી પંચાસર પડયાના અને રાજા મરાયાના માઠા સમાચાર સાંભળી રાણી ઘણી દીલગીર થઈ તેને યતિએ શાંત પાડી. આવા માણસો વગડામાં રહેવા યોગ્ય નથી એમ સમજી તેમના પાલક ભીલોને વિશ્વાસ બેસાડી, સમજાવી તેમની રજા લઈ શીલગુણસુરિ, રાણી તથા કુંવરને ઝાલાવાડમાં વનોડ-વણોદ ગામમાં પોતાના અપાસરે તેડી ગયા.

ભુવડે નાસી છૂટેલાં રાણી રૂપસુંદરી અને સુરપાળને તેમની શોધ કરાવી પકડી આણવા સરદારો અને લડવૈયાને દોડાવ્યા હતા. તેથી તેમને તેમના ત્રાસથી જંગલે જંગલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગમે ત્યારે ગમે તેવી સ્થિતિમાં નાસી છૂટી રખડવું પડયું હતું તેમ છાનું પણ રહેવું પડયું હતું. શીલગુણસુરિના અપાસરામાં પકડાઈ ન જવાય અને કોઈ ઓળખે નહિ; તેથી રાણી અને કુંવર જુદાં નામ ધારણ કરી રહ્યાં હતાં. ઓળખીતા બીકો અને બીજાંઓ તેમને ખુલ્લા પાડી પકડાવે કે પકડી ભુવડને હાજર કરે તેટલા માટે ભારે ઇનામ આપવાનું ઠરાવ્યું હતું, છતાં તેવી લાલચોને પણ લાત મારી તેઓ પોતાના બાળરાજાને વફાદાર રહ્યા હતા, અને ક્યારે તે રાજા થાય તેવા સારા અવસરની રાહ જોઈ રહ્યા હતાં.

રૂપસુંદરીને કુંવર અવતર્યાના સમાચાર સુરપાળને મળ્યા હતા. લાગ મળેથી તે વારંવાર ગુપચુપ આવી બેનભાણેજની સંભાળ લઈ જતો. શીલગુણસુરિના અપાસરામાં વનરાજે બાળપણ ગાળ્યું હતું. તેનામાં રાજવંશી ગુણો પ્રકાશી રહ્યા હતા. શીલગુણસુરિએ તેને ઉછેર્યો, પાવરધો કર્યો, ઉપદેશ કર્યો હતો અને તેની સારી મરદાસ કરી હતી. તે ચૌદ વરસની ઉમરનો થયો અને હવે તે મહારવટાનાં સંકટો વેઠી શકશે તેવું જણાવાથી અને વનરાજના આગ્રહથી સુરપાળ તેને પોતાની સાથે સોરઠના ડુંગરોમાં તેડી ગયો.

૨૨ શૂરો સુરપાળ.

એ ગુજરાતના રાજા જયશિખરીનો સાળો થતો હતો. તે યુદ્ધકળામાં પ્રવીણ અને બહાદુર હતો. એથી તેને રાજાએ સેનાપતિ બનાવ્યો હતો તેમજ પોતાની બહેન વિમળા-વિમળાદેવી પરણાવી હતી.

જ્યારે ભુવડનો મુખ્ય પટાવત મિહિર ગુજરાત ઉપર પહેલવહેલું લશ્કર લઈ ચઢી આવ્યો ત્યારે સુરપાળે રાજા જયશિખરીના હુકમની રાહ જોયા વિનાજ તેના ઉપર ઓચિંતો હુમલો કરી તેના લશ્કરને ઘેરી લઈ, કતલ ચલાવી, સરદારોને હરાવી, લશ્કર અને સરદારોને નસાડયા હતા. મિહિર હારી નાસી છૂટી ભુવડને જઈ મળ્યો હતો.

બીજી વખતની લડાઈમાં પંચાસરને ઘેરો ઘાલ્યો તે વખતે જયશિખરી અને સુરપાળના બહાદુરી ભર્યા બચાવથી ભુવડ ફાવી શક્યો નહિ તેથી સુરપાળને મોટી લાંચ અને મોટી મોટી લાલચો આપી ફોડવાનો ભુવડ તરફથી ઘણો પ્રયત્ન થયો હતો; પરંતુ તે એક નિષ્ઠાથી પોતાના રાજાને ઠેઠ સુધી વળગી રહી બહાદુરી અને હિંમતથી લડયો હતો.

જયશિખરીની આજ્ઞાથી પોતાની બહેન રૂપસુંદરીને વનમાં મૂકી પાછા ફરતાં, રસ્તામાં પંચાસર પડયાના અને રાજા મરાયાના માઠા સમાચાર મળ્યા. તેથી રણસંગ્રામમાં સુરપાળે પણ યુદ્ધ કરી પ્રાણત્યાગ કરવાનું ધાર્યું; પરંતુ જો પોતાની બહેનને કુંવર અવતરે તો આવા મુશ્કેલ વખતમાં તેનું બેલી કોણ? આ વિચારે તેણે પોતાનો વિચાર ફેરવ્યો અને ડુંગરો અને જંગલોમાં ભરાઈ રહી તે ભુવડના રાજ્ય સામે બહારવટું કરવા લાગ્યો.

રૂપસુંદરીને કુંવર થયાના સમાચાર જાણી તેને આનંદ થયો. ત્યારપછી તે વખતોવખત લાગ મળેથી તેમની સંભાળ લેતો હતો, અને વનરાજને ઉછેરવામાં મદદ કરતો હતો. વનુભા ચૌદ વર્ષની ઉમરનો, બહારવટાનાં સંકટ વેઠી શકે તેવો, થવાથી તેને યુદ્ધકળામાં પ્રવીણ કરવા પોતાની સાથે લઈ ગયો, અને તેને કેળવ્યો. બાપનું ગયેલું રાજ્ય પાછું મેળવવાની હોંશ ઉત્પન્ન કરી અને લાયક બના-

વ્યો. તેમજ વિશ્વાસુ, બહાદુર સોબતીઓ અને મિત્રો મેળવી આપ્યા એવામાં સુરપાળનું મરણ થયું.

૨૩ વનરાજ ચાવડો.

એનો જન્મ વનમાં થયેલો હોવાથી તેનું નામ **વનરાજ** એટલે વનનો રાજા-સિંહ પાડયું.

બાલ્યાવસ્થા:—વનરાજ ૭ મહીનાનો થયો ત્યારે તે રૂપસુંદરી સાથે **શી**લગુણસુરિના ઉપાશ્રયમાં આવી રહ્યો હતો. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી અને વહુનાં બારણાંમાંથી જણાય' એ કહેવત પ્રમાણે નાનપણમાંથી જ તેનામાં રાજા તરીકેનાં લક્ષણો દીપી નીકળતાં હતાં. હોળીના તહેવારોમાં ફળીયાના છોકરાઓ એકઠા કરી તેનો આગેવાન થઈ બીજા ફળિયાના છોકરાઓ સાથે લડવા જતો અને તેમને હરાવતો. એકવાર તે અજવાળી રાત્રે ઘોડેસવાર થઈ હથિયાર સજી જંગલ તરફ ગયો હતો. ત્યાં તેને ચાર ચોરોએ ઘેરી લીધો. વનરાજ ચોરો સાથે ભળી ગયો, અને તેમની સાથે કેટલોક વખત રહી લૂટફાટ કરી તેમનો વિશ્વાસ મેળવ્યો. થોડા દિવસ પછી લાગ મળતાં તે નાશી છૂટયો. (જુઓ પૃષ્ઠ ૫૪ નું ચિત્ર.)

કેળવણી:—તે તેના મામા સુરપાળ સાથે રહી તે વખતમાં લડાઈમાં વપરાતાં તરવાર, ભાલો, બરછી, તીરકામઠું વગેરે હથિયારો સારી રીતે ખુબીથી વાપરતાં અને ઘોડાની ઉમદા સવારી કરતાં શીખ્યો હતો, અને નાની ઉમરથીજ તેના મામાની સાથે બહારવટું કરવા લાગ્યો હતો. તે જંગલમાં ઉછર્યો, ત્યાં અનેક સંકટો વેઠવાં પડેલાં હોવાથી અને દુશ્મનોની ધાસ્તીમાં રહેવું પડતું હોવાથી તે શરીરે મજબુત, બળવાન, હિંમતવાન, ધીરજવાન અને સાહસિક બન્યો હતો; અને નવી નવી યુક્તિઓ ખોળી કાઢતાં શીખ્યો હતો.

ચાવડા લુટારાનો ધંધો કરતા હતા. જંગલમાં રઝળતાં વન-
રાજને રાજ્ય, દોલત અને માણસો મેળવવાની જરૂર જણાઈ



વનરાજને ચોરો ઘેરે છે.
(શ્રી ચરોતર એજ્યુકેશનલ સોસાઇટિના સૌજન્યથી.)

માટે તેણે ટોળી ઉભી કરી લૂટફાટ, ચોરી અને ધાડપાડુનો ધંધો કરવા માંડયો હતો.

શ્રીદેવી;*—એક રાત્રે **વનરાજ** કાકર (બનાસકાંઠા એજન્સિમાં) ગામે કોઈ મોટા વેપારી વાણીઆના ઘરમાં ચોરી કરવા પેઠો, અને કોઠલામાં હાથ ઘાલતાં તે દહીંના ગોરસામાં* પડયો, તેથી અપશુકન થયા માની તે કંઈપણ ચોર્યા વિના ત્યાંથી પાછો જતો રહ્યો. સવારે તે વાણીઆની પુત્રી **શ્રી**દેવીએ ગોરસામાં હાથનો પંજો પડેલો જોયો. તેની રેખાઓ કોઈ ભાગ્યશાળી રાજવંશી મહાપુરૂષની છે; માનો નમાનો, પણ નજીકના જંગલમાં **વનરાજ** રહે છે, તેણે આ કામ કર્યું હશે. તેથી તે ગમે તે હોય પણ તે મારા સગા ભાઈ જેવો છે એમ ગણી તેનાં દર્શન કર્યા વિના ન જમવું એવી પ્રતિજ્ઞા કરી. આથી **શ્રી**દેવીના બાપે રાત્રે ચોરી કરનારની શોધ કરાવી. **વનરાજ**નો પત્તો મેળવ્યો. તેને વિશ્વાસમાં લેવાથી તે તેમને રાત્રે ગુપ્ત રીતે આવી મળ્યો. તેને ભોજન કરાવી સારી રીતે આદરસત્કાર કર્યો, અને પુત્રીની પ્રતિજ્ઞાની વાત કરી. **વનરાજ** તે વેપારી **ચાંપા**ના કુટુંબ સાથે ભળી ગયો. પોતે કોણ છે તેની ઓળખાણ આપી. **શ્રી**દેવી અને **વનરાજ** વચ્ચે ભાંડુ જેવો સ્નેહ બંધાયો. તેથી **શ્રીદે**વીએ અને તેના પિતાએ **વનરાજ**ને બહારવટાના દુઃખના સમયમાં સારી પરોણાચાકરી કરી વારંવાર ભોજન કરાવ્યું હતું, અને ધનની પણ મદદ કરી અનેક તરેહની સહાય કરી હતી. તેથી તેને પોતાની

---

* **શ્રીદેવી એ ચાંપાની પુત્રી હતી. તેણે વનરાજને** પિતાના **ઘેર અને સાસરે ગયા પછી સાસરામાં પણ ઘણી મદદ આપી હતી.**

* **દહીંના ગોરસાને બદલે કેટલાક ઇતિહાસકારો 'ઘીનો ગાડવો, કુપ્પાં કે કુલ્લાં' લખે છે.**

બે'ન ગણીને 'હું રાજગાદી પર બેસીશ ત્યારે તારી પાસે ભગિનિ તિલક–રાજ્યતિલક કરાવીશ.' એવું વચન આપ્યું હતું. તેણે તે ગાદી બેસતી વખતે પાળ્યું અને શ્રીદેવી સાથે છેવટ સુધી બે'ન તરીકેનો સંબંધ જાળવી રાખ્યો હતો.

ચાંપો (ચંપકસિંહ) વાણીઓ—એક દિવસે વનરાજ જમવા



શ્રી ચરોતર એજ્યુકેશનલ સોસાયટીના સૌજન્યથી.

બેઠો ત્યારે ઘરમાં ઘી નહિ, તેથી રૂપસુંદરીએ તેને લુખું ખાવા પીરસ્યું. વનરાજે ઘી માગ્યું, ત્યારે ઘી લાવી આપે તો મૂકું. આથી વનરાજ જમ્યા વિના ભાણા ઉપરથી ઉઠી ગયો, અને બે સોબતીઓ સાથે ઘીના વેપારીને લૂટવાના ઇરાદાથી જંગલમાં ફરતો હતો. ત્યાં જંબુશેઠ અથવા ચાંપો ઘી નું કુલ્લું લઈ જતો સામો મળ્યો. તેને રોક્યો *ચાંપો એકદમ માલ આપી દે એમ નહોતું કેમકે તે ધનુર્વિદ્યામાં કુશળ હતો પોતાની સામે ત્રણ લુટારાને જોઈ તેણે પાસેનાં પાંચ બાણમાંથી બે ભાંગી નાખ્યાં; અને તૈયાર થઈ સામો ઉભો. વનરાજે અચંબો પામી આમ કરવાનું કારણ પૂછ્યું. ચાંપાએ જવાબ આપ્યો કે 'તમારા ત્રણ માંટે ત્રણ બાણ બસ છે.' આવો બહાદુરી ભરેલો અને ટીંગ કરે તેવો જવાબ સાંભળી પરીક્ષા માટે એકજ બાણથી અમુક વસ્તુ વિંધવા કહેવાથી તે કામ ચાંપાએ અત્યંત ચાલાકીથી કર્યું. એક બીજાની ઓળખાણ આપી. મારા જેવો વાણીઓ પ્રધાન નહિ, નહિ તો ક્યારનુંએ રાજ્ય મેળવ્યું હોત. વનરાજે આથી ખૂશ થઈ તેને મિત્ર બનાવી પોતાની ટોળીમાં પાસે રાખ્યો. તેણે બુદ્ધિબળ અને પૈસાટકાથી વનરાજને ઘણી મદદ કરી. આ ઉપકારના બદલામાં વનરાજ જ્યારે રાજા થયો ત્યારે તેને પોતાનો પ્રધાન બનાવ્યો. ચાંપાએ પાવાગઢની તળેટીમાં ચાંપાનેર નામે મોટું નગર વસાવ્યું.

અણહીલ—એ ભરવાડ ડુંગરો અને જંગલોનો ભોમીઓ હતો. તેણે વનરાજને ભુવડનાં માણસોથી બચવા માટે બહારવટાનાં

---

* શ્રીદેવીએ બતાવેલી ઘીના ગાડવામાં પડેલી સર્વ રેખા ધ્યાનમાં રાખીને ચાંપો વનરાજની ખોળ કરવા નીકળ્યો. પોતાની તરફ આવતો જોઈને સુરપાળે અને વનરાજે તેને લૂટી લેવાનો ઈરાદો કર્યો. એમ કેટલેક સ્થળે લખેલું છે.

સંકટોમાં ડુંગરો અને જંગલોમાં ગુપ્ત રસ્તા અને નાશી જવાની અને સંતાઈ રહેવાની જગાઓ બતાવતો તેમજ હથિયાર વગેરે લાવી આપી તેના સાચા અને વિશ્વાસુ મિત્ર તરીકે તેણે ઘણી મદદ કરી હતી. આ ઉપકારનો બદલો **વનરાજે અણહીલ**નું નામ અમર રાખવા માટે પોતે જે શહેર વસાવ્યું તેનું નામ **અણહીલપુર પાટણ** (**અણ**હીલવાડ **પાટણ**) નામ રાખી વાળ્યો.

ગુજરાતનો રાજા:—**વન**રાજે બહારવટું શરૂ કર્યા પછી **સુર**-પાળ મરણ પામ્યો તેથી તેની મોટી ખોટ ગઈ; પરંતુ **ચાંપો**. **અ**ણહીલ વગેરે નવા મિત્રોની મદદથી તેણે પોતાનું કામ ધમધોકાર ચલાવ્યું અને નાનું પણ બહાદુર લશ્કર ઉભું કર્યું, અને ધૈર્ય અને ખંતથી મચ્યો રહ્યો.

ભુવડે ગુજરાતની ઉપજ તેની કુંવરી **મી**નળદેવીને આપી હતી. તેના ઉઘરાતદારો ચોવીસ લાખ સોનામહોરો, ચાર હજાર તેજી ઘોડા વગેરે લઈ કલ્યાણ જતા હતા. તેમના ઉપર **વનરાજે** ઓચિંતો હુમલો કરી બધું લૂટી લીધું અને તેમને મારી નાખ્યા. આ સાધનો વડે તેણે જોઈતું લશ્કર ઉભું કરી ગુજરાતમાંથી ભુવડના અધિકારી-ઓને હરાવી હાંકી કાઢી ગુજરાતની ગાદી મેળવી.

આ વેળા વારંવાર હુમલાથી **પં**ચાસર નગરના કિલ્લા, કોટ ભાગી તૂટી ગયા હતા અને તે ઉજ્જડ થઈ ગયું હતું. આથી **વનરાજે સરસ્વતી** નદીના કાંઠે ઈ. સ. ૭૪૬ માં (સંવત ૮૦૨) નવું **શહેર** વસાવ્યું અને રાજધાની કરી. તેનું નામ પોતાના જુના મિત્ર અને સાથી **અણ**હીલના નામથી **અણહીલવાડ** કે **અણહીલપુર પાટણ** પાડયું (**હાલ** તેને **પાટણ કહે છે.**)

મહા વદી ૭ શનીવારે વનરાજનો રાજ્યાભિષેક થયો. ત્રીજે

પ્હોરે તેની આણ વરતાઈ. આ વેળાએ વનરાજે વચન આપ્યા



પ્રમાણે શ્રીદેવી પાસે ભગિની તિલક કરાવ્યું, અને તેને સાત ગામ બક્ષીસ કર્યાં. ચાંપાને મુખ્ય પ્રધાન કર્યો. જુના રક્ષણ કર્ત્તા પિતા તુલ્ય જૈન સાધુ શ્રીશીલગુણસુરિ અને વૃદ્ધ માતા રૂપસુંદરીને તેઓ જે પારસનાથની મૂર્તિની પૂજા કરતાં હતાં તે સુદ્ધાંત પંચાસરથી અણહીલપુરમાં તેડી લાવ્યા. દેરાસર બંધાવી તેમાં પેલી પારસનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી તેનું નામ 'પંચાસરા પારસનાથ' રાખ્યું. આ મૂર્તિ સાથે વનરાજે પોતાની રાજછત્ર વાળી સેવક તરીકેની મૂર્તિ પધરાવેલી હજી પણ છે.* વૃદ્ધ માતા રૂપસુંદરીની મનની ધારણા પાર પડી તેથી તેના આનંદનો પાર રહ્યો નહિ.

---

* આ મૂર્તિમાં રાજાએ દાઢી રાખી છે, કાનમાં કુંડળ, હાથે કડાં, પગે તોડા અને કોટમાં કંઠો પહેરેલો છે. ટુકું ધોતીઉં પહેરી કેડે કમરબંધ બાંધ્યો છે અને ખભે ઉપરણો નાખ્યો છે. રાજા પાસે એક જણ છત્ર ધરીને ઉભો છે, અને બીજા પાંચ હજુરીઆ ઉભા રહેલા છે.

વનરાજ ૫૦ વર્ષની વયે ગાદીએ બેઠો, અને ૬૦ વર્ષ રાજ ભોગવી ૧૧૦ વર્ષની વયે ઈ. સ. ૮૦૬ માં મરણ પામ્યો.

૨૪. ન્યાયી ટેકીલો યોગરાજ.

વનરાજ પછી તેનો પાટવી કુમાર યોગરાજ ગાદીએ બેઠો. તે તેના બાપના જેવો પ્રતાપી હતો. તેણે બાપના રાજ્યમાં અને ઉપજમાં વધારો કર્યો, અને લોકોને સુખી કર્યા. તે યુદ્ધકળામાં પ્રવીણ હતો, અને બાણાવળી (તીર મારવામાં કુશળ) હતો. વળી તે વિદ્વાન અને ન્યાયી હતો. તેણે એક ગ્રંથ રચ્યો છે.

અદલ ઈન્સાફ:—વનરાજે ઘણાં વર્ષ સુધી ચોરી અને લૂટફાટ કરી હતી. તેથી ચાવડા ચોર, લુટારા અને ચોરો ઉપર રાજ્ય કરનારા કહેવાતા. તેમની આબરૂ બહાર સારી ગણાતી નહોતી. આ કલંક દૂર કરવા યોગરાજે બહુ મહેનત કરી; પરંતુ તેનાજ કુંવરોના દુષ્કર્મથી તેની બધી મહેનત પર પાણી ફરી વળ્યું.

સૌરાષ્ટ્રમાં આવેલા સોમનાથ પાટણ બંદરે કેટલાંક પરદેશી વહાણો આવી પહોંચ્યાં. તેમાં ૧૦,૦૦૦ ઘોડા, ઘણા હાથીઓ અને બીજો ઘણો મૂલ્યવાન માલ ભરેલો હતો. રાજાની મનાઈ છતાં, યુવરાજ ક્ષેમરાજ અને તેના બે ભાઈઓએ વેપારીઓ ઉપર હલ્લો કરી તેમનો માલ લૂટી લીધો. રાજાને આ વાતની ખબર પડી. 'પરોણાગતનો નિયમ તોડ્યો તેથી રાજાને અતિ ખેદ થયો.' તેણે કુંવરોને પકડી મંગાવી 'દૂર દેશાવરોમાં ગુજરાતના રાજા ચોર લોકો ઉપર રાજ્ય કરે છે એવું કહી આપણા પૂર્વજોને ચોર ગણી ધિક્કારે છે તે લાંછન મેં ધોઈ નાખવા માંડ્યું હતું પણ તમારા લોભથી તે પાછું તાજું થયું છે.' એવો સખત ઠપકો આપી સજા કરી, પેલા વેપારીઓને તેમનો લૂટેલો માલ પાછો અપાવ્યો. કુંવરોને કરેલી સજા

માફ કરવા, શહેરની પ્રજા તરફથી રાજા ઉપર બહુજ દબાણ થયું, પણ તેને નહિ ગણકારતાં ન્યાયી, ટેકીલા અને આગ્રહી રાજાએ નામોશી અને આજ્ઞાનો ભંગ સહન કરવા કરતાં પોતે જાતેજ ચિતા ખડકાવી બળી મુએો. ધન્ય છે; આવા ન્યાયી અને ટેકીલા રાજાને!

યોગરાજ પછી બીજા ચાર રાજાઓ ક્ષેમરાજ, ભુવડ (પીથુ), વૈરીસિંહ અને રત્નાદિત્ય થયા. તેમના વખતમાં કાંઈ જાણવા લાયક બનાવ બન્યા નથી.*

૨૫ સામંતસિંહ અને ચાવડાવંશનો અંત.

રત્નાદિત્ય પછી તેનો કુંવર ચાવડાવંશનો છેલ્લો રાજા સામંતસિંહ ગાદીએ આવ્યો. તેનું બીજું નામ ધાધડ હતું.

તે નઠારો, દુર્ગુણી અને દારુડીઓ હતો. તે સારા નરસાનો કે મિત્ર શત્રુનો ભેદ જાણતો નહોતો. વળી તેને દારૂનું બૂરૂં વ્યસન લાગેલું હતું. આખો દિવસ દારૂના નિશામાં ચકચુર રહેતો હતો. દારૂ

---

*ક્ષેમરાજ (૮૪૧-૮૬૬-૨૫):—એ લોભી હતો, તે એની વહાણ લૂટવાની વાતથી જણાય છે. સ્વભાવે તે ક્રોધી હતો તેને કોઈ સાથે બનતું નહિ. તે સગાંથી જુદો પડયો હતો. તેણે રાજ્ય ભંડારમાં વધારો કર્યો હતો.

ભુવડ-પીથુ (૮૬૬-૮૯૫-૨૯)—એણે રાજ્ય સલાહશાન્તિથી ચલાવ્યું હતું. તેની સામો કોઈ શત્રુ થયો નહોતો.

વૈરીસિંહ (૮૯૫-૯૨૦-૨૫)—તેનું રાજ્ય માથાકુટ ભરેલું ચાલ્યું. તે જંગલીઓ સામે થયો તેમાં તે જીત્યો. 'યુદ્ધમાં તે કદી હાર્યો નથી.' તેને બુદ્ધિવાન પ્રધાનનો આશ્રય હતો.

રત્નાદિત્ય (૯૨૦-૯૩૫-૧૫)—તે સૂર્ય જેવો તેજસ્વી ગણાયો. તેની શોભા અતુલ્ય હતી. તે વચનપાલક અને બળવાન હતો. તેણે લુચ્ચા, ચોર, ઠગારા, લોલંપટ, જુઠાઓ વગેરે ગુન્હેગારોને પોતાના રાજ્યની હદમાંથી દૂર કર્યા અને પ્રજાનાં દુઃખ દૂર કરી સુખ આપ્યું.

પીનારને પોતાના શરીરનું ભાન રહેતું નથી તેમ કોઈ જાતનું કામ તે કરી શકતો નથી. છેવટે તેના શરીરનો અને કુટુંબનો નાશ થાય છે. તે જાદવાસ્થળીની વાર્તાથી જગજાહેર છે.

મૂળરાજનો જન્મ:—જયશિખરીને હરાવનાર ભુવડ સોલંકીના વંશમાં ચોથી પેઢીએ ભુવનાદિત્ય રાજાના **રાજ**, **બીજ** અને દંડક એ ત્રણ કુંવરો સાધુ જેવા વેશમાં **સોમનાથ**ની જાત્રાએ નીકળ્યા હતા ત્યાંથી પાછા ફરતાં તેમણે **અણહીલવાડ**ની પાદરે મુકામ કર્યો હતો. ત્યાં થઈ યુવરાજ* **સામંતસિંહ** ઘોડી ઉપર બેસી જતો હતો. તેણે બેદરકારીથી ઘોડીને ચાબુક મારી તે જોઈ **બીજ** જે અશ્વવિદ્યામાં પ્રવીણ હતો. તે બોલી ઉઠયો કે 'ભલા માણસ ઘોડીની આવી મનોહર ચાલ છતાં વિના કારણ ચાબુક મારી ઘોડીનો ગર્ભ પંચકલ્યાણી વછેરાની ડાબી આંખ ફોડી નાખી." આ સાંભળી **સામંતસિંહ**ને નવાઈ લાગી. તેની પુરેપુરી ખાત્રી કરવા માટે તે ત્રણેને મહેમાન તરીકે રાજમહેલમાં તેડી ગયો, અને કહ્યું કે જો તમારૂં કહેવું ખરૂં પડશે તો મારૂં અર્ધું રાજ્ય આપીશ અને જો ખરૂં નહિ પડે તો તમારૂં બધું લૂટી લઈશ. અહીં પંદર દિવસ પછી ઘોડીએ જેના ચાર પગ અને મોં ધોળું અને ડાબી આંખ ફૂટેલી એવો પંચકલ્યાણી વછેરો પ્રસવ્યો. આ બનાવ બન્યા પછી તેમની સાથે **સામંતસિંહ**નો ઘણો પ્રેમ વધ્યો. તે રાજકુંવરો છે એમ જાણી તેણે પોતાની બેન **લીલાદેવી**ને પરણાવવાનું કહ્યું, પરંતુ **બીજ** એક આંખે કાણો હતો માટે તેણે પોતેજ પોતાના મોટા ભાઈ **રાજ** સાથે પરણાવવા કહ્યું. **રાજ** સૌથી મોટો, મધ્યમ કદનો, ગોરો, સ્વરૂપવાન અને શૂરવીર એ સારા ગુણવાળો હતો. તેથી તેની સાથે **લીલા**-

---

* રાજાનો સૌથી મોટો કુંવર જે ગાદી વારસ હોય તે યુવરાજ.

દેવીનાં લગ્ન થયાં. લીલાદેવીને ગર્ભ રહ્યો. પ્રસવવેદનાથી તેનું મરણ થયું. તેના ગર્ભસ્થાનમાંથી શસ્ત્રવૈદ્યોએ તેનું પેટ ચીરી કુંવર જીવતો કાઢી લીધો. તે મૂળ નક્ષત્રમાં જન્મ્યો માટે તેનું નામ મૂળરાજ પાડ્યું.

રાજનું મરણ:—મૂળરાજ મોટો થયો એટલે તેને લઈને રાજ અને બીજ કચ્છના દરબારમાં જઈ ચઢ્યા. કચ્છના રાવ લાખા ફૂલાણીએ રાજને પોતાની બેન પરણાવી. પાછળથી બન્ને લડ્યા. તેમાં રાજ લાખાના હાથે મરાયો; તેથી બીજ મૂળરાજને લઈ પાછો પાટણ આવ્યો. ત્યારે મૂળરાજ ૧૧ વર્ષનો હતો.

મૂળરાજ મામાને મારી રાજ્ય મેળવે છે:—મૂળરાજ મામાને ત્યાં ઉછરી ભણી ગણીને હોશિયાર થયો હતો. તેના ઉપર સામંતસિંહનો ઘણો પ્યાર હતો. વળી તે ચતુર અને બહાદુર હતો. તેણે મામાના રાજ્યમાં વધારો કર્યો અને સર્વને પ્રિય થઈ પડી બાલ્યાવસ્થામાં નામના મેળવી, અને તેના મામાનો પૂર્ણ વિશ્વાસુ થયો હતો. ઉમર લાયક થતાં રાજ્યકારભાર ઘણા ભાગે તેજ ચલાવતો હતો. તે અધિકારીઓને ગમ્યું નહિ, પણ પ્રજા સુખી થઈ.

સામંતસિંહ આળસુ, દારુડીઓ અને જુલમી હતો. તેણે મૂળરાજની બહાદુરીથી ખૂશ થઈ અનેક વાર તેને રાજ્ય સોંપ્યું હતું, અને નીશો ઉતરતાં તે પાછું લીધું હતુ. મૂળરાજ પાકી ઉમરનો થયો ત્યારે સામંતસિંહે દારુની ધૂનમાં તેને રાજ્યાભિષેક કરાવ્યો, અને જ્યારે ભાન આવ્યું ત્યારે તે પાછું લીધું. આમ કરવા માટે સામંતસિંહને તેના પ્રધાને બહુએ ઠપકો આપ્યો હતો.

મૂળરાજના કાકા બીજ અને દંડક સ્વભાવે બહુજ ખારીલા

---

* કેટલાક સામંતસિંહનો નોકર ઘોડાને પાણી પાવા જતો હતો, એમ લખે છે.

હતા. વનરાજે ભુવડ પાસેથી ગુજરાતનું રાજ્ય પાછું લઈ લીધું હતું. તેનું વેર હજી તેઓ ભૂલી ગયા નહોતા; તેથી રાજ્ય મેળવવા વારંવાર મૂળરાજને ભંભેરતા હતા. બીજે મૂળરાજને કહ્યું કે 'તારા બાપને અર્ધું રાજ્ય આપવા કહ્યું છે તે તું માગી લે' મૂળરાજે સામંતસિંહ પાસે રાજ્યની માગણી કરવાથી તેણે રાજને 'લીંબુ ઉછાળ રાજ્ય' આપવા કહેલું તેમ મૂળરાજને આપવાનું કબુલ કર્યું. રોજ લીંબુ ઉછાળે અને નીચે પડે એટલી વાર મૂળરાજ રાજ્ય કરવા લાગ્યો. આટલા વખતમાં તે સરદારોને રોજ મોટી મોટી બક્ષીસો આપતો તેથી સરદારો રાજી થયા.

લીંબુ નીચે નહિ પડતાં અધરજ ચાલ્યું જાય અને રાજ્ય કાયમ મૂળરાજ પાસે રહે તેવી યુક્તિ તેના કાકા બીજે રચી. ગરજણો પાળી તેને મૂળરાજ માંસના લાલ કકડા નાખતો તેથી તે લેવા માટે તેની આસપાસ ભમ્યા કરતી. એમ કેટલાક દિવસ ટેવાયા પછી એક દહાડો એ લોહીવાળું લીંબુ લઈ ગયો અને તે ગાદી બેઠા પછી ઉછાળ્યું. એટલે ગરજણો તે લઈ ઉડી ગઈ. લીંબુ પાછું નીચે પડયું નહિ. તેથી તે ગાદીએથી ઉઠયો નહિ. અગાઉથી કાવત્રું નક્કી કર્યા મુજબ તકરાર થઈ પડી. આ ગરબડાટનો લાભ લઈ મૂળરાજે તરવારના ઝટકાથી સામંતસિંહનું માથું ઉડાવી દીધું. મૂળરાજના પક્ષનાં માણસોએ સામા પક્ષના સરદારોનો નાશ કર્યો. બધે હાહાકાર થઈ ગયો. મૂળરાજે રણવાસમાં જઈ તેની મામીને મારી નાખી. તેની બીજી મામી ભાટી રજપુતાણી પોતાના કુંવર અહિપતને* લઈ તેના પિયર તણોત (સિંધ અને મારવાડ વચ્ચેના

*આવડાના ભાટના કથન પરથી એમ જણાય છે કે સામંતસિંહને જો સંતાન ન હોત તો તેના પછી મૂળરાજને ગાદી મળત તેથી તે સામંત-

રણમાં છે.) નાશી ગઈ. મૂળરાજે મોસાળપક્ષનાં સર્વને મારી નાખી ચાવડા વંશની આખર આણી, અને અણહીલપુરની ગાદીએ બેઠો.

બહાદુર રાજા રાજ મેળવે, અને નબળો હોય તે રાજ ખુએ એ વનરાજ અને સામંતસિંહના દાખલાથી જણાય છે. દારૂથી કેની ખરાબી થાય છે તે સામંતસિંહની વાતથી સમજાશે.

સિંહને મારી નાખત નહિ; પરંતુ તેને અહિપત કુંવર હતો, તેથી જ મૂળરાજે સામંતસિંહને મારી નાખ્યો હતો. જેસલે જેસલમેર વસાવ્યું તે પહેલાં ત્યાં ભાટી રજપુત રાજ્ય કરતા હતા આ વખતે અહિપત શુમારે એક વર્ષનો હતો. કેટલેક વર્ષે કચ્છમાં લાખા ફૂલાણીને શરણે આવ્યો, તેથી મોરવાડ અને તેની આસપાસની જમીન તેના પોષણ માટે આપી. આ પણ કારણ મૂળરાજ અને લાખા ફૂલાણી વચ્ચે વેર બંધાવાનું હોવાનો સંભવ છે.

લાખો ફૂલાણી આટકોટ પાસેની લડાઈમાં ઇ.સ. ૯૭૯ માં મરાયો. કચ્છ મૂળરાજે ખાલસા કર્યું. તેવામાં અહિપતે તેનાં ઘણાં ગામ (કેટલાક ૯૦૦ ગામ લીધાં એમ કહે છે) કબજે કરી લીધાં. અહિપતની ૧૫ મી પેઢીએ પૂંજાજી ચાવડો થયો, તે મોરગઢ ખોઈ બેઠો. આ સમયે કચ્છમાં જામ ધાવજી અને પછી વેણુજી હમા. તેમના સમયમાં જામ અમડાજીએ ઘણી લડાઈઓ કરી છે. તેમણે ચાવડાઓને નસાડયા હશે એમ લાગે છે. મોરગઢથી ધારપુર (પાલણપુર તાબામાં) ગયો, ૮૪ ગામનો તાલુકો જમાવ્યો, પણ અલાઉદ્દીને ગુજરાત લીધું તેવામાં જ પૂંજાજીનો તાલુકો પણ ગયો, અને તેથી તે પાદશાહની નોકરીમાં રહ્યો પછી પાદશાહે સારી નોકરીના બદલામાં અંબાસર નીચે ૨૫૨ ગામ આપ્યાં અંબાસરમાં તેના પછી પાંચમો ઠાકોર જયસિંહ ચાવડો થયો, તેને ત્રણ કુંવર હતા. તેમણે ત્રણે ભાગે ગામ વહેંચી લીધાં. ઈશ્વરદાસ વડીલ હતો. તેને અંબોડ, સુરજમલને વરસોડા, અને સામંતસિંહ અંબાસરમાં જ રહ્યો. સામંતસિંહથી પાંચમા પુરુષ સૂરસિંહ થયા. તેમણે માણસામાં ગાદી કરી. હાલના રાવળજી તખ્તસિંહજી. સૂરસિંહજીથી ૧૪ મા પુરુષ છે.

ભાગ ચોથો.

સોલંકી વંશના રાજાઓ.

૨૬ મૂળરાજ પહેલો. (૯૪૨–૯૯૭=૫૫)

સોલંકી વંશનો મૂળ પુરુષ ચુલુક્ય હતો. તેના વંશજો ગુજરાતના રાજાઓ ચૌલુક્ય કે સોલંકી કહેવાય છે.

મૂળરાજનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હતો. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે મૂળ નક્ષત્રમાં જન્મનાર મોસાળીઆંનો નાશ કરે છે. તે મૂળરાજના સંબંધમાં ખરૂં પડયું. તેણે જન્મતાંજ માનો જીવ લીધો, અને મામા મામી તથા બીજા ચાવડાઓને મારી નાખી તે આજથી હજાર વર્ષ પહેલાં ગાદીએ બેઠો, અને શાન્તિથી રાજ્ય કરવા ધાર્યું; પરંતુ તેની તે ઇચ્છા પાર પડી નહિ,

નાગોર અને તૈલંગણના રાજાઓની ચઢાઈઓઃ—વગર હકે મૂળરાજ પાટણની ગાદી પચાવી પડયો હતો, અને ગુજરાતમાં અંધાધુંધી વ્યાપી રહી હતી, તેથી અત્યારે ગુજરાત જીતી લેવાનો સારો લાગ છે એમ સમજીને ઉત્તરેથી નાગોર (હાલનું અજમેર)-નો રાજા અને દક્ષિણેથી તૈલંગણના રાજા તૈલપનો સેનાપતિ બાર્પ એ બંને સાથે ગુજરાત ઉપર ચઢી આવ્યા. એકાએક આમ બે તરફથી બંને શત્રુઓ ચઢી આવેલા જોઈ તેને વિચાર થઈ પડયો. પ્રધાનોની સલાહથી ચોમાસાનો લાભ લઈ કચ્છના નાકા ઉપર આવેલા પોતાના કંથકોટના કિલ્લામાં જઈ ભરાઈ બેઠો.

મૂળરાજે ધાર્યું કે ચોમાસું નજીક આવે છે. વળી નાગોરનો રાજા દેવીભક્ત છે માટે નવરાત્રિ કરવા પોતાના વતન થાકીને જાતે જ પાછો જશે. પણ એ ધારણા તેની ખોટી ઠરી; કેમકે નાગોરના રાજાએ લડાઈનાં સાહિત્યની પુરી તૈયારી કરી રાખી હતી, અને દશેરા પછી લડાઈ કરવાનું નક્કી કર્યું; અને માતાનો કંડીઓ ગુજરાતમાં મંગાવી ત્યાંજ નવરાત્રિની ક્રિયા કરી. મૂળરાજ એક દિવસ ઓચિંતો સાંઢણીએ ચઢી નાગોર રાજાના તંબુએ આવી ઉતરી પડી એકદમ તંબુમાં ધુસી ગયો, અને ધન આપી તેનું મન મનાવ્યું. તમે ક્ષત્રિય છો માટે હું બાર્પ સાથે લડવા જાઉં છું, ત્યાંથી પાછો ફરૂં નહિ ત્યાં સુધી તમારે મારા ઉપર પાછળથી હુમલો કરવો નહિ એવી વિનંતિ કરી. મૂળરાજની આ હિંમત અને સાહસથી તે બહુ ખૂશ થયો, અને ત્યારથી બન્ને રાજા જિંદગી સુધીના મિત્રો થઈ રહ્યા, અને નાગોરનો રાજા વગર લઢે પોતાના દેશ પાછો ફર્યો. ત્યાર પછી મૂળરાજે સેનાપતિ બાર્પ પર હલ્લો કર્યો. તેને હરાવી માર્યો, અને તેના ૧૮ હાથી અને ૧૦,૦૦૦ ઘોડા પડાવી લીધા. બાર્પનું લશ્કર તેના દેશ તરફ નાસી ગયું.

ગ્રહરિપુ સાથે લડાઈ:—મૂળરાજના તાબામાં ખંડીઆ રાજા હતા તેમાંના કેટલાકે આણ માની નહિ. તેમાંનો સૌરાષ્ટ્રનો ભરવાડ જાતનો રાજા ગ્રહરિપુ (રાહુ) સ્વતંત્ર થઈ પ્રભાસપાટણની જાત્રાએ જતાં આવતાં જાત્રાળુઓને લૂટતો, અનેક અત્યાચારો કરતો, અને બહુ જ દુઃખ દેતો હતો. તેથી આબુ, મારવાડ, અને કાશીના રાજાઓને મદદે બોલાવી મૂળરાજે ગ્રહરિપુ ઉપર ચઢાઈ કરી. ગ્રહરિપુની મદદે તેના તાબાના કેટલાક રાજાઓ, અને તેનો મિત્ર કચ્છનો રાજા લાખો ફૂલાણી અને સિંધનો રાજા આવ્યા હતા. આથી ગ્રહ-

રિપુ પાસે જબરૂં સૈન્ય હતું, છતાં મૂળરાજ ડર્યો કે ગભરાયો નહિ. ભાદર નદી કાંઠે આટકોટ આગળ બન્ને સૈન્યો વચ્ચે દારુણ યુદ્ધ થયું. આ યુદ્ધમાં મૂળરાજે કચ્છના રાવ લાખા ફૂલાણીને જાતે મારી નાખી પોતાના બાપનું વેર લીધું. ગ્રહરિપુ હાર્યો, ઘાયલ થયો અને કેદ પકડાયો. ગ્રહરિપુની રાણીની આજીજીથી મૂળરાજે તેને જીવતો છોડી મૂકી ઉદારતા દાખવી, અને ખંડણી લેવાની સરતે તેને રાજ્ય પાછું સોંપ્યું. આ જીતથી મૂળરાજનો અધિકાર સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપર બેઠો. આ લડાઈમાં ૧૦૮ હાથી અને પુષ્કળ લૂટ મેળવી. સોમનાથ જઈ શિવપૂજન કર્યું. પછી તે અણહીલપુર પાછો આવ્યો.

લાટ ઉપર ચઢાઈઃ—ગ્રહરિપુ સાથેના યુદ્ધમાં થએલી જીતમાં મૂળરાજની બહાદુરી અને બળ જોઈ બીજા ખંડીઆ રાજાઓએ મૂળરાજની આણ સ્વીકારી અને ભારે ભેટો મોકલી, તેમાં લાટ દેશના રાજાએ ખોડવાળો ગાંડો હાથી ભેટ મોકલ્યો. ચામુંડ હાથી પારખવાની વિદ્યામાં કુશળ હતો. 'આ હાથી અપશુકનીઆળ છે જેની પાસે એ હોય તેનો નાશ કરે.' એમ કહેવાથી આ ભેટ પાછી ફેરવી.. મૂળરાજને એમ લાગ્યું કે લાટ* દેશના રાજાએ જાણીબુજીને મારી હાંસી કરી અપમાન કર્યું. તેથી તે બહુજ ક્રોધે ભરાયો અને વેર લેવા ધાર્યું. મૂળરાજ અને ટીલાટ કુંવર ચામુંડે લાટ ઉપર સવારી કરી રાજાને હરાવી.મારી નાખ્યો, અને તે દેશ તાબે કર્યો. આ લડાઈમાં ચામુંડની બહાદુરીથી મૂળરાજ ઘણો ખુશ થયો હતો.

આબુ ઉપર અચળગઢના રાજાને પણ તેણે નમાવ્યો.


×**રુદ્રમાળઃ**—મૂળરાજે સ્વપરાક્રમથી રાજ્ય અને અધિકારમાં

---

* ઘણું કરીને મહી અને નર્મદા વચ્ચેનો મુલક લાટ દેશ હતો.

× રુદ્ર એટલે ૧૧. રુદ્રમાળને અગિઆર માળ હતા.

વધારો કર્યો; પરંતુ તેથી તેને શાંતિ નહોતી, કેમકે જુવાનીમાં તેણે મામા, મામી અને બીજાં મોસાળીઆંઓને વિના અપરાધે મારી નાખ્યાં હતાં. આ પાપ માટે ઘડપણમાં તેને બહુજ પશ્ચાત્તાપ થયો.



રુદ્રમાળનો મનોહર કીર્તિસ્તંભ.

આ ઘોર પાપથી છૂટવા તેણે ઘણી જાત્રાઓ કરી અને ઘણાં શિવાલયો અને ધર્મસ્થાનકો બંધાવ્યાં, તથા બ્રાહ્મણોને પુષ્કળ દાન આપ્યાં. પાપ ધોવા તીર્થસ્થળોએ ભટકવા લાગ્યો; પરંતુ ઘડપણને લીધે તેનાથી વધારે મુસાફરી થઈ શકી નહિ. આથી તેણે ચામુંડને રાજપાટ સોંપ્યું, અને તે રાજકાર્યથી નિવૃત્ત થઈ ઈશ્વરભક્તિ કરવા એકાંત સ્થળે સરસ્વતી તીરે શ્રી સ્થળ (સિદ્ધપુર)માં જઈ વસ્યો. ત્યાં મહાદેવનું મોટું શિ-

મહાલય રુદ્રમહાલય-રુદ્રમાળ (રુદ્ર-મહાદેવ+મહાલય-મોટું દેવળ.) બંધાવવા માંડ્યુ; પરંતુ એ બંધાઈ રહેતાં પહેલાં એનું મરણ થયું. તેથી તે સિદ્ધરાજ જયસિંહે પુરૂં કરાવ્યું. જ્યારે તે બંધાવ્યું ત્યારે તે સાત માળ ઉંચું, તદ્દન પત્થરથી બાંધેલું અને ઉંચા પ્રકારની કારીગરીવાળું હતું. હાલમાં તો આ મહાદેવાલયની નિશાની તરીકે ચારેક થાંભલા, બે કમાન ખંડેર હાલતમાં પડુ પડુ થઈ રહેલાં નજરે પડે છે.

પુણ્યદાનઃ—મૂળરાજ ઘડપણનો વખત સિદ્ધપુરમાં ઇશ્વરભક્તિમાંજ ગાળતો. કરેલાં પાપની માફી મેળવવા તેણે બ્રાહ્મણોને ઘણાં દાન કર્યાં હતાં. વધારે દાન કરવાના ઇરાદાથી પરદેશથી ઉત્તર અને પૂર્વનાં પવિત્ર તીર્થસ્થળો અને ગંગાકિનારેથી તેણે વિદ્વાન બ્રાહ્મણોને તેડાવી સિદ્ધપુરમાં રાખ્યા હતા. ઉત્તરે કુરુક્ષેત્રથી ૧૦૦૯ બ્રાહ્મણો આવેલા તેમાંથી ૧૦૦૦ બ્રાહ્મણોએ દાન લીધું માટે તે ઔદિચ્ય સહસ્ર અને બાકીના નવે દાન ન લીધું. તેથી તે ઔદિચ્ય ટોળકિઆ કહેવાય છે. કનોજથી કનોજીઆ અને બંગાળામાં ગૌડ પ્રાંતથી આવેલા તે શ્રીગોડ કહેવાય છે. મૂળરાજે ઔદિચ્ય બ્રાહ્મણોને શ્રીસ્થળ (સિદ્ધપુર), શ્રીગોડ બ્રાહ્મણોને સ્થંભતીર્થ (ખંભાત) અને બીજા બ્રાહ્મણોને સિહોર એ ગામો દાનમાં આપ્યાં હતાં. તેણે ૧૦૧ ગામો બ્રાહ્મણોને દાનમાં આપ્યાં હતાં.

૨૭ ચામુંડરાજ (ઈ. સ. ૯૯૭-૧૦૧૦=૧૩)

મૂળરાજ પછી તેનો પાટવી કુમાર ચામુંડ ગાદીએ બેઠો. તે ગુજરાતના રાજ્યને બધી રીતે લાયક હતો. તેણે ૧૩ વર્ષ સુધી સારી રીતે રાજ્ય ચલાવ્યું, અને ભંડાર, ફોજ અને કીર્તિમાં વધારો

કર્યાં. તેના બાપે આપેલાં ગામો અને ભૂમિદાનો ચાલુ રાખ્યાં. તે પરાક્રમી અને શૂરવીર હતો; પરંતુ દુરાચારી હતો.

ચામુંડને વલ્લભસેન, દુર્લભસેન અને નાગરાજ એ ત્રણ કુંવરો હતા. તેઓ શૂરવીર અને વિવેકી હતા.

ચામુંડ એવો તો દુરાચરણી હતો કે તેણે એક સમયે દુરાચારને વશ થઈ પોતાની બે'ન ચાચિણી (વાચિણી) દેવી સાથે અઘટિત કર્મ કર્યું. આ દુષ્ટતા અને પાપથી અને તેની બે'નના તિરસ્કારથી તેની આબરૂના કાંકરા થઈ જવાથી તેને રાજ્ય છોડવાની ફરજ પડી. તેને ઘણોજ પસ્તાવો થયો. એકદમ વૈરાગ્ય આવવાથી રાજપાટ પાટવી કુમાર વલ્લભસેનને સોંપી પાપનું પ્રાયશ્ચિત કરવા કાશી યાત્રા કરવા ગયો. રસ્તે જતાં માળવાના રાજાએ તેનાં રાજચિહ્ન લૂટી લીધાં. તે ખબર જ્યારે ચામુંડ કાશી યાત્રા કરી અણહીલવાડ પાછો આવ્યો ત્યારે વલ્લભસેને જાણી. આથી પિતાનું અપમાન કરનાર માળવાના રાજા ઉપર પિતૃભક્ત વલ્લભસેને ચઢાઈ કરી; પણ દૈવયોગે તે રસ્તામાં શીતળાના* રોગથી મરી ગયો, અને સૈન્ય પાછું આવ્યું. વલ્લભસેન દયાળુ અને સાચું બોલનારો હતો.

વડા પુત્ર વલ્લભસેનના મરણથી ચામુંડના હૃદયને જબરો ઘા લાગ્યો. તેણે બીજા કુંવર દુર્લભસેનને ગાદી બેસાડી પોતે પાપમુક્ત થવા નર્મદા (રેવા) તીરે ભરૂચ પાસેના પવિત્ર, તીર્થસ્થળ શુકલતીર્થમાં* જઈ રહ્યો, અને ત્યાંજ તેણે દેહ છોડયો.

---

* શીળી કાઢવાનો રિવાજ એ વખતે નહોતો.

* અહીં મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્ત અને તેનો ઘાતકી પ્રધાન વિષ્ણુગુપ્ત-ચાણક્ય પાપમુક્તિ માટે આવી રહ્યા હતા. તેથી એ સ્થળ પ્રખ્યાત અને પવિત્ર ગણાય છે.

૨૮ દુર્લભસેન (૧૦૧૦-૧૦૨૨=૧૨)

નાંદોલ (**મારવાડમાં**)ના રાજા **મહેન્દ્રે** તેની બેન દુર્લભદેવીના સ્વયંવરમાં દુર્લભસેનને નોતર્યાથી તે પોતાના ભાઈ **નાગરાજ** સહિત, સેના લઈ ગયો. **અંગ**, **કાશી**, **અવંતી**, **ચેદિ**, કુરુ, હુણ, **મથુરા**, **વિંધ્ય**, **અંધ્ર** વગેરે દેશોના રાજાઓને તજી દુર્લભદેવી દુર્લભસેનને વરી. **મહેન્દ્રે** પોતાની નાની બેન **લક્ષ્મી** **નાગરાજને** પરણાવી. દુર્લભદેવીએ દુર્લભરાજને પસંદ કર્યો, તેથી બીજા રાજાઓ સાથે દુશ્મનાવટ થઈ; પરંતુ તે બધાને દુર્લભરાજે હરાવ્યા. પછી બન્ને ભાઈઓ **અણહીલપુર** આવ્યા, અને દુર્લભસાગર સરોવર અને બીજાં દહેરાં બંધાવવામાં ઘણું દ્રવ્ય ખર્ચ્યું.

આસપાસનાં રાજ્યો ઉપર પરદેશી મુસલમાનો ચઢી આવી ભારે નુકસાન કરતા હતા. તેમના ઓચિંતા હુમલાઓ સામા ટકી રહેવાય તે માટે અગમચેતી વાપરી જોઈતી તૈયારી કરી રાખી નહિ, અને જોઈતું દ્રવ્ય ખર્ચ્યું નહિ; પરંતુ ઘણું ખર્ચ કરી તળાવો અને

કહે છે કે ચંદ્રગુપ્તે આઠ રાજવંશી ભાઈઓને (નવ નંદને નામે મશહુર)મારી નાખ્યા. વળી લખ્યું છે કે “ આણુક્યના વૈરના જુસ્સાનો આવેશ નરમ પડયો એટલે તેને ઘણો બળાપો થવા લાગ્યો, અને પાપકર્મના પસ્તાવાનો દંશ એટલો બધો ડંખવા લાગ્યો, અને તેથી શરીરનું લોહી એટલું બધું ઉકળી આવ્યું કે દરીઆ પાસે નર્મદા કાંઠે, ભરૂચથી ૭ ગાઉ પશ્ચિમે પ્રખ્યાત ‘ શુક્લતીર્થ ’ એ સ્થળે પ્રાયશ્ચિત કરવા ગયો ત્યાં કેટલાંક ઉગ્ર તપ અને પાપશુદ્ધિની ક્રિયાઓ કર્યા પછી, સૂચવ્યા પ્રમાણે તેણે એક હોડી ધોળો શઢ ચઢાવી નદીમાં હંકારી, પાપમુક્ત થવાની ખરી નિશાની તરીકે પાપની કાળાશ ઉડીને શઢને વળગી. શઢ કાળો થઈ ગયો. તેથી આનંદથી તેણે પાપ સહિત હોડીને સમુદ્રમાં તરતી મૂકી દીધી. ”

દહેરો બંધાવ્યાં; તેથી તેનાં માઠાં ફળ તે પછીના રાજાઓને ભોગવવાં પડયાં. આ રાજાએ રાજ્ય ઠીક ચલાવ્યું.

નાગરાજને મોટી ઉમરે કુંવર થયો, તેથી તેનો મોટો જન્મ-મહોત્સવ કરાવ્યો. કુંવરનું ભીમ નામ રાખ્યું. તે મોટો થયો એટલે દુર્લભરાજે પાપશુદ્ધિ માટે તીર્થસ્થળે જઈ વસવાની ઇચ્છા જણાવી. ભીમને રાજ્યાભિષેક કરી, દુર્લભસેન અને નાગરાજ આત્માના કલ્યાણ માટે જાત્રાએ ગયા, અને પવિત્ર તીર્થસ્થળોમાં તેમણે ઈશ્વર-ભક્તિમાં દિવસો ગાળતાં તેમનો દેહાંત કાળ થયો.

૨૯ ભીમદેવ પહેલો અથવા ભીમ બાણાવળી.

(૧૦૨૨-૧૦૭૨=૫૦)

એ ચામુંડના ત્રીજા કુંવર નાગરાજનો કુંવર હતો. તેને કાકા દુર્લભસેન અને પિતા નાગરાજે તેની ઇચ્છા નહોતી છતાં અતિ આગ્રહથી રાજ્ય સોંપ્યું. તેણે રાજ્ય સારી પેઠે ચલાવ્યું. તે મનનો ઉદાર, નીતિમાન, વિવેકી, પરાક્રમી, ચતુર અને ન્યાયી રાજા હતો. તેણે રાજની લગામ હાથમાં લેતાંજ લુચ્ચા, ચોર, લુટારા, અને ધાડ-પાડુઓને પકડી ઘણી સખત સજા કરી વશ કર્યા, અને રાજ્યમાં બંદોબસ્ત કરી રૈયતને ત્રાસમાંથી મુક્ત કરી, શાન્તિ સ્થાપી. આથી તે પ્રજાનો પ્રીતિપાત્ર રાજા થઈ પડયો.


મહમૂદ ગીઝની:—નવસો વર્ષ પહેલાં ગુજરાતમાં જ્યારે ભીમદેવ રાજ્ય કરતો હતો ત્યારે અફઘાનિસ્તાન દેશમાં ગીઝની શહેરમાં મહંમૂદ ગીઝની પાદશાહ હતો. તે ધર્માંધ અને દ્રવ્યનો લોભી હતો. તેણે નાનપણમાં હિંદની દોલત અને જાહોજલાલી વિષે ઘણી વાતો સાંભળી હતી. તેથી તે દોલત લૂટી જવા અને હિંદુઓને વટ-લાવી મુસલમાન કરવાને તેણે હિંદ ઉપર સત્તર સવારીઓ કરી,

અને હિંદુ દેવળો તોડયાં, લૂટયાં, મૂર્તિઓ ભાંગી, હિંદુઓને વટલાવી, અઢળક દ્રવ્ય અને ગુલામો ગીઝની લઈ ગયો.

અફઘાનિસ્તાનના લોકો અફઘાન, પઠાણ કે કાબુલી કહેવાય છે. તેઓ ઘણા ઝનુની, ઘાતકી અને બહુજ મજબુત છે. આ લોકોનું મોટું સૈન્ય લઈ સુલતાન મહંમૂદે ગુજરાત ઉપર ચઢાઈ કરી. પ્રથમ સિંધ આવ્યો. સિંધનું રણ ઓળંગી અજમેર આવી તે જીતી લીધું. આરાવલી અને આબુ પર્વત ઓળંગી ઝપાટાબંધ અણહીલવાડ આવી પહોંચ્યો. તેનો હેતુ હિંદુ દેવળો તોડી તેની પાયમાલી કરવાનો હતો; પરંતુ રાજ્ય મેળવવાનો નહોતો. આથી અણહીલવાડમાં નહિ પેસતાં લાગલોજ ગુજરાતમાં પ્રખ્યાત તીર્થસ્થળ સોમનાથ પાટણ કે દેવપાટણ ઉપર કુચ કરી. ઈ. સ. ૧૦૨૪.

સોમનાથ મહાદેવ—સૌરાષ્ટ્ર (કાઠિઆવાડ)ના દક્ષિણ કિનારે નાઘેરના લીલાછમ સુંદર પ્રદેશમાં વેરાવળ બંદરની પડોશમાં દેવપાટણ (પ્રભાસપાટણ) અથવા સોમનાથ પાટણનું જુનું શહેર અને પવિત્ર તીર્થસ્થળ આવેલું છે. તેની ચોતરફ મજબુત કિલ્લો અને તેની આજુબાજુ પચીસ ફુટ ઉંડી ખાઈ આવેલી છે. અહીં સોમનાથ–મહાકાળેશ્વરનું પ્રખ્યાત દેવાલય છે. હિંદુસ્તાનનાં મુખ્ય પવિત્ર તીર્થોમાં બાર જ્યોતિર્લિંગ ગણાય છે. તેમાં સોમનાથની પણ ગણના થએલી છે. તેનો ઘણો ખરો ભાગ હાલ ખંડેર થઈ પડયો છે. તેના પત્થરના કકડા ઘણા ગાઉ સુધી વિખરાયલા જ્યાં ત્યાં પડયા છે; અહીં અગાઉ મોટું વિશાળ પ્રાચીન શિવાલય હતું. મુસલમાનો તે ઉપર ચઢી આવ્યા તે પહેલાં તેનો દબદબો અને શોભા કંઈ ઓરજ હતાં. તે સમુદ્રકાંઠે હોવાથી સમુદ્રની છોળો તેના પાછલા ભાગને અથડાયા કરતી હતી. દેવળનું શિખર ઘણું ઉંચે

આકાશમાં ઝુકી રહ્યું હતું. તેના ઉપર સોનાના કળશ ઝળહળી રહ્યા હતા, અને ભગવી ધજા ફરરરર ફરરરર ઉડી રહી હતી. દેવળમાં ઉંચી કારીગરીવાળા સુશોભિત અને સુંદર છપ્પન થાંભલા સહિત રંગમંડપ હતો. થાંભલા સીસાથી જડી લીધા હતા. દેવળનો ગભારાનો ભાગ



(સોમનાથનું હાલનું કુમારપાળે સમરાવેલું શિવાલય.)

અંધારા ખંડમાં હતો. મૂર્તિના માથા ઉપર ૭ થાંભલા હતા. તેમાં એટલાં બધાં જવાહીર જડેલાં હતાં તેમજ રત્નજડિત ઝુમ્મરો લટકાવેલાં હતાં; કે તેમાં જ્યારે દીવા પ્રગટાતા ત્યારે આખા મંડપમાં ઝળાંઝળાં થઈ રહેતું. શિવની મૂર્તિ પાંચ હાથ ઉંચી, ત્રણ હાથ ઘેરાવામાં અને બે હાથ જમીનમાં દાટેલી હતી. તે મૂર્તિને સોનાની જળાધારીમાંથી ગંગાજળનું સીંચન થયાં કરતું હતું. મૂર્તિને સ્નાન કરાવવા માટે પાંચસો ગાઉ દૂરથી ગંગાનું પવિત્ર જળ હંમેશાં આવતું હતું.

મૂર્તિ પાસેના મોટા ઘંટને બસો મણ સોનાની સાંકળ લટકાવેલી હતી. તે સાંકળને નાના મોટી અસંખ્ય ઘંટડીઓ લટકાવેલી હતી. સાંકળ હલાવવાથી બધી ઘંટડીઓનો સામટો ઘોર થઈ રહેતો. દરવાજે સુંદર કારીગરીવાળાં સુખડનાં કમાડ હતાં. આ તીર્થનો મહીમા એટલો બધો વધી ગયો હતો કે બે હજાર ગામ તો તેના નિભાવ કે ખર્ચ માટે મળ્યાં હતાં. હજારો બ્રાહ્મણો ત્યાં નિત્ય પૂજા કરતા અને જાત્રાળુઓને પૂજા કરાવતા. પાંચસો રામજણીઓ અને ત્રણસો ગવૈયા ત્યાં ગાનતાન માટે હતા. નિત્ય એટલા બધા યાત્રાળુઓ ત્યાં આવતા હતા કે તેમનાં માથાં મુંડવા માટે ત્રણસો તો હજામો ત્યાં રહેતા હતા. ગ્રહણને દિવસે શુમારે બે ત્રણ લાખ હિંદુઓ જાત્રાર્થે ભેગા થતા; અને કરોડો રૂપીઆ અને મૂલ્યવાન વસ્તુઓ ભેટ ધરતા. આથી સોમનાથના ખજાનામાં ઘણાં મૂલ્યવાન અને પાણીદાર રત્નો ભેગાં થયાં હતાં. આ પ્રખ્યાત શિવાલયનો સુલતાન મહંમૂદ ગીઝનીએ નાશ કર્યો.

સોમનાથનો ઘેરોઃ—મૂર્તિનો નાશ કરી દોલત લૂટવા અને હિંદુઓને વટાળી મુસલમાન બનાવવાના ઇરાદાથી મહંમૂદે ઇ૦ સ૦ ૧૦૨૪ માં સોમનાથ ઉપર ચઢાઈ કરી. તે મુલતાનના રસ્તે ઓચિંતો અજમેર ઉપર થઈ આવતાં ત્યાંનો રાજા ધર્મગજ ચોહાણ સામો થયો તેમાં તે મરાયો, મહંમૂદે અજમેર લૂટયું અને તે પછીથી તે અણહીલપુર ધસી આવ્યો. ભીમ તેની સાથે લડાઈની તૈયારી કરવા સારૂ કચ્છમાં આવેલા કંથકોટના કિલ્લામાં જઈ ભરાયો હતો; તેથી મહંમૂદને અણહીલપુર કબજે કરતાં અડચણ નડી નહિ, ત્યાર પછી તેણે સોમનાથને ઘેરો ઘાલ્યો. બે દિવસ સુધી કાઠી રાજાઓએ અને બ્રાહ્મણોએ ઘણું પરાક્રમ બતાવી સામી ટક્કર ઝીલી દહેરાનો બચાવ

કર્યો. ત્રીજે દિવસે મોટા લશ્કર સાથે **ભી**મદેવ પણ આવી પહોંચ્યો. એટલે રજપુતોનું જોર વધ્યું. **અફઘાનો** અને રજપુતો વચ્ચે ભારે યુદ્ધ થયું. **મહંમૂદે** જાતે પોતાના લશ્કરને ઉશ્કેર્યું અને શૂર ચઢાવ્યું. આથી બધા **અફઘાનો** સામટો ધસારો કરી રજપુતો ઉપર તૂટી પડયા, અને ઘણાને કતલ કર્યા. રજપુતો હાર્યા. **ભી**મદેવ નાશીને કંથકોટના કિલ્લામાં ભરાયો. **ભી**મદેવના હારી નાઠા પછી **સોમ**-નાથના લોકો નાહિંમત થયા, અને કિલ્લો છોડી મંદિરમાં જઈ સજળ આંખે **શિ**વને પગે પડી, વા'રે ધાવા પ્રાર્થના કરવા લાગ્યા. આવો ઉત્તમ લાગ જોઈ **મહં**મૂદના યોદ્ધાઓ નીસરણીઓ મૂકી, કિલ્લાપર ચઢી, દેવળમાં ધસી આવ્યા, **અને** દરવાજે દરવાજે મજબુત ચોકીઓ મૂકી, **મહં**મૂદ શાહજાદા અને થોડા સરદારો સાથે શિવા-લયમાં દાખલ થયો.

આ વખતે પૂજારીઓએ પગે પડી વિનંતિ કરી અને મૂર્તિને અખંડ રાખવા પુષ્કળ દ્રવ્ય આપવા માંડયું; પણ **મહં**મૂદે હું મૂર્તિઓ વેચનાર નથી પણ ખંડન કરનાર છું. એમ કહી લોઢાની મોટી ડાંગ મારી લિંગના કકડા કર્યા. કહેવાય છે કે મૂર્તિ તળેથી પુષ્કળ હીરા, માણેક, સોનું તથા સોના રૂપાના અસંખ્ય સિક્કા વગેરે અનગળ દ્રવ્ય મળ્યું. તે બધું લઈને તે **અ**ણહીલવાડ આવ્યો. ત્યાં ચોમાસું ગાળી, રણને માર્ગે પાછો ગયો; પરંતુ રણમાં રસ્તો ભૂલવાથી, પાણી અને ખોરાક ખૂટી પડવાથી તેનું લશ્કર હેરાન હેરાન થઈ ગયું. સઘળું દ્રવ્ય લઈ તે **ગી**ઝની ગયો. ત્યાં તેમાંથી તેના સરદારોને ઇનામો આપ્યાં. **દ્રવ્ય મળ્યું, પણ તેની મુસલમાન બનાવવાની ઇચ્છા પાર પડી નહિ.**

ચઢાઈઓ-સિંધ અને બુંદેલખંડ પર ચઢાઈઓ:—

(૧) **સિંધ** અને **ચેદી** અથવા **બુંદેલખંડ**ના રાજાઓ **ભીમ**-દેવને ધિક્કારતા હતા; તેથી તે તેમને દુશ્મન ગણતો હતો. માટે **ભીમે** પ્રથમ **સિંધ**ના રાજા **હુમ્મુક** ઉપર ચઢાઈ કરી. તેને હરાવી કેદ કર્યો. તેણે તાબેદારી સ્વીકાર્યાથી તેને તેનું રાજ્ય પાછું સોંપ્યું.

(૨) ત્યાર પછી **ચેદી**ના રાજા **કરણ** પર ચઢાઈ કરી. તેણે ડરી જઈને ખંડણી આપવા કબુલ કર્યું, અને મૂલ્યવાન ચીજોનું નજરાણું અને સોનાની પાલખી ભેટ આપ્યાં, આથી **ભીમ**ને સંતોષ થયો, અને તે પાછો ફર્યો. તેણે સોનાની પાલખી **સોમનાથ** મહા-દેવને ભેટ કરી.

(૩) **માળવા**માં વિદ્યાવિલાસી, વિદ્વાનોને આશ્રય આપનાર, પ્રખ્યાત **ભોજ** રાજા રાજ્ય કરતો હતો. તેને અને **ભીમ**ને અણબ-નાવ હતો. આથી જ્યારે **ભીમ**દેવે **સિંધ** પર સવારી કરી ત્યારે લાગ સાધી **માળવા**ના રાજા **ભોજ**નો સરદાર કૂલચંદ્ર ગુજરાત પર ચઢી આવ્યો. તે વખતે રાજકારભાર પ્રધાન **સાંતુ** પાસે હતો. બચા-વનાં પૂરતાં સાધનો નહોતાં. આથી કૂલચંદ્ર **અણહીલપુર**માં પેઠો અને તે લૂટ્યું. મહેલો વગેરે બાળી ઘણું નુકસાન કર્યું. જીતની એંધાણી માટે રાજ્યમહેલના દરવાજા પાસે કોડીઓ દટાવી, અને **સાંતુ** પાસે વિજયપત્ર લખાવી પાછો ફર્યો.

આ અપમાનનું વેર વાળવાનો લાગ **ભીમ** શોધતો હતો. તેવામાં **માળવા**માં દુકાળ પડ્યો. તેથી દ્રવ્ય મેળવવા **ભોજે** **તૈલં**-ગણ પર ચઢાઈ કરી. આ લાગ સાધી **ભીમે** કાશીના રાજા **કર**-ણની મદદથી **માળવા** પર ચઢાઈ કરી. લડાઈ ચાલતી હતી તેવામાં **ભોજ** મરણ પામ્યો. **કરણે** **ભોજ**ની રાજધાની **ધારાનગરી**નો ભંડાર

લૂટ્યો, પણ તે લૂટમાં તેણે **ભીમ**ને ભાગ આપ્યો નહિ. જેમ **ભોજ** દાનેશ્વરી હતો તેમ **ભીમ** બાણાવળી હતો.


માળવામાં **વિક્રમ** અને **ભોજ** રાજા ઘણા પ્રખ્યાત થયા છે, અને તેમના સંબંધી ઘણી રસિક વાર્તાઓ અને ગાથાઓ ચાલે છે.

(૪) **ભીમ અને વીસળદેવ**—મહંમૂદ ગીઝની અને તેના અફઘાન સૈન્યે હિંદુસ્તાન પર ઘણી સવારીઓ કરી ઠેકાણે ઠેકાણે ત્રાસ વર્તાવ્યો હતો, ઘણાં પવિત્ર દેવળો લૂટી તેમનો નાશ કર્યો હતો, અને કેટલોક મુલક જીતી લીધો હતો. મહંમૂદ ગીઝનીના મરણ પછી હિંદના જે ભાગો મુસલમાનોએ જીત્યા હતા. તે પાછા મેળવવા, હિંદમાંથી મુસલમાનોને હાંકી કાઢવા અને વેર વાળવા, અજમેરના રાજા **વીસળદેવ**ની સરદારી નીચે તમામ રજપુત રાજાઓએ સંપ કર્યો. તેમણે અફઘાનોને હરાવી નસાડી મૂકયા, અને તેમણે જીતેલો મુલક પડાવી લીધો. ત્યાર પછી પાછા ફરતાં આ એકસંપીમાં **ભીમ** ભળ્યો નહોતો, તેથી **વીસળદેવે** તેના પર ચઢાઈ કરી. **ભીમ** સૈન્ય લઈ સામો થયો, પણ હાર્યો અને ઘવાયો. આથી લડાઈની જગાએ વિસળનગર શહેર વસાવવું, અને કીર્તિસ્થંભ ઉભો કરવા દેવાનું કબુલ કરી પુષ્કળ નજરાણું આપી સલાહ કરી. **વીસલનગર** તે હાલનું વીસનગર, અને તે ગાયકવાડ રાજ્યના કડી પ્રાંતમાં આવેલું છે.

(૫) **ઢુંઢુરાજ અને વિમળશાહ**—આબુના પરમાર રાજાની રાજધાની ચંદ્રાવતી નગરીમાં હતી. તેના તાબામાં આબુ ઉપરનો અચલગઢ (અચલેશ્વર) હતો. અહીં ઢુંઢુરાજ રાજ્ય કરતો હતો. આબુના રાજા ગુજરાતની સત્તામાં હતા, છતાં ઢુંઢુરાજે **ભીમ**ની તાબેદારી નહિ ગણકારતાં તેના શત્રુ માળવાના રાજા **ભોજ**ના પક્ષમાં ભળ્યો. આથી ગુસ્સે થઈ **ભીમે** પોતાના પ્રધાન વિમળશાહને લશ્કર

આપી સેનાપતિ ઠરાવી આબુ પર મોકલ્યો. તેણે ધુંધુરાજને જી(
તાબે કર્યો. તેથી તેણે વિમળશાહને ચિત્રકૂટનું શિખર આપ્યું.

વિમળશાહ અને જૈન દહેરાં—એ જાતે વાણીઓ હતે



અને તે જૈનધર્મ
હતો. તેથી તે
ચિત્રકૂટ શિખરપ
દેલવાડા પાસે ઉત્ત
કારીગરીવાળાં આ
રસપહાણનાં સુંદ
જૈન દેરાસરો દ
સ. ૧૦૩૨ માં બં
ધાવ્યાં છે. તે **દેલ**
વાડાનાં દહેરાં એ
નામે મશહુર છે
તેમાં **આદિના**
ભગવાનનું દહે
ઘણું સુંદર છે. જે
આ ચિત્ર છે. એ
દહેરાં બંધાયે શુમાં
૯૦૦ વર્ષ થયાં છે
છતાં તેની કોત
રણી અને સૌંદય
જોવાને તેવાં જ
છે. હજારો જે

દેલવાડામાં **વિમળશાહે** બંધાવેલું **આદિનાથનું** દહેરું.

ઘણા પરદેશી; અને પરધર્મીઓ નિરીક્ષાર્થે ત્યાં જાય છે. વળી **વિમળશાહે** **અંબાભવાનીના** નામીચા ધામથી થોડે દૂર **આરાસુર** પહાડ આગળ તળેટીમાં કુંભારિઆ ગામ નજીક બીજાં સુંદર જૈન દેરાસરો બંધાવ્યાં છે. તે **'કુંભારિઆનાં દહેરાં'** એ નામે જાણીતાં છે. હાલ માત્ર પાંચ દહેરાં છે. દંતકથા પ્રમાણે ત્યાં ૩૬૦ દહેરાં હતાં. તે દૈવી કોપ કે જ્વાલામુખીને લીધે બળીને નાશ થયાનું કહેવાય છે. હાલ તેની નિશાની તરીકે બળેલા પત્થરો વગેરે જોવામાં આવે છે. વળી **વિમળશાહે** **શેત્રુંજા** ઉપર પણ દહેરું બંધાવેલું છે.

રાજકુમાર મૂળરાજ અને ખેડુતોઃ—મૂળરાજ ઘોડા ખેલાવવામાં કુશળ અને સ્વભાવે દયાળુ હતો. એક વખત ગુજરાતમાં વરસાદ પડયો નહિ; તેથી અનાજ પાકયું નહિ. આથી ખેડુતો રાજાને મહેસુલનો રાજભાગ ભરી શકયા નહિ; તેથી ગામના મહેતા (તલાટી)-એ તેમની માલમિલકત જપ્ત કરી, તેમને દરબારમાં રાજા પાસે રજુ કર્યા. ખેડુતો માંહોમાંહે દુઃખની વાતો આંસુ ભરી આંખે કરતા હતા. ત્યાં ફરતો ફરતો મૂળરાજ આવ્યો. તેણે ખેડુતોની બધી હકીકત જાણી લીધી. તેને જણાયું કે કેટલાકના ઘરમાં તો એક ટંકનું પણ ખાવાનું નથી. આ જાણી કુંવરનું દયાળુ હૃદય લાગણી થઈ આવવાથી પીગળી રડી ઉઠયું, અને આંખમાં આંસુ વહેવા લાગ્યાં. તેણે કોઈ પણ ઉપાયે ખેડુતોને બચાવવાનો નિશ્ચય કર્યો. તરતજ રાજા પાસે જઈ તેણે ઘોડા ઉપર બેસવાની કળાના ઘણા સરસ ખેલો કરી બતાવી રાજાને ખૂશ કર્યો, રાજાએ ઇનામ માગવા કહ્યું, ત્યારે તેણે માગી લીધું કે પેલા ખેડુતોની જે માલમતા ખૂંચી લીધી છે તે તેમને પાછી સોંપો અને તેમને છોડી મૂકો. બિચારી ગરીબ રૈયતને શા માટે દુઃખ દો છો? તેમને છૂટ આપો. પુત્રની

આવી દયાળુ લાગણી જોઈ **ભીમ**ની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં, અને ખેડુતોને તેમની જપ્તમાં લીધેલી માલમતા સર્વે પાછી સોંપી, છૂટા કર્યા. તેથી તેઓ કુંવરનાં વખાણ કરતા અને રાજી થતા ઘેર ગયા, અને કેટલાક રાજાની નોકરીમાં પણ રહ્યા. ત્યારપછી ત્રીજે દિવસે **મૂળરાજ**નો કાળ થયો. તેથી પ્રજામાં ઘણી દીલગીરી ફેલાઈ રહી.

બીજે વરસે સારો વરસાદ થવાથી સારો પાક થયો. ખેડુતો બે વર્ષનો મહેસુલનો રાજભાગ લઈ રાજાને આપવા આવ્યા. રાજાએ આગલા વર્ષનો માફ કરેલો ભાગ લેવા ના પાડી, છતાં પણ તે આપવા માટે ખેડુતોએ ઘણો આગ્રહ કર્યો; તેથી રાજાએ તેનો નિકાલ કરવાને પંચ નીમ્યું. પંચે ઠરાવ્યું કે બન્ને વર્ષનો ભાગ રાજાએ લેવો, અને તે દ્રવ્ય મૂળરાજના પુણ્યાર્થે '**ત્રિપુરુષ પ્રાસાદ**' દેવાલય બંધાવવામાં વાપરવાનું ઠર્યું. આ રકમમાંથી દેવાલય બંધાવ્યું, અને તેના નિભાવ માટે રાજાએ બીજી ઉપજ પણ કરી આપી.

રાણીઓ અને રાજકુંવરો:—ભીમદેવને **બકુલાદેવી**, ઉદયામતી અને ત્રીજી **મૂળરાજ**ની મા એ ત્રણ રાણીઓ હતી. **બકુ**લાદેવીથી પાટવી કુમાર **ક્ષેમરાજ**, **ઉદયામતી**થી **કરણ** અને ત્રીજી રાણીથી **મૂળરાજ**, એ ત્રણ કુંવરો થયા હતા.

ઉદયામતીએ **અણહીલપુર**માં વાવ બંધાવી હતી તે હજુ પણ '**રાણીની વાવ**' એ નામે પ્રસિદ્ધ છે.

તીર્થવાસ:—ભીમે ઘડપણના દિવસો તીર્થસ્થળમાં વસી ઈશ્વરભક્તિમાં ગાળવાનો ઇરાદો કર્યો. તે પાટવી કુમાર **ક્ષેમરાજ**ને જણાવ્યો. ગાદી ઉપર **ક્ષેમરાજ**નો હક હતો, પણ **ઉદયામતી** રાજાની માનીતી રાણી હતી. તેથી રાજાનો વિચાર **ઉદયામતી**ના કુંવર **કરણ**ને ગાદી આપવાનો હતો. આ વાત પાટવી કુમાર **ક્ષેમ**-

રાજે જાણી એટલે તેણે ઉદાર મન બતાવી પોતાનો ગાદી ઉપરનો હક છોડી દીધો અને તેણે રાજ્ય કરતાં ઇશ્વરભક્તિ વધારે પસંદ કરી, અને સરસ્વતી કિનારે મુંડિકેશ્વરના પવિત્ર તીર્થમાં જઈ વસ્યો. આ સ્થળ દધિસ્થળી કે દેથળીની પાસે છે.

આ પ્રમાણે ક્ષેમરાજે રાજ્ય લેવા ના પાડી. આથી ભીમદેવ બીજા કુંવર કરણને રાજ્ય સોંપી તીર્થસ્થળે જઈ રહ્યો. સૌથી નાનો કુમાર મૂળરાજ તો ભીમદેવની હયાતીમાં જ મરણ પામ્યો હતો.

૩૦ કરણ. (૧૦૭૨-૧૦૯૪-૨૨)

ક્ષેમરાજે ગાદીનો હક છોડી દીધો, તેથી કરણને રાજ્ય મળ્યું. તેણે ક્ષેમરાજના કુંવર દેવપ્રસાદને દધિસ્થળી અથવા દેથળી બક્ષીસ આપ્યું, કે જેથી તે ત્યાં રહી તેના પિતા ક્ષેમરાજ જે મુંડિકેશ્વર તીર્થમાં વસ્યા હતા, તેમની સેવાચાકરી કરી શકે.

લુટારાનો નાશઃ—મહી નદી કાંઠે વસતા મહેવાસી કોળી, ભીલ વગેરે લોકોનું બહુ જોર વધી ગયું હતું, અને તેઓ ગુજરાતના રાજાને ગાંઠતા નહોતા; અને લૂટફાટ કરી રૈયતને હેરાન કરતા હતા; અને લુટારાનો ધંધો કરતા હતા. તેમની પાસે તેમની જાતનાં મોટાં ટોળાં હતાં. કરણે તેમને વશ કર્યા.

ધંધુકામાં ધનમેર કોળી સરદાર હતો, જેની પાસે આઠ હાથીની સમૃદ્ધિ હતી. અમદાવાદ પાસે હાલ અસારવા ગામ છે ત્યાં આસાવળ કે આસોપલ્લીમાં આશો ભીલ સરદાર એક લાખ લુટારા સાથે વસતો હતો. તેમને વશ કરવા માટે કરણે ધોલકામાં પડાવ નાખી, ધોલકા આસપાસના મહેવાસીઓને વશ કર્યા અને ધનમેર, આશા ભીલ વગેરે ઉપર ઓચિંતો હલ્લો કરીને તેમને ઠેર કર્યા; આથી બીજા

લુટારાનું જોર નરમ પડયું, અને શાંત પડી ગયા, અને લુટફાટ, ચોરી, ધાડ એ સર્વ નાબુદ થયાં.

લોકોપયોગી કામો:—કરણને બીજાં રાજ્યો સાથે લડાઈઓ નહિ થયાથી રાજ્યનું દ્રવ્ય લોકોપયોગી બાંધકામોમાં ખરચાયું.

પાટણમાં તેણે કરણમેરુનું દેવળ બંધાવ્યું હતું.

કરણે **આશાપલ્લી** જીત્યું અને **આશાભીલ**ની પુત્રી કે જે દેવપ્રસાદને વરી હતી. તેને તેના બાપનું રાજ્ય સોંપ્યું હતું. **આશાપલ્લી**—**આશાવળ** આગળ કરણને સારા શુકન થયા હતા. તેથી ત્યાં તેણે કોચરબ માતા અને **જયવંતી** દેવીનાં દહેરાં બંધાવ્યાં; અને **સાભ્રતી**રે કરણાવતી નગર વસાવ્યું,* અને ત્યાં વસવાનું પસંદ કર્યું, તેમાં વાવ, કુવા, તળાવ, બાગબગીચા, રૈયતના ઉપયોગ માટે ઘરો અને મહેલો વગેરે બંધાવ્યાં હતાં.

મોઢેરા જે **પાટણ**થી આઠ ગાઉ દૂર છે. તે ગામમાં પણ કરણસાગર તળાવ અને કેટલાંક દેવાલયો બંધાવ્યાં હતાં. કરણસાગર તળાવમાં રૂપેણ નદી વાળી લીધી હતી. ત્યાં સો વર્ષ ઉપર ભારે

---

* હાલ અમદાવાદ શહેરની દક્ષિણે રણમુક્તેશ્વર શિવાલય પાસે આ શહેરનાં ખંડેર જોવામાં આવે છે.

કરણાવતી વસાવ્યાના સંબંધમાં કહેવાય છે કે કરણ નગર વસાવવા માટે જગા પસંદ કરવા નીકળ્યો ત્યારે તેના શિકારી કુતરા પાછળ સસલાં પડયાં, તેથી કુતરો સાભ્રમતીમાં પડીને નાઠો. કરણે તરવારનો ઘા સસલા ઉપર કર્યો તે પાણીમાં ગયો; તેથી તરવારનું ધારવાળું પાનું ઓગળી ગયું. ભોમીઆએ કહ્યું કે આ જગાનું પાણી એવું છે કે લોઢું પણ હજમ થઈ જાય, જગા એવી બળવાન છે કે સસલાં કુતરાને હંફાવે. આથી કરણે અહીં કરણાવતી વસાવ્યું હતું.

રેલ આવી હતી ત્યારે તેની પાળો તૂટી ગઈ હતી. આજે તેનું નામ-નિશાન પણ રહ્યું નથી. વળી ગીરનાર ઉપર દેવળ બંધાવ્યું હતું, જે હાલ કરણવિહાર કહેવાય છે. આ સિવાય તેણે ઘણાં શિવાલયો બંધાવ્યાં હતાં.

મીનલદેવી સાથે લગ્ન—દક્ષિણમાં ચંદ્રનગર અને કર્ણાટક દેશના રાજા **જયકેશીને મયણલ્લદેવી** કુંવરી હતી. તે વયે મોટી થયા છતાં, તેનાં લગ્ન થયાં નહોતાં. મનગમતો વર મળશે તોજ લગ્ન કરીશ એમ કુંવરી કહેતી. એક રાત્રે સ્વપ્નમાં એક પુરુષ સાથે લગ્ન કર્યાં. તે વાત સવારે પિતાને કરી. સ્વપ્નમાં વરેલો પતિ મેળવવા અને સ્વપ્નમાં બનેલા બનાવની કરણની છબી પોતે આબેહુબ ચીતરી તે સાથે પોતાની છબી પણ પોતાને ઘણીજ રૂપવાન ભૂલથાપ ખવરાવાય તેવી ચીતરી. રાજા **જયકેશીએ** તે છબીઓ આપી ગોર તથા બારોટને સ્વપ્નમાં વરેલા રાજાની શોધ માટે મોકલ્યા. તેઓ **અણહીલપુર** આવ્યા. રાજા **કરણ** સાથે તે છબી મળતી આવવાથી તેઓ **કરણને** મળ્યા. સર્વ હકીકતથી વાકેફ કર્યા, છબી બતાવી. છબીમાં કન્યાનું સુંદર રૂપ જોઈ કરણે લગ્ન કર્યું. છબીમાં આલેખ્યા પ્રમાણે **મીલનદેવીનું** રૂપ નહોતું. પણ તેણે પોતાને બહુજ સ્વરૂપવાન આલેખીને રાજાને ભૂલથાપ આપી હતી. કરણે લગ્ન પછી રાણીને જોઈ ત્યારે જણાયું કે તેનામાં રૂપ તો કંઈજ નથી; પરંતુ કદરૂપી છે. આથી તેનો ત્યાગ કર્યો, અને જુદા મહેલમાં રાખી. **મીલનદેવીને** આથી બહુજ દુઃખ થયું. તેણે અગ્નિપ્રવેશ કરી દેહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. રાજમાતા **ઉદયામતીએ** તેમ કરતાં તેને અટકાવી, અને તેનો સંસારવ્યવહાર સુધારવા માટે આશા આપી.

એક વેળા કાશ્મીરી નટી **નમુંજાલા અણહીલપુર** આવી. તેના

સંગીત, અને નૃત્યથી કરણ બહુજ ખૂશ થયો, તે સાથે પ્રેમમાં પડયો. અને રાત્રે એકાન્તમાં તેને મળવાનો સંકેત કર્યો. આ વાત પ્રધાન મુંજાલ અને રાજમાતાની જાણમાં આવી. આ અધર્મ થતો ટાળવા માટે તેમણે તે નટીને પુષ્કળ દ્રવ્ય આપી, સમજાવીને પાટણમાંથી દૂર નસાડી મૂકી; અને તેના બદલે તે નટીના વેશમાં મીનલદેવીને મોકલી દીધી. મીનલદેવીએ રાજાને સંગીત અને શેતરંજ રમવાની ચતુરાઈથી બહુજ ખૂશ કર્યો, અને પ્રેમની નિશાનીમાં રાજા પાસેથી એક વીંટી મેળવી. પાછળથી પરસ્ત્રીગમનના પાપકર્મ માટે કરણને બહુજ પસ્તાવો થયો. વખત જતાં સાચી વાત બહાર આવી. રાજાને જણાયું કે તેનામાં રૂપ તો નથી, પણ સદ્‌ગુણો ઘણા છે. આથી રાણી સાથે પ્રીતિ બંધાઈ. રાજાને શેતરંજ રમવાનો શોખ હતો. રાણી શેતરંજ રમવામાં હોશિયાર હતી, તેથી તેમની પ્રીતિમાં વધારો થયો.

સિદ્ધરાજનો જન્મ અને રાજ્યાભિષેક—**મી**નલદેવીને પેટે ઈ. સ. ૧૦૯૧ માં **પાલણપુરમાં** હાલ જ્યાં **પાતાળેશ્વરનું** શિવાલય છે ત્યાં મહાપરાક્રમી કુંવર સિદ્ધરાજ જયસિંહદેવ*નો જન્મ થયો. કુંવર ત્રણ વર્ષનો થયો ત્યારે રમતો રમતો રાજગાદી ઉપર બેસી ગયો. આ સમય રાજ્યાભિષેક માટે ઉત્તમ છે એમ જણાયાથી તેણે સિદ્ધરાજને રાજ્યાભિષેક કરાવ્યો, અને તેને ગાદી બેસાડયા પછી કરણ કરણાવતીમાં જઈ રહ્યો, ત્યાં તેનો થોડા વખત પછી કાળ થયો.

૩૧ કચ્છમાં ઝાલાઓનો સરદાર કેસર મકવાણો.

મુસલમાનો હિંદમાં આવ્યા તે પહેલાં જુના હિંદુરાજ્યના સમયમાં ગુજરાતમાં ઝાલા રજપુતોની મોટી જાત હતી. તેમનો

---

* મયણુલ્લદેવી સગર્ભા થઈ તેવામાં તેણે સ્વપ્નમાં જોયું કે 'જાણે મોંમાં સિંહ પેઠો' આ પરથી સિદ્ધરાજનું નામ જયસિંહદેવ રાખ્યું હતું.

પ્રદેશ હાલ ઝાલાવાડ નામે જાણીતો છે. તેનો જુનો રાજા કેસર મકવાણો અતિ પ્રખ્યાત રાજા થયો છે.

કચ્છમાં કીર્તિ-કિરંતિગઢમાં વિહિઆસ મકવાણો નામે બહાદુર સરદાર તેના બાપદાદાનું રાજ્ય કરતો હતો. તે જ્યારે મરણશય્યાએ સૂતો સૂતો નીસાસા મૂકતો હતો, પણ તેનો જીવ જતો ન હતો.' તે સમયે તેના નાના કુંવર કેસરે પૂછ્યું, 'પિતાજી, તમારો જીવ કેમ જતો નથી?' તેણે જવાબ વાળ્યો કે 'સામઈયા નામે સુંદર નગરમાં મારો શત્રુ હમીર સુમરો (બીજો)રાજ્ય કરે છે. તેની પાસે પુષ્કળ ઊંટ અને ઉત્તમ ઘોડા છે. મારી ઇચ્છા તેની સાથે લડવાની છે, પણ હું તેમ કરી શકતો નથી. તમારામાંથી કોઈ તેના સુંદરમાં સુંદર દૂધમલિયા વછેરા–ઘોડા સવાસો લાવીને મારા તેરમાને દિવસે ભાટચારણોને આપે તો મારો જીવ સુખે જાય.' આ વેળા તેના ભાઈ, ભત્રીજા સર્વે પાસે બેઠા હતા તેમાંથી કોઈએ કંઈ કહ્યું નહિ. ત્યારે કેસર જે બધા કરતાં નાનો હતો, તે આગળ આવ્યો. તેણે પિતાના હાથમાં જળ મૂક્યું અને અંતસમયની ઇચ્છા પાર પાડવાનું વચન આપ્યું એટલે તે વૃદ્ધ સરદાર વિહિઆસ શાંતિમાં દેવલોક પામ્યો.

મરણક્રિયા પુરી થઈ એટલે કેસરે શોક મૂકી દઈ બકતર સજ્યું, ભાયાતોને સામઈયે સાથે આવવા બોલાવ્યા. તેઓ સારી પેઠે સમજતા હતા કે હમીરના ઘોડાનું હરણ કરતાં ભારે જંગ મચશે. તેથી 'તારી સાથે કોણ જીવ ખોવા આવે.' એમ કહી કોઈ તૈયાર થયું નહિ. કેસરે તેમની પરવા નહિ કરતાં પોતાના બાહુબળ પર વિશ્વાસ રાખ્યો. તેના હાથ લાંબા અને છેક ઢીંચણની નીચે પહોંચતા હતા. હાથમાં સવામણનો લોઢાનો ભાલો અને ધનુષ્યબાણ ધારણ કરેલાં હતાં. તેનો ઘોડો મજબુત અને ગરુડ જેવો વેગવાન્ હતો. તે

એકલો હમીરના દેશમાં સામઇયા જઈ પહોંચ્યો, ત્યાંથી વછેરા લાવી તે ભાટચારણોને વહેંચી આપ્યા, અને પોતાનું વચન પાળ્યું.

હમીર હવે તેનાપર હુમલો કરશે એમ ધારતો હતો, પણ તે આવ્યો નહિ. કેસરને જોશીથી જણાયું કે 'હવે મારૂં મોત ઢુંકડું આવ્યું છે. તેથી ઘરના ખુણે બેઠા મરૂં તેના કરતાં તો બહાદુર રજપુતની પેઠે શુરાતનથી લડાઈમાં લડીને મારે મારૂં નામ અમર રહે તેમ પરાક્રમ બતાવી મરવું જોઈએ.' એવો તેણે નિશ્ચય કર્યો, અને ફરીને તે થોડાં માણસો સાથે સામઈયે ગયો અને હમીરની સાતસેં સાંઢો* એની નદીની તીરે ચરતી જોઈ તે હરી લાવી ભાટોને આપી દીધી. તોપણ હમીરની સેના સામઈયેથી ચઢી આવી નહિ ત્યારે કેસર ત્રીજીવાર બહારવાટે નીકળ્યો. તે વેળા દશેરા પર્વનો ઉત્સવ હતો. તેથી હમીરની દીકરીઓ વગેરે ૧૨૫ સુમરૂવંશની સુમરીસ્ત્રીઓ રથમાં બેસી સહેલ કરવા નીકળી હતી. કેસર તેમના રથ હંકાવી હરી ગયો.

હમીરે પોતાનો પ્રધાન મોકલી કહેવરાવ્યું કે 'એ સ્ત્રીઓ તો હમીરની દીકરીઓ અને સ્ત્રીઓ છે માટે તેમને સાસરવાસા કરી પાછી મોકલો.' ત્યારે કેસરે તે વાતને હસી કાઢી કહ્યું કે એ તો હવે અમારી પત્નીઓ થઈ છે. શું અમે અમારી પત્નીઓ આપી દઈશું ?'

કેસરે કીર્તિગઢ પાછા આવી તેણે પોતા માટે ચાર સુમરીઓ રાખી બાકીની ભાયાતોને એકેક પત્ની તરીકે વહેંચી આપી. તેથી કેસરને સુમરીઓના પેટના ૯ કુંવરો થયા અને બીજા ભાયાતોને થયા.

---

* ઊંટને સામટાં હોરી જવાની રીત એમ છે કે ગમે તેના લોહીમાં લુગડું પલાળી, લાકડીની ટોચે બાંધી, સર્વે ઊંટ દેખે તેમ ઊંચી રાખી હોરનાર જ્યાં દોડતો જાય ત્યાં તેની પછવાડે આખું ટોળું પણ દોડતું જાય.

ત્યારપછી હમીરે દૂત મોકલી કહાવ્યું કે 'તારી સાથે લડવાની મારી ઇચ્છા તો છે, પણ તારો દેશ અને કીર્તિગઢ ખારાપાટમાં ભેજવાળો મુલક છે તેથી મારી સેનાને ખાવાનું ક્યાંથી મળે? કેસરે કહેવરાવ્યું કે 'તેની સંભાળ હું જાતે રાખીશ. તમારી સેના માટે ૧૦૦૦ વીઘાં લીલા ઘઉં વવરાવું છું.' હમીર કીર્તિગઢ આવ્યો, લડાઈ ચાલી તેમાં ઘણા રજપુતો મરાયા. કેસરે દરેક યુદ્ધમાં અગ્રેસર ભાગ લીધો હતો. આખરે કેસર તેના ભાઈ ભત્રીજા અને કુંવરો સાથે રણમાં પડયો. કીર્તિગઢનો નાશ થયો. તેથી સુમરી સ્ત્રીઓ તેમના ધણીઓ સાથે સતી થઈ. માત્ર કેસરનો હરપાળ નામે કુંવર બચ્યો.

૩૨ હરપાળ મકવાણો–તેણે ગુજરાતનાં ૨૦૦૦ ગામ શી રીતે મેળવ્યાં.

કેસર મકવાણાના* મરાયા પછી તેના કુંવર હરપાળે તેના મસિઆઈ ભાઈ ગુજરાતના રાજા કરણનો અણહીલપુર પાટણમાં આશ્રય લીધો. ત્યાં તેનો સારો આદરસત્કાર થયો.

હરપાળ તેના બાપના જેવોજ શૂરવીર અને તેનો ભાલો તેના બાપના જેવોજ ભારે હતો. તે કરણ માટે ઘણી લડાઈઓ લડયો હતો, અને કેટલાક શત્રુઓને હરાવ્યા હતા. બાઅરોભૂત કરણને બહુ

---

* કેસર મકવાણાને હરપાળ સિવાય વિજયપાળ તથા શાન્તાજી એ બે કુંવરો હતા તે પણ હરપાળ સાથે ગુજરાતમાં આવ્યા હતા. વિજયપાળના વંશજો મહીકાંઠામાં ઈલોલમાં અને શાન્તાજીના વંશજો કટોસણ વગેરેના મકવાણા તાલુકદારો આજે પણ છે.

કેટલાક કરણ વાઘેલો ધારે છે; પરંતુ રાસમાળામાં પૃષ્ઠ ૧૫૩. ૧૫૪ અને ૫૪૦ની ફુટનોટમાં ખુલાસો કર્યા પ્રમાણે સમય જોતાં આ વાત કરણ સોલંકીને વધારે બંધબેસતી આવે છે.

નડતો હતો, તે કર્ણની માનીતી રાણી ફૂલાદેવીના અંગમાં ભરાયો હતો. હરપાળે તેના પર હલ્લો કરી તેને નિરુપાયે કર્યો અને તેની પાસે નડતર નહિ કરવાનો અને જ્યારે હરપાળને જરૂર પડે ત્યારે મદદ કરવાનો કોલ લીધો. હરપાળે એક બળવાન, શાણી સ્ત્રી શક્તિદેવીને પણ વશ કરી લીધી અને તેની સાથે લગ્ન કર્યું. શક્તિદેવી સાક્ષાત્ શક્તિનો અવતાર છે અને તેની પાસે જાદુઈ બળ છે એમ લોકો કહેતા હતા.

એક દિવસે કરણ સભામાં બેઠો હતો ત્યાં હરપાળ સામો આવી ઉભો રહ્યો. કરણે તેને કહ્યું, 'તેં મારૂં કામ કર્યું તેના બદલામાં તારી નજરમાં આવે તે માગી લે.' તેણે કહ્યું કે 'એક રાતમાં જેટલા ગામે ગાગરબેડિયું મૂકું અને તોરણ બાંધું તેટલાં ગામ મને આપો.' ગામ છૂટાંછવાયાં છેટેછેટે થોડાં હતાં તેથી કરણે ધાર્યું કે થોડાંક ગામ આપવાં પડશે. આથી હરપાળને તેના માગ્યા મુજબનું વચન મોંએ આપ્યું તેમજ લેખ પણ કરી આપ્યો.

હરપાળે ઘેર જઈ સર્વ હકીકત શક્તિદેવીને કહી સંભળાવી, રાત્રે નવ ઘડી રાત જતાં તેઓ ઘેરથી નીકળ્યાં. હરપાળે ગાગરબેડિયાં મૂકયાં અને શક્તિદેવીએ તોરણ બાંધ્યાં. પહેલું તોરણ પાટડીએ બાંધ્યું અને પછી તેના તાબાનાં બીજાં છસો ગામે બાંધ્યાં. બાબરોભૂત પણ તેની સેનાસહિત આ કામે લાગ્યો હતો. ચાર ઘડી રાત રહી એટલે ૨૦૦૦ ગામે તોરણ બાંધીને તેઓ પાછાં આવ્યાં. સવારે કેટલાં ગામે તોરણ બંધાયાં તે તપાસવાને રાજાએ વેગવાળી સાંઢણી પર પ્રધાનને મોકલી યાદી કરાવી, તો ૨૦૦૦ ગામે તોરણ બાંધેલાં જણાયાં. કરણે એ બધાં ગામો હરપાળને બખ્શિશ કર્યાં.

કરણને આમ ૨૦૦૦ ગામ* આપવાં પડયાં. તેથી તેનું મોં ઉતરી ગયું. રાણીએ હરપાળ પાસે ૨૦૦૦ ગામ ગયાના સમાચાર રાજાથી જાણ્યા. તેથી રાણીએ તેમાંથી કેટલાંક પાછાં મેળવી આપવાનું કહી રાજાને શાન્ત પાડયો. રાણી હરપાળને ભાઈ કહી બોલાવતી, અને રક્ષાબંધન કરતી. રજપુતોમાં જુનો રિવાજ હતો કે કોઈ સ્ત્રી રક્ષાબંધન માટે કોઈને ભાઈ ગણી પસંદ કરે, અને તેણે પોતે કદાચ પોતાની બે'નને કદી પણ જોઈ ન હોય તેમ છતાં પણ તેનું રક્ષણ કરવાની તેની ફરજ કંઈ ઓછી થતી નથી. તે સ્ત્રીને ભાઈ તરીકે મદદ કરવા તે બંધાએલો છે. સ્ત્રી જ્યારે તેને રક્ષા મોકલે ત્યારે તે તેને ખુશીથી મદદ કરતો, અને તેમ કરવામાં જો જીવ ખોવો પડે તો તેની પણ તે પરવા કરતો નહિ. તેથી કરણની રાણી રથ જોડાવી હરપાળ પાસે કાપડું લેવા ગઈ. હરપાળ તેને પોતાની હવેલીમાં તેડી ગયો અને બોલ્યો, 'બે'ન તમે શા કામે આવ્યાં છો? હું તમારૂં શું ભલું કરૂં?' તે બોલી, 'ભાઈ, હું ભાઈ-પસલીમાં તમને છાજે તેવું કાપડું લેવા આવી છું.' આથી હરપાળે

---

* હરપાળને ૨૩૦૦ ગામ મળેલાં તેમાંથી તેણે કરણની રાણીને પાંચસો કાપડામાં આપ્યાં તે જતાં ૧૮૦૦ ગામ રહ્યાં હતાં, તેમાંથી તેણે પાટડીમાં ગાદી કરી હતી. તેના કુંવરો સોઢોજી (ઇ.સ, ૧૧૩૦ ૧૧૬૦) પાટડીમાં, માંગોજી લીંબડીમાં, શેખરોજી. આવડજી-કાઠીમાં ભળ્યા, ખોડોજી, જોગોજી, રાણોજી, બાપુજી એના વંશજ મોલેસલામ થયા તેઓ લાલના માંડવામાંથી પુનાદરા, ખડાલ, ડાભા અને રમાસના તાલુકદારો થયા, અને હવે તેઓ પોતાને ઠાકોર કહેવરાવે છે,

\+ આજે હરપાળના વંશજ ઝાલા કહેવાય છે, તેઓ ધ્રાંગધ્રા, વાંકાનેર, લીંબડી, વઢવાણ, ચુડા, સાયલા, લખતર વગેરેના રાજ્યકર્ત્તા છે, ઝાલા પરથી ઝાલાવાડ નામે ઓળખાય છે. (રાસમાળા પુ. ૧ પૃષ્ઠ ૧૫૩-૧૫૪)

ઉદાર રજપુતને છાજે તેમ પાંચસેં ગામનું ભાલ પરગણું કાપડામાં આપ્યું.

હરપાળને શકિતદેવીથી સોઢો. માંગો અને શેખરો કુંવરો અને ઉમાદેવી કુંવરી થઈ. એક દહાડો **શકિતદેવીના** કુંવરો હવેલીના આંગણે રમતા હતા. તેવામાં રાજાનો હાથી છૂટી આવ્યો; એટલે **શકિતદેવીએ** ઝરૂખામાંથી હાથ આગળ કહાડી કુંવરો ઝાલી લીધા. તેથી તેઓ **ઝાલા** કહેવાયા.

૩૩ સિદ્ધરાજ જયસિંહ (૧૦૯૪–૧૧૪૩=૪૯)

દેખાવઃ—સિદ્ધરાજ ડીલે પાતળો, છતાં દેખાવડો, ધાટીલો અને કદાવર હતો. તેના હાથના પોંચા કાંડા સુધી શામળા હતા.
મીનલદેવીનો રાજકારભારઃ—સિદ્ધરાજ બાળક હોવાથી તેના મામા **મદનપાળના** હાથમાં રાજસત્તા હતી. તેના જુલમથી પ્રજા ત્રાસી ગઈ, તેથી થોડા વખતમાં જ તેના જ સિપાઈઓ પાસે **સાંતુ** પ્રધાને તેને મારી નખાવ્યો. ત્યાર પછીથી **મીનલદેવીએ** પોતે રાજસત્તા હાથમાં લીધી. તેણે **સાંતુ, મુંજાલ, ઉદયન** એ પ્રધાનોની સહાયતાથી ઘણી સારી રીતે રાજકારભાર ચલાવ્યો. રાણી **મીનલદેવી** બહુ ડાહી અને હોશિયાર હતી. તેણે **સિદ્ધરાજને** ઉંચા પ્રકારની કેળવણી આપી હતી, અને તેના જ્ઞાનમાં વધારો થાય, અને રૈયતનાં સુખદુઃખ જાતે અનુભવે માટે તે બાળરાજાને લઈ ગુજરાતમાં મુસાફરી કરવા નીકળતી, અને જુદાં જુદાં સ્થળો બતાવી,, લોકસ્થિતિથી વાકેફ કરી, ચતુર બનાવવા ઇચ્છતી, તેમજ જાતે ફરી લોકોની અડચણો નજરે જોઈ, ફર્યાદો સાંભળી, તે દૂર કરવા બંદોબસ્ત કરતી. તેણે લોકોના સુખ માટે **વીરમગામમાં મીનલસર** હાલ **મુનસર** અને **ધોલકામાં મલાવ** તળાવ એ બંધાવ્યાં હતાં.

મલાવ તલાવ વિષે એવી વાત ચાલે છે, કે જે સ્થળે એ તળાવ બંધાવવું હતું. તેના એક ખુણા પર એક ગુણકાનું ઘર હતું. તે જમીન જો લેવાય તો જ તળાવનો આકાર સુંદર બને, નહિ તો તેનો આકાર કઢંગો થાય; તેથી રાણીએ તે ઘર મોં માગ્યું પુષ્કળ દ્રવ્ય આપવા કહી વેચાતું માગ્યું, છતાં પણ બાઈએ તે આપવાની ના પાડી. તેને ઘણી સમજાવી, પરંતુ તેણે કહ્યું, કે 'તળાવ બંધાવવાથી રાણીની જેટલી નામના થશે તે સાથે તેટલીજ મારી નામના ઘર આપવાની ના પાડવાથી થશે.' રાણી ધારત તો તે જોર-જુલમથી લઈ શકત; પરંતુ ભલી અને ન્યાયી રાણીએ કોઈપણ પ્રકારે રૈયતની લાગણી દુખાય નહિ એમ સમજીને તેમ નહિ કરતાં ખાંચો પાડીને તળાવ બંધાવ્યું અને ગુણકાનું ઘર કાયમ રખાવ્યું. આથી **મીનલદેવીની** કીર્તિ ઉલટી વધી અને વાહવાહ કહેવાઇ. આ બનાવ બન્યો ત્યારથી હાલ પણ લોકોમાં કહેવત ચાલે છે કે '**ન્યાય જોવો હોય તો મલાવ તલાવ જુઓ**'

સોમનાથનો જાત્રા વેરો માફ કર્યો:—સિદ્ધરાજ પાકી વયનો થયો ત્યારે **મીનલદેવી** તેની સાથે **સોમનાથની** જાત્રાએ ગઈ હતી. ગુજરાત અને કાઠિઆવાડની સરહદ પર ધોલકાથી આશરે વીસ માઈલપર **ભોલાદ** ગામે પડાવ કર્યો. **ભોલાદમાં સોમેશ્વર** જતા જાત્રાળુઓ પાસે જાત્રાવેરો* લેવાતો હતો. આ વેરો ઘણા ગરીબ લોકો નહિ આપી શકવાથી તેમને અહીંથી આગળ જવા દેવામાં આવતા નહિ; તેથી તેઓ નિરાશ થઈ નિસાસો નાખી પાછા ફરતા હતા. આ બનાવ જોઈ દયાળુ રાણીને બહુ લાગણી થઈ આવી. તેણે

*** ભોલાદમા જ્યાં જાત્રાવેરો લેવાતો તે જગા હાલ પણ 'હાણીનો આરો' એ નામે ઓળખાય છે.**

યાત્રાળુઓને પડતી બધી અડચણો સિદ્ધરાજને નજરોનજર, બતાવી. અને વિનંતી કરી કે 'જો તારૂં મારા ઉપર ખરેખરૂં હેત હોય તો આ કર માફ કરી વગર હરકતે લોકોને જાત્રા કરવા દેવાની છૂટ આપ.' આથી સિદ્ધરાજે બોલાદ વહીવટદારથી તપાસ કરાવી, તો જાત્રાળુ વેરાની વાર્ષિક બોતેર લાખ રૂપીઆની ઉપજ માલમ પઠી, છતાં વહાલી માને ખૂશ કરવા અને તેનું વચન પાળવા ખાતર તેણે આટલી મોટી ઉપજનો સોમેશ્વરનો યાત્રાવેરો માફ કર્યો.

માળવાના રાજા યશોવર્મા ઉપર ચઢાઈ—સિદ્ધરાજ નાની વયનો હતો ત્યારે સોમનાથની યાત્રાએ ગયો હતો તે પ્રસંગનો લાભ લઈ માળવાના રાજા યશોવર્માએ અણહીલપુર પર ચઢાઈ કરી. પ્રધાન સાંતુએ શત્રુને વગર લડે ધન આપી પાછો કાઢ્યો. આ નાલાસી ભરેલી ખબર સિદ્ધરાજને પડતાં તે અત્યંત ક્રોધે ભરાયો. તરતજ તેણે માળવા પર ચઢાઈ કરી. રાજધાની ધારાનગરીને બાર વર્ષ સુધી ઘેરો ઘાલી પડાવ નાખ્યો, પણ તેમાં ફાવ્યો નહિ. લાગ મળતાં દક્ષિણ દરવાજે હલ્લો કરતાં હાથી અને ઊંટની લડાઈ કરાવી હાથી પાસે ધક્કો મરાવી તે દરવાજો તોઢી પાઠી, ધારાનગરીમાં પેઠો. યશોવર્મા ઘણી બહાદુરીથી લડ્યો, પણ તે હાર્યો અને કેદ પકડાયો. સિદ્ધરાજે ધારાનગર લૂટયું અને યશોવર્માને રાજ-કેદી તરીકે રાજાની પેઠે છૂટ આપી કેદમાં રાખ્યો હતો. ત્યાંથી તે દગાથી નાસી છૂટયો. આથી સિદ્ધરાજ વધારે ક્રોધે ભરાયો. તેને શોધી કાઢી કેદ પકડ્યો, અને લાકડાના પાંજરામાં પૂરી પાટણ આણ્યો. સૌ દેખતાં તેને લશ્કર સાથે ફેરવ્યો, અને માળવા દેશ કબજે કર્યો; પાછળથી ઉદાર મન બતાવી સિદ્ધરાજે તેને છોડી મૂક્યો, અને તેને માળવાની ગાદી પાછી સોંપી.

સિદ્ધરાજ અને ગામડીઆ લોકઃ—સિદ્ધરાજે માળવા જીત્યું તે પછી તે ત્યાં જતો આવતો હતો. તેણે એકવાર માળવા જતાં સાથે લીધેલો રાજરથ કે જે એટલો બધો મોટો હતો કે તે પહાડી રસ્તામાં લઈ જવાય તેમ નહોતું; તેથી વારાહીમાં પડતો મૂકી, ત્યાંના લોકોને માળવાથી પાછા ફરતાં સુધી સાચવવા સોંપ્યો. તે મોટો હોવાથી ઘરમાં રહે તેમ નહોતું અને જો બહાર રાખે તો કોઈ ચોરી જાય તો રાજાને શો જવાબ દેવો. એમ વિચારી લોકોએ રથના કકડા કરાવ્યા અને ઘરદીઠ એકેક કકડો સાચવવા વહેંચી લીધો, સિદ્ધરાજ માળવાથી વારાહી પાછો આવ્યો, અને લોકો પાસે રથ માગ્યો. લોકોએ અકબંધ સાચવી રાખેલા રથના કકડા રજુ કર્યા. સુંદર રથના આવી રીતે કકડા કરેલા જોઈ સિદ્ધરાજ ઘણો ગુસ્સે થયો; પરંતુ વારાહીના ગામડીઆઓએ મુર્ખાઈથી નુકસાન કર્યું છે. તેમાં તેમનો દોષ નથી એમ સમજી 'વારાહીના બણુચક' કહી ગુસ્સો શાન્ત પાડયો.

૨ સિદ્ધરાજનો મુકામ ઉંઝામાં હતો; ત્યારે ત્યાં ત્યાંના કણબી લોકો તંબુએ મળવા આવ્યા. તેમને રાજાના સિપાઈઓએ અટકાવ્યા છતાં નહિ ગણકારતાં તેમના રિવાજ મુજબ રાજાના ઢોલીઆ ઉપર ચઢી બેઠા. સિદ્ધરાજે ત્યાં તંબુમાં આવતાં આ જોયું, પણ શાંત રહી તેમને મળ્યો.

સિદ્ધરાજ અને રા'ખેંગારઃ—જુનાગઢના રાજા રા'નવઘણે ઉમેટાના રાજાને મારી નાખવો, ભોંયરાનો કોટ તોડી પાડવો, પાટણનો દરવાજો તોડી પાડવો, અને એક ભાટે તેની મશ્કરી કરી હતી. તેથી તેના ગાલ ફાડી નાખવા, એ ચાર પ્રતિજ્ઞાઓ લીધી હતી;

પરંતુ મરણ પર્યંત તેમાંની એકે પાર પડી નહોતી; તેથી અંતકાળ વખતે તેણે પોતાના ચારે કુમારોને બોલાવી કહ્યું કે મેં લીધેલી ચારે પ્રતિજ્ઞાઓ પાર પાડવાની જો કબુલાત આપો તો મારો જીવ ગતે જાય. તેથી ત્રણ કુમારોએ એકેક કામ કરવાનું માથે લીધું, જ્યારે સૌથી નાના કુમાર રા'ખેંગારે પોતેજ ચારે કામ કરવાનું વચન આપ્યું, અને પ્રતિજ્ઞા લઈ બાપના હાથમાં જળ મૂક્યું, એટલે રા'નવઘણે જુનાગઢનું રાજ્ય રા'ખેંગારને સોંપી દેહ છોડયો. રા'ખેંગાર મહાશૂરવીર અને સાહસિક હતો. ગાદી બેઠા પછી ભોંયરે આવી તેનો કિલ્લો તોડી પાડયો, અને ત્યાંના રાજાને મારી નાખ્યો. ઉમેટા જઈ હંસરાજ મહીડાને કતલ કર્યો. સિદ્ધરાજે માળવા ઉપર ચઢાઈ કરી ત્યારે તે વખતનો જોગ સાધી ખેંગારે પાટણ ઉપર ચઢી આવી પાટણની પૂર્વનો દરવાજો તોડી પાડયો, અને પાછા ફરતાં સિદ્ધરાજ સાથે વિવાહ કરેલી રાણકદેવીને હરી જઈને પરણ્યો. તેનાં આવાં સાહસિક અને બહાદુરી ભરેલાં કામથી તેના બાપની મશ્કરી કરનાર પેલા ભાટે તેનાં ઘણાં વખાણ કર્યાં. તેથી ખેંગારે તેને બોલાવી તેનાં મોંમાં એટલાં બધાં હીરા મોતી ભર્યા કે પાસે બેઠેલા લોકો બોલી ઉઠયા કે, 'અરે, એના ગાલ ફાટી ગયા!' ત્યારે રા'ખેંગારે કહ્યું કે ભાટના ગાલ તો કાંઈ કટારવતી ફડાય નહિ. પણ આમજ ફડાય. જુનાગઢ પાસે મઝેવડી ગામે હડમત કુંભારને ત્યાં ઉછરેલી રાણકદેવી સાથે થોડા વખતમાં સિદ્ધરાજનાં લગ્ન થવાનાં છે તેવી ખબર જાણી, તે કન્યાને જુનાગઢ મંગાવી તેની સાથે રા'ખેંગારે લગ્ન કર્યું. આ રીતે સિદ્ધરાજનું નાક કાપ્યું, અને તેણે તેના પિતાના અંતકાળે સિદ્ધરાજનું નાક કાપવાની લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરી. રાણકદેવી રા'ખેંગારને પરણ્યાના સમાચાર સિદ્ધરાજે

જાણ્યા; તેથી તે ઘણો ગુસ્સે થયો, અને વેર લેવાને જબરા મોટા સૈન્ય સાથે જુનાગઢ ઉપર ચઢ્યો. બાર વર્ષ સુધી લડાઈ ચાલી. રા'ખેંગારના ભાણેજો ઓચિંતા ફુટીને સિદ્ધરાજને મળી ગયા; અને તેમની મદદથી સિદ્ધરાજ ઓચિંતો રાત્રે કિલ્લામાં દાખલ થયો. બન્ને વચ્ચે ભારે યુદ્ધ થયું. તેમાં આખરે રા'ખેંગાર મરાયો.

ત્યાર પછી સોરઠ (જુનાગઢ)નું રાજ્ય સિદ્ધરાજે પોતાના રાજ્ય સાથે જોડી દીધું, અને ત્યાં કારભાર કરવા માટે સર્જ્જન સુભટને નીમ્યો.


રાણકદેવીઃ—સિંધ દેશમાં પાવર ધરતીમાં શેરપાવર રાજાની એ કુંવરી હતી. તે એવા અવજોગમાં અવતરી હતી, કે જેને તે પરણશે તેનું રાજ્ય જશે અને સત્યાનાશ થશે, આવું ભવિષ્ય જોષીથી જાણી રાજાને બહુ ખેદ થયો, આથી તેણે કુંવરીને જંગલમાં મોકલાવી દીધી. તે કચ્છી કુંભાર હડમતને મળી આવી. તેને છોકરાં નહોતાં; તેથી પ્રભુએ મને પુત્રી આપી એમ માની, તેને પુત્રી પેઠે ગણી, પાળી પોષી, ઉછેરી મોટી કરી. તેનું નામ રાણકદેવડી રાખ્યું. તે એટલી બધી રૂપાળી હતી કે તેને જોઈ મોહ પામી કચ્છના રાજા લાખા ફૂલાણીએ તેનું માગું કર્યું. હડમતે લાખાની બીકથી હા તો પાડી; પરંતુ તેની બીલકુલ મરજી નહોતી. આથી તે છાનોમાનો રાત લઈ નાઠો, અને જુનાગઢ તાબાના મઝેવડી ગામમાં જઈ રહ્યો.

એ વખતે પાટણના રાજા સિદ્ધરાજના ભાટ ફરતા ફરતા મઝેવડી આવ્યા, અને કુંભારને ત્યાં રહ્યા, તેઓ કુંભારની કન્યાનું રૂપ જોઈ દંગ પામ્યા. આ કન્યા સિદ્ધરાજના યોગ્ય છે, તેનું ત્યાં ઠેકાણું પડે તો સારો બદલો મળશે, એ આશાએ તેમણે પાટણ આવી સિદ્ધરાજ પાસે તે કુંવરીનાં ઘણાં વખાણ કર્યાં. કુભારકન્યા જાણી પ્રથમ તો સિદ્ધરાજે ના પાડી; પણ તે પદ્મિની છે, અને

રાજકુંવરી છે. એ વાતની ખાતરી થતાં વરવાની ઇચ્છા જણાવી. આથી ભાટોએ કુંભારને ખૂબ સમજાવ્યો, અને ધમકાવ્યો. છેડમતે વિચાર્યું કે 'કચ્છના રાજાને નાખૂશ કરી હું અહીં નાશી આવ્યો છું. હવે સિદ્ધરાજને જો ના કહીશ તો ક્યાં જઈને રહીશ?' આથી તેણે લગ્ન કરવાની હા પાડી. સિદ્ધરાજે રાણકદેવીને ગુજરાતની મહારાણીને યોગ્ય કેળવણી આપવા માટે એક વિદ્વાન બ્રાહ્મણને રાખ્યો.

રા'ખેંગારના ભાણેજો દેશળ અને વિશળ મઝેવડી આવ્યા. તેમણે સિદ્ધરાજ સાથે થોડા વખતમાં રાણકદેવીનું લગ્ન થનાર છે તે જાણ્યું. આ ખબર તેમણે પોતાના મામાને કહી. જુનાગઢ રાજ્યમાંથી આ કન્યા સિદ્ધરાજ લઈ જાય તે ઠીક નહિ, કેમકે રા'ખેંગાર અને સિદ્ધરાજ વચ્ચે જુનું વેર હતું. રા'ખેંગારે સિદ્ધરાજનું નાક કાપવાની તેના પિતા રા'નવઘણના અંતકાળ વખતે પ્રતિજ્ઞા લીધી હતી. આ સારો લાગ આવ્યો છે એમ જાણી રા'ખેંગારે ભાણેજો સાથે ખાંડું મોકલી મઝેવડીથી રાણકદેવીનું હરણ કરાવ્યું. કુંભારે તે કન્યા સિદ્ધરાજને આપી ચૂકયો છું એમ જણાવ્યું, છતાં ભાણેજો રાણકદેવીને બળાત્કારે જુનાગઢ લઈ ગયા, અને રા'ખેંગારે તેની સાથે લગ્ન કર્યું.

સિદ્ધરાજને આ બનાવ બન્યાની ખબર પડી; તેથી તે ખૂબ રીસે ભરાયો. તેણે જુનાગઢ ઉપર ચઢાઈ કરી. બાર વર્ષ સુધી લડાઈ ચલાવી; પણ જુનાગઢનો કિલ્લો લેવાયો નહિ; કેમકે તે બહુ જ મજબુત હતો, અને રા'ખેંગાર અત્યંત બહાદુરીથી તેનું રક્ષણ કરતો હતો. રા'ખેંગારની બે'ન પાટણમાં સિદ્ધરાજના પિત્રાઈ સાથે પરણેલી હતી. તે વિધવા થયાથી તેના બે દીકરા દેશળ અને વિશળને લઈ તે જુનાગઢ પોતાના ભાઈના ત્યાં આવી રહી હતી. મામાના



જુનાગઢનો કિલ્લો, ગીરનાર અને દેવાલયો.

દરબારમાં બન્ને ભાણેજો ઉછરી મોટા થયા હતા, અને તે મામાંના માનીતા અને વિશ્વાસુ થઈ પડયા હતા. કંઈ કારણથી રા'ખેંગાર ભાણેજો ઉપર નારાજ થયો; તેથી તેણે તેમને કાઢી મૂક્યા. તેમને સિદ્ધરાજ સાથે સગપણ થતું હતું; તેથી તેઓ મામાને દગો દઈને સિદ્ધરાજને મળી ગયા. ગુણોમાં લડવૈયા ઘાલીને આળવાથી ઘઉં આવ્યા છે, એવું જુઠું દરવાનને કહી, કપટથી કિલ્લાના દરવાજા તેમણે ઉઘડાવી, પાટણનું લશ્કર કિલ્લામાં દાખલ કર્યું. આ દગાની રા'ખેંગારને બહુજ મોડી ખબર પડી. મોટી લડાઈ થઈ, તેમાં કેસરીઆં કરી અત્યંત બહાદુરીથી લડતાં રા'ખેંગાર મરાયો. દેશળ સિદ્ધરાજને લઈને રાણકદેવીના મહેલે ગયો. રાણકદેવી દેશળના

દગાથી અજ્ઞાન હતી. તેણે જુઠું કહ્યું, કે અમે મામા સાથે અહીં આવ્યા છીએ, સરળ હૃદયની રાણી રાણકદેવીએ દેશળનો સાદ ઓળખી ભાણેજો ઉપર વિશ્વાસ રાખીને મહેલનાં બારણાં ઉઘાડયાં એટલે થોડાં માણસો સાથે સિદ્ધરાજ અંદર ગયો. આ વખતે રાણીની પાસે અગિઆર વર્ષનો મોટો કુંવર માણેરો અને નાનો કુંવર ડગાયચો એ બે હતા. રાણકદેવીએ સિદ્ધરાજનો તિરસ્કાર કર્યો. સિદ્ધરાજે આવેશમાં આવી નાના કુંવર ડગાયચાને મારી નાખ્યો. બીજા મોટા કુંવર માણેરાને જેવો પકડવા જાય છે. તેવો જ તે તેની માની પાછળ ભરાઈ ગયો અને રોવા લાગ્યો. તેને રાણકદેવીએ કહ્યું:

સોરઠો. " માણેરા તું મ રોય, મ કર આંખો રાતીઓ;
કુળમાં લાગે ખોય, મરતાં મા ન સંભારીએ. "

ક્ષત્રાણી કેવી હિંમતવાન! સિદ્ધરાજ રાણકદેવીને બળાત્કારે લઈને પાટણ જવા નીકળ્યો* રસ્તામાં તેને ઘણી સમજાવી પણ તેણે સિદ્ધરાજની રાણી થવા ચોકખી ના પાડી. આથી રાજાએ ગુસ્સે થઈ બીજા કુમાર માણેરાને પણ મારી નાખ્યો એટલે આખરે

---

* આ પ્રસંગે રાણકદેવીનો વિલાપ તથા ગીરનાર પહાડ, પોતાનો મહેલ, ખેંગારનો ઘોડો વગેરે જોઈને જે દીલગીરી ભરેલા વિલાપના સોરઠા તેણે ગાયા છે. તે અદ્યાપિ પણ કાઠિઆવાડમાં અનેક જગાએ ગવાય છે.

ગીરનાર તરફ જોઈ કહ્યું:—" ફટફટ ગોઝારા ગીરનાર, ખરેડી ખાંગો કાં ન થયો;
મરતે રા'ખેંગાર, રંડાયો રાણકદેવડી. "

થોડે દૂર ગયા પછી ક્ષિતિજમાં ઢંકાઈ ગયેલો ગીરનાર તેના જોવામાં ના આવ્યો. તેથી તેને લાગ્યું કે મેણાંનાં કડવાં વેણથી તે પડી જાય છે તેથી તે બોલી: " મા પડ મારા આધાર, ચોસલા કોણ ચડાવશે;
ગયા ચડાવણહાર, જીવતા જાતર આવશે. "

તે વઢવાણ આગળ ભોગાવો નદીના કાંઠે સતી થઈ. તેની દેરી હજી પણ તે સ્થળે વઢવાણમાં છે. આથી રાજા નિરાશ થયો. ધન્ય છે, આવી વીર ક્ષત્રિય પતિવ્રત પાળનાર સતી સ્રીને !

દુષ્ટ અને કાવતરાંખોર ભાણેજો ધારતા હતા, કે સિદ્ધરાજ અમને જુનાગઢનું રાજ્ય આપશે; પણ તેણે તે દગાખોરોને ભરી સભામાં સમજાવ્યું કે તમને જેણે પાળી પોષી ઉછેર્યા તે તમારા પાળક મામા રા'ખેંગારને જ્યારે તમે નીમકહરામ થયા, તો પછી મારી સાથે તમે કેમ નીમકહલાલ રહેશો તેનો શો ભરોંસો ! તમારા જેવા નીમકહરામ અને દગાખોરોએ પોતાનાં ખુરાં કૃત્યનું ખુરૂં ફળ અવશ્યે ભોગવવું જોઈએ; તેથી તેમનો તિરસ્કાર કરીને તેમને મારી નાખ્યા. '**ખોદે તે પડે.**'

બર્બરને વશ કર્યો:—કાઠિઆવાડમાં હાલ જ્યાં બાબરીઆવાડ પ્રાંત છે, ત્યાં અગાઉ બર્બર સરદાર હતો. તે સિદ્ધપુરના બ્રાહ્મણોને ઘણો ત્રાસ પોકરાવતો હતો. સિદ્ધરાજે તેને વશ કરવા લશ્કર મોકલ્યું, પણ તે હારી પાછું ફર્યું; તેથી જાતે જઈ યુદ્ધમાં તેને હરાવી કેદ પકડાયો. 'તે દુરાચાર તજી સારા માર્ગે ચાલશે અને દાસ થઈ રહેશે' એવી બર્બરની સ્રીની પ્રાર્થનાથી સિદ્ધરાજે તેને છોડયો. બર્બરે સિદ્ધરાજને ઘણી લડાઈઓમાં અને લોકોપયોગી સ્થાનકો બાંધવામાં ઘણી મદદ આપી હતી.

બુંદેલખંડના રાજા મદનવર્મા સાથે મિત્રતા:—સિદ્ધરાજે ધારાનગરીથી પાછા ફરતાં પાટણ નજીક સીમમાં પડાવ કર્યો હતો. ત્યાં પરદેશી ભાટે બુંદેલખંડના રાજા મદનવર્માનાં અતિશય વખાણ કર્યાં. બીજાનાં વખાણ તે સાંખી શકયો નહિ; તેથી તેણે

તરતજ બુંદેલખંડ ઉપર ચઢાઈ કરી. રાજધાનીથી આઠ કોસ છેટે પડાવ નાખ્યો અને મંત્રી સાથે તાબે થવા રાજાને કહેવરાવ્યું. મંત્રીનું કહેવું સાંભળી રાજા હસીને બોલ્યો કે 'યુદ્ધ કરવા માટે બાર વર્ષ સુધી ધારાનગરીમાં પડી રહ્યો હતો તેજ સિદ્ધરાજ કે ?' તમે તેને કહો કે 'જો અમારો દેશ જીતવા આવ્યા હો તો અમે લડવા તૈયાર છીએ; અને જો ધનના ભૂખ્યા હો તો તે તમને મળશે.' સિદ્ધરાજે ૯૬ કરોડ સોનૈયા માગ્યા. તે મંત્રી સાથે મોકલી આપ્યા. સિદ્ધરાજે મદનવર્માને મળવાની ઇચ્છા દર્શાવી. આથી તેણે સિદ્ધરાજને શહેરમાં તેડાવ્યો. મદનવર્માનો વૈભવ અને ઉત્તમ મેમાનગીરીથી સિદ્ધરાજ અંજાઈ ગયો, અને તેની સાથે દોસ્તી બાંધી.

સહસ્રલિંગ તળાવ:—સિદ્ધરાજે પાટણમાં એક વિશાળ તળાવ બંધાવ્યું હતું. તેની પાળે મહાદેવની એક હજાર દેરીઓ હતી; તેથી તેનું સહસ્રલિંગ તળાવ નામ પાડયું હતું. તેમાં એક મુખ્ય શિવાલય હતું. તેના ઘંટને સાંકળ બાંધીને તે સાંકળ બધી દેરીઓના ઘંટ સાથે જોડી હતી; તેથી મુખ્ય શિવાલયનો ઘંટ વગાડતાં બધી દેરીઓમાં સાથે ઘંટ વાગતા. દેવળોમાં પૂજા કરવાને સેંકડો બ્રાહ્મણો હતા. તેમાં સાગરની પેઠે પાણી ભરપુર ભરેલું રહેતું. એમ કહેવાય છે કે જસમાના શાપથી સહસ્રલિંગ તળાવમાં પાણી મુદ્દલ ન આવ્યું; તેથી બત્રીસ લક્ષણા પુરુષનો ભોગ આપવાથી પાણી આવશે તેમ જોષીના કહેવાથી સિદ્ધરાજે એક ઢેડનો બત્રીસ લક્ષણો પુત્ર તેના માબાપને પુષ્કળ દ્રવ્ય આપી, ઢેડોને કેટલાક હક આપી, આ કામ માટે લીધો હતો અને તેથી તળાવમાં પાણી ભરાઈ ગયું હતું. રાજા તેમાં હવા ખાવા જતો. હાલ આ તળાવ તથા દહેરાંનાં ખંડેર નજરે પડે છે, અને તળાવના પાત્રમાં ખેતરો જોવામાં આવે છે.

જસમા ઓડણ*—સિદ્ધરાજ બહુ પરાક્રમી અને ન્યાયી રાજા હતો; પરંતુ તેનામાં બે મોટા દુર્ગુણો હતા. એક તો તે બહુજ ઘાતકી હતો. તેણે રાણકદેવીના બે બાળકુંવરોને મારી નાખ્યા, એ તેનું ઘાતકી કામ હતું. બીજો દુર્ગુણ એ હતો કે તે અત્યંત વિષયી હતો. તેણે અણહીલપુરમાં એક વિશાળ તળાવ ખોદાવવાનું શરૂ કર્યું. ત્યારે તે ખોદવાને માટે માળવાના ઘણા ઓડો બોલાવ્યા હતા. તેમાં જસમા ઓડણ તેના ધણી ત્રિકમ સાથે આવી હતી. તે ઘણી જ દેખાવડી અને મનમોહક હતી. તળાવ ખોદાતું જોવા સિદ્ધરાજ વારંવાર આવતો જસમા તેની નજરે પડી. તેની મનમોહક સુંદરતા જોતાં તે મોહી પડયો. તેને રાણી તરીકે રાખવાની ઇચ્છા થઈ. આથી તે હમેંશાં તળાવ પર આવી જસમાને અનેક પ્રકારની લાલચો આપી લલચાવવા પ્રયત્ન કરતો હતો. લગ્ન કરી તેને પોતાની પટરાણી બનાવવા સમજાવ્યું; પરંતુ જો કે જસમા હલકા કુળમાં જન્મી હતી, છતાં તે સતી–પ્રતિવ્રતા હતી. તેથી તે કોઈપણ લાલચોથી ફસાઈ નહિ; પણ ઉલટું તેણે સિદ્ધરાજને અનેક સારી શિખામણો આપી દુનીયાની ખોટી મોહજાળમાં નહિ ફસાવા માટે ઘણું સમજાવ્યો; છતાં પણ સિદ્ધરાજનો જસમા ઉપરનો મોહ છૂટી શકયો નહિ. છેવટે તેણે જસમાને બળાત્કારે પણ પકડીને મહેલમાં લઈ જવાનું નક્કી કર્યું. જસમા રાજાનો પાપી ઇરાદો સમજી ગઈ. તેણે આ ખબર પોતાના પતિ તથા બીજા ઓડોને આપી. તેથી તેઓ રાતોરાત પાટણથી માળવા તરફ નાસી ગયાં. સિદ્ધરાજને તેની ખબર પડતાં તે ઘોડે સવારો સાથે તેમની પાછળ પડયો. તેણે જસમા

---

* સહસલિંગ તળાવના ખંડેર પાસે અત્યારે પણ જસમાની દેરી જોવામાં આવે છે, અને સ્ત્રીઓ ત્યાં બાધા કરે છે.

અને ઓડોને પકડી પાડયા. ઓડો સામા થયા, લડયા અને કપાઈ મુઆ. જસમાનો ધણી ત્રિકમ પણ કપાઈ મુઓ. તે જોઈ જસમાએ તરતજ પેટમાં કટાર ભોંકી પ્રાણ ખોયો, પણ જીવતાં સુધી તેણે પોતાનું શિયળ ભંગ થવા દીધું નહિ, અને સિદ્ધરાજના હાથમાં આવી નહિ. મરતાં મરતાં તેણે સિદ્ધરાજને શાપ આપ્યો કે '**જા તારા તળાવમાં પાણી રહેશે નહિ.**' જસમા અને સિદ્ધરાજ વિષે ગુજરાતમાં અનેક રાસડા અને ગરબા ('ગાજે પાટણપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે' એ ગરબો મશહુર છે,) આજે પણ ગવાય છે.

જગદેવ પરમારઃ—ધારાનગરીના રાજા ઉદયાદિત્યને વાઘેલી અને સોલંકીણી એ બે રાણીઓ હતી. વાઘેલી માનીતી હતી. તેને રણધવળ કુંવર હતો, અને તે પાટવી હતો. સોલંકીણી અણમાનીતી હતી. તેને જગદેવ કુંવર હતો. તે રંગે શામળો છતાં રૂપવાન્, કળાવાન, તેજસ્વી, બહાદુર, શૂરો. પરાક્રમી, હોશિયાર, અને સમજુ હતો; તેથી તેની કીર્તિ દેશદેશાવરમાં ઘણી ગાજી રહી હતી. રણધવળ પાટવી હતો; પરંતુ તેનામાં કશા ઢંગ નહોતા. તોપણ રાજાએ તેને રાજ્યનો ધણી ઠરાવ્યો હતો. તેથી તે વૈભવ ભોગવતો હતો. જગદેવની માને માત્ર તેના પોષણ માટે નાનું સરખું એક ગામ જીવકમાં આપ્યું હતું. તેની જુજ ઉપજ આવતી હતી. તેમાંથી તેનું પોષણ મહામુશીબતે પણ નભતું નહિ; તેથી તે જગદેવને રાજકુંવરને શોભે તેવા લાડમાં રાખી શકતી નહોતી.

ઉદયાદિત્ય માંડવગઢના (માંડુગઢ) રાજાની ચાકરી કરતો હતો. તેથી તેને તાબડતોબ માંડવગઢ જવું પડયું. તેવામાં જગદેવની કીર્તિ સાંભળી ગૌડ દેશના રાજા ગંભીરે સોને મઢેલું નાળિએર એક હાથી અને ૮ ઘોડા પોતાની કુંવરીનો વેવિશાળ જગદેવ વેરે કરવા માટે

ગોર સાથે મોકલ્યું. તે વાઘેલી રાણીએ ગૌડના ગોરને લાલચથી ફોડી જગદેવની કંગાલિઅત જણાવી. પોતાના કુંવર રણધવળને અપાવ્યું. રણધવળની જાન ગૌડ જવા નીકળી સાથે જગદેવને પણ તેડાવ્યો હતો. તેથી તે પણ સાથે હતો. તેમણે ટુકટોડા આગળ પડાવ કર્યો. ત્યાં આંધળો રાજા રાજજી ચાવડો રાજ્ય કરતો હતો. રાજ્ય કુંવર બીરજ ચલાવતો હતો. રાજા રાજને વીરમતી સુંદર અને સુશીલ કુંવરી હતી. જગદેવ વીરમતી યોગ્ય છે, તેથી તેને જગદેવ સાથે તાત્કાલિક પરણાવી દીધી, ત્યારપછી રણધવળની જાન ગૌડ આવી પહોંચી. જગદેવ પરણ્યાના સમાચાર સાંભળી ગૌડ રાજા દીલગીર થયો કેમકે તેનો વિચાર ગૌડકુમારી જગદેવને આપવાનો હતો. નિરુપાયે હવે તે રણધવળને પરણાવી. બન્ને કુમારો જાન સહિત પાછા ધારાનગરી આવી પહોંચ્યા.

રાજા ઉદયાદિત્ય માંડુગઢથી ધારાનગરીમાં પાછા આવ્યા પછી જગદેવ રાજસભામાં ગયો; તેની છટા, હોશિયારી અને ચાલાકી જોઈ રાજા ખૂશ થયો તે સાથે તેની કંગાલ જેવી સ્થિતિ જોઈ ખેદ પામ્યો. આથી તેનો પિતૃસ્નેહ ઉભરાઈ આવ્યો. તેણે પાટવી કુમારને શોભે તેવો પોશાક, કટાર, તરવાર અને ઘોડો એ રાજચિહ્નો બક્ષીસ કર્યાં તથા તેના નિભાવ માટે નીમણુંક બાંધી આપી. આ ખબર વાઘેલી રાણીએ જાણી; તેથી તે રીસાઈ, અીહઠ પકડી અને રાજા પાસે જગદેવને બોલાવી જે જે બક્ષીસ કર્યું હતું તે પાછું લેવડાવ્યું. જગદેવનો તિરસ્કાર કર્યો. જગદેવને સાવકી માના ત્રાસથી અને બાપના અીવશપણાથી તીવ્ર લાગણી થઈ આવી. તે રોષમાં બોલ્યો કે હું રજપુત બચ્ચો છું; ગમે ત્યાં જઈને મારો રોટલો પેદા કરીશ. એમ કહી પોતાની જનેતાની રજા લઈ કોઈ મોટા રાજ્યની નોકરી શોધવા નીકળી પડયો.

જગદેવ ઘોડેસવાર થઈ સીધો ટુકટોડામાં તેના સાસરામાં ગયો. ત્યાં તેનો સારો આદરસત્કાર થયો. આ વખતે જગદેવની ઉમર ૧૭ વર્ષની અને વીરમતીની ૧૫ વર્ષની હતી. આ વેળા પાટણમાં સિદ્ધરાજ રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં ઘણા રાજકુમારો નોકરી કરતા હતા; તેથી પોતાને પણ ત્યાં સારી નોકરી મળશે. એ ઇરાદાથી જગદેવ અને વીરમતી બન્ને જણાં પાટણ જવા નીકળ્યાં. રસ્તે જતાં જંગલમાં મહા વિકરાળ વાઘ અને વાઘણ ઘુરકતાં તેમની સામે આવ્યાં જગદેવે વાઘને માર્યો; પરંતુ વાઘણને મારતાં નિશાન છટકી ગયું, તેથી તે એકદમ તેનાપર વિકરાળ બની ધસી આવી તેને વીરમતીએ એકજ ઝટકે પુરી કરી. પછી તેઓ પાટણ ગયાં. અહીં સિદ્ધરાજે તેની બહાદુરી, પરાક્રમ વગેરે ગુણોની પરીક્ષા કરી. રોજનો હજાર રૂપીઆનો પગાર ઠરાવી પોતાનો અંગરક્ષક નીમ્યો.

જગદેવે સિદ્ધરાજને ઘણા દેશો જીતવામાં મદદ કરી હતી. વળી કોઈ કોઈ વખતે તેણે પોતાનો જીવ જોખમમાં નાખીને પણ તેને મરતો બચાવ્યો હતો; તેથી સિદ્ધરાજે તેને પોતાની કુંવરી પરણાવી હતી, અને મોટી જાગીર આપી હતી.

વખત જતાં જગદેવની ખ્યાતિ ઘણી વધી, તેથી સિદ્ધરાજને ઇર્ષ્યા થવા લાગી. સિદ્ધરાજની ઘણી લાંબી નોકરી કર્યા પછી જગદેવને લાગ્યું કે કદાચ સિદ્ધરાજ મારા બાપના રાજ્ય આળવા ઉપર ચઢાઈ કરશે; તે વખતે હું તેનો નોકર હોવાથી મારાથી તેની સાથે લડાશે નહિ; તેથી તેણે સિદ્ધરાજની નોકરી છોડી, અને પોતાના દેશ ગયો. ત્યાં તેનાં પરાક્રમોથી પ્રસન્ન થઈ તેના પિતા ઉદયાદિત્યે તેને રાજગાદી સોંપી.

દંડપતિ સજ્જન. વનરાજના પ્રધાન ચાંપાવાણીઆના વંશમાં સજ્જન નામે પુરુષ સિદ્ધરાજના દરબારમાં દંડપતિના હોદ્દા

પર હતો. રા'ખેંગારને મારી સોરઠ જીત્યા પછી સર્જનને સિદ્ધરાજે સુબેદાર ઠરાવ્યો હતો. તેણે સોરઠની ત્રણ વર્ષની ત્રણકરોડ રૂપીઆની ઉપજ ગીરનાર પર નેમીનાથનું ભવ્ય અને સુંદર દેરાસર બંધાવવામાં સિદ્ધરાજને પૂછ્યા વિના ખર્ચી હતી. ત્યાર પછી સિદ્ધરાજ સોરઠ આવ્યો ત્યારે સર્જન ગુજરી ગયો હતો, અને તે જગાએ તેનો પુત્ર પરશુરામ હતો. તે ગભરાયો કેમકે ત્રણ વર્ષની ઉપજ તો તેના બાપે દેવળ બંધાવવામાં ખર્ચી નાખી છે; તેથી રાજા જો હિસાબ માગશે તો શો જવાબ આપીશ? આથી તેણે આસપાસનાં ગામોના શેઠીઆઓને તે વાત કરી. શેઠીઆઓએ રાજા જો પૈસા માગશે તો અમે તે પુરા કરીશું. સિદ્ધરાજે ત્રણ વર્ષનો હિસાબ માગ્યો, એટલે તેને ગીરનાર ઉપર લઈ ગયો, અને ભવ્ય દેરાસર બતાવી કહ્યું, કે આપના નામથી મારા બાપે આ ભવ્ય અને સુંદર દેરાસર બંધાવવામાં એ ઉપજ ખર્ચી આપની કીર્તિ ચોતરફ ફેલાવી છે; આથી આપની કીર્તિનું મૂલ્ય એ ઉપજ કરતાં વિશેષ છે. ' આપને હવે એ દેરાસર બંધાવ્યાનું પુણ્ય જોઈએ કે દ્રવ્ય જોઈએ! જો દ્રવ્ય જોઈતું હોય તો તે લાવી આપું." સિદ્ધરાજ દેરાસર અવલોકીને ખૂશ ખૂશ થઈ ગયો હતો; તેથી તેણે "મારે દ્રવ્ય જોઈતું નથી. પણ પુણ્ય જોઈએ છે." એમ કહી તેનું કરેલું કામ મંજુર રાખી પરશુરામના પ્રમાણિકપણાથી સંતોષ પામી તેને તે જગા ઉપર ચાલુ રાખ્યો, અને સિદ્ધરાજ રાજધાની પાટણમાં પાછો ગયો.

બાંધકામો:—સિદ્ધરાજ શૈવધર્મી હતો. મૂળરાજે બંધાવેલું રુદ્રમાળનું શિવાલય તેણે સુધરાવ્યું અને પુરુ કર્યું. આ કામની યાદગીરીમાં તેણે શ્રીસ્થળનું નામ પોતાના નામ પરથી સિદ્ધપુર રાખ્યું, નવાં નવાણો કે બાંધકામો બંધાવવાં કે જુનાંનો જીર્ણોદ્ધાર કરવામાં સિદ્ધરાજનું નામ મશહુર છે. ગુજરાતમાં દરેક પ્રાચીન

દેવાલયો, નવાણો વગેરે બાંધકામો તેણે બંધાવ્યાનું લોકો કહે છે. તેણે લોકોના સુખ માટે ઠેકાણે ઠેકાણે વાવ, કુવા, તળાવ, દેવળો, ધર્મશાળાઓ વગેરે બંધાવ્યાં. ડભોઈનો કિલ્લો, કપડવણજનો કુંડ, પાટણની રાણી વાવ, વગેરે સિદ્ધરાજે બંધાવેલાં હોવાની દંતકથા ચાલે છે.

પ્રજાપ્રેમ—પ્રજા સુખી છે કે દુઃખી તે જાણવા રાતે વેશ બદલી નગરચર્ચા જોવા નીકળતો, ખાસ કાળજી રાખી પ્રજાનાં દુઃખો ટાળવા પ્રયત્ન કરતો. વિદ્વાનો અને પંડિતોને દરબારમાં આમંત્રણ કરી માન આપતો, વાદવિવાદ કરાવતો, અને જે જીતે તેને ઇનામો આપતો. પોતે ધર્મની બાબતમાં કોઈની લાગણી દુખાય નહિ એમ વર્તતો. પોતે શૈવધર્મી હોવા છતાં, અને હેમાચાર્ય પંડિત જૈન હોવા છતાં પણ રાજા તેમને વિદ્વાન તરીકે માન આપતો.

સિદ્ધરાજ ન્યાયી હતો:—ખંભાતમાં હિંદુ મુસલમાનો લડયા, તેથી તેમના આગેવાનો પાટણ ફર્યાદ કરવા આવ્યા, ત્યારે તેમને ધીરજ આપી પાછા કાઢ્યા. કેટલાક દિવસ પછી સિદ્ધરાજ વેશ બદલી ખંભાત ગયો. શહેરમાં ફરી ખરી હકીકત જાણી લીધી. પછી બંને જાતના મુખ્ય માણસોને બોલાવી શિક્ષા કરી, અને મુસલમાનોને મસજીદ બંધાવી આપી અને હિંદુને ઠપકો આપ્યો.

રાજ્યનો વિસ્તાર:—તેણે માળવા જીતી ઠેઠ બુંદેલખંડ સુધી ચઢાઈ કરી ત્યાંના રાજા મદનવર્મા પાસેથી છન્નુ કરોડ સોનૈયા ખંડણી લીધી હતી. ઉત્તરમાં આબુની પેલી તરફ ઝાલોર સુધીનો મુલક જીતી લીધો હતો. દક્ષિણમાં કોલ્હાપુર સુધી એની સત્તા ફેલાઈ હતી.

મરણ:—આ મહાન રાજા ઈ.સ. ૧૦૯૪ ૧૧૪૩ સુધી ૪૯ વર્ષ રાજ કરી અપુત્ર મરણ પામ્યો.*

---

* હિંદુસ્તાનના ઇતિહાસમાં મહાન બાદશાહ તરીકે પ્રખ્યાત થએલા મહાન અકબર અને ઔરંગઝેબ બાદશાહોએ પણ ૪૯ વર્ષ રાજ્ય કર્યું હતું.

સિદ્ધરાજની કારકીર્દિ ગુજરાતના ઇતિહાસમાં ઝળકતી અને લોકપ્રિય ગણાઈ છે. તે હાલ પણ '**સધરો જેસંગ**' એ અપભ્રંશ નામે જનસમાજમાં મશહુર છે.

સિંહ સંવત્સર—મયણલ્લદેવી સગર્ભા થઈ. તેવામાં તેના મુખમાં 'જાણે કે સિંહ પેઠો" આ સ્વપ્નાના બનાવની યાદગીરી રહેવા પછવાડેથી **સિદ્ધરાજે સિંહ સંવત ચલાવ્યો હોય એમ કહેવાય છે.**

કુમારપાળનો વંશઃ—સિદ્ધરાજે જાત્રાઓ કરી, પુણ્યદાન કર્યાં, પ્રાર્થનાઓ કરાવી; પરંતુ તેને કુંવર થયો નહિ. આથી તેના પછી ગાદી **ભીમદેવ** ૧લાના પ્રપૌત્ર ત્રિભુવનપાળના વંશમાં ગઈ.

ભીમદેવ ૧લો.

(હરિપાલ) ક્ષેમરાજ (બકુલાદેવીનો પુત્ર) | કરણ (ઉદયામતીનો પુત્ર.) | મૂળરાજ

ક્ષેમરાજ → દેવપ્રસાદ (હરિપ્રસાદ) → ત્રિભુવનપાળ (તેની રાણી કાશ્મીરાદેવી)

કરણ → સિદ્ધરાજ જયસિંહ

ત્રિભુવનપાળ → **મહીપાળ** | **કીર્તિપાળ** | **કુમારપાળ** | **પ્રેમલદેવી** | **દેવલદેવી.**

• સિંહ સંવત્સર સંવત ૧૧૭૦ ના આષાઢ સુદી ૧, ઇ. સ. ૧૧૧૪ થી ચાલેલો જણાય છે.

ભીમદેવને રખાયત બકુલાદેવીથી પેટનો ક્ષેમરાજ કુંવર થયો; ક્ષેમરાજનો દેવપ્રસાદ. દેવપ્રસાદનો ત્રિભુવનપાળ નામે કુંવર હતો. ત્રિભુવનપાળને કાશ્મીરાદેવી રાણીથી મહીપાળ, કીર્તિપાળ અને કુમારપાળ એ ત્રણ કુંવરો. પ્રેમલદેવી અને દેવલદેવી એ બે કુંવરીઓ એમ પાંચ સંતાન હતાં. પ્રેમલદેવી સિદ્ધરાજના સામંત કાનદેવ સાથે અને દેવલદેવી સાંભરના રાજા અર્ણોરાજ સાથે પરણાવી હતી.

૩૪ કુમારપાળ.

સિદ્ધરાજને પુત્ર ન હોવાથી તેના પછી ગાદીનો વારસ તેના કાકા ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ હતો. સિદ્ધરાજ નાનો હતો તે વખતે રાજકારભાર ચલાવવામાં ત્રિભુવનપાળે ઘણી સહાય કરી હતી. માટે તેને સિદ્ધરાજે લાટ દેશનો દંડનાયક (સુબો) બનાવ્યો હતો; પરંતુ પાછળથી બન્ને વચ્ચે અણબનાવ થયો. તેથી ત્રિભુવનપાળ કુટુંબ સહિત પોતાની જાગીર દેથલીમાં આવી રહ્યો. સિદ્ધરાજે કપટ કરી ત્રિભુવનપાળને મારી નખાવ્યો, અને કુમારપાળને પણ મરાવી નાખત; પણ તે વેશ બદલી નાશી છૂટયો તેથી બચ્યો.

સિદ્ધરાજે હેમાચાર્ય અને જોષીઓથી જાણ્યું કે ' તમારે પુત્ર થશે નહિ, અને તમારી પછી કુમારપાળ ગાદીએ બેસશે, વળી તે જગપ્રસિદ્ધ રાજા થશે.' કુમારપાળની મા હલકા કુળની હતી તેથી તે પણ હલકા કુળનો માટે પોતાની પછી તે ગાદીએ ના બેસે એવી તેની ખાસ ઇચ્છા હતી. તેથી સિદ્ધરાજે તેને પકડી મારી નાખવાની બહુજ તજવીજ કરી; પરંતુ આ વાતની ખબર કુમારપાળને પડી. કેમકે તેની બે'નનાં લગ્ન

સિદ્ધરાજના સેનાપતિ કહાનદેવ સાથે થયાં હતાં, તેણે કુમારપાળને સલાહ આપી કે તમે ગુજરાત છોડી નાશી જાઓ. પાટણમાં શું બને છે તેની હું તમને વખતોવખત ખબર આપતો રહીશ. આથી હૈયળીમાં કુટુંબને છોડી કુમારપાળ છાનોમાનો જટાધારી સાધુના વેશમાં નાસી છૂટયો તેથી બચ્યો.

સંકટો અને તેમાં મળેલી મદદઃ—કુમારપાળ પાટણમાં શું બને છે તે જોવાની ઇચ્છાથી કેટલેક દિવસે પાટણ આવ્યો અને આદિનાથના અપાસરામાં ઉતર્યો. એ દિવસે કરણ રાજાનું શ્રાદ્ધ હતું; તેથી બ્રાહ્મણોને જમવા નોતર્યા હતા. તેમાં તે પણ ગયો. રાજા બધા બ્રાહ્મણોના પગ પખાળી સેવા કરતો હતો. કુમારપાળના પગ પખાળતાં તેના પગ કોમળ લાગ્યા અને ઉર્ધ્વ રેખા વગેરે રાજ-ચિહ્ન પગ તળીઆમાં માલમ પડયાં; તેથી સિદ્ધરાજ વહેમાયો. આ સાધુ કે બ્રાહ્મણ ન હોય પણ રાજપુત્ર લાગે છે. તેના સામું જોઈ રહ્યો. કુમારપાળના મળતીઆએ આંખના ઇસારાથી તેને ચેતાવી દીધો એટલે તે લાગ જોઈ એકદમ સટકી ગયો. સિદ્ધરાજે તેને શોધી પકડી લાવવા સિપાઈઓ દોડાવ્યા. સિપાઈઓ લગભગ પાસે આવી પહોંચ્યા. તેથી ભીમસિંહ ખેડુત કે જે ખેતરમાં વાડને કાંટા ગ્રીંટતો હતો તેની મદદ માગવાથી તેણે તેને કાંટાના ઢગલામાં સંતાડયો. પગલાં જોતા સિપાઈઓ ખેતરમાં કાંટાના ઢગલા પાસે આવ્યા. કાંટાના ઢગલામાં પણ ભાલા ખોસી તપાસી જોયું, છતાં કંઈ પત્તો લાગ્યો નહિ; તેથી સિપાઈઓ પાછા વળ્યા અને કુમાર-પાળ આ આફતમાંથી બચ્યો. સિપાઈઓના ગયા પછી ભીમસિંહે કાંટા વેગળા કરી બહાર કાઢયો, ત્યારે કુમારપાળના આખા ડીલે ઉઝરડા થવાથી અને કાંટા પેસવાથી લોહી ઝરતું હતું. ભીમસિંહનો

ઉપકાર માની વખત આવે બદલો વાળવાનું વચન આપી ત્યાંથી વિદાય થયો.

રસ્તામાં આગળ ચાલતાં થાક લાગ્યાથી તે એક ઝાડની છાયામાં બેઠો હતો. ત્યાં એક દર હતું. તેમાંથી ઉંદર સોનામહોરો એક પછી એક કહાડી બહાર મૂકતો જોવામાં આવ્યો. ઉંદર બધી મહોરો કાઢી રહ્યો એટલે કુમારપાળે તે બધી લઈ લીધી. આમ અણધાર્યું દ્રવ્ય વાટખર્ચી માટે મળવાથી શુભ શુકન થયા એમ જાણી કુમારપાળે ત્યાંથી આગળ ચાલવા માંડયું.

ત્યાંથી આગળ ચાલતાં દેવસિંહ નામે શ્રીમંત વણીકની પુત્રી દેવશ્રી સાસરેથી પિયેર જતી હતી. તેના સાથેનાં માણસ, રથ, ઘોડાં રસ્તાની એક બાજુએ બપોર ગાળવા, ભાથું ખાવા અને વિસામો લેવા બેઠાં હતાં. ત્યાં કુમારપાળ આવી ચઢયો. તે તદ્દન થાકી ગયેલો ત્રણ દિવસનો ભૂખ્યો હોવાથી ખાવાનું માગ્યું. કુમારપાળનો દેખાવ જોઈ એ બાઈને અત્યંત દયા આવી, અને તે કોઈ મોટો માણસ છે એમ જાણી તેને ખાવાનું આપ્યું, રથમાં બેસાડયો અને તેની આગતાસ્વાગતા કરી. કુમારપાળે પોતાની ઓળખાણ આપી. ભવિષ્યમાં તેને બે'ન તરીકે ગણી ઉપકારનો બદલો વાળવાનું વચન આપ્યું.

ત્યાંથી દેથલી પોતાના કુટુંબને મળવા ગયો ત્યાં એક બે દિવસ રહ્યો એટલામાં સિદ્ધરાજના સૈન્યે ત્યાં આવી ગામને ઘેર્યું. અહીં સર્જન કુંભારે ઇંટોની ભઠ્ઠી (ઇંટવાડો)માં સંતાડયો, લશ્કર શોધ કરી પાછું ગયા પછી કુંભારે તેને બહાર કાઢી ખાવાનું આપ્યું. તે પછી બ્રાહ્મણમિત્ર વોસિરિની સલાહ અને સહાયથી પોતાના કુટુંબને ઉજ્જૈનમાં મૂકી તેની સાથે ગામે ગામે ભટકી ભીખ માગી પુરું કરતાં રખડતો રખડતો ખંભાત (સ્થંભતીર્થ) આવી પહોંચ્યો. અહીં હેમાચાર્ય અને સિદ્ધરાજના મંત્રી ઉદયને તેને આશ્રો

આપ્યો. ઉદયન મંત્રી અને હેમાચાર્ય અપાસરામાં સાથે બેઠા હતા. હેમાચાર્યે કુમારપાળને જોઈ કહ્યું કે, "આવો ગુજરાત દેશના ભવિષ્યના મહારાજા." આ ભવિષ્ય કુમારપાળ ભીખારી જેવો હતો. તેથી તેને સત્ય લાગ્યું નહિ; હેમાચાર્યે ખાત્રીથી તેને કહ્યું કે 'સંવત ૧૧૯૯ ના માગશર વદિ ૪ રવિવારે ત્રીજે પહોરે તમને રાજ્ય મળશે.' આથી તેણે હેમાચાર્યનો આભાર માન્યો, અને વચન આપ્યું કે જો આપનું આ વચન સાચું પડશે તો હું જૈન ધર્મ પાળીશ.

કુમારપાળ ખંભાતમાં હતો. તે વખતે તેને શોધવા, સિદ્ધ-રાજના સિપાઈઓ આવી પહોંચ્યા. તેથી તે મધરાતે ઉદયન મંત્રીના ઘેરથી નાસી હેમાચાર્યના અપાસરે ગયો. ત્યાં હેમાચાર્યે તેને સંતાડ્યો, અને ઉપર ખજુરીનાં પાંદડાં ઢાંકી દીધાં. ઉદયન મંત્રીના ઘરમાં અને અપાસરામાં શોધતાં પણ કુમારપાળ જડ્યો નહિ; તેથી તે થાકી પાછા ગયા.

તે પછી કુમારપાળ ઉદયન મંત્રીની પૈસાટકા વગેરેની મદ-દથી ઉજ્જન પહોંચ્યો અને ત્યાં રહ્યો. અહીં સિદ્ધરાજની માંદ-ગીના ખબર મળવાથી ગુપ્ત વેશે પોતાના કુટુંબ સહિત પાછો ફર્યો.

કુમારપાળ વડોદરા આવ્યો. અહીં તેને કકડીને ભૂખ લાગી હતી. પાસે પૈસા નહોતા. કટુક વાણીઆ પાસે શેકેલા ચણા માગ્યા. તેણે કુમારપાળનો દેખાવ જોઈ 'જ્યારે મળે ત્યારે પૈસા આપજે' એમ કહી ઉધાર ચણા આપ્યા.

વડોદરાથી ભરુચ ગયો. ત્યાં કોઈ શકુનિએ 'તમે થોડા વખતમાં રાજા થશો." એમ કહ્યાથી અહીં તેણે માથાની જટા મુંડાવી નાખી. ત્યાંથી ફરતો ફરતો પોતાના કુટુંબ સહિત છાનો-

માનો સિદ્ધપુરમાં આવી રહ્યો; અને ત્યાંથી એકલો પાટણ પોતાના બનેવી કુહાનદેવ-કૃષ્ણદેવને ગુપ્ત વેશે મળ્યો. એવામાં ઇ.સ. ૧૧૪૩ માં સિદ્ધરાજનું મરણ થયું. એટલે તેને શાન્તિ વળી.

૩૫ કુમારપાળ ચાલુ. (ઇ.સ. ૧૧૪૩-૧૧૭૪=૩૧)

રાજ્યપ્રાપ્તિ—સિદ્ધરાજના મૃત્યુ પછી સામંતોએ મહીપાળને તેના વેશ ઉપરથી અને કીર્તિપાળને 'તમે જેમ કહેશો તેમ રાજ્ય ચલાવીશ' એમ કહ્યાથી તે બન્નેને રાજ્ય કરવાને નાલાયક ઠરાવ્યા. કુમારપાળને 'શી રીતે રાજ્ય ચલાવશો?' એ પૂછતાં તેની આંખો ચમકી ઉઠી, એકદમ ઘુંટણ ઉપર ઉભો થઈ ગયો, અને તરવાર મ્યાનમાંથી ખેંચી કાઢી બોલી ઉઠયો કે 'આ રીતે રાજ્ય ચલાવીશ.' આથી બધા સામંતો ખૂશ થયા.

રાજ્યમાં કુમારપાળ તરફનો અને તેની વિરુદ્ધનો એ બે પક્ષ હતા. પણ છેવટે ગાદી અપાવવામાં તેના બનેવી કૃષ્ણદેવ અને ઉદયન મંત્રીએ સારી મદદ કરી હતી. કુમારપાળને પસંદ કરી સંવત ૧૧૯૯ માં ગાદીએ બેસાડયો. આ વખતે તેની ઉમર પચાસ વર્ષની હતી.

ઉપકારનો બદલો—કુમારપાળને રાજ્ય મળ્યા પછી તેણે પોતાની દુઃખી સ્થિતિમાં મદદ કરનાર રાણી ભૂપાળદેવીને પટરાણી, ઉદયનમંત્રીને પ્રધાન, તેના પુત્ર બાહડ કે વાગભટને મહામાત્ય (નાયબ દિવાન), સજ્જન (આલિંગ) કુંભારને મહાપ્રધાન અને ચિત્રકૂટ (ચિતોડ) નો સ્વામી, ભીમસિંહ ખેડુતને અંગરક્ષક, ચણા આપનાર કટુક વાણીઆને વડોદરાનો ઇનામદાર, બ્રાહ્મણમિત્ર વોસિરિને લાટ દેશનો હાકેમ નીમીને તેમજ દેવાશ્રીને રાજતિલક કરાવી ધોલકા (ધવલક કે હેવયો) ગામ આપીને તેણે સર્વ ઉપકારીઓએ કરેલા ઉપકારનો બદલો વાળ્યો.

ખટપટી જુના પ્રધાનોનો નાશ:—કુમારપાળ ઘણો અનુભવી અને બાહોશ હતો; તેથી જુના પ્રધાનોની સત્તા જતી રહી. આથી તેઓ રાજાને મરાવી પોતાની મરજી પ્રમાણે ચાલે તેવા રાજાને ગાદીએ બેસાડવાનાં કાવતરાં કરવા લાગ્યા. તેની કુમારપાળને ખબર પડતાં તેણે તે ખટપટીઆઓને મારી નખાવ્યા.

કાનદેવે કુમારપાળને ગાદી મળવામાં મદદ કરેલી જેથી તેનું અભિમાન રાખી તે રાજાનું ભરી સભામાં અપમાન કરતો તેમ નહિ કરવા સમજાવ્યા છતાં પણ માન્યું નહિ, તેથી તેને મારી નખાવ્યો.

લડાઈઓ (૧) **સાંભરના રાજા અર્ણોરાજની*** **હાર:**—**(અ)** નાગોર–સપાદલક્ષ અથવા **સાંભર** (**શાંકંભરી** હાલનું અજમેર)નો રાજા **અર્ણોરાજ** જે કુમારપાળનો બનેવી થતો હતો. તેને ત્યાં ઉદયન મંત્રીનો બીજો પુત્ર **આહડ** નોકરીમાં હતો. **આહડે** કુમાળપાળથી કંટાળેલા સામંતો પોતાના પક્ષમાં આવે તેવી ગોઠવણ કરી, અર્ણોરાજ પાસે ગુજરાત પર ચઢાઈ કરાવી. કુમારપાળ પોતે મોટા સૈન્ય સહિત સામો લડવા ગયો. લડાઈ વખતે કપટ જણાઈ આવવાથી કુમારપાળ ગુસ્સે થયો, અને **અર્ણોરાજ** સાથે જાતે લડવા તેના તરફ પોતાના હાથીને હંકાવ્યો. **આહડે** કુમારપાળને મારવા તેના હાથી પર કુદકો માર્યો, પણ તે નીચે પડયો, અને મરાયો. **અર્ણોરાજને** તીર વાગ્યું; તેથી તે લોહીલોહાણ થઈ ગયો. આથી બીજા સૈનિકોએ શત્રુના સૈન્ય પર ધસારો કરી તેને નસાડી મૂકયું. કુમારપાળે **અર્ણોરાજને** સખત હરાવ્યો. તે પોતાનો બનેવી થતો હતો. તેટલા ખાતરજ તેને જીવતો રહેવા દીધો. તેણે બહુજ કાલાવાલા કર્યાં. હાથી અને ઘોડા ભેટ કર્યા, અને પોતાની કુંવરી જલ્હણા કુમારપાળને પરણાવવાનું

---

* **આનાં, અન્ન, આન્નક કે આનાક એ નામો પણ છે.**

કબુલ કર્યું, ત્યારેજ તેને ખંડીઓ રાજા બનાવી ગાદી પાછી સોંપી.

ब **સાંભરના** રાજા પાસેથી કુમારપાળે દેવસેવા વખતે ઓઢવાનું રેશમી વસ્ત્ર મંગાવ્યું. તે તેણે મોકલ્યું નહિ; તેથી તેણે ઉદયનમંત્રીના ત્રીજા પુત્ર ચાહડને લશ્કર આપી સાંભર જીતવા મોકલ્યો. તે સાંભર જે દહાડે જઈ પહોંચ્યો તે દહાડે સાતસો કન્યાઓનાં લગ્ન થતાં હતાં. તેમના કામમાં અડચણ ન થાય માટે રાત્રે શહેરને ઘેરો ઘાલ્યો, પછી બીજે દિવસે સવારે લડાઈ કરી રાજાને મારી ખજાનો લૂટી લીધો. વસ્ત્રના બદલામાં ત્યાંના સાતસો વણકરો પકડી લાવી પાટણમાં વસાવ્યા, અને તેમની પાસે નવાં વસ્ત્ર વણાવ્યાં.

ચાહડના શૌર્યથી ખૂશી થઈ રાજાએ તેને 'રાજઘરટ્ટ' એટલે રાજાને દળી નાખનાર એવો ઇલકાબ આપ્યો.

આ ચાહડ બહુ દાનેશ્વરી હતો. તેણે પુષ્કળ ધન માગણોને આપી દીધું હતું; તેથી કુમારપાળે તેને ઠપકો આપ્યો.

(૨) **માળવા તાબે કર્યું**:—કુમારપાળ અર્ણોરાજ સાથે લડવામાં રોકાયો હતો. તે વખતે તેણે વિજય અને કૃષ્ણ એ બે સામંતોને માળવા જીતવા મોકલ્યા હતા. તે માળવાના રાજા બલ્લાળ સાથે મળી ગયા, અને ત્રણે જણે મળી અણહીલપુર ઉપર હલ્લો કર્યો. કુમારપાળે રાજા બલ્લાળને હાથી પરથી ગબડાવી પાડી મારી નાખ્યો. આથી તેનું સૈન્ય નાસી ગયું, અને માળવા ગુજરાતના તાબે આવ્યું.

૩. **કોંકણના રાજા મલ્લિકાર્જુન સાથે લડાઈ**:—એક વખતે કુમારપાળની રાજસભામાં કોંકણના ભાટોએ આવી પોતાના રાજાને ' રાજ પિતામહ ' એટલે બધા રાજાઓનો દાદો કહી વખાણ્યો. *આથી કુમારપાળને ગુસ્સો ચઢ્યો. તેણે ઉદયનમંત્રીના પુત્ર

---

* જયસિંહરીના બારોટ શંકરે ખુવડ પાસે, અને કોંકણના ભાટે કુમારપાળ પાસે તેમના રાજાનાં વખાણ કર્યાં હતાં. આવા માણસોના વખાણથી રાજાનું મોત ઉભું થાય છે. તે ઉપરનાં દૃષ્ટાંતોથી સાબીત થાય છે.

આમ્રભટ (**આંબડ**) ને **કોંકણ** સર કરવા મોકલ્યો; પરંતુ તે હારી પાછો ફર્યો. આથી રાજાને મોં નાહ બતાવતાં **પાટણ** બહાર કાળો તંબુ ઠોકાવી, કાળો પોશાક પહેરી, કાળું છત્ર ધરાવી, પડાવ નાખ્યો. રાજાને ખબર પડતાં તેણે દિલાસો દીધો, અને હિંમત આપી, અને ફરીથી જબરા સૈન્ય સાથે બીજીવાર મોકલ્યો. આ વખતે **આમ્રભટ**ની તરવારથી **મલ્લિકાર્જુન** માર્યો ગયો એટલે તેણે તેની રાજધાની અને ખજાનો લૂટયાં. **મલ્લિકાર્જુન**નું સોનાથી મઢાવેલું માથું, તે સાથે મૂલ્યવાન ધાતુનાં વાસણ, મોતી, હાથી, સિક્કા અને બીજી લૂટ એ સર્વ રાજા આગળ રજુ કર્યું. આથી કુમારપાળે ખૂશ થઈ તેનો સત્કાર કર્યો અને 'રાજપિતામહ'નું પદ આપ્યું.

સુરાષ્ટ્ર–**સોરઠ** પર ચઢાઈ મોકલેલી; પરંતુ તેમાં જય મળ્યો નહોતો.

ચેદીનો રાજા ગુજરાત પર સવારી કરવા નીકળ્યો હતો. રસ્તામાં હાથી પર રાતના સૂતો હતો. એવામાં તેનો ગળામાંનો હીરામાણેકનો કંઠો વડની ડાળીમાં ભરાયો. હાથી ચાલ્યો જતો હતો, તેથી તે અધર લટકી રહ્યો અને મરણ પામ્યો.

ચંદ્રાવતી (**આબુ**) ના રાજાએ **સાંભર** રાજા **અર્ણોરાજ**ને મદદ કરી હતી તેથી તેને કેદ કર્યો હતો.

ધર્મ—કુમારપાળે ગાદી બેઠા પછી વચન આપ્યા પ્રમાણે તરતજ **જૈન** ધર્મ સ્વીકાર્યો. તોપણ **શૈવ** ધર્મ પર તેણે બીલકુલ વિરોધ કર્યો નહિ, અને **જૈન** અને **શૈવ** બંને ધર્મોનું સમાનતાથી પોષણ કર્યું.

ધાર્મિક સ્થાનો અને કૃત્યો:—લોકોપયોગી બાંધકામો માટે **કુમારપાળની કીર્તિ સિદ્ધરાજ જેટલી પ્રસરેલી નથી; કેમકે તેણે સિદ્ધરાજ જેટલાં જાહેર બાંધકામો કરાવ્યાં નહોતાં.**

મહંમૂદ ગીઝનીએ નાશ કરેલું, અને દરીઆના મોજાથી તૂટી ગયેલું, સોમનાથનું દેવાલય પત્થરથી ફરીથી સમરાવી તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (જુઓ પૃષ્ઠ ૯૯નું ચિત્ર) તેણે હેમાચાર્યની સલાહથી આ કામ પુરું થતાં સુધી હિંસા નહિ કરવાની અને બ્રહ્મચર્ય પાળવાની બાધા લીધી હતી. દેવળ બંધાઈ રહ્યું એટલે રાજા હેમાચાર્યને સાથે લઈ સોમનાથની જાત્રાએ નીકળ્યો. શિવાલયના પગથીઆં આગળ તેણે દંડવત કરી વંદન કર્યું, અને હાથી, ઘોડા, સોનું, ચાંદી, વગેરે દાન કરી અણહીલપુર પાછો ગયો.

તેણે જીવહિંસા બંધ કરાવી હતી. કોઈ ધનવાન અપુત્ર મરી જાય તો તેની મિલકત રાજ્યના ખજાનામાં લેવાનો ધારો હતો. એક ધનવાન શેઠ અપુત્ર મુઓ. તેની સ્ત્રી ઘણું રડતી કકળતી હતી; તે જોઈ કુમારપાળે તેને અભયવચન આપ્યું, અને હવે પછી કોઈની પણ મિલકત રાજ્યમાં લેવી નહિ એવો ઠરાવ કર્યો. વળી પોતાના ખાનગી ખર્ચ માટે રાજ્યના ખજાનામાંથી ખર્ચ નહિ કરવો; પણ જાત કમાઈનો ખર્ચ કરવો; એવી તેણે બાધા લીધી હતી.

તેણે એક હજારથી પણ વધારે જૈન દહેરાં બંધાવ્યાં હતાં એમ કહેવાય છે. તેમાં ખાસ કરીને પાટણમાં મુશકવિહાર, હેમાચાર્યની જન્મભૂમિ ધંધુકામાં ગોલિકાવિહાર અને તારંગાના ડુંગર ઉપર અજીતનાથ અને સંભવનાથનાં વગેરે દહેરાં બંધાવ્યાં હતાં.

વિદ્વાનો—કુમારપાળ પોતે વિદ્વાન નહોતો, પણ તેના પ્રધાન વિદ્વાન હતા. પોતાના દરબારમાં વિદ્વાનોને તેમાં ખાસ કરીને સંસ્કૃત કવિઓને રાખતો. તેના મુખ્ય પંડિતો રામચંદ્ર અને ઉદયન એ બે જૈન હતા. ઉદયન મંત્રીના મુઆ પછી રાજાનો મુખ્ય મંત્રી

કપર્દી વિદ્વાન અને સંસ્કૃત કવિ હતો. તેના મુખ્ય સલાહકાર અને ધર્મગુરુ હેમાચાર્ય એ તે કાળમાં સર્વશ્રેષ્ઠ વિદ્વાન હતા.

રાજ્યનો વિસ્તાર—કુમારપાળના સમયમાં રાજ્યનો વિસ્તાર ઉત્તરમાં તુર્કદેશ, પૂર્વે ગંગા નદી, દક્ષિણે વિંધ્ય પર્વત, અને પશ્ચિમે અરબી સમુદ્ર સુધી હતો.

મરણ—કુમારપાળ ઘણું રખડયો અને ઘણું દુઃખ વેઠયું હતું, આથી તેણે રાજ સારી રીતે ચલાવ્યું, રૈયતને સુખ આપ્યું, અને પ્રજાની પ્રીતિ સંપાદન કરી. સિદ્ધરાજની પેઠે પરદેશી રાજાઓને જીતી ગુજરાતની વીરહાક વગાડી. તે શૂરવીર અને પરદુઃખભંજન રાજા હતો. સિદ્ધરાજમાં જે મહાન્ બે દોષો હતા તે એનામાં નહોતા. તેથી તેની કીર્તિ ઉજ્જવલ રહી છે.

આ શૂરો અને ભલો રાજા ૩૧ વર્ષ રાજ ભોગવી ૮૦ વર્ષની વયે ઇ. સ. ૧૧૭૪ માં મરણ પામ્યો એમ પણ કહેવાય છે કે તેના ભત્રીજા અજયપાળે તેને ઝેર દઈ મારી નાખ્યો હતો.

૩૬ હેમાચાર્ય.

ધંધુકામાં ચાચિંગ નામનો મોઢ વાણીઓ રહેતો હતો. તેની સ્ત્રી પાહિની હતી. તેનાથી તેને ચાંગદેવ પુત્ર થયો હતો. ચાંગદેવ પાંચેક વર્ષનો હતો. ત્યારે પાટણથી જૈન આચાર્ય દેવચંદ્ર સુરિ ધંધુકામાં પધાર્યા હતા. ત્યારે ચાંગદેવની મા બાળપુત્રને લઈ સુરિના દર્શનાર્થે ગઈ હતી. રમતો રમતો ચાંગદેવ આચાર્યની ગાદી પર બેસી ગયો. તેની આ હિંમત અને અંગનાં બીજાં લક્ષણો જોતાં આચાર્યને લાગ્યું કે જો તે દિક્ષા લે તો મહાન ધર્મગુરુ થાય. બીજે દિવસે આચાર્ય સંઘને સાથે લઈ ચાચિંગને ઘેર ગયા. ચાચિંગ આ વખતે ઘરમાં નહોતો. પાહિની એકલીજ ઘેર હતી. તેણે આચાર્ય અને



હેમાચાર્ય. કુમારપાળ.

સંઘનો સારો સત્કાર કર્યો. આચાર્યે પાહિની પાસે દીકરાની ભિક્ષા માગી. તેણે પોતાના ધણીને પૂછ્યાગાછ્યા વિના રાહ ના જોતાં આચાર્યને બાળક સુંપરત કર્યો. આચાર્ય ચાંગદેવને લઈ કરણાવતી આવ્યા. ચાચિગ ઘેર આવ્યો તેને ખબર પડી કે પાહિનીએ પુત્રને આપી

દીધો. આથી તે રીસે ભરાયો, અને પુત્રને જોયા વિના કંઈ અન્ન લેવું નહિ એવું પણ લીધું, અને ભૂખ્યોતરસ્યો સાધુની પાછળ પુત્રને શોધતો શોધતો તે કરણાવતી આવ્યો. તેણે આચાર્ય પાસે પુત્ર પાછો માગ્યો; પરંતુ ઉદયન મંત્રી તથા બીજા જૈનોના પ્રબોધથી તેણે પુત્રને આચાર્ય પાસે રહેવા દીધો. દેવચંદ્ર સુરિએ તેને પુષ્કળ ધન આપ્યું.

આઠ વર્ષની વયે ચાંગદેવને દિક્ષા (ધર્મક્રિયા કરવાનો હક) આપવામાં આવી. આ વખતે દેવચંદ્ર આચાર્યે ચાંગદેવનું નામ બદલી સોમદેવ સુરિ પાડયું. બચપણમાંથીજ અજાયબી જેવું બુદ્ધિબળ બતાવી તેણે મહાન્ વિદ્વત્તા પ્રાપ્ત કરી, બધાંને ચકિત કરી દીધા. ૨૧ વર્ષની વયે સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પુરો કર્યો, અને પ્રવીણતા મેળવી, સમર્થ વિદ્વાન થયા, અને આચાર્યપદ પ્રાપ્ત કર્યું; તેમના ગુરુએ આચાર્ય પદવી આપી એમનું નામ હેમચંદ્ર (સોનાનો ચંદ્ર) અથવા હેમાચાર્ય પાડયું. તેઓ પોતાની વિદ્વતાથી સિદ્ધરાજના દરબારમાં માનીતા થઈ પડયા હતા. તેમણે પ્રાકૃત ભાષાનું વ્યાકરણનું અતિવિદ્વતા ભર્યું પુસ્તક રચ્યું હતું. આ પુસ્તકને હાથી પર મૂકાવી સિદ્ધરાજે તેનો વરઘોડો ફેરવ્યો હતો. આ પુસ્તક સાથે પોતાનું તથા સિદ્ધરાજનું નામ જોડી તેનું નામ 'સિદ્ધહૈમ' રાખ્યું હતું. આ ઉપરાંત તેમણે બીજાં ઘણાં પુસ્તકો રચ્યાં છે. તેમાં ખાસ જૈન સાધુઓનાં જીવનચરિત્રનો ગ્રંથ બહુ પ્રખ્યાત છે. ગુજરાતી ભાષામાં હેમાચાર્ય આદિ લેખક છે. તેમણે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ અને બીજા ગ્રંથો રચ્યા છે. તેઓ જ્યોતિષ્ય શાસ્ત્રમાં પણ પ્રવીણ હતા. તેમણે ભવિષ્ય ભાખ્યું હતું કે કુમારપાળ ગુજરાતનો રાજા થશે. કુમારપાળની તેમના પર અત્યંત શ્રદ્ધા હતી. તેથી તેણે જૈન ધર્મ સ્વીકાર્યો હતો. હેમાચાર્યની અદ્દભુત શક્તિ, તેમણે કરેલાં ચમત્કારિક કાર્યો, અને

તેમના મરણુ સંબંધી પણુ અનેક ખરીખોટી વાતો ગુજરાતમાં ચાલે છે, તેમનો જન્મ સંવત ૧૧૪૫ (ઇ. સ. ૧૦૮૯) અને કાર્તિક સુદ પુનેમે ધંધુકા ગામે થયો હતો, અને મરણુ સંવત ૧૨૨૯ (ઇ. સ. ૧૧૭૨)માં ૮૪ વર્ષની વયે થયું હતું.

૩૭ અજયપાળ. (ઇ.સ. ૧૧૭૪-૧૧૭૭=૩)

કુમારપાળ અપુત્ર હતો; તેથી તેના ભાઈ મહીપાળનો કુંવર અજયપાળ રાજા થયો. તેની રીતભાત સારી નહિ હતી. માટે કુમારપાળની પોતાના ભાણેજ પ્રતાપમલ્લને રાજ્ય આપવાની ઇચ્છા થઈ. આ ખબર અજયપાળને થતાં તેણે કુમારપાળને ઝેર અપાવી મારી નખાવ્યો, અને રાજ સ્વાધીન કર્યું.

તે ધર્માંધ તથા ઘાતકી હતો. તે શિવધર્મી હતો તેથી તેણે ગાદીએ આવ્યા પછી તરતજ જૈન ધર્મનો અનાદર કર્યો, જૈન લોકો પર જુલમ ગુજાર્યો, અને કુમારપાળે બંધાવેલાં જૈન દહેરાંનો નાશ કરાવ્યો. કુમારપાળના માનીતા મંત્રી કપર્દીને ઉકળતા તેલમાં નાખી મારી નખાવ્યો. રામચંદ્ર જૈન અધિકારી હતો, અને જેણે સો એક ગ્રંથો રચ્યા હતા. તેને તાંબાના લાલચોળ તપાવેલા પતરા પર બેસવાનો હુકમ કર્યો. આ દુઃખમાંથી છૂટવા તે બિચારાએ જીભ કરડી પ્રાણુ ખોયો. આમ્રભટને મારવા માટે બોલાવ્યો, પણુ તે લડાઈ કરી મુઓ. આ પ્રમાણે તેણે કુમારપાળના સમયના જૈન ધર્મી અને કુમારપાળનો પક્ષ કરનારા ઘણા પ્રધાનો તથા સરદારોના જીવ લીધા.

આવી ઘાતકી વર્તણુંક અને જુલમથી કંટાળી ફક્ત ત્રણુ વર્ષ રાજ્ય કર્યા પછી તેના મહેલના દ્વારપાળ વિજયપાળે તેના પેટમાં કટાર ઘોંચી પ્રાણુ લીધો.

૩૮ બાળમૂળરાજ. (ઇ.સ. ૧૧૭૭-૧૧૭૯=૨)

અજયપાળના મરણ પછી તેનો બે વર્ષનો બાળકુંવર **બાળ-મૂળરાજ** ઈ. સ. ૧૧૭૭ માં ગાદીએ બેઠો. ઇતિહાસમાં તે **મૂળરાજ** બીજો કે **બાળમૂળરાજ** એ નામે ઓળખાય છે. એની વય નાની હોવાથી સિદ્ધરાજની મા **મી**નળદેવીની પેઠે એની મા **નાયકા**દેવી અને તેનો કાકો **ભીમ**દેવ રાજ્યનો સઘળો રાજકારભાર કરતાં હતાં.

આ સમયે **અ**ફઘાનિસ્તાન દેશના **ગી**ઝનીના મુસલમાન પાદશાહ શાહબુદ્દીન **ઘોરી**એ બાળમૂળરાજના ગાદીએ આવ્યા પછી ઇ.સ. ૧૧૭૮ માં બીજેજ વરસે ગુજરાત પર ચઢાઈ કરી. **ભીમ**દેવ સૈન્ય લઈ સામો થયો. બંને વચ્ચે દારુણ યુદ્ધ જામ્યું. લડાઈ ચાલતી હતી તે વખતે રાજમાતા **નાયકી** દેવી બાળરાજાને લઈ પાસેની ટેકરી પર બેઠી બેઠી યુદ્ધ જોતી હતી, અને લડવૈયાઓને લડવાને હિંમત આપી ઉશ્કેરતી હતી. ભાગ્યજોગે વરસાદ થયો. આથી શૂરા **ભીમ**દેવે આ લડાઇમાં **ઘોરીશાહ શાહબુદ્દીનને** હરાવી નસાડી મૂકયો.



શાહબુદ્દીન.

બાળરાજા માત્ર બે વર્ષ રાજ ભોગવી ઇ.સ. ૧૧૭૯માં મરણ પામ્યો.

૩૯ ભોળો ભીમદેવ અથવા ભીમદેવ બીજો.

બાળરાજા **બાળમૂળરાજ**ના મૃત્યુ પછી તેનો કાકો **ભીમ**દેવ રાજા થયો. તે બહુ શૂરો પણ કાચા કાનનો; ચડાઉ, ઉતાવળીઓ,

અવિચારી અને ભોળો હતો તેથી લોકો તેને **ભોળોભીમ** કહે છે; અને તે ઇતિહાસમાં એજ નામથી ઓળખાય છે.

મુખ્ય રજપુત રાજ્યો—**ભોળોભીમ** ગુજરાતમાં રાજ્ય કરતો હતો, તે વખતે ઉત્તર **હિંદમાં** દિલ્હીમાં **અનંગપાળ** તુંવાર, **અજમેરમાં સોમેશ્વર ચાહાણ**; કનોજમાં **વિજયપાળ રાઠોડ** એ રાજ્યો; એ સિવાય **ચિતોડમાં** રાણા **સમરસિંહ** અને **આબુ (ચંદ્રાવતી)** માં **જેતસિંહ** પરમારનાં એ મુખ્ય રાજ્યો હતાં. આ રાજ્યોએ માંહો-માંહે લઢી કુસંપ કર્યો; આથી તેનાં માઠાં ફળ તેમને ભોગવવાં પડયાં.

આ વખતે **હિંદુસ્તાનનાં** રજપુત રાજ્યો જીતી લેવા, અને મુસલમાની રાજ્ય સ્થાપવા માટે **હિંદુસ્તાન** પર તલપ મારવા **અફઘાનિસ્તાનનો** પાદશાહ **શાહબુદ્દીન ઘોરી** ઝઝુમી રહ્યો હતો. આથી **હિંદના** રજપુત રાજાઓના શીરે મોટું સંકટનું વાદળ ઘેરા-યેલું હતું. આવા દુર્ઘટ સમયે કાબુલીઓ સામા તેમણે એકત્ર બળથી લડવાને બદલે ધુળબલાની વાતો માટે રજપુતો માંહોમાંહે લઢી નબળા પડી ગયા; આનો લાભ મુસલમાનોએ લીધો; અને તેઓ પોતાની મુરાદમાં ફાવી ગયા; અને **અફઘાન** રાજ્ય સ્થાપ્યું. જો તેઓ એક સંપ થઈ સામા થયા હોત, તો તેઓ તેમને હઠાવી પાછા કાઢત એમાં કંઈ શક ન હતો; કેમકે તે વખ-તના રજપુતો શૂરા હતા. કુસંપથી આપણાં રજપુત રાજ્યો કેવાં ખુવાર થયાં, તે **ભોળાભીમ** અને **પૃથ્વીરાજના** દાખલાથી જણાઈ આવે છે. આ માંહોમાંહેની લડાઈનો દોષ **ભોળાભીમને** માથે છે. આ વખતે જો **ભોળાભીમને** બદલે **કુમારપાળ** જેવો ડાહ્યો અને ચતુર રાજા હોત તો આખા **હિંદુસ્તાનની** પાયમાલી થવા પામત નહિ.

કુસંપનું કારણ—**ભોળાભીમ** અને **પૃથ્વીરાજ** વચ્ચે વેર

ઉત્પન્ન થવાનું કારણ મોટું ન હતું. આ વખતે **આબુગઢમાં જેત-સિંહ** પરમાર રાજા રાજ્ય કરતો હતો. તેને **સલખ** કુમાર અને ઇચ્છની (ઇચ્છનકુમારી) નામે ઘણીજ ખુબસુરત કુંવરી હતી. કુંવ-રીનો વિવાહ **અજમેરના** ચૌહાણ રાજા **સોમેશ્વરના** પુત્ર **પૃથ્વીરાજ** સાથે થયો હતો. એવામાં તેની ખૂબસુરતી સાંભળીને **ભોળાભીમને** તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઈ. તેથી તેણે પોતાના સરદાર **અમરસિંહને** માગું કરવા મોકલ્યો. **જેતસિંહે** તેને પાંચ દિવસ રાખી તેની સારી બરદાસ કરી અને સભ્યતાપૂર્વક કહેવરાવ્યું કે **અજમેરના** રાજા **સોમેશ્વરના** કુંવર **દિલ્હીના** રાજા **પૃથ્વીરાજ** સાથે તેનો વિવાહ કરેલો છે તેથી વિવાહ તોડી કન્યા બીજાને અપાય નહિ. **સલખે** કહ્યું, કે એ જૈન ધર્મી **ભીમને** હું મારી બેન પરણાવનાર નથી. આ ખબર **અમરસિંહે અણહીલવાડ** પહોંચાડી આ સાંભળતાંજ **ભીમને** હાડોહાડ રીસ ચઢી. તેણે મોટું સૈન્ય તૈયાર કરી, માંડલિક રાજાઓને પત્ર લખી તેમને તેમના લશ્કર સાથે બોલાવ્યા, અને **આબુ** પર ચઢાઈ કરી; **આબુપતિએ** કુંવ-રીને તેના સાસરે **અજમેર** મોકલી દીધી, અને **ભીમ** સાથે લડવાને **સોમેશ્વર** અને **પૃથ્વીરાજની** મદદ માગી. **પૃથ્વીરાજ** જબરી સેના લઈ **આબુરાજાની** મદદે આવી પહોંચ્યો. **ભોળાભીમદેવ** અને **આબુ** રાજા વચ્ચે દારુણ યુદ્ધ થયું, તેમાં છેવટે **ભીમદેવનો** જય થયો.

અજમેર પર ચઢાઈ—એ પછી કોપે ભરાએલા **ભીમે દિલ્હીના ચોહાણ** રાજા સામે લડાઈ કરવાનો વિચાર કર્યો, ત્યારે ફોજમાંના કેટલાક ડાહ્યા સુભટોએ તેને સલાહ આપી, કે આ વખત લડવાનો નથી, પણ એટલેથીજ લડાઈ બંધ કરી **અણહીલપુર** પાછા ફરવું એ ડહાપણ ભરેલું છે, અને **પૃથ્વીરાજ**

તથા બીજા રજપુત રાજાઓ સાથે એકમત થઈ મુસલમાનોને હાંકી કાઢવાનો છે. એક જૈન સાધુએ એમ સમજાવ્યું, કે રજપુત થઈને અપમાન સહેવું તે ધિક્કારપાત્ર છે; માટે પ્રથમ તો ચોહાણને હરાવી કન્યા લઈ આવવી, પછી મુસલમાનો સામે કંમર બાંધવી. હઠીલા **ભીમે** પોતાના સરદારોની ડાહી સલાહ માની નહિ. તેનો વિચાર **અજમેર** જઈ ઇચ્છિન–કુમારીને પકડી આણવી, અને **આબુ**-પતિને **અજમેર**ના **ચોહાણ** રાજાએ મદદ કરી હતી એટલે તેની સાથે લડવાનો હતો. આથી તે **આબુ**થી બારોબાર **અજમેર** ગયો.

ભીમદેવ ફોજ લઈ **અજમેર** આવ્યાની ખબર પડી, કે મુસલ-માનોએ પણ **અજમેર**ની બીજી બાજુએ આવી પડાવ નાખ્યો. આથી પૃથ્વીરાજને બે શત્રુઓ સાથે એકી વખતે લડવાનો પ્રસંગ આવ્યો.

શૂરા ચૌહાણો તરફથી **ચં**દ બારોટે રાત્રે ઓચિંતો ગુજરાતની ફોજ ઉપર છાપો માર્યો; તેથી સૈન્ય જીવ લઈને નાઠું. શૂરા પૃથ્વીરાજે આ લડાઈમાં **ભી**મદેવને હરાવી તેનો એક હાથ કાપી નાખી તેને પાછો હઠાવ્યો. બીજી તરફથી પૃથ્વીરાજે મુસલમાનોને હરાવી હાંકી કાઢયા.

ભીમદેવ આ હારથી ઘણો ખીજવાએલો અને ઉશ્કેરાએલો હતો. એવામાં તેના કાકા **સાર**ંગદેવ કે જેને સાત બહાદુર કુંવરો હતા. તેઓને કંઈક કારણસર **ભી**મદેવ સાથે અણબનાવ થવાથી તેઓ બહારવટે નીકળ્યા. તેમણે **સોરઠ**માં લૂટફાટ ચલાવી એટલો ત્રાસ વર્તાવ્યો કે તેમને સજા કરવાને **ભી**મદેવ જાતે **સોરઠ** ગયો. ત્યાંથી તેઓ **અજમેર** જઈ **સોમેશ્વર** અને પૃથ્વીરાજને આશરે જઈ રહ્યા હતા. તેમાંના એકે એક વખતે મૂછે તા નાખ્યો, તેથી **ચોહાણોનું** અપમાન થયું સમજી **સોમેશ્વર**ના ભાઈ કન્હ **ચોહાણે** તેનો હાથ કાપી નાખ્યો. આથી તેના ભાઈઓ સામા થયા, પણ

તે સૌ માર્યા ગયા. ભીમદેવે આ ખબર સાંભળી એટલે તેને બળતામાં ઘી હોમાયું. તે વેર લેવા ઉભો થયો. જબરૂં સૈન્ય લઈ અજમેર ઉપર ચઢયો. પૃથ્વીરાજનો બાપ સોમેશ્વર જબરૂં સૈન્ય લઈ તેની સામે થયો; દારુણ યુદ્ધ થયું તેમાં ચોહાણોની સખત હાર થઈ, સોમેશ્વર મરાયો, અને ભીમ જીત કરી અણહીલવાડ પાછો ફર્યો. આ વખતે પૃથ્વીરાજ પોતાના માના બાપ અનંગપાળની ગાદીના વારસ તરીકે દિલ્હીની ગાદીએ હતો.

પૃથ્વીરાજ—દિલ્હીના રાજા અનંગપાળને કમળાદેવી અને રૂપસુંદરી એ બે કુંવરીઓ હતી. મોટી કમળાદેવી અજમેરના ચોહાણ રાજા સોમેશ્વર વેરે અને નાની રૂપસુંદરી કનોજના રાઠોડ રાજા વિજયપાળ સાથે પરણાવી હતી. સોમેશ્વરને પૃથુ-પૃથ્વીરાજ અને વિજયપાળને જયચંદ્ર કુંવર થયા હતા.


પૃથ્વીરાજ.

પૃથ્વીરાજ ઘણો બલાઢ્ય, શૂરો, શબ્દવેધી, તીરંદાજી, ઘોડે બેસવામાં તથા તલવારના પટા ખેલવામાં એકકો, તેનું શરીર કસરતથી કસાયલું, અને સ્વભાવે ચપલ અને આનંદી હતો. જયચંદ્ર પૃથ્વીરાજ કરતાં મોટો હતો, પણ તેના જેવો હોશિયાર અને બહાદુર નહોતો.

પૃથ્વીરાજ અનંગપાળના દરબારમાં ઉછરી મોટો થયો હતો; આથી તેના પર અનંગપાળની વિશેષ પ્રીતિ હતી. તે વૃદ્ધ થયો હતો, તેથી તેણે પોતાના વહાલા દૌહિત્ર (ભાણેજ) પૃથ્વીરાજને પોતાનો

ગાદી વારસ ઠરાવી દિલ્હીની ગાદીએ બેસાડયો, અને પોતે હિમાલયમાં આવેલા બદરિનાથ તીર્થમાં તપ કરવા ગયો. આથી જયચંદ્રના મનમાં પૃથ્વીરાજ માટે ઈર્ષ્યા પેદા થઈ.

પૃથ્વીરાજની ગુજરાત પર ચઢાઈ—અજમેર પર ભીમ ચઢી આવેલો તેમાં સોમેશ્વર મરાયો. પૃથ્વીરાજ પિતા મરાયાની ખબર સાંભળી ઘણો શોકાતુર થયો અને ઘણો ક્રોધે ભરાયો. બાર દિવસ સુધી ભોંય પર સૂઈ રહ્યો. પિતાનું વેર વાળ્યા વિના પાઘડી બાંધવી નહિ એવું પણ લીધું, અને બાપની મરણક્રિયા કરી જબરૂં સૈન્ય લઈ ગુજરાત પર ચઢાઈ કરી. આ ખબર ભીમદેવને પડતાં તેણે પણ સર્વ સામંતો અને ખંડીઆ રાજાઓને એકઠા કરી લડાઈની જબરી તૈયારીઓ કરી. પૃથ્વીરાજનું લશ્કર ગુજરાતમાં પેઠું કે લોકો ત્રાસથી ડરી નાસભાગ કરવા લાગ્યા.

શત્રુની રાજધાની થોડે દૂર રહી, એટલે પૃથ્વીરાજે ચંદ બારોટને દીવો, નીસરણી, જાળ, કોદાળી, અંકુશ, અને ત્રિશૂળ આપી ભીમ પાસે મોકલ્યો. ચંદે ભીમના દરબારમાં જઈ ખબર કરી કે સાંભર રાજા પૃથ્વીરાજ બાપનું વેર લેવા ચઢી આવે છે માટે તું લડવાને તૈયાર થા. ભીમે કહ્યું, ઠીક, પણ તમે આ વિચિત્ર ચીજો શા માટે લાવ્યા છો ? ચંદ બોલ્યો, પૃથ્વીરાજનો એવો હુકમ છે કે જો તમે અંધારામાં છુપાઈ જાઓ તો દીવો લઈ શોધવા; આકાશમાં ભાગો તો સીઢીએ ચઢી પકડવા; સમુદ્રમાં જાઓ તો જાળ નાખી ઝાલવા, પૃથ્વીમાં પેસો તો કોદાળીથી ખોદી કાઢવા, અંકુશથી તમને તાબે કરવા અને ત્રિશૂળથી મારવા. ભીમે આવેશમાં આવી જવાબ દીધો, જા તારા રાજાને કહે કે હું તેનાથી ડરતો નથી. એ પછી બંને વચ્ચે ભારે યુદ્ધ થયું. આખરે ભીમ હાર્યો, અને તેને નાસી જવું પડયું,

અને પૃથ્વીરાજ જીત મેળવી દિલ્હી તરફ પાછો ગયો. ગુજરાતની ગાદી નબળી પડી ગઈ, અને તેનું બળ નરમ પડી ગયું.

ભીમદેવ અને કાબુલીઓ—અફઘાનિસ્તાનના પાદશાહ શાહબુદ્દીન ઘોરીને પહેલાં બાળમૂળરાજના વખતમાં ભોળાભીમે અને દિલ્હી અને અજમેરમાંથી પણ પૃથ્વીરાજે ઘણીવાર હરાવી નસાડી મૂક્યો હતો; પરંતુ રજપુત રાજાઓ માંહોમાંહે લડી નબળા પડી ગયા તેનો લાભ લઈ કાબુલીઓ ફરીથી હિંદુસ્તાન પર ચઢી આવ્યા.

ગુજરાત જીતી પૃથ્વીરાજ દિલ્હી પાછા ગયા પછી ઇ.સ. ૧૧૯૩ માં તેના પર શાહબુદ્દીન ઘોરી ફરીથી ચઢી આવ્યો. આ લડાઈમાં પૃથ્વીરાજ હાર્યો અને માર્યો ગયો. તેથી ઘોરી શાહે દિલ્હી અને અજમેરનાં રાજ્યો જીતી લીધાં, તે ઉપર સરદાર કુતુબુદ્દીનને સુબો ઠરાવી સ્વદેશ ગયો. થોડા વખત પછી તે પાછો આવ્યો, અને કનોજ અને કાશીના રાજાઓને હરાવી કેર વર્તાવ્યો.

ત્યારપછી ગુજરાત પર ધાડ આવી. ઇ. સ. ૧૧૯૪ માં કુતુબુદ્દીને ગુજરાત પર આવી ભીમની ફોજને હરાવી મુલક લૂટ્યો; અને પુષ્કળ દ્રવ્ય અને પકડાએલા હિંદુઓને પાદશાહ પાસે ગીઝની મોકલી દીધા. ભીમદેવ વગડામાં નાસી ગયો. પહાડી લોકોનો જમાવ કરી કુતુબુદ્દીન પર ચઢી આવ્યો, અને તેને જખમી કર્યો. પાદશાહના હુકમથી કુતુબુદ્દીન દિલ્હી ગયો.



કુતુબુદ્દીન.

સોળાભીમે બીજા રાજાઓ સાથે મળીને **શાહબુદ્દીનના** સુબા કુતુબુદ્દીનને **અજમેરમાંથી** હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો. તે ખબર કુતુબુદ્દીનને પડયાથી તેણે પાદશાહ પાસેથી વધારે ફોજ મંગાવી રજપુતોને હરાવ્યા, અને **ભીમદેવની** પાછળ પડી ઠેઠ **અણહીલવાડ** સુધી આવી પહોંચ્યો. આથી **ભીમદેવ** નાસી ગયો. કાબુલીઓએ ફરી ગુજરાતનો કબજો લીધો, પણ તરતજ તેઓને પોતાના પાદશાહનું મરણ થવાથી ગુજરાત લૂટી પાછા જવું પડયું. તેમના ગયા પછી **ભીમદેવે** પહાડી લોકોનો જમાવ કરી પાછા આવી રાજગાદી કબજે કરી લીધી.

સોલંકીઓની પડતી—ભીમદેવ હવે ઘરડો થયો હતો. કેટલાક સામંતો અને ખંડીઆ રાજાઓએ બંડ કર્યાં, અને વારંવાર ટંટા બખેડા થતા; આથી **ભીમદેવ** સુખે રાજ્ય કરી શકયો નહિ. એમાંના **જયતસિંહ** સોલંકીએ **અણહીલપુર** કબજે કરી ઇ. સ. ૧૨૨૪માં પોતાની દુવાઈ ફેરવી. **ભીમદેવને** પાટણથી નાસી જવું પડયું. ત્રણ વર્ષ બહાર રખડી મદદ મેળવી, પાછા આવી રાજ્ય સંભાળી લીધું. વારંવાર આમ ચાલતી લડાઈઓને લીધે હવે તે નબળો પડી ગયો હતો. ઘડપણને લીધે હવે તેનામાં પહેલાં જેવી શક્તિ પણ રહી નહોતી. એના રજપુત સરદારો પણ ગુજરાતના નાના નાના ઘણા ભાગો બથાવી પડવા લાગ્યા; હવે તેને કોઈ ગાંઠતું નહોતું. તે ગુજરાતના બધા રાજાઓ કરતાં સૌથી વધારે એટલે ૬૪ વર્ષ રાજ્ય કરી ઇ. સ. ૧૨૪૧-૪૨માં ૮૪ વર્ષની વયે મરણ પામ્યો.

ત્રિભુવનપાળઃ—(૧૨૪૨-૧૨૪૪=૨) ભીમદેવ પછી તેનો કુંવર **ત્રિભુવનપાળ** ગુજરાતનો રાજા થયો. આ રાજામાં રાજ્ય ચલાવવાના દમ નહિ હોવાથી અને તે રાજ્ય સાચવી શકયો નહિ. આથી

ધોલકાના વાઘેલા રાણા **વીસળદેવે** તેને ગાદી પરથી ઉઠાડી મૂકી રાજ્ય લઈ લીધું.

ગુજરાતીઓએ **બાળમૂળરાજ** અને **ભોળા ભીમદેવ**ના સમયમાં સમુદ્રપ્રયાણ કરી જાવા વગેરે ઠેકાણે સંસ્થાનો સ્થાપ્યાં હતાં.

ભાગ પાંચમો.

વાઘેલા વંશ.

વાઘેલા વંશની સ્થાપના.

કુમારપાળના મરણ પછી સોલંકી વંશની પડતી થઈ. એ વંશની એક શાખા જોર પર આવી. એનો મૂળ પુરુષ ધવલપ્રસાદ સોલંકી સરદાર કુમારપાળનો માસો થતો હતો. તેણે ધવલગઢ—ધવલપુર વસાવી ત્યાં પોતાની રાજગાદી ઠરાવી અને સત્તા જમાવી. એ ધવલપુર આજે ધોળકા નામે ઓળખાય છે.

ધવલપ્રસાદનો પુત્ર **અર્ણોરાજ** જે કુમારપાળનો મસીઆઈ ભાઈ થાય. તેણે સંકટ સમયે કુમારપાળની સારી સેવા બજાવી, સારી મદદ કરી હતી. આથી કુમારપાળે તેને પોતાનો સામંત બનાવી, વાઘેલ ગામ ઇનામમાં આપ્યું હતું, અને પોતાના અંગરક્ષક તરીકે અણહીલવાડમાં રાખતો હતો. પાટણથી દસ માઇલ દૂર આવેલું વાઘેલ* વાઘેલાનું મૂળ સ્થાન છે, તે પરથી વાઘેલા વંશના મૂળ પુરુષ **અર્ણોરાજ**ના વંશજો સોલંકીને બદલે વાઘેલા કહેવાયા, અને તેમનો વંશ તે વાઘેલા વંશ કહેવાયો.

---

* વાઘેલ રાધનપુર સંસ્થાનમાં આવેલું છે. અહીં પત્થરથી બાંધેલું વાઘેલ તળાવ પણ છે. વાઘેલ–વ્યાઘ્રપલ્લી.

૪૦ રાણા લવણપ્રસાદ.

અર્ણોરાજનો કુંવર લવણપ્રસાદ ભોળા ભીમદેવનો પ્રધાન હતો. પ્રધાનવટું કેટલાંક વર્ષ કર્યા પછી રાજા સાથે નહિ બનવાથી તેણે સાબરમતી અને નર્મદા વચ્ચેનો મુલક, ધોળકા અને ધંધુકા પરગણાં તાબે કરી ધોળકામાં ગાદી સ્થાપી, અને તે ધોળકાનો રાણો થયો. તેણે માળવા અને દેવગિરિના રાજાઓને હરાવ્યા, અને માર-વાડમાં આવેલા નાંદોલના સરદારને કતલ કર્યો હતો. તેની સત્તા એટલી બધી હતી કે રાજાની પેઠે તે બીજા રાજાઓ સાથે લડાઈ, સલાહ, અને ગામનાં દાન કરી શકતો. તેણે સોમનાથ મહાદેવને એક ગામ દાન આપ્યું હતું.

લવણપ્રસાદને મદનરાજ્ઞી રાણીથી વીરધવલ કુંવર થયો હતો. તે તેના બાપ કરતાં ચાલાક અને બહાદુર હતો. તેની બહાદુરી જોઈને લવણપ્રસાદે હયાતીમાં જ તેને રાજ્યકારભાર સોંપી દીધો હતો. રાણો લવણપ્રસાદ ભીમના પક્ષમાં હતો. તેને ભીમે કહ્યું: “ તમારા બાપે મને ઘણી મદદ કરી છે તેથી તમારે પણ કરવી જોઈએ. તેના બદલામાં વીરધવળને યુવરાજ બનાવું છું.” ત્યાર પછી તેને યુવરાજ કબુલ રાખ્યો હતો. વીરધવળ અને તેના પછીના રાજાઓ ગુજરાતનો રાજ્યકારભાર ધોળકામાં રહીને કરતા હતા.

૪૧ વીરધવળ.

રાણો વીરધવળ તેના બાપના જેવો પરાક્રમી હતો; તેથી તે વીર વાઘેલો કહેવાય છે. રાજ્યકારભાર પોતાના હાથમાં આવતાં વીર-ધવળે વસ્તુપાળ અને તેજપાળ એ બે બહાદુર અને ચતુર જૈન વાણીઆ ભાઈઓને પોતાના પ્રધાન નીમ્યા હતા. વસ્તુપાળ રાજ

ચલાવવામાં અને **તે**જપાળ લડવામાં બહાદુર હતો. **વીર**ધવળ **ભો**-ળા**ભી**મદેવ તરફથી પૃથ્વીરાજ સાથેની લડાઈ લડવામાં હતો. તેની બહાદુરીનાં **ચંદ** બારોટે **પૃ**થ્વીરાજરાસામાં પુષ્કળ વખાણ કર્યાં છે. **લ**વણપ્રસાદ અને **વીર**ધવળ જો ધારત તો **ભો**ળાભીમને ગાદીએથી ઉઠાડી મુકી આખા ગુજરાતના ધણી થઈ શકત; પરંતુ બે આંખની શરમથી **ભી**મદેવ સામે ઉઘાડી રીતે બહાર પડયા નહોતા. તેમણે ઘણો મુલક જીતી લીધો હતો; તોપણ પોતાને રાજા કહેવડાવતા નહોતા. **ભો**ળા**ભી**મની નબળાઈનો લાભ લઈ ઘણા ખંડીઆ રાજાઓ અને જાગીરદારો સ્વતંત્ર થઈ ગયા તેમ **લ**વણપ્રસાદ પણ સ્વતંત્ર થયો હતો. **લ**વણપ્રસાદ અને **વીર**ધવળ બંને પિતાપુત્રે આસપાસના પુષ્કળ મુલકો જીતી લઈ **અ**ણહીલવાડથી વિશાળ અને જોરાવર રાજ્ય સ્થાપ્યું. વીરધવળે **તે**જપાળને સાથે લઈને **ભો**ળા**ભી**મના ખંડીઆ રાજાઓને જીતી સર્વને પોતાના ખંડીઆ રાજા બનાવ્યા.

સૌરાષ્ટ્ર પર ચઢાઈ—ત્યારપછી **વીર**ધવળે અને **તે**જપાળે સૌરાષ્ટ્ર પર ચઢાઈ કરી. રાજધાની **વામસ્થળી** પાસે આવી પહોંચ્યા. અહીં **વીર**ધવળના સાળા **સાંગણ** અને **ચામુંડ** રાજ્ય કરતા હતા. **વીર**ધવળે તેમને હરાવી **સૌ**રાષ્ટ્ર જીતી લીધું અને ત્યાંથી પુષ્કળ ધન લઈ ધોળકા પાછા ગયા.

ગોધરાના રાજા ઘુંઘલ પર ચઢાઈ—ગોધરાનો માંડલિક રાજા **ઘુંઘલ** બહુ દુરાચારી હતો. તે જાત્રાળુઓને હેરાન કરતો તથા માલ લાવનારા વણજારા ગુજરાતના બંદરોએ માલ લાવતા તે લૂટી લેતો. તેને રાણા **વીર**ધવળે લુટારાનો ધંધો બંધ કરી ધોળકે આવી નમન કરવા કહેણ મોકલ્યું, અને ઠપકો દેવડાવ્યો, પણ તે નહિ ગણકારતાં ઉલટું તેણે ભાટ સાથે આંખમાં આંજવાના કાજળ (મેંશ)

ની દાબડી અને પહેરવાની સાડી વીરધવળને મોકલાવી, 'હું તમને અને બીજા રાજાઓને સ્ત્રી જેવા લેખું છું તેથી તમને મેં આ બક્ષીસો મોકલાવી છે.' એમ કહેવરાવી મશ્કરી કરી. આથી વીરધવળને ઘણો ક્રોધ થયો. ભાટને વિદાય કરી તેણે ઘુંઘલને જીતવા માટેનું પાનનું બીડું સભામાં ફેરવ્યું. તે તેજપાળે ઝડપ્યું. આ અપમાનનું વેર વાળવાને વીરધવળે તેજપાળને મોટું લશ્કર આપી મોકલ્યો. તેણે ગોધરામાં દાખલ થઈ ઘુંઘલને હરાવી કેદ પકડી લાકડાના પાંજરામાં પૂરી ધોળકા આણ્યો. ગોધરાની ગાદીએ ઘુંઘલના વંશના રજપુતને ખંડીઓ ઠરાવી બેસાડ્યો. વીરધવળે ઘુંઘળે મોકલેલી સાડી તેને પહેરાવી, કાજળની દાબડી કોટે બાંધી ભરી સભામાં આણ્યો. આ ફજેતી સહન ન થવાથી ઘુંઘળે જીભ કરડી પ્રાણ તજ્યો.

વીરધવળે ખંભાતના અખાતના ચાંચીઆ શંખને અને દેવગિરિના રાજા સિંઘણને હરાવી નમાવ્યા હતા.

દિલ્હીનો પાદશાહ મુઈઝુદ્દીન—વીરધવળ પોતે બહાદુર અને હોશિયાર હતો. વસ્તુપાળ અને તેજપાળ જેવા શૂરા અને કુશળ પ્રધાનો હતા. તોપણ તેને દિલ્હીના પાદશાહનો ડર હતો.

ગુલામ વંશનો બહેરામ ઉર્ફે મોઝુદીન-મવઝુદ્દીન કે મુઈઝુદ્દીન દિલ્હીનો પાદશાહ હતો. તેણે ગુજરાત પર ચઢાઈ કરી. વીરધવળને વસ્તુપાળે હિંમત આપી અને વસ્તુપાળે એક લાખ માણસનું લશ્કર અને આબુરાજાની મદદથી પાદશાહના સૈન્યને હરાવી નસાડી મૂક્યું. તોપણ પાદશાહનો ડર વીરધવળના મનમાંથી ગયો નહિ.

એકવાર પાદશાહની મા મક્કા હજ કરવા ગુજરાતના બંદરે વહાણમાં બેસવા આવી. તેનું વહાણ ચાંચીઆઓએ લૂટ્યું. તેની

ફરિઆદ આવી. વસ્તુપાળે પાદશાહની માની સારી બરદાસ કરી, અને ચાંચીઆઓને પકડી બધો માલ પાછો અપાવ્યો, અને પોતાના ચોકીપહેરા સાથે હજ જવાની તેમજ હજ કરી સહીસલામત પાછા લાવવાની સારી ગોઠવણ કરી આપી. હજ જતાં આવતાં પાદશાહની માની બહુજ સારી બરદાસ કરી અને ગુજરાતની સરહદ બહાર સહીસલામત પહોંચા'ડી. દિલ્હી પહોંચ્યાથી પાદશાહની માએ વસ્તુ-પાળની બરદાસનાં ભારે વખાણ કર્યાં. તેથી પાદશાહે વસ્તુપાળને દિલ્હી તેડાવી તેનો આદરસત્કાર કરી ઉપકાર માન્યો અને તે જે કંઈ ઇનામ માગે તે અને બીજું પણ માગવા કહ્યું. આ દેશભક્ત પ્રધાને ' ગુજરાત પર કોઈ દિવસ ચઢાઈ નહિ કરવી, અને રાજ્યને પીડા કરવી નહિ ' એ માટે વચન માગ્યું. તે પાદશાહે આપ્યું. આ રીતે તેણે મહાન શત્રુના ભયથી દેશને બચાવ્યો. આ સિવાય પાદશાહે ખૂશ થઈને મોટી રકમ બક્ષીસ આપી. વસ્તુપાળની ચતુરાઈથી પાદશાહની બીક ટળી. ધન્ય છે, આવા દેશભક્ત અને વફાદાર પ્રધાનને ! બન્ને ભાઈઓ વીરધવળના મરણ સુધી પ્રધાન-વટાપર રહ્યા હતા.

કુંવરો—વીરધવળને **વીરમદેવ**, **વીશળદેવ** અને **પ્રતાપમલ્લ** એ ત્રણ કુંવરો હતા. **વીરમ** ઘણો ઉતાવળીઓ, તોફાની અને અવિ-ચારી હોવાથી બાપ અને કારભારી સાથે બનતું નહોતું; તેથી **વીર-ધવળની** તેના પર પ્રીતિ નહોતી. **વીશળ** બહાદુર અને શાન્ત સ્વ-ભાવનો હોવાથી તેનાપર રાણાની વિશેષ પ્રીતિ હતી. વસ્તુપાળ પણ તેને જ માન આપતો હતો.

વીરમદેવનું તોફાન—ધોળકાના વૈષ્ણવોમાં એવો ચાલ હતો ! ! ! ! દિવસે એક ઝાડ નીચે સૌ પોતાની ઇચ્છા

પ્રમાણેની વસ્તુનાં ૧૦૮ નંગ મૂકે અને તે ધર્માદા કરી દેવાં. એક એકાદશીને દહાડે વીરમદેવે ૧૦૮ રૂપીઆ મૂકયા. તે પછી એક વાણીઆએ ૧૦૮ સાચાં મોતી મૂક્યાં, આથી પોતાનું માનભંગ-અપમાન થયું. સમજી વીરમ ગુસ્સે થયો કે શું વાણીઓ મારા કરતાં ચઢયો ? વાણીઆ પર તરવાર ખેંચી તેને મારવા ધસ્યો; તેથી વાણીઓ નાસીને વીરધવળના દરબારમાં ભરાયો. વીરમ તેની પાછળ દોડતો આવ્યો; આગળ વાણીઓ અને પાછળ વીરમ. બંને દરબારમાં પેઠા, દરબારમાં કોલાહલ મચી રહ્યો. વીરધવળે આ વાત જાણી, એટલે વીરમને અટકાવી, ધમકાવ્યો, અને કહ્યું, “અરે મૂર્ખ ઉદ્ધત છોકરા ! ખબરદાર, જો વાણીઆને હાથ અડકાડયો તો. એણે તારા કરતાં વધારે મૂક્યું તેમાં તારૂં શું જતું રહ્યું ! વાણીઓ તો મારી જંગમ મિલ્કત છે, માટે જા તારૂં કાળું કર. આજથી મારા દરબારમાં આવીશ નહિ.” આમ તેનો તિરસ્કાર કરી તેને એક ગામ ગિરાસમાં આપ્યું, અને તેને ત્યાંજ રાખ્યો. એ ત્યાં રહેવા ગયો ત્યારથી તે ગામનું નામ વીરમદેવના નામથી વીરમગામ પડયું.

ધોળકાના રાણા—લવણપ્રસાદ તથા વીરધવળે ભોળાભીમદેવના સમયમાં ગુજરાત, કાઠિઆવાડ અને કચ્છ તાબે કર્યા, છતાં અણહીલપુરના ધણી થવાની ઇચ્છા કરી નહોતી; પરંતુ ભીમદેવના સામંત હોવાનું વાજબી ધાર્યું હતું. એક વખતે વસ્તુપાળે વીરધવળને આટલો બધો દેશ તમારી સત્તામાં છે તો હવે તમે મહારાજાનું પદ ધારણ કરો ? એમ સૂચવ્યું. ત્યારે એ પદને લાયકનાં મેં હજી કંઈ ભારે કામ કર્યાં નથી; તેથી ‘રાણા’નું પદ સારૂં છે. આટલી બધી સત્તા જમાવ્યા છતાં તેઓ ધોળકાના ‘રાણા’જ કહેવાતા હતા.

ગુણદોષ અને મરણ—વીરધવળ જેવો લડવામાં બહાદુર હતો, તેવોજ ઇન્સાફી હતો. તે રૈયતના સુખ માટે બહુ કાળજી રાખતો, શત્રુને કાળરૂપ હતો, પણ રૈયતને તો સુખનો ઝરો હતો; તેના નોકરો તેમે પ્રેમથી ચાહતા હતા, તેથી તે જ્યારે (ઇ. સ. ૧૨૩૯–૧૨૪૦ માં) મરણ પામ્યો ત્યારે ઘણા ચાકરો તેની ભડભડ બળતી ચિતામાં કૂદી પડી બળી મૂઆ હતા.

૪૨ વસ્તુપાળ અને તેજપાળ.

આ બે વીરધળના પ્રધાનોનાં નામ ગુજરાતના ઇતિહાસમાં મશહુર છે. તેઓ પોરવાડ વાણીઆ હતા, અને જૈનધર્મ પાળતા હતા. તેમના વડૌવા અણુહીલપુરમાં રહેતા હતા. તેમનો દાદો ચંડપ્રસાદ સિદ્ધરાજનો ખજાનચી હતો. તેમનો પુત્ર અશ્વરાજ કે આશારાજ હતો. એના બાપદાદા ગુજરાતના રાજાનું કારભારૂં કરતા હતા તેથી એ ગર્ભશ્રીમંત હતો. હરિભદ્રસૂરિ એક દિવસ વ્યાખ્યાન કરતા હતા ત્યાં આશા શેઠ અને કુમારદેવી વણીકકન્યા સાંભળવા બેઠાં હતાં. વ્યાખ્યાનકાર સાધુ કુમારદેવી તરફ વારંવાર જોયા કરતા, વ્યાખ્યાન પૂરું થયા પછી બધા શ્રોતાઓ વેરાઈ ગયા, ત્યારપછી આશાશેઠે સુરિને એકાંતમાં પૂછ્યું, કે એ કન્યામાં એવું શું હતું કે આપ તેના તરફ ધારી ધારીને વારંવાર જોતા હતા. સૂરિએ ખુલાસો કર્યો કે એ બાઈના શરીર પર એવાં શુભ ચિહ્નો–રેખાઓ માલમ પડે છે કે એના ઉદરથી ધર્મધુરંધર અને મહાપરાક્રમી પુત્રો પેદા થાય. આથી શેઠે તે વણીકકન્યા કુમારદેવી સાથે લગ્ન કર્યું. આશાશેઠને કુમારીદેવીથી ચાર પુત્રો–લુણિગ, માલદેવ; વસ્તુપાળ અને તેજપાળ થયા અને સાત પુત્રીઓ થઈ. એ ચારે પુત્રો બહુ પરાક્રમી નીવડયા અને મંત્રીપદને પામ્યા હતા. તેમાં

વસ્તુપાળ બહુજ વિદ્વાન અને બુદ્ધિશાળી હતો. તેજપાળ ઘણો શૂરવીર અને યુદ્ધમાં પ્રવીણ હતો.

એક વાર વસ્તુપાળ અને તેજપાળ શેત્રુંજય તીર્થની જાત્રા કરવા નીકળ્યા. ધોળકા આવી પડાવ કર્યો. આ વખતે રાણા વીરધવળના મંત્રી ચાહડ સચીવે તેમની ઓળખાણ કરાવી. તેમને અત્યંત આદરસત્કાર સાથે તેમને મહેલમાં રાખ્યા, અને કુળગોર સોમેશ્વરદેવના કહેવાથી વીરધવળે છેવટે તેમને પ્રધાનપદ આપ્યું. તે બંને ભાઈઓએ સ્વીકાર્યું; પણ વસ્તુપાળને જણાયું કે રાજાના ખજાનામાં બીલકુલ ધન નથી; તેથી તેણે રાજા પાસે સરત કબુલ કરાવી કે 'અમારી પાસે ત્રણ લાખની મિલ્કત છે તે તમને બતાવીશું. તે લઈ આપના નગરમાં રહેવા આવીશું. "કદાપિ ભવિષ્યમાં આપની અમારા પર ઈતરાજી થાય અને તેથી અમને દંડો કે લૂટી લઈ કાઢી મૂકો તે વખતે અમારી હાલ જે ત્રણ લાખની મિલ્કત છે તે લઈ અમને જવા દેવા." આ તેમની માગણી લવણપ્રસાદ અને વીરધવળે કબુલ રાખી તેમને લેખી વચન આપ્યું. રાણાએ વસ્તુપાળને ધોળકા અને ખંભાતનો બંદોબસ્ત કરવાનો અધિકાર સોંપ્યો, અને તેજપાળને લડાઈનું કામ સોંપી પોતાની સાથે રાખ્યો.

વસ્તુપાળ તેજપાળે વીરધવળની વતી ઘણી લડાઈઓ લડી રાજ્યમાં વધારો કરી આપ્યો. આસપાસના રાજાઓને જીતી રાજ્યની મજબુતી કરી. તેઓ પ્રધાનવટા કરતાં ધર્માદા કાર્યોમાં ઘણા પ્રખ્યાત થયા છે. તેમની સમૃદ્ધિ અપાર હતી. તેમની પાસે હજારો દાસદાસીઓ અને સેંકડો ઘોડા હતા, અને ઉત્તમ સારા મોટા હાથીઓ તેમને ત્યાં ઝુલી રહ્યા હતા, અને ધનનો પાર નહોતો.

તેઓ વારંવાર સંઘ કાઢીને જાત્રાએ જતા હતા. તેઓ એકવાર લીંબડી નજીક હડાળા પાસે આવ્યા, ત્યાં લુટારાનો ડર લાગ્યો, તેથી પાસેનું ધન એક ઝાડ નીચે દાટવાનો ઇરાદો કરી એક સ્થળે ખાડા ખોદતાં ત્યાંથી સોનાની મહોરોથી ભરેલા ધનના ચરૂ મળ્યા; તેણે વિચાર્યું કે આપણે ધન જમીનમાં દાટવા ધારીએ છીએ ત્યારે ભૂમિમાતાએ તો આપણને ઉલટું દ્રવ્ય આપ્યું. હવે આ બધું ધન સાચવવાની ચિંતા દૂર કરવા અને તે એકઠું કરી દ્રવ્યવાન કહેવાઈ નામના મેળવવા, બાબતમાં વસ્તુપાળની સ્ત્રી અનુપમા-દેવી અને તેની મા કુમારદેવી વગેરે શેઠાણીઓની સલાહ લેતાં એ ધન જમીનમાં નહિ દાટતાં પર્વતો પર દહેરાં ચણાવવામાં ખર્ચવું. એમ ઠર્યું. તેથી તેમણે આબુ, ગીરનાર અને શેત્રુંજાના ડુંગરો પર ઉત્તમ કારીગીરીવાળાં રમણીય અને સુંદરમાં સુંદર ઉમદા દેવળો બંધાવવામાં ખરચી નાખી. તેની અંદરની બાજુનું કોતરણી કામ ઘણીજ ઉચ્ચપ્રતિનું છે. આ સિવાય ગીરનાર પર ‘ રસકુપ’ નામની સુંદર વાવ બંધાવી છે. આ દહેરાં બંધાવવામાં અને ધર્માદા કાર્યોમાં કરોડો રૂપીઆનો ખર્ચ કર્યો છે, એમ કહેવાય છે કે ત્રણ અબજ ચૌદ લાખ અને અઢાર હજાર રૂપીઆ તેમણે આવાં કામો પાછળ ખર્ચ્યાં હતા.

૪૩ વીશળદેવ. (૧૨૪૨-૧૨૬.)

વીરમદેવના વીરમગામ ગયા પછી વીરધવળે વીશળદેવને રાજ્યનો વારસ ઠરાવ્યો; તે ડાહયો અને સમજદાર હતો, આથી તે સૌને પ્રિય થયો, વીરમદેવ તોફાની હોવાથી રાજ્ય પર કંઈ આફત લાવશે એવું સમજી વસ્તુપાળે પ્રથમથી જ શહેરનો પાકો બંદોબસ્ત કરી અગત્યનાં સ્થળે સૈન્ય ગોઠવી પહેરા મૂકયા હતા. વીશળદેવ

માંદો પડયો. તેને જોવાના બહાને **વીરમદેવ** માણસો સાથે આવી પોતાના ઘરમાં રહ્યો; પરંતુ બાપનો મેળાપ થયો નહિ. રાજા ત્રણ દિવસની માંદગી ભોગવી મરણ પામ્યો. **વીરમદેવ** સજજ થઈ ગાદીએ બેસવા આવ્યો તે પહેલાં તો **વસ્તુપાળે** **વીશળદેવને** ગાદી બેસાડી દેઈ તેની આણ ફેરવી. આથી લડાઈ જાગી. **વીશળદેવ** અને **વસ્તુપાળે** **વીરમદેવને** હરાવ્યો. આથી તે **જાબલપુર** પોતાના સાસરે મદદ માટે ગયો. **વીશળદેવ** અને **વસ્તુપાળ** તેની પાછળ પડી **જાબલપુર** ગયા. ગુજરાતના રાજાનો ડર લાગ્યાથી **વીરમદેવને** **જાબલપુરમાં** પણ મદદ મળી નહિ. એકાએક ગુજરાતની ફોજના ધસારાથી **વીરમદેવ** મરાયો.

સોલંકી વંશનો અંત—ગુજરાતનો ઘણો ભાગ **વીરધવળે** જીતી લીધો હતો. **ભોળાભીમ** અને તેના કુંવર **ત્રિભુવનપાળની** હદ ટુંકી થઈ હતી, તોપણ પોતાની હયાતીમાં તેણે કોઈ વખતે **પાટણ** પર ચઢાઈ કરી નહિ. તેમ તે પોતાને કદી પણ ગુજરાતનો મહારાજા કહેવરાવતો નહિ. તે કહેતો કે હું તો ગુજરાતના રાજાનો જાગીરદાર છું. **વીશળદેવે** ગાદીએ આવ્યા પછી તરતજ ઇ. સ. ૧૨૪૩ માં **અણહીલપુર** પાટણ પર ચઢાઈ કરી રાજ્ય જીતી લીધું, અને છેલ્લા **સોલંકી** રાજા ત્રિભુવનપાળને પદભ્રષ્ટ કર્યો, અને ગુજરાતના મહારાજાનું પદ ધારણ કર્યું. **ધોળકાના** રાણા મટી હવે ગુજરાતના સ્વતંત્ર રાજા તરીકે રાજ્ય કરવા માંડયું, એ પ્રમાણે (ઇ. સ. ૯૪૨–૧૨૪૨) ત્રણસો વર્ષ પછી **પાટણની** ગાદીએ **સોલંકી** વંશનો અંત આવ્યો, અને ગુજરાતની ગાદી **વાઘેલા** વંશમાં ગઈ.

વીશળદેવે ગાદીએ આવ્યા પછી તરતજ તેણે દાદાના વખતના જુના, અનુભવી અને ડાહ્યા પ્રધાનોને રજા આપી **નાગડ** નામના બ્રાહ્મણને પ્રધાન બનાવ્યો.

વીશળદેવ બહાદુર લડવૈયો હતો. તેણે **માળવા** અને **મેવાડ**ના રાજાઓને જીત્યા હતા. તે સિવાય તેના પર ચઢી આવનારા બધા શત્રુઓને હરાવી નસાડયા હતા.

સ્વયંવર—કર્ણાટકના રાજાએ પોતાની કુંવરી માટે સ્વયંવર કર્યો હતો, તેમાં તે કુંવરીએ એકઠા થએલા ઘણા રાજાઓ પૈકી **વીસળદેવ**ને પસંદ કરી તેને વરમાળા પહેરાવી અને વરી.

ત્રણ વર્ષનો દુકાળ—છપનીઆ દુકાળ જેવો ભારે દુકાળ લાગલાગટ ત્રણ વરસ સુધી પડવાથી **વીશળદેવે** આ સંકટમાંથી ઢોરો અને માણસોને બચાવવા ઘણાં બાંધકામો ઉઘાડયાં, અનાજ, ઘાસ વગેરેની મદદ આપી ઢોર અને માણસોને મરતાં બચાવ્યાં, અને ગરીબો માટે સદાવ્રતો બાંધી રૈયતના જીવ બચાવ્યા. આ દુકાળમાં **જગડુશા** નામે વણીક શ્રીમંતે લોકોને પુષ્કળ અનાજ મફત આપ્યું હતું. તેણે ૧૧૨ સ્થળે અનાજના કોઠારો અને સદાવ્રતો બાંધ્યાં હતાં. હાલ પણ કોઈ સ્થળે જમીનમાંથી અનાજના કોઠાર નીકળે તો તે **જગડુ**ના કોઠાર નીકળ્યા એમ કહેવાય છે.

બીજાં બાંધકામો—તેણે **વીશનગર** અને ડભોઈના કિલ્લા બંધાવ્યા; અને જે મુસલાનોએ તોડી નાખ્યા હતા તે પાછા સમરાવ્યા હતા. આથી તેની કીર્તિ ફેલાઈ.

ડભોઈનો કિલ્લો અને તેન તળાવ—ડભોઈ પાસે પાંચેક માઇલ દૂર **ચાણોદ** જવાના માર્ગ પર **તેન** ગામ પાસે પત્થરથી બાંધેલું વિશાળ સુંદર તળાવ છે. તેને **તેન** તળાવ કહે છે. તે **વીશળદેવ**ની માની માનીતી દાસી **તેનાં** અથવા **તેલાંએ** બંધાવેલું છે. **તેન** તળાવ પાસે પાછળથી વસેલું ગામ પણ '**તેન** તળાવ' એ નામે ઓળખાય છે.

ડભોઈનો કિલ્લો વિશ્વામિત્રીથી ચાણોદ જતી આગગાડીમાંથી જોતાં હાલમાં ખંડેર હાલતમાં જોવામાં આવે છે. આ વીસળદેવે બંધાવ્યો. તે બાંધનાર હીરો કડીઓ પ્રસિદ્ધ કારીગર હતો. તેને તેલાંએ ડભોઈના કિલ્લા સાથે પોતાનું નામ અમર રહે માટે પોતાના નામથી તળાવ બંધાવવાની ઇચ્છા જણાવી. આથી ડભોઈનો કિલ્લો બંધાવવાને જે પત્થરો આવતા તેમાંથી સારામાં સારા તળાવ બાંધવાના સ્થળે મોકલાવતો; અને તે તળાવના બાંધ કામમાં વપરાતા. એક બાજુ કિલ્લો અને બીજી બાજુ તળાવ બંધાવવાનું કામ ખાસ કારીગરો કરતા. બન્ને કામ સાથે પુરાં થયાં; છતાં તળાવ પુરૂં થતાં સુધી તે કોણ બંધાવે છે અને શી રીતે બંધાય છે તેની કોઈને જાણ પડી નહિ. તળાવમાં વપરાતા પત્થરોની ખોટ કિલ્લામાં ન જણાય તે માટે કોટની વચ્ચે હીરાએ ઈંટો અને માટી પુરાવી; અને આસપાસ સારામાં સારા પત્થરો ચણાવ્યા. હીરા પર રાજાનો અત્યંત પ્રેમ હતો, તેથી આ હકીકત કોઈ રાજાને જાહેર કરી શકતું નહોતું; પરંતુ રાજાની માએ જ્યારે આ કપટની વાત જાણી ત્યારે તેણે આ વાત રાજાને જણાવવા યુક્તિ રચી. રાજા માટે વેઢમી બનાવી. રાજાએ કોઈ દિવસ તે ખાધેલી નહોતી આથી તેણે માને પૂછ્યું કે આ શું ? માએ જવાબ દીધો કે " એ તો ડભોઈનો કોટ" આનો અર્થ નહિ સમજ્યાથી ખુલાસો કર્યો કે જેમ આ રોટલીના ઉપર નીચેનાં બે પડ ઘઉંના લોટનાં છે, અને વચ્ચે ગોળદાળનો માવો ભરેલો છે; તેમ તારા કોટમાં પણ બે તરફ આગળ પાછળ પત્થરો ગોઠવી વચ્ચે ધૂળ અને માટી પુરેલી છે. આ જાણી રાજા તાજુબ થયો. વાત ખરી જણાઈ. પત્થરો ઘણા આવેલા તેમાંથી બચાવેલા પત્થરોનું વિશાળ તળાવ બાંધવામાં હીરાની લુચ્ચાઈ જણાઈ, તેથી ગુસ્સે થઈ રાજાએ તેને જીવતો કો-

ટમાં ચણી લેવાનો હુકમ કર્યો; પણ કારભારીઓએ જણાવ્યું કે આવો ઉત્તમ કારીગર કોઈ દિવસ ખપનો છે. તેથી તેને કોટમાં ચણ્યો અને ડોકાનો ઉપલો ભાગ ખુલ્લો રાખ્યો. હીરાની સ્ત્રીએ રોજ તેને ફક્ત ઘી પાઈ ૭ મહીના સુધી જીવતો રાખ્યો. તેવામાં કોટનું ચણતર કામ ચાલતું હતું. એક દરવાજાની કમાન બેસાડવી બાકી હતી. તે બેસાડવા ઘણા કારીગરો મથતા હતા પણ કોઈથી બેઠી નહિ. હવે **હીરા**ની જરૂર પડી, તેથી ૭ મહીને **હીરા**ને બહાર કાઢ્યો. તેણે કમાન બેસાડવાની યુક્તિ બતાવી. ૭ મહીના કિલ્લાની દિવાલમાં હતો. હવે તેને બહાર કાઢવાથી બહારનો પવન લાગવાથી તે મરણ પામ્યો. તેના નામથી જે દરવાજા આગળ તેને ચણી લીધેલો તે ડભોઇનો પૂર્વ તરફનો દરવાજો **હીરા દરવાજો** અને તે તરફની ભાગોળ **હીરા ભાગોળ** કહેવાય છે. **હીરા**એ બંધાવેલું તળાવ રાજાને ઘણું સુંદર જણાયાથી તે કાયમ રહેવા દીધું. તે દાસીના નામથી તેન તળાવ કહેવાય છે.

મરણ—આ કીર્તિમાન મહારાજા ઇ. સ. ૧૨૬૨માં મરણ પામ્યો. તેને પુત્ર નહિ હોવાથી તેના ભાઈ પ્રતાપમલ્લનો કુંવર **અર્જુનદેવ** ગાદીએ આવ્યો.

અર્જુનદેવ—(૧૨૬૨-૧૨૭૪=૧૨) એ **વીશળદેવ** જેવો પરાક્રમી અને સદ્‌ગુણી રાજા હતો. તેના પક્ષમાં કેટલાક મુસલમાન સરદારો હતા. તે ઇ. સ. ૧૨૭૪માં મરણ પામ્યો. તે પછી તેનો કુંવર **સારંગદેવ** (૧૨૭૪-૧૨૯૫-૯૬=૨૨) ગાદીએ બેઠો. તેણે બાવીસ વર્ષ રાજ્ય કર્યું, અને ઇ. સ. ૧૯૨૫ માં મરણ પામ્યો. તે પછી કરણદેવ ગાદીએ આવ્યો.

૪૪ કરણ ઘેલો, (૧૨૯૫-૧૩૦૪).

વીસળદેવ પછી તેનો ભત્રીજો અર્જુનદેવ તે પછી તેનો કુંવર સારંગદેવ રાજા થયા. તેમના વખતમાં જાણવા જોગ બનાવો બન્યા નથી. તે પછી છેલ્લો હિંદુ રજપુત રાજા કરણઘેલો ઇ. સ. ૧૨૯૫ માં અણહીલપુરની ગાદીએ બેઠો. તે શૂરો હતો. તેની ચાલચલકત સારી ન હતી. તેના ઉતાવળીઆ, હઠીલા અને આવેચારી સ્વભાવને લીધે તે કરણઘેલો કહેવાતો.

પ્રધાન સ્ત્રીનું હરણ—કરણ રાજાને માધવ અને કેશવ એ બે નાગર બ્રાહ્મણ ભાઈઓ પ્રધાનો હતા. તે મૂળ કચ્છના રહીશ હતા. માધવ નોકરીની આશાએ અણહીલપુર આવ્યો. બુદ્ધિબળથી પ્રધાનપદે પહોંચ્યો. માધવ સ્વભાવે ખારીલો અને મમતી હતો. તે પોતાને જરા પણ નુકસાન કરનારનું વેર વાળ્યા વિના તે કદી રહેતો જ નહિ. તેના ખારીલા સ્વભાવ માટે એમ કહે છે કે રસ્તે ચાલતાં કાંટાનું ઝરડું એને વળગ્યું; આ વેળા તેની પાસે કંઈ હથિયાર ન હોવાથી તેણે હાથ વતી ઝરડું કાઢી નાખ્યું. ઘેર જઈ કુહાડો લાવી તે વડે ઝરડાને જડમૂળથી ઉખેડી નાખ્યું.

માધવની સ્ત્રી રૂપસુંદરી બહુ રૂપાળી હતી. એક વેળા મહાશિવરાત્રીએ મધ્યરાત્રે શિવપૂજા કરી પાછી વળતાં કરણ રાજાએ દીઠી. તેનું સૌંદર્ય જોઈ તેને મેળવવાની ધારણા પુરી પાડવા કચ્છથી ઘોડા ખરીદી લાવવા માટે બાનું કાઢી માધવને કચ્છ મોકલ્યો. તેના ગયા પછી રૂપસુંદરીને પકડી લાવવા માટે રાજાએ માણસો મોકલ્યા. કેશવ તેની ભાભીનો બહાદુરીથી બચાવ કરતાં મરાયો. રૂપસુંદરીને બળાત્કારે રાજાના મહેલમાં લઈ ગયા. કેશવની પ્રતિવ્રતા સ્ત્રી ગુણસુંદરી સતી થઈ. માધવનો મહેલ શ્મશાન થઈ ગયો. રાજાના

આ અનીતિમાન કામથી શહેરની રૈયત રાજાને ધિક્કારવા લાગી અને આવાં કામ માટે ડરવા લાગી.

'રાજાએ રૈયતનું રક્ષણ કરવું', રૈયતને બેટા બેટી ગણવી જોઈએ, એમ સમજી કેટલાક રાજા પોતાના રાજ્યમાંથી પોતે કન્યા પરણતા નહિ. જે રાજા પ્રજાને દુઃખ દે છે, લાજ લૂટે છે; તેનું રાજ્ય જાય છે. કરણદેવે એ ધર્મ પાળ્યો નહિ. આથી તેણે રાજ્ય ખોયું, માનભંગ, આબરૂભંગ થયો અને રવડી રઝળી ભૂંડી રીતે મૂઓ, અને તેથી તે કરણઘેલો એ નામે ઓળખાય છે.'

થોડા દહાડા પછી માધવ કચ્છથી પાછો ફર્યો. રસ્તામાં તેણે ભાઈ મરાયાની, પોતાની સ્ત્રીના હરણની અને ઘર ઉજ્જડ થયાની ખબર સાંભળી ને ઘણોજ દીલગીર થયો અને ઘણોજ ગુસ્સે થયો, અને તે વેર લેવાના ઇરાદાથી દિલ્હી ગયો, અને ગુજરાતનું-રાજ્ય જીતી લેવા માટે દિલ્હીના પાદશાહ અલાઉદ્દીનને મળ્યો.

અલાઉદ્દીનની ગુજરાત પર ચઢાઈ—ગુજરાતના વાઘેલા રાજા કરણદેવનો પ્રધાન માધવ દિલ્હીના પાદશાહ અલાઉદ્દીન ખીલજી પાસે ગયો. ગુજરાત ધનવાન અને રસાળ પ્રદેશ છે, અથાગ લૂટ મળશે, ગુજરાતનો રસ્તો બતાવવાનું વચન આપી માધવે પાદશાહને સમજાવી, સવારી કરી, કરણનું રાજ્ય ખુંચાવી લેવા આજીજી કરી; ગુજરાતની આબાદી અને દોલતથી લલચાવી પુષ્કળ ઉશ્કેર્યો. આથી પાદશાહે ઇ. સ. ૧૨૯૭ માં પોતાના ભાઈ અલફખાન અને વડા વજીર નસરત-



અલાઉદ્દીન.

ખાનને મોટી સેના આપી ગુજરાત જીતવા મોકલ્યા. મુસલમાન સેના દેશ લૂટતી, વેરાન અને પાયમાલ કરતી ગુજરાતમાં ફરી વળી, અને પાટણ આવી પહોંચી. કરણદેવ પણ સૈન્ય એકઠું કરી બહાદુરીથી સામો થયો; પરંતુ તેના દુરાચારથી ત્રાસેલી પ્રજાએ તેને સહાય કરી નહિ. આથી તે હારી એકલો છૂટે હાથે નાસી ગયો. મુસલમાનોએ પાટણ કબજે કરી ત્યાં થાણાં બેસાડયાં. અને કરણદેવનો ભંડાર, સરસામાન, હાથીઘોડા, છોકરાંછૈયાં, અને રાણીઓ એ સૌ મુસલમાનોને હાથ ગયું, કરણદેવ અણહીલવાડ છોડી દક્ષિણમાં જઈ નાશક જિલ્લાના બાગલાણના કિલ્લામાં ભરાઈ બેઠો.

ત્યારપછી તેઓ ખંભાત બંદર ગયા. તે વખતે ખંભાત વેપારીઓથી છલાછલ ભરેલું દ્રવ્યવાન શહેર હતું. ત્યાંથી પુષ્કળ લૂટ મળી. વળી એક ખૂબસુરત ગુલામને પકડી દિલ્હી મોકલ્યો. પાછળ-થી તે પાદશાહનો માનીતો થઈ પડયો, અને તે મલેક કાફૂર એ નામથી જાણીતો થયો છે.

મુસલમાન લશ્કરે અણહીલપુર અને બીજાં ગામો લૂટયાં, બાળ્યાં, સોમનાથનું દેવળ અને સિદ્ધપુરમાં રુદ્રમાળ વગેરે હિંદુ અને જૈનનાં ઘણાં દેવળો તોડી પાડી તેના પત્થરો મસીદો બાંધવામાં વાપર્યા, લોકોને વટલાવી મુસલમાન કર્યા, અને અનેક જાતનો જુલમ અને ત્રાસ વર્તાવી દેશની દુર્દશા કરી તેથી હજુ પણ અલાઉદ્દીન પાદશાહ 'અલાદીઓ ખુની' એ નામથી જાણીતો છે.

ગુજરાતના હિંદુ રાજ્યનો આ રીતે અંત આવ્યો, અને ત્યાં દિલ્હીના પાદશાહના અમલની શરૂઆત થઈ. ઇ. સ. ૧૨૯૭ થી ૧૩૦૪ સાત વર્ષ સુધી અંધાધુંધી ચાલી. ત્યારબાદ અલફખાન સુબો નિમાવાથી કંઇક શાંતિ થઈ. માધવને અલફખાનનો પ્રધાન

બનાવ્યો હતો; પણ તેને શાંતિ નહોતી. કેમકે તે તેના દેશ અને રાજ્ય માટે **નીમકહરામ** નીવડયો હતો તેથી તેનો વિશ્વાસ નહોતો.

બોધ—જેવી રીતે કાકુ રંકે પરદેશી રાજા પાસે દેશ પર ચઢાઈ કરાવી દેશને પાયમાલ કરાવ્યો તેવીજ રીતે **માધવે** પણ મુસલમાનો પાસે ગુજરાત પર ચઢાઈ કરાવી હિંદુરાજ્યનો નાશ કરાવ્યો અને દેશને પરતંત્ર બનાવ્યો. **માધવને** વેર તો માત્ર કરણદેવના ઉપર હતું, પ્રજાએ તેનું કંઈ બગાડયું નહોતું, છતાં તેણે આ દેશદ્રોહી કૃત્યથી પોતાનું મોં કાળું કર્યું છે. કાકુ અને **માધવ** જેવા દેશદ્રોહી નહિ થતાં સુરપાળ અને વસ્તુપાળ જેવા દેશભક્ત અને રાજ્યભક્ત થવું એ શ્રેષ્ઠ છે. આપણને કાકુ અને **માધવનાં** કૃત્યો માટે તિરસ્કાર છૂટે છે, અને સુરપાળ અને વસ્તુપાળ માટે માન ઉત્પન્ન થાય છે. કરણ રાજાનું કૃત્ય બહુજ પાપી હતું. રાજાઓએ તો પરસ્ત્રી મા બેન સમાન ગણવી જોઈએ. એના આ પાપની તો ઈશ્વરે તેને વાજબી શિક્ષા કરી છે; પરંતુ **માધવનું** આ કૃત્ય તો ધીટકારને પાત્ર લેખાશે. કેમકે તેણે પરદેશીઓ પાસે દેશ પર હુમલો કરાવ્યો તેના કરતાં તેણે બીજી કોઈ રીતે કરણરાજા પર વેર લેવુ હતું.

૪૫ કરણની દુર્દશાઃ—કૌળાદેવી અને દેવળદેવી—

કરણદેવના નાસી ગયા પછી મુસલમાન સેના અણહીલવાડમાં દાખલ થઈ, રાજમહેલનો કબજો લીધો. રૂપવંતી રાણી કૌળાદેવીને પકડી દિલ્હી મોકલાવી દીધી. પાદશાહ અલાઉદ્દીને આ સુંદર રજપુતાણી રમણી સાથે લગ્ન કર્યું, અને તે હોશિયારીથી અને સૌંદર્યથી ટૂંક સમયમાં પાદશાહની માનીતી બેગમ થઈ પડી. તેનો મૂળ ધણી કરણદેવ બાગલાણના ડુંગરોમાં ત્યાંના ડુંગરી કિલ્લામાં જઈ ભરાયો.

કરણદેવ નાઠો ત્યારે તેની સાથે તેની રૂપવતી કનકદેવી અને દેવળદેવી બે કુંવરીઓ હતી. કનકદેવી કરણદેવ પાસે મરણ પામી હતી. નાની કુંવરી દેવળદેવી જુવાનીમાં આવતાં તેનું રૂપ અને લાવણ્ય તેની માના જેવાં ખીલી ઉઠયાં. કરણદેવ સાથે દેવળદેવી છે તે કૌળારાણી (કમળાદેવી) જાણુતી હતી.

અલાઉદ્દીન કૌળાદેવીને ઘણું માન આપતો અને ઘણું ચહાતો હતો. તેને સુંદર શણગારેલા મહેલમાં રાખી હતી, અને તેને કેવી રીતે ઘણું સુખ અને મોજમજા મળી શકે તે માટે કોઇપણ જાતની તે ઉણપ રાખતો નહિ; છતાં પણ કૌળાદેવીનું મન ઉદાસ રહેતું; કેમકે તેને તેની વહાલી કુંવરી દેવળદેવી વિના ગોઠતું નહોતું; પણ તે તેના બાપ કરણ પાસે હતી. તેને તેડાવવાની તેની ઇચ્છા હતી, પણ એ બની શકે તેમ નહોતું; કેમકે તેવામાં કરણ બાગલાણના કિલ્લામાં ભટકતો ફરતો હતો.

કેટલોક સમય વીત્યા પછી અલાઉદ્દીને મલેક કાકુરને મોટું લશ્કર આપી દક્ષિણ દેશ જીતવા મોકલ્યો. તે વખતે કૌળાદેવીએ પાદશાહને વિનંતિ કરી કે હું કેદ પકડાઈ ત્યારે મારી બે કુંવરીઓમાંની હયાત દેવળદેવી હાલ તેના બાપ સાથે છે. તેની શોધ કરાવી અહીં તેડાવો. આથી અલાઉદ્દીને દેવળદેવીને મેળવી મોકલી દેવાનો મલેક કાકુરને હુકમ આપ્યો. કરણ દુઃખી હાલતમાં હતો. તેવામાં આ જાતિભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ ભૂંડી રાણી તેને વધારે દુઃખ દેનારી થઈ પડી.

આ વખતે કરણ દેવગિરિ (દેવગઢ–દેવદુર્ગ) ના યાદવ રાજા રામદેવના આશરે હતો. રામદેવને શંકરદેવ અને ભીમદેવ બે કુંવરો હતા. શંકરદેવ અને દેવળદેવી વચ્ચે પ્રેમ બંધાયો. આથી રામદેવે શંકરદેવ માટે દેવળદેવીનું માગું કર્યું. આવા સંકટ સમયે જો કે કરણ બીલકુલ રાજ વગરનો થયો હતો, પણ લાજ વગરનો થયો નહોતો. તેના-

માંથી શુરાતન ગયું નહોતું. આથી તેણે પોતાના કુળનું અભિમાન તજ્યું નહિ; પરંતુ રજપુત કન્યા મરાઠાને પરણે એ કરણને અઘટિત લાગ્યું માટે તેણે દેવળદેવી આપવાની ઘસીને ના પાડી. આ બનાવ બન્યા પછી રાજા કરણને ખબર મળી કે મુસલમાન લશ્કર દેવળદેવીને દિલ્હી લઈ જવા ચઢી આવે છે. મલેક કાફુરના હુકમથી ગુજરાતના સુબા અલફ્ખાન અને તેના મુસલમાની સૈન્યે દેવળદેવીને મેળવવા બાગલાણ તરફ કૂચ કરી.

દુઃખિઆરા કરણને માથે આથી મોટું સંકટ આવી પડ્યું, છતાં કરણ રાજાએ જીવની પણ દરકાર રાખ્યા વિના બે માસ સુધી મુસલમાનો સાથે ટક્કર ઝીલી અને બહાદુરીથી લડયો, પણ લાંબો સમય ટકી શકે એમ નહોતું. આ વખતે દેવગઢના રાજા રામદેવે કહાવી મોકલ્યું કે લડાઈનું કારણ દેવળદેવી છે. તે જો તમે શંકરદેવ સાથે પરણાવી દો. તો લડાઈ આપોઆપ બંધ પડશે. મરાઠા રાજાને કન્યા આપવાનું તેને પસંદ ન પડ્યું; પરંતુ તેને મુસલમાનને હાથ જવા દેવી તે કરતાં એ રસ્તો ઠીક છે, એમ સમજીને આખરે તેણે હા પાડી.

દેવગઢના રાજાએ કરેલો બેત પાર ન પડયો. કરણના ભાગ્યમાં માનભંગનો પ્યાલો કલંક લાગતાં સુધી પીવાનું સરજ્યું હતું. દેવળદેવીના લગ્નની વાત મુસલમાનોએ જાણી હતી એટલે તેમણે કોઈપણ રીતે તેને કબજે મેળવવાનો નિશ્ચય કર્યો.

દેવગિરિના રાજા રામદેવે પોતાના પુત્ર ભીમદેવને સેના આપી દેવળદેવીને તેડી લાવવા મોકલ્યો. કરણે દેવળદેવીને દાસદાસીઓ અને રખેવાળો સાથે વિદાય કરી. કમનસીબે દેવગિરિ આવતાં રસ્તામાં પાદશાહી ફોજનો ઓચિંતો ભેટો થયો. ખૂબ જોસથી ઝપાઝપી ચાલી. ભીમસિંહ અને તેના સાથીઓ બહાદુરીથી લડતાં લડતાં

રણુમાં પડયા. દેવળદેવીને લઈ કેટલાક હિંદુ સવારો નાસવા લાગ્યા. તે વખતે દેવળદેવીના ઘોડાને તીર વાગ્યાથી તે ઘવાયો, અને દેવળદેવી હેઠે પડી. એક દાસીથી ગભરાટમાં તેનું નામ દેવાઈ ગયું; તેથી તેને ઉંચકીને મુસલમાન સરદાર પાસે લઈ ગયા. સરદારે તેને દિલ્હી તેની માને સ્વાધીન કરવા મોકલી દીધી.

દિલ્હીમાં આવ્યા પછી દેવળદેવીનું ભરજુવાનીનું સૌંદર્ય જોઈ પાદશાહનો પાટવી શાહજાદો **ખીજરખાં** મોહીત થયો. બન્ને વચ્ચે પ્રીતિ થઈ; પરંતુ બંનેની માના વિચાર આ લગ્ન વિરુદ્ધ હતા. બંનેના પ્રેમમાં આમ ભંગાણુ પડયાથી તેઓ ઉદાસ અને શરીરે ક્ષીણ થતાં ગયાં. આથી તેમનાં લગ્ન કરવામાં આવ્યાં.* અને મા દીકરી સુખી થયાં. બિચારા કરણઘેલાના દુઃખનો પાર રહ્યો નહિ. તે દીલગીરી અને દુઃખનો માર્યો ડુંગરો અને જંગલોમાં દિવસો વીતાડતાં રખડી રઝળીને મુઓ.

ઉપસંહાર—આપણે જોયું કે દિલ્હી, અજમેર, અને કનોજનાં હિંદુ રજપુત રાજ્યો સ્ત્રીઓના કજીઆને લીધે માંહોમાહે કુસંપ કરી રહ્યાં હતાં. મુસલમાનોએ તે રાજ્યો જીતી લીધાં, અને દિલ્હીમાં રાજધાની કરી. ગુજરાતનું રાજ્ય દિલ્હીથી ઘણું દૂર અને મુસલમાન પાદશાહ બે વાર પાછો ગએલો હોવાથી સોલંકી રાજા નબળા પડયા છતાં ટકી રહ્યું હતું. વાઘેલા રાજા શૂરા અને બહાદુર હતા, તોપણુ જોરાવર મુસલમાન શત્રુઓ થડમાં છે, અને તે કોઈ દહાડો મારી પાડશે. તેથી તેની સામો બચાવ કરવા માટે ચેતતા રહી તૈયારી રાખવાનું ભાન રાખ્યું નહિ. વળી બ્રાહ્મણુ પ્રધાનોથી

---

* ફારસી ભાષામાં દિલ્હીના રાજ્યકવિ ખુશરૂએ શાહજાદા ખીજરખાં અને રજપુત રમણી દેવળદેવીના પ્રેમ વિષેનું મધુર કાવ્ય રચ્યું છે.

દહેરાં વગેરે બંધાવવા અને મોજશોખમાં આનંદ માન્યો. આથી વનરાજે સ્થાપેલું, મૂળરાજ, સિદ્ધરાજ અને કુમારપાળ જેવા શૂર-વીર, પરાક્રમી અને બાહોશ રાજાઓએ આબાદ કરેલું અને સારા પાયા પર મૂકેલું રાજ્ય ખોયું, દેશ પાયમાલ થયો, અને કરણઘેલાની મુર્ખાઇથી તો હદ આવી અને રૈયતને અનેક સંકટો વેઠવાં પડયાં. આ તોફાન અને લૂટફાટના સમયમાં ગુજરાતની તથા પાટણની વસ્તી વેરણખેરણ થઈ થઈ અને ગમે ત્યાં જઈ વસી. હાલની ગુજ-રાતની વાણીઆ, બ્રાહ્મણની જુદી જુદી નાતો તે વખતથી બંધાઈ છે.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસનો પુનઃ ઉપસંહાર.

ચાવડા—ચાવડા રાજાઓથી ગુજરાતનો ઇતિહાસ ખરી રીતે શરૂ થાય છે. તેમના રાજ્ય અમલની શરૂમાં દેશ જંગલી હતો, પરંતુ બળવાન રાજ્યનો પાયો ગુજરાતમાં નંખાયો હતો. તથા દેશને આબાદ અને પ્રજાને સુખી કરવાના ઉપાયો થયા હતા.

સોલંકી—સોલંકી રાજાઓએ ઘણા પ્રદેશો જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું. તેઓમાં સૌથી પ્રતાપી સિદ્ધરાજ થયો. તેના અમ-લમાં ગુજરાતના રાજ્યકાળનો મધ્યાહ્નકાળનો સૂર્ય તપતો હતો, અને આ રાજા ગુજરાતનો ખરેખરો સ્વામી હતો. આ રાજાઓએ પ્રજાના સુખ માટે વાવ, કુવા, તળાવ, કુંડ, દહેરાં વગેરે બંધાવી ન્યાય અને નીતિથી રાજ્ય ચલાવી પ્રજાપ્રેમ મેળવ્યો હતો.

સોલંકી છેલ્લો રાજા ભોળોભીમદેવ અવિચારી નીવડયો. તેણે બીજાં રજપુત રાજ્યો સાથે કન્યા જેવી નજીવી બાબતમાં કુસંપ કરી વિગ્રહો કર્યાં. પરિણામ એ આવ્યું કે શાહબુદ્દીન ઘોરીએ રજ-પુત રાજ્યો જીતી લીધાં. ભીમદેવને પણ હરાવી દેશની પાયમાલી કરી; અને તેથી ગુજરાતના રાજાની હાલત નબળી પડી ગઈ.

વાઘેલા—સોલંકી રાજાઓની પડતીનો લાભ **વીશળદેવે** ત્રિભુવનપાળનું રાજ્ય જીતી લઈ લીધો, અને વાઘેલા રાજ્ય સ્થાપ્યું. છેલ્લો વાઘેલો રાજા કરણઘેલો રાજા તરીકેની પોતાની ફરજ ચૂક્યો. આથી ઇ. સ. ૧૨૯૭ માં ગુજરાતમાંથી રજપુત રાજ્યનો અંત આવ્યો, અને મુસલમાની સત્તા જામી.

ઉપસંહાર—ગુજરાતના ઇતિહાસના પ્રાચીનકાળમાં રાજા-પ્રજા વચ્ચે સાચો, પ્રેમ ભરેલો સારો અને સીધો બાપદીકરા જેવો સંબંધ હતો. રૈયત રાજાને પંડોપંડ ફર્યાદ કરી શકતી, વિદ્વાનોને આશ્રય મળતો, અને તેમને ગિરાસ કે વર્ષાસન અપાતાં. મૂળરાજ સોલંકીએ બ્રાહ્મણોને ગુજરાતમાં વસાવ્યા અને તેમને સિદ્ધપુર અને સિહોર દાનમાં આપ્યાં હતાં.

રાજાઓ લાયક રાણીઓ પસંદ કરીને પરણતા. તેમને હાલ કરતાં વિશેષ છૂટ હતી. તેમની બુદ્ધિ અને ડહાપણનાં કામોમાં મદદ મળતી. વળી તેઓ ધર્મ અને દયાનાં કામો પણ કરાવતી.

જમીનની ઉપજનો અમુક ભાગ રાજભાગ તરીકે મળતો. તે ગામના અધિકારીઓ ખેડુતોથી ઉઘરાવી, રાજ્યના કારભારીઓને વસુલ આપતા. દુકાળના વખતે જમીન ઉપજનો રાજભાગ રાજાને વસુલ મળતો નહિ.

જમીન ફળદ્રુપ હોવાથી જાત જાતના અનુકૂળ જથાબંધ પાકો નીપજતા. વેપાર પુરપાટ ચાલતો. દસમા સૈકામાં ખંભાત મોટું વેપારી બંદર હતું. તે જમાનામાં ચાંચીઆ અને લુટારાનો ત્રાસ હતો. છતાં પણ ખંભાતનો વેપાર આબાદ ચાલતો હતો.

શીલા લેખો પરથી માલમ પડે છે કે લોકો નીતિમાન હતા. ગમે તે ધર્મ પાળવાની છૂટ હતી. માત્ર અજયપાળે જૈન ધર્મ પર

જુલમ ગુજાર્યો. ધર્મગુરુઓ વચ્ચે ધર્મસંવાદો થતા હતા, સત્યધર્મને ઉત્તેજન અપાતું. ગુપ્ત રાજાઓ વિષ્ણુભક્ત હતા. વલ્લભી રાજાઓ શૈવધર્મી હતા, પણ શીલાદિત્યે બૌદ્ધ ધર્મ પાળ્યો હતો. અણહીલવાડના રાજાઓએ જૈન અને શૈવ બંને ધર્મોને આશ્રય આપ્યો હતો.

આ કાળમાં માત્ર બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો હતી. પણ ઝાઝી નાતો નહોતી. કરણઘેલાના રાજ્યની પાયમાલી થયા પછી જુદી જુદી નાતો થવા લાગી હતી.

ગુજરાતના રાજાઓ નીતિએ રહી માંહોમાંહે કુસંપ કરી પરસ્પર લઢ્યા ન હોત, તો તેમના રાજ્યનો અંત વહેલો આવત નહિ. કરણઘેલો નીતિમાર્ગ ચૂકયો અને પરિણામે રજપુત રાજ્યનો અંત આવ્યો.

વિભાગ ૨ જો.

ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ.

ભાગ ૧ લો.

ગુજરાતમાં મુસલમાની રાજ્ય.

૪૬ દિલ્હીના સુબાઓનો અમલ.

કરણઘેલાની ખરાબ ચાલચલગતથી અને દેશદ્રોહી પ્રધાન માધવના નીચ કૃત્યથી દિલ્હીના પાદશાહની સેનાએ કરણ વાઘેલાને હરાવી નસાડયો, અને તેના મરણથી ઇ. સ. ૧૩૦૪ માં ગુજરાતના રજપુત રાજ્યનો અંત આવ્યો, અને ગુજરાતની સ્વતંત્રતા ગઈ. તે પછીનાં

૧૦૦ વર્ષ સુધી ગુજરાતમાં દિલ્હીના પાદશાહોના સુબાઓનો અમલ રહ્યો. પહેલો સુબો અલફખાન હતો, બધા મળી ચૌદેક સુબા થયા. તેઓ દિલ્હીના પાદશાહને ખંડણી ભરતા. જે સુબો વધારે ખંડણી આપે તે વધારે લાયક ગણાતો, અને લાંબો સમય તે ટકી રહેતો. આથી કરવેરા પ્રજા પાસેથી વધારે ઉઘરાવાતા, તેથી જુલમ થતો. કેટલાક તોફાની સુબા ખંડણી ભરે નહિ, કેટલાક હિન્દુ રાજા, ઠાકોરો અને ગરાસિઆ, મુસલમાન સુબાની સત્તા સામે થઈ, તાબામાંથી ખસી જતા. કેટલાક બહારવટે નીકળી લૂટફાટનો ધંધો કરતા. તેથી વારંવાર ટંટા, બખેડા, અને બળવા થતા અને લડાઈઓ જામતી. સુબાઓની બદલીઓ વારંવાર થતી, કેટલાક થોડા મહીનામાં બદલાતા. તેથી કોઈનો અમલ જામતો નહિ. કેટલીક વાર નવા આવનાર સુબાની સામે જુનો સુબો થતો. તેથી લડાઈટંટા થયા કરતા. આ લડાઈઓમાં લશ્કરના સિપાઈઓ ગામ લૂટતા, બાળતા, ખેતરોનો પાક લૂટી લેતા, અને રૈયતને પીડતા. આથી પ્રજામાં જુલમ, ત્રાસ, અંધેર અને અશાંતિ વ્યાપી રહેતી.

મુસલમાન સુબાઓ ધર્માંધ હોવાથી હિંદુઓ પર ઘણો જુલમ ગુજારતા. જોરજુલમથી મુસલમાનો બનાવતા, અને પવિત્ર તીર્થસ્થળો અને મંદિરોનો નાશ કરતા.

પ્રજાના જાનમાલની સલામતી નહિ હોવાથી વેપાર અને બીજા ધંધા બંધ પડી ગયા. આથી ગુજરાતમાંથી વિદ્યાકળા અને હુન્નર પડી ભાંગ્યાં અને દેશની પડતી દશા થઈ.

ગુજરાતના સ્વતંત્ર સુલતાનો.

૪૭ મહંમદશાહ પહેલો.

દિલ્હીના પાદશાહો નબળા પડતા ગયા અને તિમુરલંગની ચઢાઈ પછી દિલ્હીનું રાજ્ય અસ્તવ્યસ્ત થઈ રહ્યું હતું. તેથી તાબાના છેટેના સુબાઓ તેમનાથી સ્વતંત્ર થતા ગયા. તેમાં ગુજરાતના મુસલમાન સુબા પણ સ્વતંત્ર થઈ ગયા અને સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યા.

ઇ. સ. ૧૩૯૧ માં દિલ્હીના પાદશાહે મુસલમાન થઈ ગએલા રજપુત સરદાર **જાફરખાનને** ગુજરાતનો સુબો નીમી **પાટણ** મોકલ્યો. તેણે થોડા વખત પછી દિલ્હીના પાદશાહની તાબેદારી ખુલ્લી રીતે છોડી દીધી, અને ઇ. સ. ૧૪૦૩ માં તેણે પોતાના શાહજાદા **તાતારખાનને મહંમદશાહ** એ નામથી ગુજરાતનો સ્વતંત્ર સુલતાન ઠરાવ્યો.

તેણે **આશાવળમાં** રાજધાની રાખી. **નાંદોદના** રાજાને હરાવી દિલ્હીપર ચઢાઈ કરવા **પાટણ** આવ્યો; પરંતુ તેના બાપના કોઈ મળતીઆએ તેને ઝેર આપી મારી નાખ્યો.

૪૮ મુજફ્ફરશાહ.

મહંમદશાહના મુઆ પછી **જાફરખાન** પોતે અમીર ઉમરાવોની વિનંતિથી **મુજફ્ફરશાહ** નામ ધારણ કરી ગાદી બેઠો.

ત્યારપછી તેણે પોતાના પૌત્ર **અહમદને માળવા** પર ચઢાઈ કરવા મોકલ્યો. તેણે **માળવાનો** કિલ્લો સર કરી પોતાના મિત્ર હુસંગને ગાદી બેસાડી **પાટણ** પાછો આવ્યો.

કચ્છમાં આવેલો **કંથકોટનો** પ્રાચીન કિલ્લો સર કરવા એક સરદારને મોકલ્યો પણ તેને ફત્તેહ મળી નહિ.

આશાવળ નાનું ગામડું હતું. તેની આસપાસ ભીલ અને કોળી લોકોની વસ્તી હતી; તેઓ ચોરી, લૂટફાટ અને ધાડપાડુનો ધંધો કરતા હતા. તેમનું ભીલ રાજ્ય હતું. તેમનો સરદાર આશો ભીલ આશાવળ (આશાપલ્લી) માં વસતો હતો. તે પાદશાહની સામે બહારવટું કરતો હતો અને રૈયતને ત્રાસ આપતો; તેથી તેમને વશ કરવા માટે પાદશાહે પોતાના પૌત્ર અહમદને લશ્કર આપી મોકલ્યો. તેણે પાટણ બહાર છાવણી નાખી પડાવ કર્યો. એવું કહેવાય છે કે તેણે વિદ્વાનોની સલાહ પૂછી કે 'કોઈ કોઈના બાપને વગર કારણે મારી નાખે તો મરનારના છોકરાએ બાપનું વેર લેવું કે નહિ?' તેમણે 'વેર લેવું' એ ધર્મશાસ્ત્ર વિરુદ્ધ નથી એમ જણાવ્યાથી તેમનો એ મત લખાવી લઈ પોતાની પાસે રાખ્યો. પિતાનું વેર લેવા માટે વિદ્વાનોની સલાહ મળ્યા પ્રમાણે ઉતાવળીઓ થઈ તેણે પોતાના દાદાને કેદ કરી ઝેરનો પ્યાલો પીવા આગળ ધર્યો. આ જોઈ મુજફરશાહે કહ્યું, દીકરા, 'તું આટલી બધી ઉતાવળ શા માટે કરે છે? આખરે રાજ્ય તો તારૂંજ છે.' તેના આ દયાજનક શબ્દોની કંઈ પણ અસર થઈ નહિ? મરતી વખતે અહમદને શિખામણ આપી કે 'તારે દારુ પીવો નહિ, અને નીતિથી ચાલવું. આ કામ કરવાની સલાહ આપનારને મારી નાખવા.' એવું કહી તેણે ઝેરનો પ્યાલો પીધો અને મરણ પામ્યો. શાણા અને ન્યાયી દાદાનું ખૂન કરી આ ઘોર પાપ કર્યાં પછી તેનું અંતઃકરણ પ્રશ્ચાત્તાપથી બળ્યા કીધું; અને તે ઘોર કર્મ કર્યાં પછી તે એટલો બધો પસ્તાયો કે એ આખી જિંદગીમાં કોઈ દિવસ હસ્યો હોય એવું જણાયું નથી. પોતાને પસ્તાવો થાય છે એમ સાબીત કરવાને તે સાધુ પુરુષોની સલાહ લક્ષમાં લેતો, અને રૂડો અમલ ચલાવવાનો તથા પ્રજાને અદલ ઇન્સાફ આપવાનો પ્રયત્ન કરતો.

૪૯ અહમદશાહ પહેલો.

એ હોશિયાર, બળવાન અને લડવૈયો હતો; પરંતુ તે ઘણો લોભી હતો. દાદો મરી જાય અને પોતે સુલતાન થાય એવો વખત આવતાં સુધી નહિ થોભતાં, દાદાને કેદ કરી, ઝેર પાઈ મારી નાખી તે પછી તે સુલતાન **અહમદ નાસીરૂદ્દીનનો** ખિતાબ ધારણ કરી ૨૧ વર્ષની યુવાન વયે ગાદીએ બેઠો. તરતજ તેના પિતરાઈ ભાઈ **વડોદરાના** હાકેમે **સુરતના** હાકેમ સાથે મળી બળવો કર્યો; પરંતુ તેઓ માંહોમાંહે લડયા, અને **ભરૂચ** આગળ શરણે આવી માફી માગી તાબે થયો.

અમદાવાદ શહેર—સુલતાન **અહમદશાહે** પહેલાં તો લુટારાની ટોળીના સરદાર **આશાભીલને અસાવળ**માંથી હરાવી કાઢી મૂકયો, જે ઠેકાણે **અસાવળ** ગામ હતું ત્યાં **સાબરમતી** નદીને કાંઠે એક નવું ગુજરાતની રાજધાનીનું મોટું શહેર વસાવવાનો નિશ્ચય કર્યો, અને ત્યાં ઈ. સ. ૧૪૧૨ માં ચાર પવિત્ર પુરુષો જે '**અહમદ**' નામથી ઓળખાતા તેમની મદદથી એક નવું અને સુંદર શહેર બાંધ્યું. પોતાના નામ પરથી એ શહેરનું નામ **અહમદાબાદ** (**અહમદ**+આબાદ—**અહમદે** આબાદ કરેલું શહેર) રાખ્યું, અને અહીં તેણે રાજધાની કરી. હાલ તે **અમદાવાદ*** એ નામે પ્રસિદ્ધ છે. સુલતાન **અહમદશાહનાં** પ્રખ્યાત કામોમાંનું આ એક કામ છે.


શહેર વસાવવાના સંબંધમાં એમ કહેવાય છે કે—એક વેળા સુલતાન **સાબરમતીના** કાંઠા પર શિકારે ગયો હતો, ત્યારે નદીની ભેખડમાંથી એક સસલો શિકારી કુતરાની પાછળ પડી સામો થયો.

*** કરણ સોલંકીની કરણાવતીને સ્થળે આ શહેર વસેલું જણાય છે. કરણાવતીનાં ખંડેરો અમદાવાદ શહેરની લગોલગ રણમુક્તેશ્વરના શિવાલય નજીકમાં છે.**

એ જોઈ સુલતાન અચંબો પામ્યો, અને બોલ્યો કે 'જે જગામાં સસલાં આવાં બળવાન પેદા થાય છે ત્યારે ત્યાંના માણસો પણ કેવાં બળવાન પેદા થઈ શકે!' આ વિચારથી તેણે શહેર વસાવ્યું. હજુ પણ લોકોમાં કહેવાય છે કે '**જબ કુત્તે પર સસ્સા આયા તબ પાદશાહને શહેર બસાયા.**'

બાવા માણેકનાથ અને માણેકચોક—એવી દંતકથા ચાલે છે કે સુલતાન જ્યારે કોટ ચણાવતો હતો ત્યારે **માણેકનાથ** દિવસે સાદડી ગુંથતો અને સાંજ પડે ઉકેલી નાખતો. તે ઈલમથી દિવસે ચણાએલો કોટ સાંજે તોડી પાડતો. આ ખબર સુલતાનને પડતાં તે **માણેકનાથ** પાસે ગયો. એકાદ ઈલમ બતાવવા આગ્રહ કર્યો. **માણેક-નાથ** ઝારીમાં ઉપરથી પેસી નાળચા વાટે બહાર નીકળવાનો ઈલમ બતાવવા ઝારીમાં પેઠો એટલે સુલતાને નાળચું બંધ કરી દીધું. આથી બહાર નીકળાયું નહિ. મરતી વખતે તેની માગણી પરથી સુલતાને તેનાં બે સ્થાનકો એક **માણેકચોક** વચ્ચેની **માણેકનાથની** મઢી અને બીજું નદી કિનારે કોટની પાસેનું સ્થાન એ બે રહેવાં દીધાં.

માણેકનાથની મઢીની આસપાસની જગા **માણેકચોક** એ નામે પ્રસિદ્ધ છે, અને તે શહેરની વચ્ચોવચ્ચ છે. મઢીની આસપાસ સોના-રૂપાનો મોટો વેપાર ચાલે છે, અને ચોકસીઓની દુકાનો છે. એમ કહેવાય છે કે **માણેકનાથ** સાધુના પરિબળથી અહીં સવા શેર સોનું ઉછળે છે એટલે લોકો ઘણું કમાય છે. **માણેકનાથની** મઢીની જગા કાયમ રાખી તેની પાડોશમાં સુલતાન **અહમદશાહે** પોતાનો અને તેની બેગમોનો સુંદર કારીગીરીનો રોજો બંધાવ્યો છે, તે હાલ **પાદશાહ નો હજીરો** (**અહમદશાહનો રોજો**) અને **રાણીનો હજીરો** એ નામથી ઓળખાય છે. પાદશાહના હજીરાની લગોલગ **જુમા** મસીદ આવેલી છે.



જુમા મસીદ.

અમદાવાદની આબાદી--સુલતાને આ શહેર **અહમદ*** નામથી ઓળખાતા ચાર પવિત્ર પુરુષોની મદદથી બાંધ્યું. શહેરમાં **ભદ્ર** નામે મજબુત કિલ્લો, એક મહેલ અને એક સુંદર મસીદ તેણે બંધાવ્યાં. વળી તેણે બીજી વધારે સુશોભિત મસીદ બંધાવી તે જુમામસીદ નામે મશહુર છે. શહેરમાં પાણી પુરૂં પાડવા માટે હાથમતી નદીનો પ્રવાહ બદલ્યો. શહેરના રક્ષણ માટે મજબુત કોટ બાંધ્યો; અને શહે-રની દોલત તથા આબાદી વધારવાને સુલતાને પાસેના અને દૂરના મુલકોથી વેપારીઓને, વણકરોને, અને હોશિયાર કારીગરોને તેડાવી

*** ૧ શેખ અહમદ ખતુર ૨ સુલતાન અહમદ ૩ શેખ અહમદ અને ૪ મુલ્લાં અહમદ.**



ભદ્રનો કિલ્લો.

વસાવ્યા. આથી આ શહેર વેપાર ઉદ્યોગ માટે નામીચું થયું. એની ખ્યાતિ આજ સુધી ચાલુ છે. અમદાવાદ સુતર, રેશમ, અને કસબ એ ત્રણ તાર પર જીવે છે.

ચઢાઈઓ—સુલતાન શહેર બંધાવવામાં રોકાયો હતો તેવામાં વડોદરા અને સુરતના હાકેમોએ ઈડરના રાવ રણમલ્લની સહાયથી બળવો કર્યો. પણ તેઓ સુલતાનથી હારી ચિતોડ તરફ નાઠા, અને ત્યાં માર્યા ગયા. ઈડરના રાવે સુલતાનને ભેટ આપી ખંડણી આપવાનું સ્વીકાર્યું.

ઇ. સ. ૧૪૧૪માં જુનાગઢના કિલ્લાવાળા **સોરઠના** રાણાને હરાવી ખંડણી આપવી કબુલ કરાવી.

ઇ. સ. ૧૪૧૫ માં હિંદુઓના પવિત્ર તીર્થસ્થળ **સિદ્ધપુર** પર ચઢાઈ કરી ત્યાંનાં હિંદુ દેવળોનો નાશ કરી તે ઠેકાણે મસીદો બંધાવી, અને ઘણા હિંદુઓને જોરજુલમથી મુસલમાનો બનાવ્યા.

માળવાનો સુલતાન હુસંગ ગુજરાત પર ચઢી આવ્યો. તેને સુલતાને હરાવ્યો. **સોરઠના** કેટલાક ખંડીઆ રાજાઓ ખંડણી નહિ ભરતાં સામા થયા. તેમને પણ હરાવી રાજ્યમાં શાન્તિ સ્થાપી.

માળવાની સરહદ પર દોહદનો કિલ્લો, અને ઈડરના રાવ પર અંકુશ રાખવા **હાથમતી** નદીકાંઠે **અહમદનગર** વસાવી ત્યાંનો કિલ્લો, આ ઉપરાંત તેણે **સાબરમતી** કાંઠે **સાદરામાં** (ઇ. સ. ૧૪૨૬ માં) અને **કાળા** વગેરેના પુષ્કળ નાના મોટા કિલ્લા બંધાવ્યા છે.

માહીમ બેટનો ગુજરાતનો સુબો મુઓ, તેથી બ્રાહ્મણી રાજાએ તે કબજે લીધો, પાછળથી સુલતાને તે જીતી લીધું. **માહીમના** રાજાએ એને પોતાની દીકરી આપી હતી.

એણે **ચાંપાનેર, નાંદોદ** અને **ઝાલાવાડના** રાજાઓને પણ વશ કર્યા હતા. દક્ષિણમાં ઠેઠ **મુંબઈ, સાષ્ટી, માહીમ** અને **કોંકણ** સુધીનો મુલક જીત્યો હતો.

બહારવટીઆ વરસોજી અને જેતોજી—મુસલમાને ગુજરાત જીત્યું. તે પછી કરણ વાઘેલાના ભાયાતોની જાગીરો પણ મુસલમાન સુબાઓએ પડાવી લીધી હતી. તેમાંના વરસોજી અને જેતોજી બે ભાઈઓએ બહારવટે નીકળી થર દેશમાં એક કિલ્લામાં આશરો લીધો હતો. ત્યાંથી અહમદશાહનો મુલક લૂટવાને નીકળી આવતા. તેમની ટોળીમાં ૧૫૦ ચુંટી કાઢેલા સવારો હતા. તેઓ બહારવટીઆ

તરીકે મશહુર થયા હતા. તેઓ એટલા બધા પરાક્રમી અને સાહ
સિક હતા કે તેઓ સુલતાનની રાજધાની અમદાવાદ શહેરની આસ
પાસ લૂટફાટ ચલાવતા હતા. એક દિવસ રાતે તેમનો મુકામ એક ગામન
તળાવ પાસે હતો. બીજે દહાડે પ્રાતઃકાળે ઉખો રજપુત ખેડુત તેન
ખેતરમાં પુરવા ખાતરનું ગાડું ભરી જતો હતો. ગાડું હાંકનાર ઉ
ખાના નોકરે આ બહારવટીઆને દીઠા. તેણે ઉખાને કહ્યું, " જુએ
પેલા બહારવટીઆ જણાય છે માટે ગાડું જલદી હાંકી જતા રહે
જોઈએ. " ઉખો બોલ્યો, બીશ મા, તેમની ટોળીમાં મારા જેવ
એક પણ રજપુત નથી, નહિ તો તેમણે પોતાનો મુલક ત્રણ દહ
ડામાં પાછો મેળવ્યો હોત. "

આ સાંભળી બહારવટીઆનો આગેવાન સરદાર બહાર આવ
અને ઉખાને પૂછ્યું કે, 'તમે કહો છો તે પ્રમાણે કરી શકો ખરા?
ઉખાએ કહ્યું, ' હા જી, હું તમને તમારો દેશ ત્રણ દિવસમાં મેળ
આપીશ. " આથી બહારવટીઆના સરદારે તેને એક હજાર રૂપ
આનો તેજદાર ઘોડો, ઉત્તમ પોશાક અને બખ્તર આપ્યાં, અ
પોતાની સાથે અમદાવાદ લઈ ગયા, અને શહેરની પાસેનાં ઝાડો
છૂપાઈ બેઠા.

દર શુક્રવારે સુલતાનની બેગમ, સરદારોની સ્ત્રીઓ અને દાસ
ઓને લઈને મકરબાને રોજે એક સાધુની કબરે નિમાઝ પઢવા જ
હતી. પોતાની સાથેના રક્ષકો અને નોકરોને દૂર રાખી તેઓ ક
આગળ જતી હતી. આ લાગ જોઈ ઉખાએ બહારવટીઆ સરદારે
કહ્યું કે ' તમે બેગમને પકડશો નહિ તો તમને તમારાં ગામ પા
મળવાનાં નથી ? આથી બહારવટીઆ શાન્ત રીતે ઘોડા દોડ
મૂકી બેગમ અને દાસીઓની ગાડીઓને ઘેરી વળ્યા. ગાડીમ

બેગમે પૂછ્યું ' તમે કોણ છો અને તમારે શું જોઈએ છે ?' ત્યારે તેમણે આગળ આવી જવાબ દીધો કે ' અમે વરસોજી અને જેતોજી રજપુત સરદારો છીએ; સુલતાને અમારી વડીલોપાર્જિત વડોવાથી મળેલાં ગામોની જાગીર પડાવી લીધી છે, તેથી અમે બહારવટે નીકળ્યા છીએ; અને તે ગામો પાછાં માગીએ છીએ. અમે તમારૂં હરણ કરવા ધારીએ છીએ."

બેગમ આ સાંભળી પ્રથમ ગભરાઈ ગઈ; પરંતુ પછીથી તેણે હિંમતથી જવાબ આપ્યો કે ' અમને પકડી જશો તો અમારી અને સુલતાનની આબરૂ જશે.' પછી બેગમે કુરાનને નામે ગંભીર પ્રતિજ્ઞા લઈ સોગન ખાધા કે ' તમે મને છોડશો તો હું તમને તમારાં ગામ પાછાં અપાવીશ. ' આથી તેઓ બેગમને છોડી જતા રહ્યા. બેગમે આ હકીકત સુલતાનને કહી સંભળાવી અને પોતે સોગન લઈ વચન આપ્યું હતું તે પાળવા આગ્રહ કર્યો. આથી સુલતાને માણેકચંદ અને મોતીચંદ એ બે પ્રધાનોને વરસોજી અને જેતોજીને તેડવા મોકલ્યા. પહેલાં તો તેઓ તેમની જોડે જતાં ડર્યાં, અને ધીમે ધીમે ચાલ્યા. શહેરના દરવાજા પાસે એક પડાણની સ્ત્રી તેમને જોઈ હું ભયમાં છું અને મને કેદ પકડશે એમ ધારી તે એકાએક કુવામાં કૂદી પડી. આ જોઈ તેમનો બધો ડર જતો રહ્યો; અને બોલી ઉઠયા, આવી સ્ત્રીઓ, કે જે મોતથી બીતી નથી, તેમના પુત્રો આપણી સાથે છે એટલે આપણે સહીસલામત છીએ. "

સુલતાને તેમને આદરમાન આપી ઘણું હેત બતાવ્યું, દરબાર ભરી શિરપાવ આપ્યો, તેમની જાગીર ઉપરાંત પાંચસે ગામનું કલોલ પરગણું આપ્યું, અને પોતાના સરદારો તરીકે તેમને અમદાવાદમાં રાખ્યા. સુલતાન સાથે ધીમે ધીમે તેમનો ઘાઢો પ્રેમ બંધાયો.

લાલાં વાઘેલી—સુલતાન સાથે ઘાઢો પ્રેમ બંધાયાથી વર-

સાજી અને **જેતાજીએ** પોતાની રૂપવતી બે'ન **લાલાંને** **તેમણે** સુલતાન સાથે પરણાવી. રજપુતોએ રાજીખુશીથી મુસલમાન સુલતાનને ગુજરાતમાં પોતાની કન્યા આપ્યાનો આ પહેલોજ દાખલો હતો. **લાલાં** થોડા સમયમાં પોતાની હોશિયારી, બાહોશી અને સૌંદર્યને લીધે સુલતાનની ખાસ માનીતી બેગમ થઈ પડી. રાજ્યમાં તેનું ઘણુંજ ચલણ હતું. તે ઘણાં વર્ષ જીવીને એક વખતે અતિશય ઊનું દૂધ પીવાથી ગળું અને આંતરડાં દાઝી જવાથી મરણ પામી.

બીહોલનો સામંતસિંહ—સુલતાન **લાલાંને** પરણ્યો. તે પછી **બી**હોલનાં ૩૫૦ ગામનો ઠાકોર **સામંતસિંહ** **વરસાજી** અને **જેતોજી**-ની બે'ન સાથે પરણેલો તેથી તેમનો બનેવી થતો હતો. તે **અમદા**-વાદમાં સુલતાનના મહેલ નીચે થઈ જતો હતો. તે વખતે છજામાં **વરસાજી** અને **જેતાજી** બેઠા હતા. તે દિવસે સૂર્યનો તાપ સખ્ત પડતો હતો તે અટકાવવા તે વખતના રિવાજ મુજબ સુલતાનના શહેરમાં કોઈથી છત્રી ઓઢી શકાતી નહિ તેથી **સામંતસિંહ** માથા પર કપડું મોં પર લટકતું નાખી મહોલ્લામાં જતો હતો. તે જોઈ **વરસાજીએ** **જેતાજીને** કહ્યું. ' મોં ઢાંકી આ કોણ જાય છે ? ' **સામંતસિંહને** આથી ક્રોધ ચઢ્યો અને આવેશમાં જવાબ દીધો, ' મારે મોં શા માટે સંતાડવું પડે ? ' માથા ઢાંકો કોણ ? જેણે પોતાની બે'ન મુસલમાનોને આપી તે કે હું '' મોં તો તમારે સંતાડવું જોઈએ. આ ટાણાના શબ્દો સાંભળી તેમને હાડોહાડ લાગ્યું અને પુષ્કળ ક્રોધ ચઢ્યો. તેમણે પ્રતિજ્ઞા કરી કે ' **સામંતસિંહને** ચૌદ વર્ષની અતિ રૂપવતી કન્યા છે. તેનાં લગ્ન સુલતાન સાથે **સામંતસિંહ** પાસે કરાવવાં. ' મોખો મળતાં **તેમણે** સુલતાનને **સામંતસિંહની** દીકરી

---

*બીહોલ હાલનું દહેગામ પરગણાનું બહીઅલ.

જોડે લગ્ન કરી અપમાનનો બદલો વાળવા ખૂબ ઉશ્કેર્યો. સામંતસિંહ ' જંગલનો નિવાસી છે, અમારૂં કહેવું ગણકારે એવો નથી. ' એમ કહેવાથી સુલતાને હવે પછી સામંતસિંહ દરબારમાં આવશે ત્યારે જાતે માગણી કરીશ. ' એમ કહ્યું.

સામંતસિંહ જયારે દરબારમાં આવ્યો ત્યારે તેની દીકરીનું માગું કર્યું. સામંતસિંહે તે હજુ બાળક છે, તેના કરતાં ઘણી રૂપવતી રજપુત કન્યા લાવી આપવા તૈયાર છું એવાં ઘણાં બહાનાં બતાવ્યાં. પણ સુલતાને માન્યું નહિ. આખરે કબુલાત આપી ઘેર ગયો. " કન્યાને જે પોશાક અને આભૂષણ અપાય છે, જેને 'વસન્ત' કહે છે, તે લીધાં નથી ત્યાં સુધી એ વચનથી બંધાયલો નથી. "

સામંતસિંહ ફરી સુલતાન પાસે આવ્યો ત્યારે 'વસન્ત' લેવા તેને કહ્યું; તેણે તે લેવાની આનાકાની કરી, ' ઘેર જઈ મંગાવી લઈશ. ' ' પણ સુલતાને હમણાંજ તમારે લઈ જવું. ' આથી તેને તે લેવું પડયું. જ્યાં સુધી ' લગ્નનો દિવસ નક્કી ન કર્યો હોય તો તે બંધાયલો નથી. ' એવો ખુલાસો વરસાજી અને જેતાજીએ કર્યો.

જયારે સામંતસિંહ સુલતાન પાસે પાછો આવ્યો ત્યારે તેણે કહ્યું ' મારે ઘેર જઈ ભારે તૈયારી કરવી જોઈએ, મહેસુલ ઉઘરાવવું જોઈએ. તૈયારી કરતાં એક વરસ વીતશે. પાદશાહી લગ્નમાં ઘટતો ખર્ચ કરવા મારૂં ગજું નથી, પુરતા પૈસા નથી. "

સુલતાને ખજાનામાંથી જે જોઈએ તે લઈ જવા કહ્યું, સામંતસિંહે ' એ તો નીચું જોવા જેવું થાય ' માટે ના પાડી. તોપણ સુલતાને ઊંટ ખજાનાથી લાદી ખજાનો મોકલી આપ્યો.

સામંતસિંહે આ ખજાનો સિપાઈઓ, તોપો, દારૂગોળો વગેરે લડાયક સામગ્રી તૈયાર કરવામાં અને બિહોલનો કોટ ચણાવી, બુરજ

બંધાવી બીજી જરૂરની કિલ્લેબંધી કરવામાં ખર્ચ્યો; અને બંદૂક, સાથેના ૫૦૦૦ રજપુત સૈનિકો તૈયાર રાખ્યા; પછી સુલતાનને બિહોલમાં લગ્ન માટે બોલાવ્યો.

સુલતાન નાની ટુકડી સાથે બિહોલ ગયો અને ત્યાંથી ચાર માઇલ દૂર છાવણી કરી. સામંતસિંહે તેના ભાઈને મોકલી સુલતાનને કહેવડાવ્યું કે 'આટલાં બધાં માણસો માટે બિહોલમાં જગા નથી. માટે સરદારો અને ઉમરાવો પહેલા આવે અને પછી લશ્કર આવે. વરરાજાનાં માણસોને આવકાર દેવા હવામાં બંદૂકોના બાર કરવા એવો રિવાજ છે તેથી બીવું નહિ.'

એ પ્રમાણે સુલતાને કર્યું. રજપુતોએ કિલ્લાના દરવાજા બંધ કરી સુલતાનનાં માણસો પર બંદૂક છોડી માર્યા. ગમત કરે છે એ ભ્રમમાં સુલતાને ભૂલ ખાધી. દગો જણાતાં તેણે કિલ્લાને ઘેરો ઘાલ્યો. સાત દિવસ લડાઈ ચાલી. સામંતસિંહ રાત્રે પોતાની સ્ત્રી સાથે નાસી ગયો અને ઈડરના રાવનો આશરો લેઈ તેને દીકરી પરણાવી; પણ સુલતાન પરણવા પામ્યો નહિ. સુલતાને તેનાં ૩૫૦ ગામ લઈ લીધાં. આથી સામંતસિંહ બહારવટે નીકળ્યો, બાર વર્ષ સુધી લડાઈ ચાલી.

બિહોલથી આશરે ૧૪ માઇલ ઉપર એક ડુંગર છે, ત્યાંની જગા ઘણી ભયંકર છે. ત્યાં "ઘોરીપાવટી" કરીને કિલ્લો છે. તે ઠેકાણે સામંતસિંહે એક મહેલ બંધાવ્યો હતો. કદાપિ બિહોલથી નાસવું પડે તો સંતાઈ પેસવા સારૂ એક વિશાળ ભોયરૂં કરાવી રાખ્યું હતું. મહેલ તથા ભોંયરાનાં ખંડેર હજી પણ ત્યાં છે. અને તે 'તાલપોરા' નાના ગામડા પાસે હોવાથી હાલમાં 'તાલપોરાનાં ભોંયરાં' એ નામે ઓળખાય છે. આ સ્થળ વાત્રક અને માઝમ નદીઓના સંગમથી થોડે દૂર આવેલું છે. અહીં ઘણું ધન દાટેલું છે એમ લોક કહે છે. પણ ભ્રમરના ભયથી તેમાં કોઈ પેસી શકતું નથી. આ લાલનામાંડવાની હદમાં આવેલાં છે.

છેવટે સલાહ કરી સુલતાને તેની જાગીર પાછી સોંપી. **સામંતસિંહના** વંશજો હજી પણ **બિહોલા** રજપુતો કહેવાય છે, અને તેમનો વાંટો **દેહગામ**માં છે.

મોલેસલામ—લાલાં વાઘેલી પર સુલતાનનો અત્યંત પ્રેમ હતો. તેના મુઆથી સુલતાનને ઘણો શોક થયો, અને તે રાતદિવસ ગમગીનીમાં બેસી રહેતો. આ દીલગીરી દૂર કરવા માટે અને **લાલાં**-નો શોક ટાળવા કારીભારીઓએ **લાલાં** જેવી સૌંદર્યવતી, ગુણવતી રજપુત બાળાનો શોધ કરાવતાં **ચરોતર**ના માતર ગામમાં **સત્રાસલજી** રાવળ **સિસોદીઆ** વંશનો રાજા રાજ્ય કરતો હતો. તેને **લાલાં** જેવી રૂપવતી, ગુણવતી સુલતાન યોગ્ય કન્યા હતી, તે સાથે જો લગ્ન થાય તો સુલતાનનો શોક ટળે અને તે ફરી રાજકારભારમાં મન ઘાલે એવી ખબર બ્રાહ્મણોએ આપવાથી **સત્રાસલજીને અમદાવાદ** તેડાવ્યા. તેમનો સત્કાર કરી સુલતાન સાથે તેમની દીકરી **રાણીબા**નાં લગ્ન કરવા કારભારીઓએ પુષ્કળ સમજાવ્યું; પરંતુ રાવળે તો નાજ પાડી તેથી **અમદાવાદ**માં તેને કેદ કર્યો. તેની ઠકરાણીએ આ ખબર જાણી ત્યારે પોતાના સ્વામીનો જીવ બચાવવા અને જાગીર સહીસલામત રહે માટે તેણે સુલતાનને દીકરી દેવાનું કબુલ કર્યું, અને **રાણીબા**ને **અમ-દાવાદ** પહોંચાડી સુલતાન સાથે પરણાવી. લગ્ન પછી પુરેપુરો શૃંગાર સજી સુલતાન હજુર રજુ થતાં તેનું સૌંદર્ય અને મોહક ચહેરો જોઈ સુલતાન બોલી ઉઠયો ' શું **લાલાં** પાછી આવી ? બીજે દિવસે દરબાર ભરી **સત્રાસલજી**ની બેડી તોડાવી નાખી, શિરપાવ આપી, માનપૂર્વક **માતર** વિદાય કર્યો. **રાણીબા**નાં લગ્નની ખબર તેને નહોતી, તેથી ખૂશ થતો **માતર** ગયો. ત્યાં તેણે ખરી વાત જાણી. આથી ઘણો ગુસ્સે થયો, અને આવેશમાં પેટમાં તરવાર ખોસી મુઓ. તેના

કુંવર **ભાણજી** અને **ભોજી**યે બાપનું ક્રિયા ખર્ચ કર્યું, અને **માતર**ની ગાદીએ બેઠા. સુલતાને શોક મુકાવવા **અ**મદાવાદ બોલાવ્યા. તેની બે'ને મેણું માર્યું તેથી **ભોજી** એકદમ બારીથી પડતું મૂકી નાઠો. મોટા ભાઈ **ભાણજી**ને સુલતાને 'તમારી બે'ને જાતે રસોઈ કરી છે માટે જમો ' એવો આગ્રહ કર્યો. **ભાણજી**એ 'હું તમારે ત્યાં જમું તો કોઈ રજપુત કન્યા દે નહિ અને કોઈ જાતનો સંબંધ રાખે નહિ'' સુલતાને કહ્યું 'એ વાતની ચિંતા રાખશો નહિ. તમે કહેશો એટલા રજપુતને તમારા ભેગા જમાડીશ.' એમ કહી **ભાણજી**ને જમાડયો. સુલતાને બાવન ગામના રજપુતોને **અ**મદાવાદ બોલાવ્યા. કેટલાક બોલાવ્યોનું કારણ સમજી ગયા તેથી આવ્યા નહિ. જેટલા આવ્યા તેમને **ભાણજી** સાથે જમાડી તેમની જાત છોડાવી. બીજા સાથે ઘણાં વર્ષ લડાઈ ચલાવી. તેઓ જાગીર ગુમાવી માર્યા ગયા, પણ સુલતાનને નમ્યું આપ્યું નહિ. જેમને સુલતાને વટલાવ્યા તેઓ હજી પણ **મોલે**-**સલામ** ગરાસીઆ એ નામે **ગુજરાત**માં ઓળખાય છે

રજપુતો સિવાય બ્રાહ્મણ, વાણીઆઓને પણ વટલાવવામાં આવ્યા હતા. તેઓ વોહોરા જાતિમાં ભળી ગયા. **ભરૂચ** જિલ્લાના વોહોરા વટલાયલા હિંદુઓ છે.

અદલ ન્યાય—એક વાર સુલતાનના જમાઈએ કોઈનું ખૂન કર્યું. સુલતાને તેને પકડાવી કાજી પાસે મોકલાવ્યો. કાજીએ ૪૦ ઊંટ મરનારના વારસને ખુની પાસેથી અપાવી મન મનાવ્યું; આ શક્ષા ગુનાના રૂપ પ્રમાણે થઈ નહોતી તેથી તે કબુલ રાખી નહિ, અને ખુની પોતાનો જમાઈ છતાં પણ તેને બજારમાં ફાંસીએ લટકાવવાનો હુકમ કર્યો.

એક વાર સુલતાને **સાબરમતી** નદી પરના **મહેલ**ના જરૂખા-


માંથી દૂબકાં ખાતી એક કોઠી તણાતી જતી જોઈ. તેને બહાર કઢાવી જોતાં તેમાંથી મુડદું નીકળ્યું. સુલતાને શહેરના કુંભારોને બોલાવી, કોઠી બનાવનાર કુંભારને શોધી કાઢ્યો. તેની પાસેથી કોઠી ખરીદનાર નજીકના ગામના મુખીને શોધી કઢાવી, તજવીજમાં તે મુખીએ એક વાણીઆને મારી તેની લાસ કોઠીમાં મૂકી તે નદીના પ્રવાહમાં તણાતી મૂકેલી એમ સાબીત થયાથી સુલતાને તે ખુની મુખીને ફાંસી દેવાનો હુકમ કર્યો હતો. સુલતાનના આવા ન્યાયથી રાજ્યમાં ગુના ઓછા થઈ ગયા.

રાજ્યવસ્થામાં સુધારા—તેણે લુટારા અને વાટપાડુ-ધાડપાડુઓનું કાસળ કાઢી રાજ્યની આબાદી કરી. રાજ્યની સરહદના રક્ષણ માટે કિલ્લા બંધાવ્યા, લશ્કરી અમલદારો અને સિપાઈઓ ખેતી કરી દેશની દોલતમાં વધારો કરે, દેશના વતની થઈને રહે, દેશના ભલા માટે ખરા ભાવથી સહાય કરે, અને દેવાદાર થાય નહિ, માટે અડધા પગાર જેટલી ઉત્પન્નની જાગીર અને અડધા પગાર જેટલી રોકડ રકમ આપવાનો ઠરાવ કર્યો. હિસાબ રાખનાર ગુલામોમાંથી અને પગાર આપનાર ખાનદાન કુટુંબના માણસો રાખ્યા. વસુલાત ઉઘરાવવાની, લશ્કરી સિપાઈઓને પગાર આપવાની સારી અને યોગ્ય ગોઠવણ કરી. વસુલાત ખાતામાં પ્રમાણિક માણસો નીમી અને પોતાના લશ્કરી સિપાઈઓ અને નોકરોને પ્રજા પર જુલમ કરતા અટકાવ્યા, અને ગુજરાતમાં બંદોબસ્ત અને આબાદી સ્થાપ્યાં.

રાજ્યની હદ—અહમદશાહ મરણ પામ્યો. ત્યારે ઉત્તરે રજપુતસ્તાનથી દક્ષિણે મુંબઈની થડમાં માહીમ લગી; પશ્ચિમે જુનાગઢથી પૂર્વે માળવાની હદ લગી તેની સત્તા જામી હતી.

મરણ—જુવાનીમાં કરેલા ઘોરપાપનો ગુનો દયાળુ પ્રભુએ માફ

કર્યો છે, એવી આશામાં તેનો કાળ થયો. તેને માણેકચોકમાં ઉમદા કબરમાં દાટયો છે. તે સ્થળ **પાદશાહનો હજીરો** એ નામે આજે પણ મશહુર છે. તેના માનમાં હજી પણ શહેરમાં ઓરસ (મેળા) ભરાય છે. લોકો હાલ પણ **અહમદશાહને** મોટો, પ્રતાપી હાકેમ માની સંભારે છે.



અહમદશાહ પાદશાહનો હજીરો.

૫૦ મહંમદશાહ બીજો.

અહમદશાહ મુઆ પછી તેનો શાહજાદો **મહંમદશાહ** ગાદીએ બેઠો. તે મોજીલો અને દાન આપવામાં ઉદાર હતો તેથી તે ધનદાતા કહેવાતો. તેણે શેખ **અહમદ ગંજબક્ષની** કબર અને રોજો **સરખેજ**-માં બંધાવ્યાં હતાં.

તે સિંધમાં નગરઠઠ્ઠાના જામની દીકરી બીબી મુગ્લી સાથે પરણ્યો હતો. તેનાથી ફતેહખાન શાહજાદો થયો તે પાછળથી મહંમૂદ બેગડો નામ ધારણ કરી સુલતાન થયો.

મહંમદશાહે ઈડર, ડુંગરપુર, સિંધ, ઠઠ્ઠા, અને ચાંપાનેર પર ચઢાઈઓ કરી જીત મેળવી. માળવાના રાજાની ચઢાઈથી કંટાળી દીવ ભણી નાસી જતો હતો. તેથી સરદારોએ ઝેર અપાવી મરાવી નાખ્યો.

પર કુતુબશાહ.

મહંમદશાહના મરાયા પછી તેના શાહજાદાને અમીરોએ ગાદીએ બેસાડયો. તેના વખતમાં માળવાના સુલતાને ગુજરાત પર ચઢાઈ કરી. પ્રથમ તે વડોદરા લૂટી નડિઆદ આવ્યો. ત્યાંના બ્રાહ્મણોએ ગાંડા હાથીને મારી નાખ્યો તેમની એ બહાદુરીથી તે નવાઈ પામ્યો. કુતુબશાહે તેને કપડવંજ આગળ હરાવી નસાડયો.

ત્યારપછી તેણે અમદાવાદની દક્ષિણે હોઝે કુત્બ કે કાંકરીઉં તળાવ બંધાવ્યું (ઇ. સ. ૧૪૫૪) તેમાં પાણી લાવવા માટે નહેર ખોદી ખારી નદીનો પ્રવાહ વાળ્યો છે.

માળવાના સુલતાને કુતુબશાહ સાથે મળીને એવી સલાહ કરી કે આપણે હિંદુઓનો મુલક જીતવો પણ મુસલમાનોનો મુલક લૂટવો નહિ.

આ વખતે ચિતોડમાં રાણો કુંભો રાજ્ય કરતો હતો. તે મહાબળવાન હતો. તેણે પોતાના રાજ્યમાં ૮૪ મજબુત કિલ્લા બંધાવ્યા હતા. પ્રખ્યાત સ્ત્રીભકત કવિ મીરાંબાઈ એ કુંભારાણાની રાણી હતી. તેણે નાગોરના હાકેમનો પક્ષ લઈ ચિતોડ પર ત્રણ ચઢાઈઓ કરી હતી. ત્રીજી વખતે રસ્તે જતાં આબુનો કિલ્લો જીતીને તેણે શિરોહીના રાજાને સોંપ્યો. કુંભો હારીને રાજધાનીમાં ભરાયો. ખંડણી આપવાનું સ્વીકાર્યું અને રાણા સાથે મિત્રતા થવાથી તે પાછો ફર્યો.

કુતુબશાહ દારૂના વ્યસનથી નબળો પડી ગયો હતો. તે પાણીદાર તરવાર અને ખંજરથી ગુનેગારોને શિક્ષા કરતો. ભાગ્યેજ કોઈને મારી આપતો. તે લડાઈ, ટંટા, તોફાન અને દારૂની લતમાં ૭ વર્ષ ૭ માસ રાજ્ય કરી ઇ. સ. ૧૪૫૯માં મુઓ.

કેટલાક એમ કહે છે કે અકસ્માત તરવાર વાગવાથી તે મુઓ, અને કેટલાક કહે છે કે તેની બેગમે ઝેર આપ્યાથી તે મુઓ.

૫૨ મહંમૂદ બેગડો.

કુતુબશાહની ઇચ્છા મહંમૂદને રાજ્ય ન મળે એવી હતી, તેથી એને મારી નાખવાનો લાગ શોધતો હતો. આથી તેને સ્ત્રી વેશમાં છુપાઈ રહેવું પડતું. એની મા એને લઈને શાહઆલમ નામના ઓલીયાના આશ્રયમાં ગઈ ત્યાં તેનું રક્ષણ થયું હતું.

કુતુબશાહને પુત્ર નહોતો તેથી તેનો કાકો દાઉદશાહ ગાદીએ બેઠો, પરંતુ તે તંદુરસ્ત નહિ હોવાથી અમીરોએ ગાદીએથી ઉઠાડી મૂકયો, અને તેના ઓરમાન ભાઈ સુલતાન અહમંદશાહ પહેલાનો પૌત્ર અને મહંમદશાહ બીજાનો શાહજાદો ફતેહખાન મહંમૂદશાહ ત્રીજો ઇ. સ. ૧૪૫૯માં ચૌદ વર્ષની વયે ગુજરાતનો સુલતાન થયો. તે મહંમૂદ બેગડો એ નામે બહુજ જાણીતો છે. તે ગુજરાતના સુલતાનોમાં સૌથી મોટો, જબરો અને લોકપ્રિય નીવડયો.

બેગડો—આ સુલતાને જુનાગઢ અને **પાવાગઢ** (**ચાંપાનેર**) એ બે ગઢો જીત્યા, તેથી તેનું નામ બેગડો (બેગઢો) પડયું છે.

હિંદીમાં કોઈ માણસ બીજાને ભેટતાં બે હાથ પહોળા કરે તેમ જે બળદ કે ગાયનાં શીંગડાં મોટાં સામસામાં વળેલાં હોય તેને બેગડો કહે છે.

તેની મૂછો મોટી ભરાવદાર લાંબી અને ગાયના શીંગડાની પેઠે વાળેલી રાખતો. કહે છે કે તે પોતાના માથા પર એ મૂછોની ગાંઠ બાંધતો. આવા તેના મૂછોના દેખાવ પરથી પણ તેનું નામ બેગડો પડયું હતું.

ઉમરાવોનું ફીતુર—તે ગાદી આવ્યો ત્યારે તેની વય માત્ર ૧૪ વર્ષની હતી. તેની નાની ઉમર છે એમ જાણી તેને સહેલથી હરાવાશે એમ સમજી મુખ્ય ઉમરાવોમાંના કેટલાક બંડખોર રાજ-દ્રોહી અમીરોએ તરકટ રચી ફીતુર કર્યું. આ તરકટની પુરેપુરી ખબર મહંમૂદની માને પડી; તેથી તેણે તે બેસાડી દેવા શા ઉપાયો કરવા તે મહંમૂદને સમજાવ્યું. બીજે દહાડે દરબાર ભર્યો અને હાથીનો મુખ્ય મહાવત જે નીમકહલાલ હતો, તેને ૬૦૦ હાથી સાથે આવવા કહ્યું. બળવાખોર સરદારોએ હાથીઓને લશ્કરી હરોળમાં ગોઠવાયલા જોયા. આથી તરકટ ખુલ્લું પડી ગયું સમજી તેઓ નાસી છૂટયા. પછીથી તેઓએ ત્રીસ હજાર માણસની ફોજ વડે શહેર પર હલ્લો કર્યો. આ તરુણ સુલતાન પણ સૈન્ય સાથે તૈયાર હતો. પોતાની સર-દારી નીચે તેણે બંડખોરો સામે હાથમાં નાગી તલવાર, પીઠ પર બાણ અને કામઠું લઈ ઘોડા પર સવાર થઈ સામો ધસ્યો, અને બીજા ઉમરાવોની મદદથી તરતજ તેણે બહાદુરી અને સમયસૂચકતા વાપરી બળવાખોરોને નસાડી બંડ બેસાડી દીધું. શરૂઆતમાં આવી અસાધારણ હિંમત અને ચતુરાઈ દેખાડી તેથી તેનો સારો દાબ બેઠો.

તે પછીનાં આઠ નવ વર્ષ તેણે લશ્કરની મજબુતી કરવામાં, રાજ્યનો બંદોબસ્ત કરવામાં અને ખજાનો તર કરવામાં ગાળ્યાં.

માળવાના સુલતાનને બે વાર હરાવી દક્ષિણના બ્રાહ્મણી શાહને મદદ કરી તેનો બચાવ કર્યો.

મહંમૂદનું સ્વપ્નું—મહંમૂદે સ્વપ્નામાં મુહમ્મદ પેગંબરને પોતાના માટે સ્વાદિષ્ટ ભોજનની થાળી લઈને આવેલા જોયા, પેગં-બર સાહેબે તેને કહ્યું 'જો તું તારી આસપાસનાં હિંદુ રાજ્યો જીતી લઈશ, અને તેમાં મુસલમાની ધર્મનો ફેલાવો કરીશ તો આ સ્વા-

દિષ્ટ ભોજન તને મળશે." મહંમૂદ જાગ્યો એટલે તેણે પશ્ચિમે સોરઠ અને પૂર્વે ચાંપાનેર પર હુમલો કરવાનો નિશ્ચય કર્યો.

જુનાગઢ પર ચઢાઈ—સોરઠની રાજધાની જુનાગઢ **ગીર**નારના ડુંગરી કિલ્લા પાસે છે. અહીં ઘણાં સુંદર જૈન દેવાલયો છે. (પૃષ્ઠ ૯૯ નું ચિત્ર જુઓ). આ વખતે સોરઠમાં રા'મંડળિક રાજ્ય કરતો હતો. તેના પર ઇ. સ. ૧૪૬૮ માં મહંમૂદે મોટી જબરી સેના સાથે ચઢાઈ કરી. જુનાગઢના કિલ્લાને ઘેરો ઘાલ્યો. રજપુતો બહાદુરીથી લડયા પણ તે હાર્યા. રા'મંડળિકે મોટી રકમ આપી સલાહ કરી તેથી તેનો ખજાનો ખાલી થયો.

બીજે વરસે સુલતાનને ખબર મળી કે રાણો રા'મંડળિક મહાબળવાન રાજા હોય તેમ **ગીર**નારનાં દહેરામાં ભારે ઠાઠ અને દબદબાથી જાય છે, પણ 'એ તો મને ખંડણી ભરે છે; હું ઉપરી રાજા છું; માટે તેને જાણે મોટો રાજા હોય એમ વર્તવાનો હક નથી. તેનો હું ગર્વ ઉતારીશ.' એમ ઇચ્છી મહંમૂદે મોટી સેના સાથે ફરી સોરઠ પર ચઢાઈ કરી, પણ આ વખતે રાણો નહિ લઢતાં તાબે થયો અને રાજ્યછત્ર અને રાજ્યચિહ્નો સુલતાનને સ્વાધીન કર્યાં. આથી સુલતાને તેનો જીવ ઉગાર્યો.

સુલતાને **ગીર**નાર જીતવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો, તેથી ત્રીજી વાર ફોજ લઈ ચઢયો. રાણો પંડે સુલતાનને મળ્યો, વિનંતી કરી કે 'મારી પાસે જે કંઈ છે તે સર્વ તમને આપીશ. નાશકારક લડાઈમાંથી મારી રૈયતને બચાવો. મારો બધો ખજાનો હાથી, ઘોડા, એ સર્વ આપીશ. સુલતાને કહ્યું 'તમે જો મુસલમાન થશો તોજ સહીસલામત રહી શકશો.' રા' મંડળિકે કિલ્લાનો બચાવ કર્યો પણ લાંબો સમય ટકાયું નહિ; તેથી કિલ્લો છોડી શરણે આવ્યો અને કિલ્લાની

કુંચીઓ સુલતાનને સ્વાધીન કરી. મહંમૂદે જુનાગઢ લઈ લીધું, અને રા' મંડળિકને કેદ કરી અમદાવાદ આણ્યો. અહીં તે મુસલમાન થયો. સુલતાને રા' મંડળિકને ખાનજહાનનો ઇલ્કાબ અને જાગીર આપ્યાં. સુલતાનના દરબારમાં ખાનજહાન નામ ધારણ કરી મુસલમાન થયા પછી તે પવિત્રતા અને ધર્મજ્ઞાન માટે બહુ પ્રખ્યાત થયો. તેણે અમદાવાદમાં એક ઉમરાવ અને પવિત્ર પુરુષ તરીકે જિંદગી ગુજારી. મુસલમાનો તેને પીર તરીકે માન આપે છે. તેની કબર અમદાવાદમાં માણેકચોકમાં કંદોઈ ઓળની એક દુકાનમાં આજે પણ છે, અને આજે પણ ઘણા મુસલમાનો તેની પૂજા કરે છે.

રા' મંડળિકના છોકરાઓને મહંમૂદે થોડી જાગીર આપી. તેના વંશજો બગસરામાં તાલુકદાર થઈ રહ્યા.

સુલતાને જુનાગઢ ખાલસા કર્યું, અને ગીરનારની થડમાં મુસ્તફાબાદ શહેર વસાવી રાજધાની કરી, અને કાયમનો સુબો નીમ્યો. જુનાગઢ અને મુસ્તફાબાદમાં ઘણા મુસલમાનોને વસાવ્યા.


જુનાગઢ જીત્યા પછી મહંમૂદે કચ્છ, શિરોહી (આબુ), અને ઈડર પર ચઢાઈઓ કરી ત્યાંના રાજાઓને વશ કર્યા.

મહંમૂદે જમીન પર તથા દરીઆ પર પણ જીતો મેળવી હતી. તેણે જગત ભૂશિર લીધી.

ચાંચીઆને વશ કર્યા—બેટ દ્વારિકાના ચાંચીઆઓએ મૌલાના મહંમૂદ સમરકંદી નામના પવિત્ર મુસલમાનને લૂટી લીધો. તેની ફરિઆદ પરથી મહંમૂદે દ્વારિકા જીતી લીધું. મંદિરોમાંની મૂર્તિઓ તોડી નાખી અને ત્યાં મસીદ બંધાવી, નાસી ગયેલા ચાંચીઆઓ પર હલ્લો કરી કાપી નાખી તેમનો નાશ કર્યો. દ્વારિકામાં કારભાર કરવા એક અમલદાર નીમ્યો. આ પહેલાં દ્વારિકા કદી જીતાયું નહોતું.

ફિરંગીની હાર—પોર્ટુગીઝ કે ફિરંગી લોકો આ દેશમાં પાર કરવા આવેલા હતા. તેઓ ગુજરાતનાં બંદરો કબજે કરી માં વસવા ચહાતા હતા. આથી સુલતાને તેમને હરાવી નસાડી મૂક્યા.

પાવાગઢ જીત્યો—ઇ. સ. ૧૪૮૨ માં ગુજરાતમાં દુકાળ



પાવાગઢનો કિલ્લો.

યો; તેથી સરહદના થાણદારે **ચાંપાનેર** પર ચઢાઈ કરી લૂટ કરી. ાથી **ચાંપાનેર**ના રાજાએ થાણદાર પર હલ્લો કરી તેનાં માણસો ર્યા અને ઘણા હાથી અને ઘોડા લઈ ગયો. આ ખબર સાંભળી ાતાને **ચાંપાનેર** પર ચઢાઈ કરી. **ચાંપાનેર**નો કિલ્લો ઘણો મજ- ા છે. તે **પવનગઢ** (પાવાગઢ) એ નામે પ્રસિદ્ધ છે. તેના શિખર કાલિકા (મહાકાલિ) દેવીનું મંદિર છે. **ચાંપાનેર**માં આ વખતે

રાવળ જયસિંહ કે જે **પતાઈ રાવળ**ના નામથી પણ ઓળખાય છે, તે રાજ્ય કરતો હતો. તેને ખબર પડી કે સુલતાન **મહંમૂદ** ચઢી આવે છે એટલે તેણે બચાવના બનતા પ્રયત્નો કર્યા. તેણે રક્ષણ માટે પાંચ હાર બાંધી; પ્રથમ તો એક પત્થરની દિવાલ, તેની આસપાસ પાણીથી ભરેલી ઊંડી ખાડી, પછી લાકડાની ફડેતાળ, પછી છોની દિવાલ, છેલ્લે જાડી કાંટાની વાડ, એવી રીતે કિલ્લાની મજબુતી કરી.

ઇ. સ. ૧૪૮૩ માં **ચાંપાનેર** આસપાસ જબરૂં લશ્કર ઘેરી વળ્યું. આ ઘેરો લગભગ બાર વરસ સુધી પહોંચ્યો. પતાઈ રાવળને મદદ કરવા છ રાજાઓ આવ્યા હતા પણ તેઓ ફાવ્યા નહિ. કિલ્લામાં ખોરાક તથા ઘાસદાણો જતો બંધ કરાવ્યો. આથી છેવટે થાકીને **પતાઈ** રાવળે ભૂખે મરવા કરતાં યુદ્ધમાં શુરાતન બતાવી મરવું એ વધારે ઉત્તમ છે એમ સમજી રજપુત સ્ત્રીઓને ચિતા ખડકાવી બાળી મૂકાવી અને પતાઈ રાવળ પોતે અને સૈનિકો કેસરીયાં કરી કિલ્લા બહાર નીકળી પડી શત્રુદળ પર તૂટી પડયા, અને મુસલમાન દળનો ઘાણ વાળ્યો, પરંતુ આખરે કંઈ ચાલ્યું નહિ. આ ઘેરો દોઢ વરસ સુધી ચાલ્યો, પણ અંતે તે **ચાંપાનેર**નો કિલ્લો **પાવાગઢ મહંમૂદે** લીધો, અને **ચાંપાનેર**નો **પતાઈ** રાવળ અને તેનો પ્રધાન ઘાયલ થવાથી લોહીથી ખરડાયલા જીવતા સુલતાનને હાથ કેદ પકડાયા. સુલતાને **પતાઈ રાવળને** 'જો મુસલમાની ધર્મ સ્વીકારે તો જિંદગી બચે ' એમ કહ્યું, પણ તેણે ઈસ્લામી ધર્મ સ્વીકારવાની સાફ ના પાડી, આથી **પતાઈ** અને પ્રધાનને કતલ કરાવ્યા.*

પતાઈ રાવળને ત્રણ કુંવરો હતા. મોટો લડાઈમાં મરાયો.

---

* **પતાઈ રાવળ અને મહાકાલિનો સંવાદ રૂપે આજ પણ ' મા પાવા તે ગઢથી ઉતર્યાં મા' કાળી રે, " આ કડીથી શરૂ થતો ગરબો ગવાય છે.**

બીજો નાસી ગયો. ત્રીજા તેજસિંહને પકડી સુલતાને મુસલમાન બનાવ્યો, અને તેને મુસલમાન તરીકે ઉછેર્યો અને તે આ સુલતાન પછીના સુલતાનોના દરબારમાં મોટો ઉમરાવ થયો હતો.


મોટા કુંવર રાયસિંહજીને પૃથ્વીરાજ અને ડુંગરસિંહ એ કુંવરો હતા. તેમણે થોડા રજપુતો અને ભીલોને એકઠા કરી ધીમે ધીમે સત્તા જમાવી રાજપીપળાથી ગોધરા સુધીનો મુલક હસ્તગત કર્યો, અને બન્ને જણે સરખા ભાગે વહેંચી લીધો. મોટા પૃથ્વીરાજના ભાગમાં છોટાઉદેપુર અને નાના ડુંગરસિંહ પાસે બારૈયા આવ્યું આજે પણ તેમના વંશજો ત્યાં રાજ્ય કરે છે.

બાંધકામો—મહંમૂદ જેવો પરાક્રમી હતો, તેવોજ નકશીદાર મકાનો તથા બીજાં બાંધકામોનો શોખીન હતો. તેણે ચાંપાનેરનું મહંમૂદાબાદ નામ રાખી ત્યાં રાજધાની કરી તેને ચોમેર ફરતો કોટ બંધાવ્યો. આ વખતે ત્યાંનાં જંગલોમાં પુષ્કળ ફૂલ ઝાડ, અને સુખડનાં ઝાડ હતાં. વળી ખુરાસાનના કારીગરે અહીં સુંદર બાગ બનાવી તેમાં ફુવારા અને જળપ્રવાહ મૂકયા હતા. હાલુર સુથારે તેથી પણ સુંદર બાગ બનાવ્યો હતો. તે સ્થળ હાલ હાલોલ કહેવાય છે.

વાત્રક કાંઠાના લુટારાના બંદોબસ્ત માટે વાત્રક નદીને કાંઠે રમણીય જગો જોઈ ત્યાં મહેમુદાબાદ--મહેમદાવાદ શહેર વસાવ્યું. તેની પાસે ભમરીઓ કુવો બંધાવ્યો. નદી કાંઠે ચાંદા સુરજ નામના બે મહેલો બંધાવ્યા હતા. હાલ તેનાં ખંડેરો નદી પરના પૂલ પરથી નજરે પડે છે. ઘણા ભાગે સુલતાન મહંમૂદ આ શહેરમાં રહેતો.


સરખેજમાં બીજા મહંમદશાહે શેખ અહમદ ખટુ ગંજબક્ષની કબર અને રોજો બાંધ્યાં હતાં, ત્યાં આરામ લેવા તથા બંદગી કરવા

તે વારંવાર જતો. અહીં તેણે મોટું તળાવ બંધાવ્યું, અને તેના કાંઠે મોટો મહેલ ચણાવ્યો; વળી ત્યાં તેણે પોતાના માટે એક રોજો બંધાવ્યો, તેમાં પાછળથી તેને, તેની બેગમ રાજબાઈ, અને તેના શાહજાદા મુજફ્ફર બીજાને દાટવામાં આવ્યાં છે, અને રાણી રૂપમંજરીને માણેકચોકમાં દાટવામાં આવી હતી. તેના પર કબર અને રોજો બંધાવ્યાં છે તે જગો **રાણીનો હજીરો** એ તરીકે મશહુર છે.



રાણીનો હજીરો.

વળી તેણે કેટલીક મસીદો, મદ્રેસા, મુસાફરખાનાં, કુવા, વાવ, વગેરે બંધાવ્યાં હતાં. તેનું જોઈ તેના કેટલાક અમીરો વગેરેએ પણ ઉત્તમ બાંધકામોમાં પૈસા ખર્ચ્યા હતા. સુલતાનના ઉસ્તાદ




શાહઆલમનો રોજો.

શાહઆલમનો રોજો તાજખાને બંધાવ્યો હતો. એ સિવાય દાદાહરીની વાવ, અડાલજની વાવ, દરીઆખાનનો ઘુમટ વગેરે બીજા જોવા લાયક સ્થળો છે તે એના વખતના શ્રીમંતોએ બંધાવ્યાં હતાં.

સારાં સારાં ફૂલ ઝાડો આખા રાજ્યમાં પુષ્કળ રોપાવ્યાં હતાં. બાગબગીચાનો મહંમૂદને બહુ શોખ હતો તે વખતે ગુજરાતમાં દ્રાક્ષ બહુ થતી. ચાંપાનેરની દ્રાક્ષ ઘણી વખણાતી, તેથી બૈરાં પણ આજે પણ 'દ્રાક્ષ મીઠી રે ચાંપાનેરની' એમ ગાય છે.

મહંમૂદને ઝાડો ઉછેરવા અને રોપાવવાનો પણ ઘણો શોખ

હતો. તેણે અમદાવાદથી મહેમદાવાદના રસ્તા પર અગણિત આંબા અને રાયણનાં ઝાડો રોપાવ્યાં હતાં. તેણે ઘણાં ઝાડો વવડાવ્યાં. તેમાં મુખ્ય નાળિએરી, વડ, મહુડા, બીલી અને પીપળો હતાં.



દાદાહરીની વાવ.

અમદાવાદની પાસે આંબા રોપાવી ઘટા બનાવી હતી, તે જગા આજે પણ '**બાગે ફિરોદાસ કે અમરાઈ**' ને નામે ઓળખાય છે.

ખોરાક—મહંમૂદની ખોરાક પચાવવાની શક્તિ **ભીમ**સેન જેવી



હઠીસીંગનું દહેરૂં.

અજબ હતી. તેને દરરોજ પુષ્કળ ખોરાક જોઈતો હતો. એકી ટં
વાળુમાં પાંચ શેર ખીચડી અડાવી જતો. તે એટલો તો ભૂખાળવે
હતો કે રાતના પણ તેને ખાવાનું જોઈતું હતું માટે સૂતી વખ
તેના પલંગ નીચે બંને બાજુએ ટાટમાં ખાવાનું ભરાવી મૂકતો
જેથી જે તરફ પાસું ફરે તે તરફથી લઈને ખવાય. દરેક વખતે એ
કટોરો મધ, કટોરો ઘી કે માખણ અને અઢીસો સોનેરી કેળાં ખા
જતો. તેનો ખોરાક રાક્ષસ જેવો હતો. રોજ એક મણ અનાજ
ખાતો આ ખોરાકને લીધે તે બહુ બળવાન હતો. કોઈ જોરાવર મ
તેની સાથે કુસ્તી કરવાની હિંમત બીડી શકતો નહિ. કેટલીક વા
તે સોમલ ઝેર પણ પચાવતો. તે નાનો હતો ત્યારથી તેની મા તે
થોડો થોડો ઝેરી પદાર્થ ખવાડતી; તેથી તેનું શરીર એવું બન્યું હતું
તેણે એટલું બધું ઝેર ખાધેલું હતું કે તેના બધા શરીરમાં તે વ્યાપ
રહ્યું હતું. આથી માખી પણ જો તેના હાથ પર દૈવયોગે બેસે તે
તે તરત મરી જઈ ભોંય પર પડતી એમ કહેવાય છે. આથી તે ઘણીવા
કહેતો કે 'હે ખુદા! ગુજરાતનું રાજ્ય ન આપ્યું હોત તો માર
પેટનું પૂરું કેમ થાત.'

તેને દારૂ ઘણો વહાલો હતો. તે ખાવા બેસતો ત્યારે પચાસ
હાથી સલામો ભરતા, અને ઓછામાં ઓછાં પચાસ વાજીંત્ર એ
પછી એક વાગતાં. આથી આનંદ આનંદ થઈ રહેતો હતો.

રાજ્યવ્યવસ્થા—તમામ રૈયત સુખી હતી. વેપારીઓ સારે
નફો મેળવી વેપાર કરી શકતા. લુટારાનો ભો નહોતો. જુલમી વર્ત
ણુક વિના કોઈની જાગીર છીનવી લેતો નહિ. મહેસુલ પણ ઠરાવેલુ
જ લેવાતું. તેના વખતમાં અનાજ ઘણું સોંઘું હતું; એવી સોંઘવાર
કદી જોઈ કે સાંભળી નથી.

ગુણદોષ—મુસલમાનોમાં સુલતાન **મહંમૂદ** હિંદુ રાજા **સિદ્ધ**રાજ જેવો લોકપ્રિય થઈ ગયો. તેનાં ઠાઠ, અંગબળ, ન્યાય અને પરોપકાર, અને મુસલમાની ધર્મ પ્રમાણે બરાબર ચાલવું, એ સઘળાંનાં સરખાંજ વખાણ થાય છે. તે આખર અવસ્થામાં પોતે જે લડાઈઓ લઢ્યો, તેમાં જે સંખ્યાબંધ માણસો મરાયાં હતાં તેમના વિષે જ્યારે તેને મનમાં વિચાર થઈ આવતો ત્યારે એ પુષ્કળ રડતો, અને પછી તેમનાં વિધવા અને નિરાધાર બાળકોને ખોળી કઢાવી તેમના પાલકના મરણનો બદલો વાળવા તેમને પોતાનાં ખાતામાં નોકરી આપતો.

૫૩ મુજફ્ફરશાહ બીજો.

મહંમૂદ બેગડા પછી તેનો શાહજાદો **મુજફ્ફરશાહ** ગાદીએ બેઠો. તેણે ઈડરના રાવને હરાવી ખંડણી આપવાની શરતે સલાહ કરી. માળવાના સુલતાનનો વજીર મેદનીરાય પ્રજા પર જુલમ કરતો અને રાજા થવા પ્રયત્ન કરતો, તેથી માળવાના સુલતાનને મદદ કરી વજીરને વશ કરી સુલતાનને માળવાનો કબજો સોંપ્યો. ચિતોડ પર ચઢાઈ કરવા ધારતો હતો, તેવામાં રાણાના કુંવરે નજરાણું રજુ કર્યાથી સલાહ થઈ.

અમદાવાદના સુલતાનોમાં આ સુલતાન ઘણો વિદ્વાન, ધર્મી અને ગાયન કળામાં કુશળ હતો. દારૂ પીનારને ધિક્કારતો હતો. ઘોડા પર સવારી કરવી, તરવાર વાપરવી એ કામ તે સારી પેઠે જાણતો હતો. તેનો પોશાક સાદો હતો. ઝાલાવાડમાં દુકાળ પડવાની તૈયારી હતી. તે વખતે '**ઓ અલ્લાહ, રાજાના પાપ માટે જો તું દેશને પીડતો હોય તો રાજાના પ્રાણ લે, પણ દેશના ગરીબ લોકોને બચાવ.**' આવી પ્રાર્થના તેણે કરી તે સાંભળીને **અલ્લાહે** પુષ્કળ વરસાદ વરસાવ્યો એમ કહેવાય છે.

મુજફ્ફરશાહને સરખેજના રોજામાં તેના બાપની કબર પાસે દફનાવવામાં આવ્યો હતો.

૫૪ બહાદુરશાહ.

મુજફ્ફરશાહ પછી એક વર્ષમાં બે સુલતાનો થયા. તેઓ દમ વગરના હતા માટે અમીરોએ તેમને ઉઠાડી મૂકયા. પછી મુજફ્ફરશાહનો વડો શાહજાદો બહાદુરશાહ સુલતાન થયો.

રાજ્યસત્તાની મજબુતી—દીવનો હાકેમ ફિરંગીઓ સાથે ખટપટ કરી દીવ તેમને આપવાની ગોઠવણ કરતો હતો. માટે ત્યાં બીજો હાકેમ નીમ્યો. જુનાગઢમાં પણ પોતાને અનુકૂળ હાકેમ મૂકયો. ઈડર અને આજુબાજુના મુલકમાંથી ખંડણી ઉઘરાવી. વળી ફરીથી પોર્ટુગીઝો સોરઠમાં પગપેસારો કરી દીવ લેવા તજવીજ કરતા હતા. આથી તે ઘણુંખરૂં ખંભાત, દીવ, અને ઘોઘામાં રહેતો. ભરૂચનો કિલ્લો બંધાવ્યો. આથી તેમની ઇચ્છા બર આવી નહિ.

ચઢાઈઓ—માળવા પર ચઢી માંડુનો પ્રખ્યાત કિલ્લો સર કર્યો રાયસેનના રજપુત રાજાએ માળવાના સુલતાનની બેગમોને કબજે રાખવાથી તેને હરાવી ઇસ્લામ ધર્મ પાળવાની ફરજ પાડી, અને ચિતોડના રાણાએ રાયસેનના રાજાને સહાય કરી હતી માટે તેણે ચિતોડ ઘેર્યું. નજરાણું મળવાથી ઘેરો ઉઠાવ્યો. ત્યારપછી ફરી ચિતોડ પર ચઢયો. તે વખતે દિલ્હીના પાદશાહ હુમાયુની મદદ આવી પહોંચી. ગુજરાતની સેના મંદીસર આગળ હારી. તેથી બહાદુરશાહ દીવ તરફ નાઠો, હુમાયુએ ગુજરાતનો કબજો લીધો. ત્યારપછી થોડા સમયમાં હુમાયુ સામે શેરશાહ સરદારે બળવો કર્યો માટે હુમાયુ દિલ્હી ગયો. આ વખતે બહાદુરશાહે પોર્ટુગીઝો સાથે દોસ્તી કરી લશ્કરી મદદ મેળવી ગુજરાતમાંથી મોગલ ફોજ નસાડી મૂકી.

મોગલોને મારી કાઢવા માટે **ગોવાથી** જે **પોર્ટુગીઝ** લશ્કર બોલાવે તેની મદદથી **પોર્ટુગીઝો દીવ** પચાવી બેઠા. તેમને હાંકી કાઢવા બહાદુરશાહ **દીવ** ગયો. તે વખતે **પોર્ટુગીઝોએ** સુલતાનને પોતાના વહા ઉપર નોતર્યો, અને ત્યાંથી પાછાં ફરતાં દગાથી વહાણ ડુબાવી તે મારી નાખ્યો.

બહાદુરશાહના વખતનું ગુજરાત—હુમાયુએ બહાદુરશાહને હરાવ્યો ત્યાં સુધી ગુજરાતની સત્તા પૂર્ણ કળાએ પહોંચી નહોત નામીચા રજપુત રાજકુંવરો સુલતાનની નોકરી કરવામાં આબ માનતા. **સિંધ, માળવા, અહમદનગર** અને બુરાનપુરના હાકે બહાદુરશાહને પોતાનો અધિપતિ માનતા. ગુજરાતના સુલતાનો બહારનાં રાજ્યો પર પોતાની સત્તા જમાવી હતી.

૫૫ મહંમૂદશાહ ત્રીજો.

બહાદુરશાહના મુઆ પછી મહંમૂદશાહ સુલતાન થયો. તે અ પછીના સુલતાનો નામનાજ હતા. આથી તેમની સત્તા નબળી પડ માંડી. મહંમૂદશાહે વઝીરની સલાહથી ઘણા રજપુતોની જાગીરો જ કરી. આથી **શિરોહી**, ડુંગરપુર, ઈડર, **લુણાવાડા, વાંસવાડા, રાજ** પીપળા, **દોહદ, મહીકાંઠા**, વગેરેના રજપુતોએ બંડ કર્યાં, અને બહ રવટે નીકળી પડી, લૂટફાટ કરવા લાગ્યા. આથી સુલતાને ક્રોધે ભરા હિંદુઓ પર પુષ્કળ જુલમ ગુજાર્યો. હિંદુઓને ઘોડે બેસવાની, સા કપડાં પહેરવાની, દાગીના પહેરવાની, વાર તહેવાર પાળવાની એ બંધ કરી. અને નજીવા કારણસર હિંદુઓને મારી નાખવા માંડયા. આ હિંદુ મુસલમાન વચ્ચેનો પ્રેમ ઉઠી ગયો, અને પરસ્પર શત્રુ લેખ લાગ્યા. **આથી ગુજરાતમાં અંધાધુંધી થવા પામી અને પહેલાં સુલતાનોએ મેળવેલી સત્તા નાશ પામી.**

બુર્હાન નોકરે સુલતાનની નિર્દયતાને લીધે તેને મારી નાખ્યો. તેણે સુલતાન થવા પ્રયત્ન કર્યો, પણ અમીરો સાથે લડતાં તે મરાયો.

૫૬ મુજફ્ફરશાહ ત્રીજો.

ઈતીમદખાન—રાજ્યવહીવટમાં આગળ પડતો અને કરતા કારવતા અમીરોમાં ઈતીમદખાન મુખ્ય હતો. તેણે હલકી વર્ણના **નાથુ** છોકરાને **મુજફ્ફરશાહ** ત્રીજો એ નામથી ગાદીએ બેસાડયો. આથી તેનો દ્વેષ કરી બીજા અમીરો જુદા જુદા ભાગો તાબે કરી સ્વતંત્ર થઇ બેઠા. તેમને વશ રાખી શકયો નહિ, માટે અંધેર વધી પડયું. આખરે ઈતીમદખાને મોગલ શહેનશાહ **અકબર**ને ગુજરાત કબજે લેવા તેડાવ્યો

અકબરે ગુજરાત જીત્યું:—ઈતીમદખાનના તેડાવ્યાથી **અકબર** સેના સાથે **પાટણ** આવ્યો. તેને ઈતીમદખાન આવી મળ્યો **અકબર અમ**દાવાદ પર ચઢયો. સહેલાઈથી જીત મેળવી, જુવાન સુલતાનને કેદ કર્યો. ઈતીમદખાનને મોટા મોટા ઈલ્કાબો મળ્યા. પછી બંડખોર અમીરોને વશ કરી **અકબર** સુબો નીમી **દિલ્હી** ગયો

ગુજરાતનો સુબો ઇતીમદખાન—ગુજરાત જીત્યા પછી થોડાં વર્ષે ઈતીમદખાનને ત્યાંનો સુબો નીમ્યો. આ વર્ષમાંજ મુજફ્ફરશાહ ત્રીજો કેદમાંથી નાસી ગુજરાતમાં આવ્યો. તેને તેના જુના દોસ્તો અને લશ્કરી સૈનિકો આવી મળ્યા. તેણે ઈતીમદખાનને હરાવી **અમ**દાવાદનો કબજો લીધો, આથી **અક**બરે **ખાન**ખાનાનને બીજો સુબો નીમી મોકલ્યો. તેણે **સર**ખેજ આગળ મુજફ્ફરશાહને હરાવ્યો, અને ત્યાં લડાઈની જીતની યાદગીરીમાં તેણે ફતેહબાગ અને મહેલ બંધાવ્યાં. હાલ તેનાં ખંડેરો જોવામાં આવે છે.

મુજફ્ફરશાહનો આપઘાત—મુજફ્ફરશાહ હાર્યાથી નાસતો ફરતો હતો. તેને કચ્છના રાવે પકડી મોગલોને સ્વાધીન કર્યો. તે સ્વ-

ભાવે મગરૂર હતો, તેથી બીજી વાર કેદી થયો નહિ, પણ સુબાની છાવણીમાં જતાં રસ્તામાં તેણે પોતાનું ગળું કાપી નાખી મુએ. સુબાએ મુજફ્ફરશાહનું માથું અકબર પાદશાહને મોકલાવ્યું. આ રીતે ગુજરાતના સુલતાનોના વંશનો અંત આવ્યો. ઇ. સ. ૧૫૭૩

ગુજરાતમાં મોગલ રાજ્ય.

૫૭ અકબર.

દિલ્હીના મોગલ શહેનશાહ અકબરે ઇ. સ. ૧૫૭૩ માં ગુજરાત જીત્યું. ઘણા રજપુત ઠાકોરોને સૈન્યમાં દાખલ કર્યા. હિંદુ મુસલમાનને સરખા ગણી ધર્મનો ભેદ ગણ્યા વિના હિંદુઓને પણ મોટી જગાઓ આપતો. વળી તેણે મુખ્ય પ્રધાન ટોડરમલ પાસે ગુજરાતની જમીન માપણી કરાવી ખેડુતોને સરકારમાં ભરવાનો દર નક્કી કરી આપ્યો, અને ખેડુતો પર થતો જુલમ બંધ પાડ્યો. હિંદુઓ પાસેથી લેવાતો જજીઆવેરો માફ કર્યો, અને સતી થવાનો ચાલ બંધ કર્યો. એ રીતે ઘણા સુધારા કર્યા. વળી તેણે ધીરજ



અકબરશાહ.

અને શાંતિથી બળવા સમાવ્યા. તોફાની સરદારોને પ્રેમથી મેળવી લઈ નોકરીઓ આપી, શાંત પાડી પોતાના મિત્ર બનાવ્યા, અને ગુજરાતમાં શાંતિ ફેલાવી. ઇ. સ. ૧૬૦૦ માં અંગ્રેજ લોકો તરફથી ઇસ્ટ ઇંડિઆ કંપનિ વેપાર કરવા માટે હિંદુસ્તાનમાં આવી. આ શહેનશાહ લોકપ્રિય થઈ ગયો.

૫૮ જહાંગીર.

અકબર મુઆ પછી શાહજાદો સલીમ જહાંગીર નામ ધારણ કરી દિલ્હીનો પાદશાહ થયો. તેના સખત બંદોબસ્તથી ચોરી, લૂટફાટ બંધ પડી. દવાખાનાં ઉઘાડી પ્રજાનું સુખ વધાર્યું. અંગ્રેજ એલચી સર ટોમસ રો ઇ. સ. ૧૬૧૫માં હિંદમાં આવ્યો. તેની વિનંતિથી જહાંગીરે ઇસ્ટ ઇંડિઆ કંપનિના અંગ્રેજ વેપારીઓને સુરતમાં વેપાર કરવાની પરવાનગી આપી હતી. તેણે દોહદના જંગલમાં હાથીનો શિકાર કરતાં ૧૨ હાથીઓ પકડ્યા હતા. ત્યાંથી ખંભાત થઈ અમદાવાદ આવ્યો હતો. ત્યારે શહેરમાં ધૂળ ઊડતી હતી; તેથી તેનું નામ ગર્દાબાદ પાડયું



જહાંગીર.

હતું. અહીં તેને તાવ આવ્યો હતો; તેથી વળી બિમારીસ્થાન પાડયું હતું. અહીંની હવા માફક નહિ આવવાથી તે પાછો આગ્રા ગયો.

૫૯ શાહજહાન.

જહાંગીરનો શાહજાદો **શાહજહાન** ગુજરાતનો સુબો હતો તે વખતે તેણે **અમદાવાદમાં** **સાબરમતી** કાંઠે પોતાના માટે **શાહીબાગ** નામનો સુંદર અને ભવ્ય મહેલ બંધાવ્યો હતો. તે હજી પણ સારી હાલતમાં છે; આ મહેલમાં હાલ ઉત્તર વિભાગના કમિશનર સાહેબ રહે છે.



શાહજહાન.

ગુજરાતમાં સંવત ૧૬૮૭માં મોટો દુકાળ પડ્યો હતો. તે **સત્યાસીઓ** કહેવાય છે. લોકો રોટલા માટે વહાલાં બાળકોને પણ આપી દેતા. પ્રજાને ભૂખના દુઃખથી બચાવવા પાદશાહે સુરત, **અમદાવાદ** વગેરે સ્થળે સદાવ્રતો સ્થાપ્યાં હતાં.

શાહજહાને પોતાની વહાલી બેગમ **મુમતાજમહાલની** યાદગીરી રાખવાને **આગ્રામાં** **તાજમહાલ** બંધાવ્યો છે. સિવાય **મયુરાસન**, **મોતી** મસ્જિદ વગેરે બંધાવ્યાં હતાં; આથી તે **મહેલો બાંધનાર** તરીકે મશહુર છે.

૬૦ ઔરંગજેબ.

શાહજહાનને ચાર શાહજાદા હતા. **ઔરંગજેબ** પોતાના ભાઈઓને મારી, બાપને કેદ કરી પોતે પાદશાહ થયો. તેના રાજ્યઅમલમાં તેણે ઘણા સુધારા કર્યા. દારૂ અને બીજી



ઔરંગજેબ

કેફી વસ્તુઓ પીવાની બંધી કરી. કેફી ચીજોનું વાવેતર બંધ કર્યું, અધિકારીઓને લાંચ લેતા, વેઠ કરાવતા અને પ્રજા પર જુલમ કરતા અટકાવ્યા, અને અયોગ્ય કરો માફ કર્યા. ખેતીના સુધારા માટે ખેડુતને પૈસાની મદદ આપતો હતો, અને વેપારને પણ ઉત્તેજન આપતો હતો.

તેણે દાખલ કરેલા સુધારાથી તે વખણાત; પરંતુ તેણે ધર્માધપણાને લીધે **હિંદુઓ** પર જજીઆ-વેરો નાખ્યો, તેમનાં દેવળો તોડી નખાવ્યાં. આથી **હિંદુઓ**માં ઘણો અસંતોષ ફેલાયો.

૬૧ મોગલ રાજ્યની પડતી.

ઔરંગજેબ પછીના મોગલ પાદશાહો નબળા થયા; તેથી તેમના તાબાના સુબાઓ સ્વતંત્ર થઈ પડયા. **હિંદુઓ**ને મુસલમાનોના જુલમથી બચાવવા દક્ષિણમાં **શિવાજીએ મરેઠા** રાજ્ય સ્થાપ્યું. તેને બધા **હિંદુઓ**ની મદદ હતી. **મરાઠા** ગુજરાતમાં વારંવાર આવી લૂટ કરી ખંડણી લેવા લાગ્યા. **દિલ્હી**ના પાદશાહ તરફથી **ગુજરાત**માં પચાસેક સુબાઓ આવ્યા હતા. છેલ્લો સુબો જુઆમર્દખાન બાબી હતો. તેને **દામાજી** ગાયકવાડે અને **પેશ્વા**ના ભાઈ રઘુનાથરાવે, **પાટણ**, **વડનગર** અને **રાધનપુર** વગેરે પરગણાં જાગીરમાં આપી

ગુજરાત કબજે કર્યું. ઇ. સ. ૧૭૫૭. જુનાગઢ, રાધનપુર અને વાડા-શિનોરના નવાબો એ જુઆમર્દખાન બાબી સુબેદારના વંશજ છે. ગુજરાતમાં ઇ. સ. ૧૫૭૩થી ૧૭૫૭ એટલે ૧૮૪ વર્ષ દિલ્હીના મોગલ પાદશાહોનું રાજ્ય રહ્યું; અને આ પ્રમાણે મોગલ રાજ્યનો ગુજરાતમાંથી અંત આવ્યો.

ભાગ બીજો.

મરાઠી રાજ્ય.

૬૨ શિવાજી.

એ મરાઠી રાજ્યનો સ્થાપનાર બિજાપુરના સરદાર અને જાગીરદાર શાહજીનો પુત્ર હતો. તેનો જન્મ ઇ. સ. ૧૬૨૭માં થયો હતો. તે ઝાઝું ભણ્યો નહિ, પણ ઘોડે બેસવાનું અને હથિયાર વાપરવાનું કામ સારી રીતે શીખ્યો હતો. હિંદુઓને મુસલમાનોના ત્રાસમાંથી બચાવવા અને ગૌબ્રાહ્મણનું રક્ષણ કરવું, એ જુસ્સો તેનામાં તેના ગુરુ રામદાસ સ્વામીએ આણ્યો હતો. આ તેનો રાજ્ય સ્થાપવાનો પણ એ હેતુ હતો.

વનરાજની પેઠે લૂટફાટ કરી ધન મેળવવા માંડયું. સુરત શહેર બે વાર લૂટી પુષ્કળ દ્રવ્ય મેળવ્યું હતું. તેણે ઘણા કિલ્લા જીત્યા હતા. ઇ. સ. ૧૬૬૪ માં રાયગઢમાં ગાદીએ બેઠો. તેણે દખણમાં મુસલમાની રાજ્યો જીતી સત્તા જમાવી. તે ડુંગરી કિલ્લામાં રહેતો. આથી ઔરંગજેબ તેને 'ડુંગરનો ઉંદર' કહેતો, અને કશા લેખામાં

ગણુતો નહિ. પાદશાહે પાછળથી શિવાજીને જીતવાની કરેલી મહેનત વ્યર્થ ગઈ. ઔરંગજેબે તેને દિલ્હી બોલાવી છેતરી કેદ કર્યો, ત્યાંથી



શિવાજી.

યુક્તિથી છુપી રીતે નાસી છૂટયો. તેણે રાજ્યનો પાયો એવો મ ભુત નાખ્યો કે તેના પછીના રાજા નબળા હતા છતાં તેનું ર લાંબો વખત ટકી રહ્યું.

૬૩ શાહુ.

શિવાજી પછી તેનો પુત્ર **સંભાજી** થયો. તે ખરાબ સોબ પડવાથી મોગલોના હાથે કેદ પકડાઈ માર્યો ગયો. કુંવર **શાહુ** બન્યો. તેને તાબેદાર રહેવાની શરતે **ઔરંગજેબના** શાહજાદાએ કર્યો; પરંતુ તેણે મોજશોખમાં પડી રાજસત્તા **બાલાજી વિશ્વ** બ્રાહ્મણ પ્રધાનને સોંપી. તે બ્રાહ્મણો **પેશ્વા** કહેવાતા.

બાલાજી વિશ્વનાથ પછી **બાજીરાવ પેશ્વા** જબરો શ તેણે મરેઠી સરદારોને ચોમેર મોકલી મુલકો જીતી, મ રાજ્ય પૂર્ણ કળાએ પહોંચાડયું. આ મરાઠા સરદારોમાં ગાયક **સિંધીઆ, હોલ્કર** અને **ભોંસલે** એ મુખ્ય હતા. તેઓએ જી મુલકના તેઓ સુબેદાર બન્યા હતા, તેઓ તેમને સોંપાએલા મુ માંથી મહેસુલ, અને આસપાસના મુલકમાંથી **ચોથ** *અને સ મુખી +ઉઘરાવી પોતાના ઉપરીને મોકલાવતા. પાછળથી મ રાજ્ય નબળું પડયું ત્યારે પોતાના મુલકમાં સ્વતંત્રપણે ચ કરવા લાગ્યા.

૬૪ ગાયકવાડ સરકાર.

પિલાજીરાવ—ગુજરાતમાં **ચોથ** અને સરદેશમુખી ઉઘરા મરાઠા સરદારો આવતા અને જીતનો ભાગ પેશ્વાને આપતા. તે દારોમાં સેનાપતિ ખંડેરાવ **દાભાડે** મુખ્ય હતો. તેની સાથે દામાજી

---

* દેશની ઉપજનો ચોથો ભાગ. + દેશની ઉપજનો દસમો ભા

ગાયકવાડ પણ હતા. ઇ. સ. ૧૭૦૨ માં **બાલાપુરની લડાઇમાં** **દામાજીરાવે** ઘણી બહાદુરી કરી હતી. તેથી સેનાપતિએ **શાહુ** રાજા પાસે **શમશેર બહાદુરનો** ઇલ્કાબ અપાવ્યો હતો. ઇ. સ. ૧૭૨૦ માં તેમના મુઆ પછી **ખંડેરાવની** જગા તેમના પુત્ર **ત્ર્યંબકજી** **દાભાડેને** અને **દામાજીની** જગા તેના ભત્રીજા **પિલાજીને** આપી.

ગુજરાતમાં જે **મરાઠા** સરદારો લૂટફાટ કરતા તથા **ચોથ** ઉઘરાવતા. તેમાં **પિલાજીરાવ** અને **કંથાજી** કદમ ભાંડે મુખ્ય હતા. આ વખતે **અમદાવાદની** સુબેદારી માટે મોગલ સરદાર અને સુબો લડતા હતા. **પિલાજીરાવે** સુબાને મદદ કરી. તેના બદલામાં કેટલોક મુલક અને **મહી** નદીની આસપાસના મુલકમાંથી **ચોથ** લેવાનો હક મેળવ્યો.

પેશ્વા અને **મરાઠા** સરદારો વચ્ચે અણબનાવ રહેતો. આથી **મરાઠા** સરદારોનું બળ તોડવાને **પેશ્વા બાજીરાવ** મોટું સૈન્ય લઇ ગુજરાત પર ચઢ્યો. ડભોઈ પાસે **ભીલુપુર** આગળ ઇ. સ. ૧૭૩૦ માં લડાઈ થઈ. તેમાં **ત્ર્યંબકજી દાભાડે** મરાયો, અને બીજા સરદારો વશ થયા. પછી **સેનાપતિનું** કામ **પિલાજીરાવ ગાયકવાડને** સોંપી **સેના ખાસખેલનો** ખિતાબ આપ્યો, અને એવું ઠરાવ્યું કે ગુજરાતની **ચોથ** અને **સરદેશમુખીમાંથી** અર્ધો ભાગ ગાયકવાડ લેવો અને અર્ધો **શાહુ** રાજાને મોકલવો. આ ઠરાવથી **પિલાજીરાવના** ભાગમાં **વડોદરા** આવવાથી ઇ. સ. ૧૭૩૦ માં **વડોદરામાં** ગાયકવાડની ગાદી સ્થાપી. ઘણો મુલક ખાલસા કર્યો, અને નવાબો, રજપુત રાજાઓ, અને તાલુકદારો પાસેથી બળાત્કારે લેવાય તેટલી ખંડણી લીધી.

એ વખતે ગુજરાતમાં **દિલ્હીના** પાદશાહ તરફથી મોગલ સુબો **જોધપુરનો** રાજા **અભયસિંહ** હતો. તેનાથી **મરાઠા** વશ થયા નહિ;

તેથી તેણે ઇ. સ. ૧૭૩૧ માં ડાકોરમાં કપટથી પિલાજીને મારી નખાવ્યો. છતાં તેની ઇચ્છા બર આવી નહિ.

દામાજી—પિલાજી મરાયા પછી તેનો પુત્ર દામાજી તે જગાએ નીમાયો. તેણે પોતાના કુળને અજવાળ્યું. તેણે જોધપુર પર ચઢાઈ કરી તેથી અભયસિંહને પોતાનું રાજ્ય સંભાળવા ગુજરાતમાંથી પાછા જવું પડયું. પેશ્વા સાથે ગાયકવાડનો સંબંધ નક્કી થયો. આથી ગુજરાત મરાઠી રાજ્યનો ભાગ ગણાવા લાગ્યું. આ વેળા પેશ્વા અને ગાયકવાડે વળી અમદાવાદ જીતી લઈ ગુજરાતમાંથી મોગલ સત્તાનો અંત આણ્યો. ગુજરાતની ઉપજમાં કેટલોક ભાગ પેશ્વાનો હતો. તેથી પેશ્વા તરફના સુબા અમદાવાદમાં રહેતા. ઇ. સ. ૧૭૬૧ માં પાણીપતની લડાઈ થઈ તેમાં દામાજી હતા. તેમનું મરણ પાટણમાં કીમિયો કરાવતાં થયું.

સયાજીરાવ ૧ લો—દામાજીના મુઆ પછી તેમના પુત્રો રાજ માટે લડયા. તેમાં સયાજીરાવ મોટો હોવાથી હકદાર ઠર્યો; પણ તેનામાં રાજ્યકારભાર ચલાવવાની લાયકી નહોતી, તેથી રાજ્યકારભાર તેમના સૌથી નાના ભાઈ ફતેહસિંહરાવ ચલાવતા. તેમના વખતમાં ડભોઈ ગાયકવાડને મળ્યું.

ફતેહસિંહરાવના મરણ પછી માનાજીને સયાજીરાવનો વાલી ઠરાવ્યો. આ વખતે ગોવિંદરાવે કારભાર લેવા ખટપટ કરી; પરંતુ માનાજીએ પેશ્વાને ત્રણ લાખ રૂપીઆ નજરાણું અને ૩૬ લાખ રૂપીઆ ખંડણી આપવા ઠરાવ્યાથી ગોવિંદરાવનું ચાલ્યું નહિ.

ગોવિંદરાવ—માનાજીના મુઆ પછી વડોદરાનો રાજ્યવહીવટ ગોવિંદરાવને મળ્યો. બે વર્ષ સુધી શાન્તિ રહી. એમના વખતમાં વડોદરામાં આરબોએ બંડ કર્યું, તે અંગ્રેજ સરકારની મદદથી

બેસાડી દીધું. ગાયકવાડની સત્તા કાઠિઆવાડમાં ઘણી જામી હતી. ત્યાંના રાજાઓ પાસેથી ખંડણી ફાવે તેમ લેવાતી, તેથી જુલમ થતો, આથી અંગ્રેજ સરકારે વચ્ચે પડી ખંડણીનો આંકડો નક્કી કર્યો, અને તે વસુલ કરી આપવાનું માથે રાખ્યું. એ વેળા અર્ધું અમદાવાદ પેશ્વાનું અને અર્ધું ગાયકવાડના તાબામાં હતું.

બીજો બાજીરાવ પેશ્વા થયો. તેણે પોતાના દસ વર્ષના નાના ભાઈને ગુજરાતનો સુબો નીમી કામ કરવાને આબા સેલુકરને નીમ્યો. દોલતરાવ સિંધીઆને આ વાત વાજબી નહિ જણાયાથી તેણે પેશ્વા અને સેલુકરને કેદ કર્યા; પરંતુ સેલુકર દસ લાખ રૂપીઆ આપવા કરી છૂટયો, તે રૂપીઆ પુરા પાડવા માટે તેણે રૈયત પર જુલમ કર્યો. તેથી રૈયત તેનાથી કંટાળી ગઈ હતી. વળી ગાયકવાડનાં ગામમાંથી પણ નાણું કઢાવ્યું. આથી ગાયકવાડ સાથે દુશ્મનાવટ થઈ, વળી તેણે અમદાવાદની ગાયકવાડની હવેલી લઈ લેવા પ્રયત્ન કર્યો.

ગોવિંદરાવે સેલુકર સાથે લડવા સારૂ અંગ્રેજોની મદદ માગી. આ વખતે સુરતના નવાબ પાસેથી બધો વહીવટ અંગ્રેજ સરકારે લીધો, અને ખર્ચ જતાં બાકી રહે તેનો પાંચમો ભાગ નવાબને આપવા ઠરાવ્યું. તે પછી ગોવિંદરાવ પાસે અંગ્રેજોએ સુરત શહેર અને ગાયકવાડના ભાગનું પણ માગણું કર્યું તે પણ ગાયકવાડે નહિ સ્વીકાર્યાથી તેને અંગ્રેજોએ મદદ આપી નહિ. આથી ગાયકવાડે પોતેજ કોઈની પણ મદદ વિના બહાદુર સરદાર શિવરામ ગાડદીને સેના આપી અમદાવાદ પર મોકલ્યો. ગાયકવાડની ફોજે અમદાવાદ પર હલ્લો કર્યો. લોકે ' શત્રુની ફોજ અમદાવાદ નજીક છેક પાસે આવી લાગી છે ' એવી ખબર આપી. તે વેળા સેલુકર નાચ કરાવતો હતો. ખબર પડયા છતાં તેની કશી પરવા રાખ્યા વિના બેપ-

કુરી ભરેલો જવાબ આપ્યો કે ' શી ફીકર છે, **આને દો.** ' પ
કશી તૈયારી કરી નહિ. **અમદાવાદમાં ગાયકવાડની હવેલીમાં ગા**
કવાડનો સુબો રહેતો હતો, તેને **સેલુકરે** કાઢી મૂક્યો હતો, મ
પ્રથમ ગાયકવાડની હવેલીનો કબજો લીધો. **ભદ્ર પેશ્વાના** કબ
હતું તે પણ લઈ લીધું. ત્યારપછી **સેલુકર** ફોજ લઈ સામો થયે
પણ તેને પકડી કેદ કર્યો, અને **અમદાવાદ** લઈ લીધું. **સેલુક**
બોરસદમાં કેદ રાખ્યો હતો. સાત વર્ષ પછી અંગ્રેજ સરકારે ત
છોડયો હતો.

સેલુકરે ગાયકવાડની હવેલી લેતાં ગુજરાત ખોયું હતું, તે ઉ
રથી કહેવત ચાલે છે કે '**હાથમાં દંડો, બગલમાં મોઈ; હવેલ**
લેતાં ગુજરાત ખોઈ.'

ત્યારપછી ગુજરાતમાંની પેશ્વાની ઉપજ વસુલ કરવાનો
વરસે પાંચ લાખ રૂપીઆ માટે ગાયકવાડને ઇજારો આપ્યો. પણ
મુઓ. તેથી **આનંદરાવ** નિમાયો.

આનંદરાવ—તે દમ વગરનો હોવાથી તેના નાના ભાઈ કાં
જીએ તેને કેદ કરી રાજ્યવહીવટ કરવા માંડયો. **કાનોજીએ** પ્ર
પર જુલમ ગુજાર્યાથી જુના દિવાન રાવજી **આપાજીએ** તેને કેદ કં
અને સત્તા હાથમાં લીધી. આ અરસામાં કડીના સુબા **મલ્હારર**
ચઢેલી ખંડણી નહિ આપતાં કાનોજીરાવ સાથે મળી જઈ બંડ કર્યું.
અંગ્રેજ સરકારની મદદથી સમાવી દીધું. **મલ્હારરાવ** તાબે થવાથી ત
વર્ષાસન આપી **નડિઆદમાં** નજરકેદ રાખ્યો. આ **મલ્હારરાવ**
સંબંધમાં બૈરાં '**ફરતી ફિરંગીની ફોજ રે મલ્હારરાવ શહેર**
સુબો ક્યારે આવશે રે ' એ લયમાં ગવાતું ગીત-**મલ્હારરાવ**
રાસડો હજુ પણ ગાય છે.

ઇ. સ. ૧૮૦૨માં ગાયકવાડે **અંગ્રેજ** સરકાર સાથે કરાર થયા મુજબ તેમના તાબામાં રહી, દેશના રક્ષણ માટે બે હજાર માણસનું **અંગ્રેજ** લશ્કર **વડોદરા**માં રાખ્યું, અને રાજ્ય કરવા માંડ્યું. **વડોદરા** સિવાયનાં બીજાં તેના તાબાનાં રાજ્યોની ખંડણી અંગ્રેજ સરકાર મારફતે ઉઘરાવવાનું ઠર્યું. આ ખંડણી વસુલ કરવાને ગાયકવાડની ફોજ દસરા પછી નીકળતી, તે બંધ થયું. સેનાના ખર્ચ પેટે **અંગ્રેજ** સરકારને કેટલોક મુલક મળ્યો, અને ગાયકવાડ હંમેશના **અંગ્રેજ** સરકારના તાબેદાર થયા. આથી દેશનું રક્ષણ થયું, દેશની ખરાબી થતી અટકી, અને શાંતિ સ્થપાઈ.

સયાજીરાવ બીજો—આનંદરાવ પછી તેમના ભાઈ **સયાજીરાવ** બીજા ગાદીએ બેઠા. એ બહુ ડાહ્યા, ચતુર, કરકસરીઆ પણ બીકણ હતા. એ બહુ ધર્મશ્રદ્ધાળુ હતા, અને ધર્મદાન ઘણું કરતા. તેના વખતમાં ગુલામો વેચવાનો અને સતી થવાનો ચાલ બંધ પડ્યો. ઇ.સ. ૧૮૧૮ માં **અંગ્રેજોએ પેશ્વા**નું રાજ્ય જીતી લીધું, તેથી **પેશ્વા**ના અધિકાર અને તેના ભાગનો મુલક **અંગ્રેજોને** મળ્યાં. આથી **અંગ્રેજ** સરકારે ગાયકવાડને દરવરસે સાડાચાર લાખ રૂપીઆ જે **પેશ્વા**ને આપવા પડતા તે માફ કર્યા.

ગણપતરાવ—સયાજીરાવ પછી તેના પુત્ર ગણપતરાવ ગાદીએ બેઠા. સને ૧૮૬૫ માં **મુંબઈ**થી **અમદાવાદ** સુધી રેલવે નંખાઈ, તેમાં **ગાયકવાડે** જમીન આપી હતી. તેજ સાલમાં તે મરણ પામ્યા.

ખંડેરાવ—ગણપતરાવ પછી **ખંડેરાવ** થયા. તે બહુ બહાદુર અને શૂરવીર હતા તેમને મલ્લ વિદ્યાનો ઘણો શોખ હતો. તેમણે સને ૧૮૫૭ ના બળવામાં ગુજરાતમાં સારો બંદોબસ્ત જાળવી રાખ્યો હતો તેથી **અંગ્રેજ** સરકારે તેમને દત્તક લેવાનો વગેરે કેટલાક ખાસ હક આપ્યા હતા.

તેમના વખતમાં પંચમહાલના નાયકડાઓએ તોફાન મચાવ્યું હતું, પણ તે પકડાયા. ગુનેહગારોને ફાંસીએ લટકાવ્યા. આથી ત્યાં શાંતિ ફેલાઈ.

મલ્હારરાવ—ખંડેરાવ પછી તેનો નાનો ભાઈ મલ્હારરાવ ગાદીએ બેઠો. તેમના વખતમાં રાજ્યમાં ઘણું અંધેર ચાલ્યું. તે ખંડેરાવના સામે થયા હતા તેથી બન્ને વચ્ચે સારો સંપ નહોતો. મલ્હારરાવે ગાદી બેઠા પછી ખંડેરાવના દિવાન **નારાયણ ભાઉ સિંધે** વગેરે માણસો પર જુલમ ગુજાર્યો, અને નઠારી રીતે વર્ત્યો. વડોદરાના રેસિડન્ટે આ ખબર મુંબઈ સરકારને આપી. આથી તેમને બે વરસમાં રાજ્યમાં જોઈતો સુધારો કરવો અને નઠારા સલાહકારોને કાઢી મૂકવા, માટે સૂચના થવાથી હિંદમાં હાલ દાદા તરીકે પ્રખ્યાત થયેલા વીર પુરુષ **દાદાભાઈ નવરોજજીને** દિવાન નીમ્યા. તેમણે વડોદરા રાજ્યમાં પુષ્કળ સુધારા કર્યા હતા. વળી તે વખતના રેસિડન્ટ કર્નલ ફેર વડોદરા વિષે ખરૂં હોય તે કરતાં પણ વધારે પડતી વાતો સરકારમાં લખે છે માટે સરકારને તેમની બદલી કરવા માગણી કરવાથી તેમની બદલી થઈ. વડોદરાથી જતાં તેણે સરકારમાં પોતાને પીવાના સરબતમાં ઝેર આપી મરાવી નાખવા દગાખોર કાવતરૂં કર્યાનું લખેલું, આ બાબતની તપાસ થતાં ગુનો સાબીત થયો નહિ, છતાં રાજ્યવહીવટ ચલાવવાને નાલાયક ઠરાવી તેમને પદભ્રષ્ટ કરી ઉઠાડી મૂક્યા અને મદ્રાસમાં નજરકેદ રાખ્યા.

સયાજીરાવ ત્રીજા—મલ્હારરાવ અપુત્ર હોવાથી દક્ષિણમાં આવેલા **માલેગામ** તાલુકામાંથી **ગાયકવાડ** કુટુંબના તેર વર્ષની વયના ચપળ બુદ્ધિના બાળક **ગોપાળરાવને** ખંડેરાવની વિધવા રાણી **જમનાબાઈ** પાસે દત્તક લેવરાવી ઇ. સ. ૧૮૭૬ માં **સયાજીરાવ ત્રીજા**

એ નામ આપી વડોદરાની ગાદીએ બેસાડયા. હાલ એજ મહારાજા વડોદરાની ગાદી શોભાવે છે.

આ વખતે તરુણાવસ્થામાં રાજ્યવહીવટ ચલાવવા સર. ટી. માધવરાવને વડોદરાની દિવાનગીરી સોંપી. તેમણે તરુણ મહારાજા સયાજીરાવની બાલ્યાવસ્થામાં વડોદરા રાજ્યમાં ઘણા સુધારા કર્યા. લાયક અમલદારો નીમી ગાયકવાડી રાજ્યનું રૂપ ફેરવી નાખ્યું. જુવાન મહારાજાની કેળવણી માટે એક બાહોશ સિવિલિઅનને તેમના ટયુટર નીમ્યા. તેમણે મહારાજાને ઉત્તમ પ્રકારની કેળવણી આપી, અને જુદાં જુદાં ખાતાંના મુખ્ય અધિકારીઓ પાસે મૂકી તે સંબંધી સારી તાલીમ અપાવી.

સને ૧૮૮૧ માં સયાજીરાવ લાયક વયના થવાથી તેમને વડોદરા રાજ્યનો સ્વતંત્ર અધિકાર સુંપરત થયો. તેમણે ઘણી વાર દરેક સુધરેલા દેશમાં મુસાફરી કરી પુષ્કળ અનુભવ મેળવ્યો છે. તેમના રાજ્યઅમલમાં અનેક પ્રકારના લાભ પ્રજાને થયા છે. ધારાસભા, ગ્રામપંચાયત, શહેર સુધરાઈઓ, બાળલગ્નનિષેધ, ફરજિઆત અને મફત કેળવણી, દરેક ગામે પુસ્તકાલય, હુન્નર–ધંધાની કેળવણી, ન્યાય અને મહેસુલી ખાતાં અલગ અલગ રાખવાની વ્યવસ્થા, વગેરે જે સુધારા અંગ્રેજી રાજ્યમાં પણ હજુ સુધી દાખલ થયા નથી તે શ્રીમંત સયાજીરાવે પોતાના રાજ્યમાં દાખલ કર્યા છે.

વડોદરાનું રાજ્ય હિંદનાં દેશી રાજ્યોમાં અગત્યનું સ્થાન ભોગવે છે, તેનું મુખ્ય કારણ એ છે કે શ્રીમંત સયાજીરાવ પોતેજ ઘણા વિચારશીલ અને વિદ્વાન રાજ્યકર્ત્તા છે. તેમણે જાપાન, ઇંગ્લાંડ, અને અમેરિકામાં મુસાફરી કરી ત્યાંનો પુષ્કળ અનુભવ મેળવ્યો છે, અને ત્યાંની વિદ્યાકળા શીખી લાવી તેનો લાભ પોતાની

પ્રજાને મળે તેવી ઉત્તમ ગોઠવણ પોતે કરી છે. રાજ્યમાં વ્યાપાર રોજગાર અને કેળવણીનો બહુ ફેલાવો થયો છે. તેઓ પ્રજાની હાલત હરેક પ્રકારે સુધારવા બહુ મહેનત કરે છે. એકંદરે આ રાજ્ય ગુજરાતમાં ઘણું આબાદ છે, અને સુધારામાં ઘણું આગળ પડતું છે.

પાટનગર વડોદરામાં સુશોભિત મકાનો લક્ષ્મીવિલાસ મહેલ, મહેલો, વગેરે સુંદર મકાનો, કોર્ટો, હોસ્પિટલ, કોલેજો, બાગબગીચા, સંગ્રહસ્થાન, પહોળી સડકો વગેરે બંધાવી શહેરની શોભામાં વધારો કર્યો છે. વળી વડોદરામાં નળ વાટે ચોકખું પાણી પુરું પાડવા માટે સયાજી સરોવર બંધાવી, તેમજ રાજ્યનાં મુખ્ય મુખ્ય સ્થળે જાહેર કોર્ટો, દવાખાનાં, કોલેજો, નિશાળો વગેરે માટે સુંદર મકાનો બંધાવી, ત્યાંની શોભામાં અને પ્રજાના સુખમાં વધારો કર્યો છે. **'ઘણું જીવો આવા પ્રજાવત્સલ મહારાજા.'**

ભાગ ૩ જો.

૬૫ ગુજરાતમાં અંગ્રેજી રાજ્ય.

ઇ. સ. ૧૬૦૦ માં **હિંદમાં** વેપાર કરવા માટે **અંગ્રેજ** લોકો તરફથી ઇસ્ટ ઈંડિઆ કંપનિ મોગલ શહેનશાહ **અકબરના** વખતમાં આવી. તેણે **સલીમ-જહાંગીર** પાદશાહના વખતમાં **સુરત** બંદરમાં કોઠી સ્થાપી અને ગુજરાતમાં વેપાર કરવાની રજા મેળવી. **શિવાજીએ** બે વાર **સુરત** લૂટયું, અને અંગ્રેજોની વેપારી વખાર પર હુમલા કર્યા. **અંગ્રેજોએ** તે હઠાવ્યા.

મુંબઈ બેટ પોર્ટુગલના રાજાએ કુંવરી કેથેરાઈનને ઇંગ્લાંડના રાજા ચાર્લ્સ બીજા વેરે પરણાવી, તેને પહેરામણીમાં આપ્યો. ઇંગ્લાંડના રાજાએ તે કંપનિને વર્ષે દશ પૌંડ ભાડેથી આપ્યો. આ વખતે મુંબઈ નાનું સરખું ગામડું હતું, તેમાં થોડાં માછીનાં ઝુંપડાં હતાં. કંપનિએ મરાઠાના ત્રાસથી સુરત બંદરમાંથી માલની વખારો મુંબઈ બેટમાં ફેરવી. (ઇ. સ. ૧૬૬૨).

હિંદમાં વેપારની હરિફાઈ થવા લાગી. રાજા રજવાડા માંહોમાંહે લડવા લાગ્યા. અંગ્રેજ કંપનિએ લશ્કર વધાર્યું, અને ધીમે ધીમે દેશી રાજ્યોની ખટપટમાં પડી રાજ્ય મેળવ્યું. બુદ્ધિ, ડહાપણ અને બળથી હિંદનો ઘણો પ્રદેશ મેળવ્યો.

ઇ. સ. ૧૮૧૮ માં કંપનિ સરકારે પેશ્વાનું રાજ્ય જીતી લઈ ખાલસા કર્યું. ત્યારથી ગુજરાતમાંનો પેશ્વાનો મુલક–અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, અને સુરત એ પાંચ જિલ્લા–અને ગુજરાતમાંનાં બીજાં દેશી રાજ્યો ઉપરની હકુમત કંપનિ સરકાર હસ્તક આવ્યાં. તેથી તેમના તરફથી હિંદમાં નિમાએલા ગવર્નરો તાબાના મુલકનો વહીવટ ચલાવતા. તેના પર ઇંગ્લાંડની સરકાર કાબુ રાખતી. કંપનિના રાજ્યવહીવટમાં ઇ. સ. ૧૮૫૬ સુધીમાં ઘણો ફેરફાર થયો. અપુત્ર દેશી રાજાઓનાં રાજ્ય ખાલસા કર્યાં, અને તેમને મળતાં પેન્સનો ઘટાડ્યાં, બંધ કર્યાં, સિપાઈઓને મળતાં ભત્થાં વગેરેમાં ઘટાડો કર્યો વગેરે અનેક કારણોથી કંપનિના રાજ્યવહીવટથી બેદીલ થઈ ઇ. સ. ૧૮૫૭ માં હિંદની પ્રજાએ અને કંપનિના દેશી લશ્કરના સિપાઈઓએ બળવો કર્યો. તે ઇંગ્લાંડની સરકારની મદદથી કંપનિ સરકારે સમાવ્યો. આથી ઇંગ્લાંડની પાર્લામેન્ટે કંપનિ પાસેથી હિંદનો રાજ્યવહીવટ લઈ લીધો, અને ઇંગ્લાડનાં મહારાણી વિક્ટોરિઆને

સોંપ્યો. તેમણે ઇંગ્લાંડની પ્રજાના જેટલાજ હકો હિંદની પ્રજાને આપવાનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. તેમના અમલમાં દેશમાં સુખ સંતોષ, અને સલાહશાંતિ પ્રજામાં વર્તી રહ્યાં હતાં. તે ઇ. સ. ૧૮૧૯ માં તા. ૨૪ મી મે એ જન્મ્યાં હતાં. તેમના કાકા **વિલિયમ** ચોથાના મરણ પછી તે ઇ. સ. ૧૮૩૭ માં ઇંગ્લાંડનાં મહારાણી થયાં. અને ૮૨ વર્ષની વયે ૬૪ વર્ષ રાજ્ય ભોગવી ૧૯૦૧ માં સ્વર્ગવાસી થયાં.

મહારાણી પછી તેના વડા પુત્ર **સાતમા એડવર્ડ** ૬૦ વર્ષની વયે ગાદીએ બેઠા. તેમના દશ વર્ષના ટૂંકા રાજ્ય અમલમાં તેમણે દેશમાં સુલેહશાન્તિ સ્થાપવા અને ખેતીના ધંધાને ઉત્તેજન આપવા બનતો પ્રયાસ કર્યો હતો. ઇ. સ. ૧૯૧૦ માં તે સ્વર્ગવાસી થયા; તેથી તેમના વડા પુત્ર **પાંચમા જોર્જ** ઇંગ્લાંડના રાજા અને હિંદના શહેનશાહ થયા છે. હાલ તેઓ આપણા પર અમલ કરે છે. તેમણે આપણને વધારે હકો આપ્યા છે. વળી ઇ. સ. ૧૯૨૧ ના જાનેવારીથી કાયદા બાંધનારી-ધારાસભામાં અને કારભારી મંડળીમાં પ્રજાએ પસંદગી આપેલા સભાસદો વધુ પ્રમાણમાં દાખલ કર્યા છે, અને કેળવણી, સુખાકારી, જેવાં કેટલાંક ખાતાંનો વહીવટ દેશી પ્રધાનોને સોંપ્યો છે. વળી મુંબઈ ઇલાકામાં દશ વર્ષ સુધીમાં શરૂની કેળવણી મફત અને ફરજિઆત આપવાનો કાયદો મંજુર કર્યો છે. વળી પ્રજા કેળવાયેથી લાયક થતાં રાજ્યવહીવટમાં વધારે હકો આપવા સરકાર ઇચ્છા રાખે છે. પ્રભુ આ ઇચ્છાઓ બર લાવો, એવી પ્રભુપ્રાર્થના છે- **'શહેનશાહ પાંચમા જોર્જ ઘણું જીવો.'**

૬૬ ગુજરાતમાં વિદ્યા અને ધર્મ.

રજપુત રાજ્યના અમલમાં વિદ્યાગુરુ બ્રાહ્મણો હતા. તેઓ અને જૈનો પરસ્પર વાદવિવાદ કરવાને વધુ કેળવણી લેતા. આથી તે

અરસામાં કેટલાક ગ્રંથો રચાયા છે. હેમાચાર્ય* વગેરે જૈન પંડિતોએ ઉત્તમ ગ્રંથો રચ્યા છે. વળી જૈનોનું પ્રબળ છતાં બ્રાહ્મણો પર જુલમ નહોતો, પરંતુ તેમને સારો આશરો મળતો.

મુસલમાની અમલમાં જુલમ, અને ત્રાસને લીધે હિંદુ પ્રજા સ્વરક્ષણ કરવામાં ગુંથાઈ. રાજ્ય તરફથી વિદ્યા કે ધર્મને મદદ મળી નહિ. ધર્મસંરક્ષણની કાળજીમાં બાળલગ્ન વગેરે નઠારી રૂઢીઓ પેસી ગઈ. ઘણી હિંદુ જાતોને જોરજુલમથી વટાળવામાં આવી. (મેમણ, વોહોરા, ખોજા, મોલેસલામ એ પ્રથમ હિંદુ હતા.) હિંદુઓનાં દહેરાં તોડી તેની મસીદો બનાવવામાં આવી. અકબર જેવા ભલા પાદશાહના સમયમાં હિંદુપ્રજાને જુલમ અને ત્રાસથી શાંતિ મળી.

મરેઠી રાજ્ય પણ જુલમી નીવડ્યું.

અંગ્રેજી રાજ્યમાં પ્રજા સર્વ વાતે સુખી છે. સ્થળે સ્થળે નિશાળો સ્થાપી કેળવણીમાં વધારો કર્યો. ફાવે તે ધર્મ પાળવાની સૌને છૂટ છે. કોઈના ધર્મને ત્રાસ આપવામાં આવતો નથી. હિંદુ, મુસલમાન, પારસી સર્વ પ્રજાને સમાન ન્યાય મળે છે.

શુમારે ૪૨૫ વર્ષ પર વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથે વલ્લભી-સંપ્રદાય–વૈષ્ણવપંથ ચલાવ્યો. વલ્લભાચાર્ય દક્ષિણના તૈલંગા બ્રાહ્મણ હતા. તેમનો પુષ્ટિ માર્ગ–વૈભવી પંથ પ્રથમ ઉત્તર હિંદુસ્તાનમાં ચાલ્યો.

સહજાનંદજીએ શુમારે ૧૨૫ વર્ષ પર સ્વામિનારાયણપંથ ચલાવ્યો. તેઓ અયોધ્યા પાસે છપૈયા ગામના બ્રાહ્મણ હતા. તેમના ધર્મમાં વલ્લભીપંથથી ઉલટું સ્ત્રીનાં દર્શન અને સ્પર્શની મના કરી છે.

---

* હેમાચાર્ય રચિત દ્વયાશ્રય ગ્રંથથી જણાય છે કે તે વખતે વિદ્યા-વૃદ્ધિ ઉત્તમ હતી, અને લોકો ધર્મશ્રદ્ધાળુ હતા.

પારસીઓ મુસલમાનોના જુલમથી તેમના મૂળ દેશ ઈરાનથી પ્રથમ દીવ અને ત્યાં સોએક વર્ષ રહી ઇ. સ. ૭૧૬ માં સુરત બંદર પાસે સંજાણના હિંદુ જાદે રાણાના આશ્રયે વસ્યા. તેઓ જરથોસ્ત પેગંબરને માને છે, અગ્નિને પૂજે છે, હિંદુઓના ઘણા રિવાજો પાળે છે.

ગ્રંથો વાંચનારા જુજ હતા. આથી લોકસાહિત્ય સંભળાવવા માટે કવિતામાં ઘણા ગ્રંથો રચાયા. મીરાંબાઈ, નરસિંહમહેતો, અખો ભક્ત, પ્રેમાનંદ, શામળ ભટ્ટ, વલ્લભ, દયારામ વગેરે કવિઓએ અસરકારક કાવ્યગ્રંથો રચ્યા. નર્મદાશંકર, દલપતરામ, કલાપી એ કવિઓ તો થોડા વખતમાં થઈ ગયા. તેમની ઘણી કવિતાઓ વાંચનમાળામાં છે.

હાલ અંગ્રેજ સરકારના અમલમાં કેળવણીનો ઘણો વધારો થયો છે. ધર્મ સંબંધી કાંઈપણ ત્રાસ નથી. શંકરાચાર્યના દ્વારકા વગેરે સ્થળે મઠો, આબુ, શેત્રુંજય, ગીરનાર વગેરે સ્થળે આવેલાં જૈન દેરાસરો, ડાકોર વગેરે સ્થળનાં વૈષ્ણવ ધામો; વડતાલ, અમદાવાદ વગેરે સ્થળનાં સ્વામિનારાયણનાં મંદિરો, અમદાવાદ, મહેમદાવાદ વગેરે સ્થળોની મસીદો; ઉદવાડા વગેરે સ્થળની પારસીઓની અગિઆરીઓ, વગેરે ધર્મસ્થળો નિર્ભયપણે આબાદ સ્થિતિમાં છે. તેની એક કાંકરી પણ કોઈ ઉખેડી શકતું નથી. સરકાર તરફથી સમાન રીતે રક્ષણ થાય છે. આ બધો પ્રતાપ રામરાજ્ય તુલ્ય અંગ્રેજ સરકારના અમલનો છે. હે પ્રભુ ! આવું રાજ્ય આપણા પર અમર તપો !

સમાપ્ત.

પુરવણી.

ગુજરાતના જુદા જુદા હિંદુ રાજાઓ તથા મુસલમાન સુલતાનો-પાદશાહો.*

ચાવડા વંશના રાજાઓ. ૭૪૬-૯૪૨=૧૯૬ વર્ષ.

ઇ. સ. થી ઇ. સ. સુધી.		વર્ષ.	ઇ. સ. થી ઇ. સ. સુધી.		વર્ષ.
‍નરાજ	૭૪૬-૮૦૬	૬૦	વૈરીસિંહ	૮૯૫-૯૨૦	૨૫
‍ગરાજ	૮૦૬-૮૪૨	૩૬	રત્નાદિત્ય	૯૨૦-૯૩૫	૧૫
મરાજ	૮૪૨-૮૬૬	૨૪	સામંતસિંહ	૯૩૫-૯૪૨	૭
‍વડ	૮૬૬-૮૯૫	૨૯			

સોલંકી વંશના રાજાઓ. ૯૪૨-૧૨૪૨=૩૦૦ વર્ષ.

‍ળરાજ ૧ લો	૯૪૨-૯૯૭	૫૫	સિદ્ધરાજ	૧૦૯૪-૧૧૪૩	૪૯
‍મુંડરાજ	૯૯૭-૧૦૧૦	૧૩	કુમારપાળ	૧૧૪૩-૧૧૭૪	૩૧
‍લભસેન	૧૦૧૦-૧૦૧૦	૦	અજયપાળ	૧૧૭૪-૧૧૭૭	૩
‍ભસેન	૧૦૧૦-૧૦૨૨	૧૨	મૂળરાજ ૨ જો	૧૧૭૭-૧૧૭૯	૨
‍મદેવ ૧ લો	૧૦૨૨-૧૦૭૨	૫૦	ભીમદેવ ૨ જો	૧૧૭૯-૧૨૪૧	૬૨
‍ગુરાજ	૧૦૭૨-૧૦૯૪	૨૨	ત્રિભુવનપાળ	૧૨૪૧-૧૨૪૨	૧

વાઘેલા વંશના રાજાઓ. ઇ. સ. ૧૨૪૨-૧૩૦૪=૬૨

‍ળકાના રાણા. ૧૧૭૦-૧૨૪૨=૭૨			અણહીલવાડના મહારાજા.		
‍ર્ણોરાજ	૧૧૭૦-૧૨૦૦	૩૦	વીસળદેવ	૧૨૪૩-૧૨૬૧	૧૮
‍ણપ્રસાદ	૧૨૦૦-૧૨૩૩	૩૩	અર્જુનદેવ	૧૨૬૧-૧૨૭૪	૧૩
‍ધવળ	૧૨૩૩-૧૨૩૮	૫	સારંગદેવ	૧૨૭૪-૧૨૯૫	૨૧
‍ળદેવ	૧૨૩૮-૧૨૪૨	૪	કરણઘેલો	૧૨૯૫-૧૩૦૪	૯

* આ વંશાવળીઓ સમયનું ભાન થવા માટે આપી છે. તે વિદ્યાર્થીઓએ મોઢે ગોખી રાખવાની બીલકુલ જરૂર નથી.

ગુજરાતના સુલતાનો-પાદશાહો. ૧૪૦૩-૧૫૭૩=૧૭૦

દશા૧લો	૧૪૦૩-૧૪૦૭	૪	મુજફ્ફરશાહ૨જો	૧૫૧૩-૧૫૨૬	૧
રશાહ૧લો	૧૪૦૭-૧૪૧૧	૪	સિકંદર	૧૫૨૬-૧૫૨૬	
દશાહ૧લો	૧૪૧૧-૧૪૪૧	૩૦	મહંમૂદશાહ૨જો	૧૫૨૬-૧૫૨૭	
દશાહ૨જો	૧૪૪૧-૧૪૫૧	૧૦	બહાદુરશાહ	૧૫૨૭-૧૫૩૬	
ાહ	૧૪૫૧-૧૪૫૯	૮	મહંમદશાહ૩જો	૧૫૩૬-૧૫૫૪	૧૮
ાહ	૧૪૫૯ ૧૪૫૯	૦	અહમદશાહ૨જો	૧૫૫૪-૧૫૬૧	૭
દબેગડો	૧૪૫૯-૧૫૧૩	૫૪	મુજફ્ફરશાહ૩જો	૧૫૬૧-૧૫૭૩	૧૨

વડોદરાના ગાયકવાડ. ગાદીએ બેઠાનાં વર્ષ.

ાજી	૧૭૩૧	સયાજીરાવ ૨ જો	૧૮૧૯
જી	૧૭૩૨	ગણપતરાવ	૧૮૪૭
સિંહ (સયાજીની વતી)	૧૭૬૯	ખંડેરાવ	૧૮૫૩
જી	૧૭૮૪	મલ્હારરાવ	૧૮૭૧
દરાવ	૧૭૯૨	સયાજીરાવ ૩ જા	૧૮૭૫
ૃંદરાવ	૧૮૦૦	(હાલના મહારાજા)	

આજ સુધીમાં ટેક્સ્ટ બુક તરીકે મંજુર થએલા ઇતિહાસો—

	પૃષ્ઠ	કિંમત.
કશલુભાઈ-પ્રાચીન સંક્ષિપ્ત ગુજરાતનો ઇતિહાસ	૧૦	૦-૨-૦
પોપટલાલ હે૦ શાહ અને મારોટ ગુજરાતનો ઇતિહાસ.	૮૪	૦-૨-૦
છગનલાલ ઠાકોરદાસ મોદી કૃત ગુજરાતના ઇ૦ ની વાતો.	૭૨	૦-૪-૦
વલ્લભભાઈ લલ્લુભાઈ પટેલ કૃત ગુજરાતના ઇ૦ ની વાર્તાઓ.	૮૧	૦-૪-૦
[illegible] ઉમાભાઈ કૃત વાર્તારૂપી ગુજરાતનો ઇતિહાસ.	૮૮	૦-૪-૦
નાનચંદ અમરાજ વણારીઆ કૃત ગુજરાતનો બાળઇતિહાસ.	૮૬	૦-૬-૦
વલ્લભભાઈ લલ્લુભાઈ પટેલ કૃત ગુજરાતના ઇ૦ ની વાર્તાઓ	૧૧૯	૦-૭-૦
મગનલાલ કિરપારામ દેસાઈ કૃત ગુજરાતના ઇ૦ માંની વાર્તાઓ.	૯૬	૦-૮-૦

આ ઇતિહાસો ટેક્સ્ટબુક તરીકે સરકારે મંજુર રાખ્યા છે, તેમાં ચિત્રો જુજ છે; જ્યારે આપ જોઈ શકશો કે આ પુસ્તકમાં ચિત્રો ઘણાં છે, અને તે લગભગ ૨૦ પૃષ્ઠ જેટલી જગો લે છે. એકંદર ૨૧૬ ઉપરાંત પૃષ્ઠ થાય છે. કદના અને તેમાં સમાવેલા વિષયના પ્રમાણમાં કિંમતનું પ્રમાણ ઘણું વધે તેમ છે, છતાં પણ માત્ર ખર્ચનો ઘણો ફેલાવો થાય, ઉપયોગીતા વધે, શિષ્ય અને શિક્ષકની ઇચ્છાઓ તૃપ્ત થાય એ હેતુથીજ કિંમત રૂ. ૦-૧૨-૦ ને બદલે ઉદાર આશ્રયને લીધે તે ઘટાડીને માત્ર રૂ. ૦-૬-૦ રાખી છે.

ઉપરોક્ત સર્વ ઇતિહાસનાં પુસ્તકો અવલોક્યાં, અનુભવ્યાં હશે. આ પણ અવલોકશો. તેમાં સમાવેલો વિષય અને ઉપયોગીતાને લીધે આ પુસ્તક શાળાઓમાં ટેક્સ્ટબુક તરીકે લાયક છે કે કેમ ? તે સંબંધી જે અભિપ્રાય આપનો બંધાય તે સૂચવી આભારી કરશો. એજ વિનંતિ. લિ૦ આપનો નમ્ર સેવક,

ડભોડા, (મહીકાંઠા એજન્સિ) }
એ. પી. રેલવે. }

ભાઈચંદ પૂજા શાહ.
હેડમાસ્તર, તાલુકા સ્કૂલ-ડભોડા મહીકાંઠા.